Vol. 41, No.5
September 2020
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની

❑ સુભાષ ભટ્ટ

પૂ. વિનોબાજી સૌને એટલા પ્રિય છે કે દરેકે તેને અનેકવિધ નામો અને વિશેષણોથી નવાજવાનો પ્રયાસ કર્યો છે. પણ તે પર્યાપ્ત નથી. તેઓ એવી બૃહદ ચેતના છે કે કશુંક છૂટી જાય છે - બાકી રહી જાય છે. કદાચ તેથી જ આજે સવાસો વરસે પણ તેમનાં ચિંતન અને મનન, શબ્દો અને દર્શ, જીવન અને સ્મરણ આપણી જીવન કેડી પર ઉજાસ પાથરે છે. તેમને વંદન!

એકવાર કોઈએ તેમને પૂછ્યું, જીવન શી રીતે જીવાવું જોઈએ, તો કહે, 'નાની એવી શીશીમાં ગંગાજળ ભરવાનું તેને સીલબંધ કરી દેવાની અને દરિયામાં તરતી મૂકી દેવાની. પછી ભલેને તે શીશી એક સદી સુધી તરતી રહે પણ નહીં દરિયાનું જળ મીઠું થાય કે નહીં અંદરનું જળ ખારું થઈ જાય.

તેઓ કહેતા કે પ્રવૃત્તિ અને અપ્રવૃત્તિ બન્ને અંતતઃ વૃત્તિ જ છે. ખરી વૃત્તિ-રહિતતા તો નિવૃત્તિમાં છે. તેથી બહાર પ્રવૃત્તિ અને અંદર નિવૃત્તિ. તેમના અકર્તૃત્વમાં નિમિત્તત્વ અને સાક્ષીત્વની સાથે કર્મત્વ પણ છે. તેમને મન જીવન એટલે બે ભાગ ત્યાગ અને એક ભાગ ભોગ. તેમની જીવન-ચૈતન્ય નદી પાવક અને આત્મનિષ્ઠ બની નિરંતર વહ્યા કરે છે. તે આસક્તિ કે વિરકિતના તટો પર રોકાતી નથી. તે અનાસક્ત વહેણ છે. જેમ નદીને સારા કે નઠારા નગર પ્રત્યે અનાસક્તિ હોય તેમ જ. તેઓ કહેતા કે,

"દેહસ્થ અને કાયસ્થ ન રહો
સ્વસ્થ અને આત્મસ્થ રહો."

મને અંગત રીતે તેમની માનવ પ્રત્યેની સક્રિય નિસ્બત, જીવનવ્યાપી સિદ્ધાંત, સૃષ્ટિ સાથેનો આત્મનિષ્ઠ નાતો અને અસ્તિત્વને આવરી લેતી કરુણા પ્રત્યે પ્રગાઢ અહોભાવ છે. એક જ હૃદયમાં સમગ્ર જીવન-સૃષ્ટિ સમાઈ શકે તેનું તેઓ અલૌકિક ઉદાહરણ છે.

❑❑❑

૧૦૯

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંકઃ ૫, સપ્ટેમ્બર ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા

સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન, કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info

રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

આ સાથે એક બીજો જ ભય રહેલો છે. તે વધારે ગંભીર છે. કારણ કે પોતાની સત્તા ટકાવી રાખવા અને તે સત્તાઓને વિશાળ કરે જવાના પોતાના ઇરાદાઓથી અમુક ચોક્કસ વિચારોવાળો રાજકારણી પક્ષ તેને ટેકો આપી રહ્યો છે. રાષ્ટ્રપતિના દૃષ્ટિબિંદુને આઘું કરી, પ્રત્યેક બાબતમાં પ્રધાનમંડળ પોતાની જ વાતને ખરી માનવાની ફરજ જો રાષ્ટ્રપતિને પાડશે, તો કેન્દ્રના અર્ધ-સમવાયી અસ્તિત્વને, લોકશાહીની રીતરસમોને અને બંધારણે ખાતરીથી બક્ષેલા સ્વાતંત્ર્યને નુકસાન થયા વિના નહીં રહે.

આ નિવારવા માટેઃ

(1) બંધારણે આપેલાં તમામ સત્તાઓ અને કર્તવ્યોનો રાષ્ટ્રપતિએ કાળજીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. (2) રાષ્ટ્રપતિએ લોકકલ્યાણ અને દેશરક્ષા માટે જે જવાબદારી શપથ દ્વારા સ્વીકારી, તેને અદા કરવા હંમેશાં તત્પર રહેવું જોઈએ. (3) રાષ્ટ્રપતિના હોદ્દાને અને સત્તાને આંચ ન આવે અને તેના ઉપર કોઈની છાયા ન ઢંકાઈ જાય તે માટે સંસદની અંદર અને બહાર સાવધાનીભર્યો અને પ્રબળ વિરોધ પક્ષ હોવો જોઈએ.

આખરે તો એમ જ જણાશે કે કેન્દ્રના માળખાને અથવા તો બંધારણના માળખાને રાષ્ટ્રપતિની યા તો સંસદના બહુમતી પક્ષની આપખુદીભરી વર્તણૂકમાંથી બચાવી લેવા માટે ખરી રીતે લોકપ્રિય અભિપ્રાય જ કામે લાગશે.

* * *

ભવને 20મી ડિસેમ્બર 1962થી પોતાનો રજતજંયતી મહોત્સવ ઊજવ્યો ત્યારે તેના પ્રભાવને દેશભરમાં વિસ્તરેલો જોઈ મેં પ્રસન્નતા અનુભવી. ભવનને હું વારંવાર 'પ્રભુના કાર્ય' તરીકે ઓળખાવતો આવ્યો છું, આ ઉત્સવે વધુ એક વાર પ્રતીતિ કરાવી આપી કે આ પ્રભુનું જ કાર્ય છે.

[ક્રમશઃ]

|| શબ્દમૂળની શોધ ||

પાડી, પાડો

☐ હેમન્ત દવે

'પાડી' શબ્દ ભેંસના માદા બચ્ચા માટે અને 'પાડો' શબ્દ ભેંસના નર બચ્ચા માટે પ્રયુક્ત થાય છે. 'જાગતાનું નસીબ જાગતું અને ઊંઘતાનું ઊંઘતું' એ કહેવતની સમાનાર્થી કહેવતમાં આ બન્ને શબ્દો જોવા મળે છેઃ


'જાગતાની પાડી અને ઊંઘતાનો પાડો.' એટલે કે, ભેંસોના પ્રસવ સમયે જે વ્યક્તિ સૂઈ રહે એની ભેંસને પાડી અવતરી હોય અને જાગનારની ભેંસને પાડી તો પણ જાગતી વ્યક્તિ પોતાના લાભ માટે બચ્ચાની અદલાબદલી કરી દે (કેમ કે, પાડાનો તો આર્થિક કશો ઉપયોગ નથી, પાડી મોટી થઈ દૂધ આપે) માટે એ કહેવત.

*સાર્થ જોડણીકોશ*માં આ શબ્દની વ્યુત્પત્તિ દેશ્ય पड्डय ઉપરથી બતાવી છે. આ શબ્દ મૂળે દ્રાવિડી ભાષાનો છે. જેમ કે, કાનડીમાં 'પડ્ડે' એટલે 'પ્રજનન માટે તૈયાર, અથવા એ વયનું', તેલુગુ 'પડ્ડ' એટલે 'પુખ્ત ઉમ્મરની ગાય કે ભેંસ, અથવા એમનું બચ્ચું', વગેરે (બરો અને એમનો દ્રા. વ્યુ. કોશ 3881). સંસ્કૃતમાં અલબત્ત पड्डीक શબ્દ છે ખરો અને એનો અર્થ પહેલી વાર વિયાયેલી ગાય કે ભેંસ એવો થાય છે. *દેશ્યશબ્દસંગ્રહ*માં પણ એનો આ જ અર્થ આપ્યો છે. ઘણે ભાગે આ સંસ્કૃત દ્રાવિડી શબ્દોનું પુનઃ સંસ્કારિત સંસ્કૃત રૂપ છે.

❑❑❑

પ્રમુખના પત્રો

આત્મા અને જાગૃત મન



આપણી સર્વ લાગણીઓનો ઇંદ્રિયબોધ જાગૃત મન દ્વારા ગ્રહણ થાય છે. ચેતનાની આ કાર્યક્ષમતા પોતે પણ વૈવિધ્યપૂર્ણ છે. એની ગ્રહણશીલતા અને સચેત પ્રતિક્રિયાની ક્ષમતા માનસિક સ્તર મુજબ બદલાય છે. ચેતનાના અનેક સ્તર હોય છે પણ આત્માનું એવું નથી. ચેતનાનું પ્રગટીકરણ અને એને પરિણામે ઊપજતું વર્તન એક જ શરીરમાં એના જુદા જુદા સ્તર મુજબ અને સુસંગત રીતે પરિવર્તન પામતું હોય છે. આમ છતાં આત્મા આ બધાથી અક્ષુબ્ધ વર્તી શકે છે. શરીરને એની અવસ્થા હોય છે, ચેતનાના આવિર્ભાવને પણ તબક્કો હોય છે પણ આત્મા અક્ષુબ્ધ રહે છે. એટલું જ નહીં સ્થિર અને અપરિવર્તનશીલ રહે છે.

જાગૃત મનના વિવિધ સ્તર અને એના સતર્કતા તેમ જ બોધ સાથેના પરસ્પર સંબંધનું આપણે વિશ્લેષણ કરીએ. ત્યાર બાદ ચેતનાના દરેક તબક્કાઓ સંદર્ભે આત્માનું સ્વરૂપ શોધવા પ્રયત્ન કરીએ. જાગૃત અને સાબદું મન સતર્ક અવસ્થામાં હોય છે. આવું સતર્ક મન શરીરની ઇંદ્રિયોના ગુણધર્મ પ્રમાણે પ્રતિભાવ આપે છે. અનુભૂતિજન્ય વર્તન દ્વારા આત્મા પ્રતિભાવ જન્માવે છે

અને એ રીતે સુખ તેમ જ દુઃખની લાગણી પ્રભાવક બને છે.

નિદ્રા એ દ્વિતીય સ્તર છે. ચેતના જ્યારે સુસ્ત બને છે અને શરીર પોતાની સંબંધિત ઇંદ્રિયના અનુભવજન્ય ગુણધર્મ બજાવવામાં શિથિલ બને છે ત્યારે શરીર સુસ્ત પડી રહે છે. નિદ્રાધીન અવસ્થામાં એ પૂર્ણપણે શિથિલ બને છે. પણ આત્માનું શું? શું એ પણ નિદ્રાધીન બને છે? ના, આત્મા ત્યારે પણ જાગૃત રહી સ્વપ્ન-સૃષ્ટિ રચે છે. એ મનને સતત સંકળાયેલું અને વ્યસ્ત રાખે છે. સ્મૃતિ એને સંગ્રહે છે. સ્વપ્નાવસ્થામાંથી આપણે સ્વપ્નહીન 'સુષુપ્તિ' અવસ્થા ઉપર જઈએ. પ્રગાઢ નિદ્રામાં ઇંદ્રિયબોધગમ્ય તેમજ ઇંદ્રિયબોધ રહિત શક્તિ પૂર્ણપણે શિથિલ બને છે. આવી સ્થિતિમાં સુધ્ધાં આત્મા બોધ પામતો હોય છે કારણ કે જાગૃત અવસ્થામાં એ ગાઢ નિદ્રાની સ્મૃતિનો આનંદ માણે છે. આધુનિક માનસશાસ્ત્ર પ્રથમ સ્તરને સ્વની જાગૃત અવસ્થા તરીકે ઓળખે છે. બીજા સ્તરને અર્ધજાગૃત અવસ્થા તરીકે અને ત્રીજા સ્તરને અજાગૃત અવસ્થા એટલે કે સુષુપ્તિ તરીકે ઓળખે છે.

આ બધી અવસ્થામાં શરીર અને માનસિક ક્ષમતા બદલાય છે પણ આત્મા નહીં.

આ ત્રણ અવસ્થા ઉપરાંત એક અન્ય અવસ્થા પણ છે જેનો આધુનિક માનસશાસ્ત્રમાં ઉલ્લેખ નથી પણ વેદાંત અનુસાર એને તુરિયાવસ્થા કહે છે. આ અવસ્થામાં ચિત્ત બાહ્ય પ્રતિક્રિયાત્મકતાથી મુક્ત હોય, બધા ગુણધર્મોથી મુક્ત ચેતના આત્માનુભૂતિમાં ડૂબી જાય છે અને આત્મા પોતાનો આનંદ લૂંટે છે. આ અંતિમ અને સર્વોચ્ચ અવસ્થાને અનંત આનંદની સ્થિતિ કહી છે. આ જ મનની પરમોચ્ચ અવસ્થા છે.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા

''આપણે જે કંઈ સાંભળીએ છીએ એ અભિપ્રાય હોય છે, તથ્ય નહીં. આપણે જે કંઈ જોઈએ છીએ એ દૃષ્ટિકોણ હોય છે, સત્ય નહીં.''

- માર્કસ ઓરેલિયસ

ચાર ગઝલ

☐ અશરફ ડબાવાલા

અવતરે ઈશ્વર તો એને ધર્મ કેવા લાગશે?
જન્મથી નક્કી છે એવા વર્ગ કેવા લાગશે?

જો અધિવેશન ભરાતું હો ફૂલો ને મહેકનું,
મંચ પર અત્તરના ત્યાં સંદર્ભ કેવા લાગશે?

મારા બરનું કામ દઈ દે, કાં પછી દીવાનગી,
વચમાં રહું તો અડધાંપડધાં કર્મ કેવાં લાગશે?

ઝેરના મારણની વિદ્યામાં છો પારંગત તમે,
ઝેર જો પીવાં પડે તો સર્પ કેવા લાગશે?

ચસ્કો એવો લાગ્યો છે નશ્વર જનમનો કે હવે,
કોણ જાણે અમને એનાં સ્વર્ગ કેવાં લાગશે?

☐

મન ને સ્મરણનો તંતુ કાપી તો નૈ જ આપું,
રે'જે જનમટીપે તું ફાંસી તો નૈ જ આપું.

વાઈરસના દિવસો છે હે રામ! માફ કરજો,
મેં બોર ધર્યાં છે એ ચાખી તો નૈ જ આપું.

સ્થાપત્યનો છે મોભો પણ છે નગરનો મહિમા,
તું સ્તૂપ સઘળા લઈ લે સાંચી તો નૈ જ આપું.

તારા ગુના વિષે બસ કહેવાનું એટલે કે,
ગુનો હું ભૂલી જઉં પણ માફી તો નૈ જ આપું.

જા લઈજા તું હિમાલયનાં શિખરો બધાંયે,
ગંગાનો કિનારો ને કાશી તો નૈ જ આપું.

ઊકલી શકે તો તું જ ઉકેલીને ધન્ય થઈ જા,
લોહીમાં મેં લખ્યું તે વાંચી તો નૈ જ આપું.

આપીશ ભરસભામાં ને દાદની વચોવચ,
સોગાત છે ગઝલની, છાની તો નૈ જ આપું.

□

તહેવાર જેમ કેવો મનાવી દીધો મને!
તારીખિયાંનાં પાને સજાવી દીધો મને.

ઝગમગ દુકાન છે ને હું અંદરથી ન્યાલ છું,
આ કોણે? કેવી રીતે? ખટાવી દીધો મને!

તીરથ કળાનું હો કે પછી હજ ઇલમની હો,
એણે બધી જગાએ ચલાવી દીધો મને.

અણમોલ ધામ થઈ હું બિરાજ્યો શિખર ઉપર,
સહેલાણીઓએ સ્થળમાં ખપાવી દીધો મને.

દુન્યાને મૂળમાંથી હું પલટું એ પહેલાં તેં,
મુંબઈમાં ફ્લેટ આપી વસાવી દીધો મને.

□

ક્યારેક આખી કાયા ભગવામાં મૂકી દઉં છું,
ક્યારેક મનને નખશિખ ગજરામાં મૂકી દઉં છું.

લોકોનું કંઈ કરે ના ઉમદા વિચાર મારો,
ત્યારે સિફતથી એને ગજવામાં મૂકી દઉં છું.

સામાન્ય ભેદો ખોલી ચોંકાવું છું સભાને,
જે બહુ ગમે છે એને પડદામાં મૂકી દઉં છું.

વેપારમાં જો ધરખમ લાગે છે ખોટ ત્યારે,
તારી અમીનજરને વકરામાં મૂકી દઉં છું.

ભૂલી શકાય એવું વાગોળું છું હું હરદમ,
ભૂલી શકું ના એવું રચનામાં મૂકી દઉં છું.

પુસ્તકમાં સત્ય સાવ જ અસ્થાને જે હો એને,
પ્રસ્તાવનાના છેલ્લા ફકરામાં મૂકી દઉં છું.

એવો કદીક જાદૂ લાગે છે હાથ અશરફ!
સપનાને ઉછાળીને ઘટનામાં મૂકી દઉં છું.

ગઝલ

☐ પૂર્ણિમા ભટ્ટ

બે સખી વચ્ચેનો સંવાદ

પાંપણો ઢળાઈ ગઈ, હાય હાય! લે, હવે?
એમ 'હા' પડાઈ ગઈ, હાય હાય! લે, હવે?

વાતમાં બધી પછી, વાત એવી નીકળી,
વાત વર્ણવાઈ ગઈ, હાય હાય! લે, હવે?

લટ ખસેડતાં જરા, ગાલે ખંજનો પડ્યાં,
લાલિમા છવાઈ ગઈ, હાય હાય! લે, હવે?

આંખને પરોવી મેં, એની જ્યાં મળી નજર,
એ છબી મઢાઈ ગઈ, હાય હાય! લે, હવે?

હા, હતી હું દઢ ઘણી, દિલની પણ મના હતી,
તે છતાં મનાઈ ગઈ? હાય હાય! લે, હવે?

ને પછી તો થાય શું? હાથ જ્યાં અડ્યો મને,
આંગળી ઝલાઈ ગઈ, હાય હાય! લે હવે?

વાત આટલી હતી, શું થયું? એ શી ખબર!
ગામમાં ગવાઈ ગઈ, હાય હાય! લે હવે?

એક હું જ જાણું છું, બીજી જાણે છે કલમ,
લે! કથા લખાઈ ગઈ, હાય હાય! લે, હવે?

બે ગઝલ

☐ સંજુ વાળા

અભિરામ વસે છે

વાતોમાં રસ, વર્તનમાં રસછાલક થઈ અભિરામ વસે છે
એજ ગઝલ ગાવી છે જેને અંગ અંગ નિષ્કામ વસે છે

ગઝલપુરુષજી! કહો : આપના હૃદયે કેવી હામ વસે છે?
એ સ્થાનેથી શરૂ કરો છો જેમાં પૂર્ણવિરામ વસે છે

પ્રેમગલીના ચકાચૌંધ અજવાળાથી સૌ છે અચંબિત
કોઈ કહે છે રામ વસે છે, કોઈ કહે: ઘનશ્યામ વસે છે

ક્લિક કરો ઇમેજ કે એની છબિ ચીતરો, પકડાશે નહીં
કોણ સ્વયંની ઓળખને ઓળંગી ઠામોઠામ વસે છે

જેણે પણ એકાદ ઘૂંટડો ચાખ્યો એ ચકચૂર રહે છે
સોમ નથી તો કૈ રસના છે? જેમાં આ પરિણામ વસે છે

હોથલ જેવી હૈયામાં ભીનાશ કેળવે ત્યાં એ ઊગે
હજુ મોરના એક એક ટહુકામાં સૌનો જામ વસે છે

ધખના લઈ તું ધારી તો જો, સરવાણી થઈને છલકાશે
પ્રેમપાતીના સળે સળે એક ધસમસતું જળધામ વસે છે

ભૂલી ગયો છે

ગરબડ 'ને ગોટાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે
માણસ ધોળા-કાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે

ગલી ગલીનું બચ્ચેબચ્ચું પોપટ પોપટ કહી પજવે છે
કોઈ બિચારો માળામાંથી બ્હાર નીકળવું ભૂલી ગયો છે

ઘરથી મંદિર, મંદિરથી ઘર; સર્કિટ જેવું જીવ્યા કરે છે
એ માણસ કુંડાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે

રાતું - પીળું ગાતા એક ફકીરનું નિદાન થયું કે -
ગુલમ્હોર - ગરમાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે

જોશી-જાદૂગરનાં ચરણે પરખ-પાસવર્ડ શોધે છે, એ-
ભીતર ભીડ્યા તાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે

નથી જવાતું ઉપર કે ના પાછો નીચે ફરી શકે છે
વિકટ કોઈ વચગાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે

પદ-પ્રતિષ્ઠા, જ્ઞાન-ગરથના સામે પલ્લે ગઝલ મૂકી, તું
સમજણ નામે શાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે

ખબરદાર, આ ચેતવણી છે : સ્હેજે ના અનુસરશો એને
સંજુ, સંજુ વાળામાંથી બહાર નીકળવું ભૂલી ગયો છે

સોનેટ

□ રવીન્દ્ર પારેખ

કાળસર્પ
(વસંતતિલકા)

એ કાળ છે: પળ પળે પળ દોડવાનો-
એને ધરા અનુસરે, ધબકે, ફરે છે.
એમાં દિસે મનુજ સાવ ઉતાવળો કે
ચાલે, ફરી ગતિ કરે, ઠરતો જરી ના,
ભેગું કરે જગત એમ ઘરેઘરોમાં
કે ક્યાંય કૈં કસર બાકી કશે રહે ના-
બાકી રહે શ્વસન ના, અટકે બધુંયે.
આવે નવું જીવન, એય ટકે, ઘટે છે.

એમાં પડે ફરક ના પૃથિવી ગતિમાં,
ઇચ્છે છતાં અટકવા જ મળે ન એને.
એવી જ કાળસરપે થઈ કૈં દશા છે-
એ કાળ જે પલકમાં જીવ દૈ શકે છે,
રોકી શકે સકળ સૃષ્ટિ પળેકમાં એ,
તોયે જુઓ સ્વયમ ના અટકી શકે છે-

ત્રણ કૂર્ગ કાવ્યો

☐ કે. સચ્ચિદાનંદન ☐ અનુ.: પ્રતિષ્ઠા પંડ્યા

કે. સચ્ચિદાનંદ એ એક જાણીતા ભારતીય કવિ, વિવેચક, અનુવાદક, તંત્રી તરીકે મલયાલમ તેમ જ અંગ્રેજી ભાષામાં કામ કરે છે. આધુનિક મલયાલમ કવિતાના પ્રણેતા તરીકે જાણીતા આ કવિ સાહિત્ય અકાદેમીના ભૂતપૂર્વ સેક્રેટરી રહી ચૂક્યા છે.

૧. રાત અને ગજરાજ

કૂર્ગમાં હો તો મુશ્કેલ છે કહેવું
કે આ રાત છે કે ગજરાજ છે
તમને લાગે કે રાત છે
પણ ચંદ્ર જડે નહિ શોધ્યો
તમને લાગે કે ગજરાજ છે
પણ દંતશૂળ ન મળે

શું એવું શક્ય છે કે
એ અર્ધચંદ્રાકાર ચમક
ચંદ્રની છે કે ગજરજના દંતશૂળની
એ કહેવું શક્ય ન લાગતાં
રાત ને ગજરાજ બંનેએ
વહેતું મૂક્યું હોય.

પણ તો પછી આ માદક સુવાસ
શેરડીમાં ભળી જંગલી બોરડી
ને એમાં વળી પૂરબહારમાં ખીલી રાતરાણી
આ સુવાસ રાતની છે કે ગજરાજની?

૨. કાવેરી

અમે કંઈ કેટલી વાર કાવેરીને પાર કરી
ક્યાંક હતી એ સાવ નાનકડું
પથ્થર વચ્ચે ખળખળતું ઝરણ
તો ક્યાંક સ્થિર તલાવડી
ને વળી બીજે છલકાઈ આખી નદી

પણ એના પાણી પરનાં ચિત્રો
બધેય એક સરખાં: વાંસ, વૃક્ષો,
વાદળ, અમે, એક નહિ બાંધેલો પૂલ
અને નહિ ખીલેલું મેઘધનુષ
ઝિલાતાં કોઈ દેવદૂતના સોનેરી શમણે

જાણે હર એક હૈયે ઊભરી
પૃથ્વીની છબીઓ.

૩. જંગલો

અમારી અંદર થઈ ચાલ્યાં ગયાં કેટકેટલાં જંગલો
ઊડ્યાં કંઈ કેટલાં પંખી, દોડ્યાં કેટકેટલાં પ્રાણી.
અમે બસ ઊભા રહ્યા સ્થિર,
પવનની એકેક લહેરખીએ ઊઠતી આશા લઈને,
કે થઈ જાશું લીલા જંગલના ઝાડ
ફૂટશે અમનેય પાન, ને પછી મહોરશે ફૂલો,
ને ધરીશું અમેય ફળ મીઠાં.

અમારી આરપાર થઈ
કાવેરી વહ્યા કરી
અમારાં ભુલાયેલાં મૂળિયાં પખાળતી.

□

એક ટ્રેન મારે ગામ જઈ રહી છે
પણ હું એ ટ્રેનમાં નથી
એના પાટા મારા શરીરમાં થઈને જાય છે
એનાં પૈડાં મારી છાતી ઉપર થઈ
અને એની સીટી થઈ જાય છે મારી ચિચિયારીઓ

એ મને લેવા પાછી આવશે
ત્યારે હું નહિ હોઉં
પણ એના છાપરે બેસીને
જશે મારી જિંદગી
મારા મડદાની રખેવાળી કરતી

અને જ્યારે એ મારા ગામે આવીને અટકશે
મારી જિંદગી મારું ખોળિયું ઓઢી
મારી રાહ જોતી સાઈકલ પર સવાર થઈ
ટ્રીનટ્રીન.. ટ્રીનટ્રીન કરતી
ઘૂમશે એ જૂની જાણીતી શેરીઓમાં.
દોડીને આવશે મારાં બાળ
સાંભળીને ઘંટડી રણકતી:
"અબ્બુ આવી ગયા! અબ્બુ આવી ગયા!"

હું કઈ ભાષામાં એમને સમજાવીશ
કયા સ્વર્ગની? કયા નરકની?
કે જે આવ્યું છે એ મારું મડદું છે?
ને હું એ બેની વચમાં અટવાયેલો છું.

કરવા દઈશ વાત કૂવાને, તળાવને
જો પાણી બોલવાની ના પાડશે
તો રહેવા દઈશ મારા જીવને
કોઈ કાગડાના જીવમાં
ને ફળિયાના સરગવાની શિંગોના ઝાડ પર બેઠાં
ગજવવા દઈશ એને સઘળું સાચ
કરીને કા..કા..કા..કા...કા

ગઝલ

□ ગૌરાંગ ઠાકર

છે દરિયે કે કાંઠાની નીચે પગથિયાં?
કે તારામાં ડૂબ્યાની નીચે પગથિયાં?

ન રસ્તા કે નકશાની નીચે પગથિયાં,
છે હિંમતનાં પગલાંની નીચે પગથિયાં.

નજર મારી તેથી ત્યાં રોકાઈ ગઈ છે;
નથી તારા ચહેરાની નીચે પગથિયાં.

ઘણા તો ઊડીને જ પ્હોંચી ગયા ત્યાં;
મળ્યાં અમને તખ્તાની નીચે પગથિયાં.

છલાંગે છલાંગે મળી જાય મંઝિલ;
નથી હોતાં ઝરણાની નીચે પગથિયાં.

પણે વૃક્ષનો તાળવે જીવ આવ્યો;
કરી દઈએ માળાની નીચે પગથિયાં.

વ્યવસ્થા હતી કૂવે તળિયા સુધીની;
ને જોયાં તેં તળિયાની નીચે પગથિયાં?

ગઝલ

□ જગદીપ ઉપાધ્યાય

લેખણી માતાનો ગરબો

પરથમ તે પહેલા વીનવું મા લેખણી! દેજો સત શબ્દોમાં માત!
હવામાં ચીતર્યો ઘોડલો મા! લેખણી! દરિયાઓ કૂદવા છે સાત.

ખભે તે કાવડને ઊંચકી મા લેખણી! જાવું છે ગોકુળિયે ગામ,
એક પા પીડાને ઊંચકી મા લેખણી! બીજી પા હરિવરનું નામ!

રૂ છે રે રૂ મારી આંગળી મા લેખણી! લખવાની આગ નરી હાય!
ફૂંક રે મારી કેમ ઓલવું મા લેખણી! ડુંગરિયે લાગી કાંઈ લ્હાય!

રાધાજી રૂઠ્યાં કે, 'જોઈએ' મા લેખણી! આગિયાનો મારે અજવાસ!
ધરો હથેળી તવ કાનજી! મા લેખણી! એના પર રમવો છે રાસ!

ઝાંઝરી હોય તો ઝીલીએ મા લેખણી! ઝીણેરો એનો ઝણકાર,
જંતર વાગે છે આ સામટા મા લેખણી! તૂટી રહ્યા છે તાર તાર

પળપળ વાદળાંઓ ગાજતાં મા લેખણી! પળપળ પડતી રે ફાળ,
પૂર જેમ લોહી વછૂટશે મા લેખણી! કાયાની તોડીને પાળ!

ગઝલ

□ હીરેન મહેતા

કોરોનાસર

ઓળખ નથી પડતી હવે કેમે કરી, આ શહેરને શું થઈ ગયું છે?
ઉષ્મા બધી એની અચાનક કાં ઠરી, આ શહેરને શું થઈ ગયું છે?

સઘળા અવાજો ઊંચકી કેડે અને જે દોડતું'તું રોજ અણથક
શાને ઊભું છે આજ ચુપકીદી ધરી, આ શહેરને શું થઈ ગયું છે?

જાતે ઉગાડી સેંકડો સૂર્યો પછી જે નાચતું'તું રાત આખી
દિનભર હવે સૂતું રહે છે થરથરી, આ શહેરને શું થઈ ગયું છે?

પડદા તણી, આડશ કરી, જાણે બધે લાગી ગઈ છે હોઠબંધી
આંખે છલોછલ ખોફ અણદીઠો ભરી, આ શહેરને શું થઈ ગયું છે?

પડતી નથી કોઈ ખબર કેવા કિનારે લઈ જશે અંતે તરાપો
લ્હેરો સમી અફવા ઊઠે ખોટીખરી, આ શહેરને શું થઈ ગયું છે?



જાપાનીઝ ગણેશ

શ્રી ગણપતિનો ઉલ્લેખ : ધર્મગ્રંથોથી વિશ્વપ્રવાસ સુધી

❑ પૂર્વી મોદી મલકાણ

गजाननं भूतगणादि सेवितं कपित्थ जम्बू फलचारुभक्षणम्।
उमासुतं शोकविनाशकारकं नमामि विघ्नेश्वरपादपंकजम्।।
लम्बोदरं परम सुन्दर एकदन्तं पीताम्बरं त्रिनयनं परमंपवित्रम्।
उद्यद्धिवाकर निभोज्ज्वल कान्ति कान्तं विघ्नेश्वरं सकल विघ्नहरं नमामि।।

જેમની સેવામાં સર્વે ભૂત અને યક્ષ ગણો તત્પર રહે છે, જેઓ જાંબુનાં ફળોને અત્યંત રુચિપૂર્વક આરોગી રહ્યા છે, જેઓ જીવનમાંથી શોક-સંતાપને દૂર કરનારા છે તે ગિરિજાનંદન શ્રી ગણેશ-વિઘ્નેશ્વરાય ગણપતિને હું નમન કરું છું. જેઓ લંબોદર હોવા છતાં અત્યંત સુંદર અને મનને મોહિત કરનારા અને સૂર્ય સમાન

કાંતિવાળા છે, જેઓ પીળા પીતાંબરને અને કમળ સમાન વિશાળ નેત્રોને ધારણ કરનારા છે, જેઓ એકદંત તરીકે ઓળખાય છે તે વિઘ્નહારી વિઘ્નેશ્વરાય ગણપતિનાં ચરણમાં હું પ્રણામ કરું છું.

પિતામહ બ્રહ્માજીએ જે સૃષ્ટિની રચના કરી તેજ સૃષ્ટિના એક ભાગ રૂપે માનવોની પણ રચના કરી. જેઓ એક જૂથ બનાવીને રહેવા લાગ્યા. આજ જૂથમાં રહેલા માનવોએ સામાજિક, આર્થિક, કૃષિ, કળા વગેરે સંબંધિત થતી સમસ્યાઓને પહોંચી વળવા માટે પોતાની તમામ શક્તિઓને કામે વળગાડી જેને કારણે સમસ્યાઓમાંથી તેમને ક્યારેક સફળતા મળતી અને ક્યારેક ન મળતી. તેથી આ સમસ્યાઓને દૂર કરવા માટે તેમણે કુદરતની સૃષ્ટિ પર અને સૃષ્ટિની રચયિતામાં ભાગ ભજવતાં એવાં દેવીદેવતાઓ પર વિશ્વાસ અને શ્રદ્ધા રાખવી પડી. આથી એમ કહી શકાય કે બ્રહ્માજી દ્વારા સૃષ્ટિનું પ્રાગટ્ય થતાં જ સૃષ્ટિમાં અનેકાનેક સામાજિક અને ધાર્મિક વિધિઓ ચાલુ થઈ ગઈ અને સૃષ્ટિની રચનામાં ભાગ લેતાં અનેકાનેક દેવી દેવતાઓનું પૂજન, અર્ચન, વંદન, નમન, સ્મરણ, મનન, ચિંતન માનવસમાજ કરવા લાગ્યો. જેને કારણે આ દેવીદેવતાઓની સાથે જોડાયેલા વિવિધ ધર્મોનો પણ પ્રાદુર્ભાવ થયો. પરંતુ આ દેવીદેવતાઓમાં શિવપુત્ર ગણેશ-ગણપતિનો ક્યાંય ઉલ્લેખ ન થયો કારણ કે તેઓ બ્રહ્માજીની સૃષ્ટિના બધા જ ધર્મોમાં માન્ય રહ્યા પરંતુ તેમનો પોતાનો કોઈ એક ધર્મ ઉદ્ભવ્યો નહીં. આમ થવાને કારણે કેટલાક બ્રાહ્મણોએ અને વિદ્વાનોએ શિવપુત્ર ગણેશને વૈદિક દેવતાના રૂપમાં પ્રાધાન્ય આપ્યું નહીં. પરંતુ ઋગ્વેદની તૈત્તિરીય શાખામાં ગણપતિ શબ્દનો વારંવાર ઉલ્લેખ કરતાં કહેવાયું છે કે બ્રાહ્મણોમાં જે બૃહસ્પતિ છે તેમનું નામ ગણપતિ છે જે ગુરુઓના ગુરુ છે અને શિવગણોના ગણસ્વામી છે. ઋગ્વેદની તૈત્તિરીય શાખા ઉપરાંત બ્રાહ્મણ, આરણ્યક ગ્રંથોમાં, ગૃહસૂત્રમાં, શ્રૌતસૂત્રોમાં, સંહિતામાં ગણપતિ શબ્દની અનેકાનેક વ્યાખ્યા સાથે વિનાયક, હસ્તિમુખ, વક્રતુંડ, લંબોદરાય, ગૌરીનંદન વગેરે નામોનો પ્રયોગ જોવા મળે છે. કેટલાંક ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે આ બધા જ શબ્દો તે ગણેશ ગણપતિ માટે નહીં પણ ૩૩ કરોડ દેવતામાંના અન્ય એક દેવ માટે ઉપયોગમાં આવ્યા હોઈ આ દેવ વિઘ્નેશ્વરાય તરીકે ઓળખાતા નથી.

સર્વ પ્રથમ શિવપુત્ર ગણેશને વિઘ્નહર્તા તરીકે વ્યાખ્યા સ્મૃતિગ્રંથમાંથી મળી હતી. જેમાં કહ્યું છે કે પ્રજાપતિ બ્રહ્મા અને ભગવાન રુદ્રએ ભક્તગણોના જીવનમાંથી વિઘ્નો દૂર કરી તેમને સફળતા મળે તે માટેનું ઉત્તરદાયિત્વ વિનાયકને સોંપીને તેમને પોતાના સમસ્ત ભક્તો રૂપી ગણોના પતિ અર્થાત્ ગણપતિ તરીકે નિયુક્ત કર્યા છે. જ્યારે ગૃહસૂત્ર અને શ્રૌતસૂત્ર પછી આવેલાં શાસ્ત્રોએ ગણેશજીની છબીને





વધુ ઉજ્જ્વળ અને પ્રકાશિત કરી છે જેને કારણે ગણેશજી ત્રણેય લોકમાં વધુ પ્રસિદ્ધ થયા અને વધુ પ્રસિદ્ધિને પામીને મહાવિનાયક, ગણનાયક, નિર્વિઘ્નદેવ વગેરે નામો ધારણ કર્યાં. સ્મૃતિપત્રો, સૂત્રો પછી પુરાણોમાં પણ શ્રી ગણેશજીનો મહિમા ગવાયો છે અને સાથે સાથે ગણેશજીનું પૂજન અર્ચન શી રીતે કરવું તે વિસ્તૃત રીતે બતાવવામાં આવ્યું છે. એક તરફ જ્યાં પુરાણોમાં મહિમા ગવાયો છે ત્યાં બીજી તરફ મહાભારતમાં શ્રી ગણેશજીએ પોતાનું અન્ય રીતે અસ્તિત્વ અને મહત્ત્વ બતાવ્યું છે, જે તેમના પૂજન-અર્ચનની તમામ વિધિઓથી વિપરીત અને અનોખું છે. હિન્દુ ધર્મને બાદ કરતાં તિબેટિયન, બૌદ્ધ, જૈન, જાપાનીઝ, શ્રીલંકન, ચાઈનીઝ, થાઈલેન્ડના ધર્મગ્રંથોમાં પણ ગણેશનો ઉલ્લેખ થયો છે. આ ઉલ્લેખ અનુસાર તાંત્રિક બૌદ્ધધર્મમાં ''અવલોકિતેશ્વર'' ગણપતિ તરીકે સંબોધિત થયા છે, જેઓ સંપત્તિના દેવતા છે. જાપાનીઝ શીનગોન ધર્મમાં ગણેશને ''કુંગી'' તરીકે ઓળખી તેમનાં ત્રીસ સ્વરૂપ પ્રગટ કર્યાં છે. કમ્બોડિયામાં ''મૂર જાનુસ'' તરીકે ગણેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનાં પાંચ મસ્તક છે. આ નામ અંગે કમ્બોડિયાનો ઇતિહાસ કહે છે કે ૧૮૦૬માં વિલિયમ જોન્સ નામના અંગ્રેજે દ્વિમુખી ગણેશનું ચિત્ર દોર્યું હતું જેને 'જાનુસ' નામ આપ્યું, જ્યારે મૂર નામ પાછળથી લાગ્યું. આ મૂર નામ ''એડવર્ડ મૂર''ના નામ પરથી લાગ્યું જેણે ૧૯મી સદીના પ્રારંભમાં કમ્બોડિયાનો પ્રવાસ કરેલો. તો શ્રીલંકન (બૌદ્ધ) ગ્રંથોમાં ગણેશનો ઉલ્લેખ ''શાક્ય વ્રજપાણિ'' તરીકે થયો છે. તિબેટિયન ગ્રંથોમાં શ્રી ગણેશનો ઉલ્લેખ ''વિનિમયક્ષમ'' તરીકે કરાયો છે. તો શ્રીલંકન ગ્રંથોમાં ''મહારક્તં ગણેશા'' (લાલ વર્ણ ધરાવતાં) તરીકે ઓળખાયાં છે અને ગુઆટેમાલામાં ''એઝટેક ગનેશા'' તરીકે ઓળખાયા. આમ વિશ્વધર્મમાં જેમ શ્રી ગણેશનો ઉલ્લેખ થયો છે ત્યાં બૌદ્ધધર્મ એ પણ કહે છે કે ભગવાન બુદ્ધે પણ સ્વયં ગણેશ નામ ધારણ કર્યું છે. આપણે ત્યાં અને પૂર્વ એશિયાના દેશોને તો સમજી શકાય છે, પણ થોડા સમય ડોમેરિકન રિપબ્લિક દેશોની મુલાકાત લેવાનું બન્યું ત્યારે જાણ્યું કે

ડોમેરિકન રિપબ્લિક દેશોમાં પણ શ્રી ગણેશ "એલિફન્ટ હેડ ગુણીના" તરીકે પૂજાય છે. ડોમેરિકન રિપબ્લિક દેશની જેમ હાલમાં મેક્સિકોમાં પણ ગણેશજીનો ઉલ્લેખ થયેલો છે. આ વાતથી એ સમજી શકાય છે કે ભારત બહાર પૂર્વ એશિયામાં વિકસેલા બૌદ્ધધર્મની જેમ ગણેશજીએ પણ પૂર્વ એશિયા સહિત વિશ્વ પ્રવાસ કર્યો.

એક ધારણા અનુસાર મહર્ષિ વેદવ્યાસજીએ મહાભારત ગ્રંથના લેખન સમયે શ્રી ગણેશજીની મદદ લીધેલી હતી. તેમણે શ્રી ગણેશજીને વિનંતી કરી કે મારે સંસારને સારું શું છે ખરાબ શું છે તે જણાવતો એક નીતિ ગ્રંથ લખવો છે તેમાં મને આપની મદદ જોઈએ છે, આપ

મહારક્તં ગણેશ



શું મારે માટે આ ગ્રંથ લખશો? કારણ કે સમસ્ત દેવગણમાં આપ સમાન બુદ્ધિશાળી કોઈ નથી, જે મારા કાર્યને વિચારપૂર્વક લખી શકે. ત્યારે મહર્ષિ વેદવ્યાસજીની વિનંતીને શ્રી ગણેશે માન્ય તો રાખી પણ સાથે સાથે એક શરત મૂકી કે તેઓ પોતાના લેખનકાર્યને નહીં છોડે અને લખતી વખતે જો વેદવ્યાસજી મંત્રોચ્ચાર બંધ કરી દેશે તો તેઓ લેખણીને ફરી હસ્તમાં નહીં લે. આમ કહેવા પાછળ શ્રી ગણેશજીનું તાત્પર્ય એ હતું કે શ્રી વેદવ્યાસજી દ્વારા સતત શ્લોક-મંત્ર અવિરત ધારા બનીને વહેવા જોઈએ અને આ જો અવિરતધારા અટકી જાય તો વિચારમાં, વિચારધારામાં અને લખવામાં અવરોધ આવે જેની અસર પ્રથમ લખાણમાં પડે અને બીજી અસર ગ્રંથમાં પડે. પરંતુ શ્લોક તો એમ સરળતાથી સરી ન પડે અને લખતા પહેલાં વિચારીને લખવું પડે. પરંતુ મહર્ષિ વેદવ્યાસજી પણ વિદ્વાનો અને જ્ઞાનીઓમાં અગ્રગણ્ય વિચારક અને વિદ્વાન હતા, તેથી તેમણે શ્રી ગણેશને વચન આપ્યું કે તેઓ વચ્ચે ક્યાંય મંત્રોચ્ચાર બંધ નહીં કરે, પરંતુ શ્રી ગણેશની શરત સામે પોતે પણ એક શરત મૂકી કે ગણેશજી પણ જે લખાણ કરશે તેમને તેઓ પૂરેપૂરી રીતે સમજીને અને વિચારીને લખશે. વિચાર્યા અને સમજ્યા વગરનું લખાણ તેઓ કરશે નહીં. મહર્ષિ વેદવ્યાસજીની આ શરતને શ્રી ગણેશે માની લીધી અને તેઓ વેદવ્યાસજી સાથે મહાભારત ગ્રંથની

રચના કરવા બેઠા. વિદ્વાનોનું કહેવું છે કે જેમ ગણેશ ચતુર છે તેમ વ્યાસજી પણ અત્યંત ચતુર છે. તેઓ પણ પોતાની કાવ્ય પ્રતિભાને પૂરેપૂરી રીતે દર્શાવતાં પ્રત્યેક સો શ્લોક પછી એક કૂટ શ્લોક બોલી દેતા હતા. આ કૂટ શ્લોકોને સમજવા અને સમજીને લખવા એ બહુ જટિલ કાર્ય હતું. આથી શ્રી ગણેશ આ કૂટ શ્લોકને સમજીને લખતા ત્યાં સુધીમાં વેદવ્યાસજી પોતાના નિત્યનિયમ પૂરા કરીને અન્ય શ્લોકોની રચના કરી લેતા હતા. આ પ્રકારે મહર્ષિ વેદ વ્યાસજી જેવા રચયિતા અને શ્રી ગણેશ જેવા રચનાકારને કારણે વિશ્વને મહાભારત જેવા આ મહાગ્રંથનું પિયૂષપાન કરવા મળ્યું છે જેમાં એક લાખ અઢાર હજાર શ્લોક સમાયેલા છે. આ ગ્રંથને વિશ્વએ સૌથી લાંબા કાવ્ય તરીકે સ્વીકાર કર્યો છે.

અન્ય એક માન્યતા અનુસાર કહેવાય છે કે મહાભારતના સમય સુધી ગણેશજીની અગ્રપૂજાનો પ્રારંભ થયો ન હતો. પરંતુ મહાભારતનાં યુદ્ધ પછી જ્યારે ભાગવતપુરાણની રચના થઈ રહી ત્યારે શ્રી ગણેશજીની પ્રસિદ્ધિ વધવા લાગી હતી. લોકસમુદાયમાં સિદ્ધિદાતાની પૂજાનો ધીમો પ્રારંભ થઈ ચૂક્યો હતો. દુર્ગા, પાર્વતી, સરસ્વતી, લક્ષ્મી, શિવ, વિષ્ણુ, અગ્નિ, વરુણ વગેરે દેવીદેવતાઓની સરખામણીમાં શ્રી ગણેશનું પ્રાગટ્ય ભલે મોડું થયું હતું પણ તેમ છતાં આજે હિન્દુધર્મમાં શ્રદ્ધા રાખનાર એક પણ



જંગલની બહાર ગણપતિની મૂર્તિ (elephant preserve) બાલી

ભક્તજન એવો નહીં હોય જેમને શ્રી ગણેશમાં શ્રદ્ધા ન હોય કે તેમનું પૂજન ન કરતો હોય. તેથી જ અર્વાચીન-પ્રાચીન સાહિત્ય અને કલામાં સિદ્ધિદાતા શ્રી ગણેશનું અને તેમની લીલાઓનું સ્થાન અનોખું છે.

ભક્તજનોના દુંદાળા દેવ શ્રી ગણેશજીના પ્રાગટ્ય માટે શાસ્ત્રોમાં અને સાહિત્યોમાં વિશિષ્ટ અને વિવિધતા ભરેલી વિચારધારા જોવામાં આવે છે.

૧) વૈદિકશાસ્ત્રોની માન્યતા અનુસાર શ્રી ગણેશજીને ઇન્દ્ર, રુદ્ર, મરુત (વરુણ) અને ગુરુ બૃહસ્પતિનું સંયુક્ત સ્વરૂપ માનવામાં આવ્યું છે.

૨) બીજી માન્યતા કહે છે કે શ્રી

ગણેશજી અનાર્ય દેવ છે જેઓ યક્ષો અને શિવગણો સમાન કદમાં નીચા છે, અને તેમની કૃતિ લંબોદરની છે, જેઓ શૂદ્ર અને કૃષકો દ્વારા પૂજાયેલા છે.

૩) ત્રીજા મત અનુસાર શ્રી ગણેશને પ્રાકૃતિક પશુ સ્વરૂપ પણ માનવામાં આવ્યા છે જેઓ સમય અનુસાર પોતાના સ્વરૂપને બદલે છે. તેમનું વાહન મૂષક છે જે અંધકારનું સ્વરૂપ છે પણ શ્રી ગણેશ સ્વયં સૂર્યનું સ્વરૂપ હોવાથી તેઓ મૂષકરૂપી અંધકાર ઉપર કાબૂ લઈ લે છે, અને સ્વયં સૂર્યરૂપે હાજર રહી પૃથ્વીને પ્રકાશમાન કરે છે.

૪) ચોથા મતનુસાર શ્રી ગણેશને ગ્રામદેવતાનું બિરુદ આપવામાં આવ્યું છે જેઓ ગ્રામ બહાર કોઈ વૃક્ષની નીચે બિરાજમાન થઈ ગ્રામજનોની આસ્થાપૂર્ણ સેવાનો સ્વીકાર કરે છે અને ભગવાન શિવની જેમ નાગ રૂપી આભૂષણને ધારણ કરે છે.

૫) શ્રી ગણપતિ ગણેશની જેમ વિષ્ણુ-સહસ્ત્ર સ્તોત્રમાં ભગવાન વિષ્ણુને પણ ગણનાયક ગણેશ્વર કહીને સંબોધિત કરવામાં આવ્યા છે, તો શિવપુરાણ, બ્રહ્મપુરાણ વગેરેમાં ભગવાન શિવને ગણાધિશ ગણેશ્વર તરીકે માનવામાં આવ્યા છે. સાથે સાથે શિવના અનુચરો માટે પણ ગણ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તિબેટિયન ગ્રંથોમાં કહ્યું છે કે ભગવાન સદાશિવ અગણિત ગણોના (સમૂહોના) અધિપતિ છે, અને શિવના અનુચરો એ શિવગણો છે. પરંતુ શિવપુત્ર ગણેશનો એ શિવગણો પર વધુ પ્રભાવ હોવાથી તેઓ ગણાધ્યક્ષ રૂપે પૂજ્ય છે.

૬) જ્યારે યક્ષ સાહિત્યમાં કહ્યું છે કે શ્રી ગણપતિની સુમધુર મૂરતમાં નાગો અને યક્ષોનું સ્વરૂપ સંમિલિત કરવામાં આવ્યું છે.

૭) શ્રી ગણેશ નામ પાછળ શાસ્ત્રોમાં કહ્યું છે કે આઠ વસુઓ, અગિયાર રૂદ્ર અને બાર આદિત્ય ગણદેવતાના સ્વામી હોવાને કારણે શિવપુત્રને ગણેશ (ગણોના ઈશ્વર) એવું નામ પ્રાપ્ત થયેલું છે, જ્યારે નારદપુરાણ અને શિવપુરાણમાં કહ્યું છે કે શિવના અનુચરો તેઓ ગણ (સમુદાય) કહેવાતા આ ગણોના સ્વામી બનવાને કારણે તેઓ ગણેશ તરીકે ઓળખાયા. શિવપુરાણની એક અન્ય માન્યતા અનુસાર હસ્તિમુખ આવ્યા બાદ પુત્રને કુરૂપ જોઈને વ્યથિત બનેલાં પાર્વતીને પ્રસન્ન કરવા માટે ભગવાન શિવે વિનાયકને પોતાના સમસ્ત ગણોના સ્વામી બનાવ્યા જેને કારણે તેઓ ગણેશ કે ગણપતિને નામે ઓળખાયા. આમ શ્રી વિઘ્નવિનાશક શ્રી ગણેશ ગણપતિ ગમે તેટલાં નામ અને સ્વરૂપ ધારણ કરીને રહે પરંતુ તેઓ ફક્ત શિવગણોના જ સ્વામી નહીં પરંતુ માનવગણોના પણ સ્વામી છે તેથી જ આજે પ્રત્યેક ગૃહમાં અને પ્રત્યેક સમૂહમાં (મંડળોમાં) તેઓ નાનાં-મોટાં કદમાં અને અનેક સ્વરૂપમાં બિરાજી રહ્યા છે.

❑❑❑



ભૂખ

☐ મેધા ત્રિવેદી

બાલુને તો ક્યાંય સુધી કંઈ સમજ પડી નહોતી. આમ અચાનક શું બની ગયું. બાલુની લાખ કોશિશે પણ તે કશું બોલ્યો નહોતો. છેવટે ખારાશને ખંખેર્યા વિના જ તે ત્યાંથી ઊભો થઈ ગયો હતો, જતાં જતાં એટલું જ બોલ્યો હતો-- ''મારે જવું છે.'' બોલીને તે જરાક વાર ઊભો રહ્યો, રસ્તામાં ઊગેલા ઝાડની જેમ, સ્થિર, એકદમ સ્થિર. કેમ જાણે રસ્તો ખૂટતો જ ના હોય. એ સીધા ઊગેલા વૃક્ષે એના બધાંય પાંદડાં ખેરવી નાખ્યાં હતાં. વૃક્ષની ડાળીઓ અજાણતાં જ એક પછી એક કપાઈ ગઈ હતી અને એની નિશાની રૂપે ઊપસી આવેલી ગાંઠો પર સમય દર્શાવતી રેષાઓ અંકિત થઈ

ચૂકી હતી. ભીંજાઈ ચૂકેલા વૃક્ષ પરનો ભેજ, ધૂંધવાયેલી હવાની જેમ વૃક્ષ પર મંડરાતો હતો. થોડી વાર આમ જ ઊભા રહ્યા પછી તે ચાલવા લાગ્યો. ત્યારબાદ તેણે એક વાર પણ પાછળ ફરીને જોયું નહોતું, જાણે કે મેદની તેને આખેઆખી ગળી ગઈ ના હોય! એની નિર્દોષતા પર એક જાડું કવચ લપેટાઈ ગયેલું બાલુએ જોયું હતું, જેને હવે તે કદાચ ઉતારી નાખવા માગતો પણ હોય. એટલે જ તો બાલુએ તેને રોકવાનો કે શોધવાનો પ્રયત્ન કર્યો નહતો. કદાચ જીવન જીવવાની એની અહીં લગીની શોધ પૂરી થઈ હોય.

લોકોથી ઠસોઠસ ભરેલી બોટમાં ખારાશને ઓળંગતો ઓળંગતો આવી પહોંચ્યો હતો. મરવાના વાંકે જીવતો હોય તેમ કોણ જાણે કેટલાય દિવસ ટૂંટિયું વાળી ટાઢ તડકામાં શેકાતો રહ્યો હતો. રોજ સવારે દરિયાકિનારે મજૂરી કરવા આવતા બાલુએ તેને જોયો હતો ખરો, પણ તેના કામમાં તે એટલો ડૂબેલો રહેતો કે તેને બોલાવાની ફુરસદ રહેતી નહીં. પરંતુ આજે તે જોર જોરથી પેટ દબાવી કણસતો હતો. બાલુએ ઢંઢોળ્યો ના હોત તો મરી જ ગયો હોત. જાનવરને પાસે બોલાવતો હોય તેમ બાલુએ ન્યૂઝ પેપરમાં વીંટાળેલા બે પાંઉના ટુકડા, એ સવારે તેની સામે ધર્યા. આંખોની કીકીઓ પાંઉને જોતાં, પહેલાં ચમકી, પછી તેમાં બીક પેઠી હોય તેમ ત્યાં જ એ વધારે સંકોચાઈ ગયો. તેના શરીરને બચાવવા તેના બંને હાથોએ વ્યર્થ પ્રયત્ન કર્યો. બાલુ જરાક હસી તેની પાસે પાંઉ વીંટાળેલ વર્તમાનપત્રનો ટુકડો મૂકી ચાલ્યો ગયો. દસ બાર દિવસના રાબેતા મુજબના ચાલેલા આ ક્રમ પછી બાલુને તેના પડેલા ઘામાં રૂઝ આવતી દેખાઈ હતી. હવે તે બાલુને દૂરથી આવતા જોઈ બેઠો થતો. વર્તમાનપત્રના ટુકડાને ખાઈ જવાનો હોય તેમ ઝાપટ મારી પાંઉને ગળે ઉતારી દેતો. ઉંમર હશે બાલુથી જરાક નાની. ફાટેલી ગંજી અને નીચે મોટા માણસો પહેરે એવી ચોકડીની વીંટાળેલી લૂંગી. કોણ છે? ક્યાંથી આવ્યો છે? કશો જવાબ નહોતો એની પાસે. એક દિવસ બાલુ પાછો વળતો હતો ત્યારે સાથે થઈ ગયો, ''કામ જોઈએ છે." પહેલી વાર તે બોલ્યો હતો. "કેવું કામ, આવડત છે કશી?" બાલુએ તેને તપાસતાં પૂછ્યું હતું. "ખેતરનું કામ જાણું છું, અનાજ ઉગાડવાનું." ભાંગેલી હિન્દીમાં તેણે કહ્યું હતું. બાલુથી જોરથી હસી પડાયું હતું. "ખેતરનું કામ? એ પણ અહીંયાં?" દરિયાના કિનારા સિવાય ક્યાંય ખુલ્લી જમીન દેખાય તો બેસાડી દઈશ તને, કરજે ખેતી. "વળી બાલુ મોટેથી હસ્યો. આશ્ચર્યથી બાલુને જોતો જોતો તે મુખ્ય રસ્તા સુધી મૂંગો મૂંગો ચાલ્યો આવ્યો હતો. રસ્તો આવતાં બાલુ રોકાઈ ગયો.

કશું વિચારતો હોય તેમ બાલુએ તેને સમજાવવા માંડ્યું, ''દોસ્ત આ તો મોટું શહેર છે, મસમોટું, તારી વાત સાચી છે. એયને મોટું ખેતર, રોજ અહીંયાં દાણા વવાય છે અને લણાય છે.'' થોડી વારે બાલુએ સીધું પૂછ્યું, ''મારી ખોલીમાં રહેવા જગ્યા આપું, તારી ભૂખ ભાંગવા માટે કામ પણ બતાવું, પણ તારી કમાણીમાં મારો ભાગ રહેશે. છે મંજૂર? તો ચાલ, નહીં તો જા પાછો જ્યાંથી આવ્યો છે ત્યાં.'' એ નહોતો ગયો. રોકાઈ ગયો હતો.

રસ્તાની આસપાસનાં ઊંચાં બિલ્ડિંગોએ ઉતારેલી જીવતી કાંચળી જેવી ઝૂંપડપટ્ટીઓમાં એના ગામડાનાં ઘરોની મશ્કરી કરતી હોય એવી, રહી ગયેલા લીસોટા જેવી દેખાતી હતી. એની અંદર એક પછી એક સાંકડી અને અંધારી ગલીઓનો સન્નાટો, દિવસની આગમાં શેકાઈ શેકાઈને ભડથું થઈને હમણાં જ જંપી ગયો હતો. તોય ક્યાંક ક્યાંક ચિત્તાની જેમ શિકારની રાહ જોતી, ભૂખી અને તરસી, ગલીઓની આડાશની ધારે ધારે આવેલી ખોલીઓ, સવાર પડે છલાંગ મારી દાણાની શોધમાં નીકળી પડતા પગોનો કોળિયો કરી જવા તૈયાર બેઠી હતી. એક ગલીમાં સાધારણ ખોલી પાસે આવી બાલુ ઊભો રહ્યો. મોઢું વકાસી નિ:સહાય આસપાસ જોતો તે પણ ઊભો રહ્યો. "ચાલ અંદર," બાલુએ ઇશારો કર્યો. ખોલી મોટી નહોતી. ખોલીને એક ખૂણે આવેલી ચોરસ જગ્યા જેમાંથી આવ જા થઈ શકતી હતી, તેને એકાંત આપવા, બંધ થાય તેવા લટકતા બારણા સામે બાલુએ આંગળી ચીંધી બતાવી. તેણે મિજાગરા પર માંડ ટકેલા બારણાને ખોલ્યું. આડી ભીંતો અને ભીંત પર નાની બારી સિવાય તેમાં અંધારું હતું. બાલુએ સ્વીચ દાબી અંધારું દૂર કરી આપ્યું.

બારીની બાજુમાં ગોબરી ખોલીને ઓપ આપવામાં જરાક મદદ કરી રહ્યું હોય એમ એક ચિત્ર ભીંત પર લટકી રહ્યું હતું. ખોલીની અડધી જગ્યામાં બાલુનો સામાન હતો, સામાનની સાથે એક સૂવાનો પલંગ. બાકી ખોલીમાં તેને ગમવા જેવું કશું નહોતું. ગૂંગળામણ થતી હોય એમ તેણે જીવની જેમ સાચવી રાખેલી એક નાની ફ્રેમને કમર પર બાંધેલી લૂંગીની ગડીમાંથી કાઢીને ચિત્રની બાજુમાં ગોઠવી દીધી. ફ્રેમને જોઈ બાલુના મોંઢામાંથી સીસકારો નીકળી ગયો- "ઓહ." તે ડરીને ફ્રેમને ઉતારવા જતો હતો પણ તરત રોકાઈ ગયો. હોઠ પર આંગળી મૂકી બાલુ તેને ચૂપ રહેવા જણાવતો હતો, "બિલકુલ અવાજ નહીં, સમજ્યો?" અને બાલુ દરવાજો આડો કરી જતો રહ્યો. ભીંત પર લટકતા ચિત્ર જેવો તે ખોલીમાં એકલો જ રહી ગયો. ક્યાંકથી ઉપાડી

લાવ્યો હતો બાલુ આ ચિત્રને. ચિત્રની ફ્રેમ એક બાજુથી તૂટી ગઈ હતી. અંદરનું દૃશ્ય સાવ ઝાંખું અને પૂરેલા રંગોનાં રંગ સમય સાથે ફિક્કા પડવા લાગ્યા હતા. તે ચિત્રમાં જે કંઈ જોઈ રહ્યો હતો એનાથી એનું દૃશ્ય સાવ નોખું હતું, તોય જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ, એમાં તેણે કેટલાંક તેને મનગમતાં દૃશ્યો ઉપસાવી લીધાં હતાં.

બીજા દિવસે બાલુ લઈ ગયો હતો એને આ મોટા શહેરની જુદી જ જાતની જમા થયેલી ભીડને જોવા. જેનો મિજાજ કંઈ આગવો જ હતો. "રોજ અહીં આ શહેરમાં ઠલવાતા કાફલાઓ લઈ આવે છે તેમની સાથે તેમની આગવી માન્યતાઓની શ્રદ્ધાને, અને ઊગવા માંડે છે એ માન્યતાઓ, અહીંયાં. શહેરની જમીનના કણેકણમાં, તે ઊંડે સુધી ઊતરતી જાય પછી કશો ભેદભાવ નથી રહેતો તારામાં કે મારામાં." એક જામેલા જમઘટને બતાવતાં બાલુએ સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. આપણું કાર્ય તો આ વવાઈ ગયેલાં બીજને ફક્ત જરાક ફણગાવવાનું છે.'' મંદિરને રસ્તે લાગેલી હાટડીઓ તરફ બાલુ તેને દોરી જતાં બોલતો જતો હતો. બજારમાં લાગેલી હાટડીઓમાં વેચાતો સામાન આમ તો એના ગામમાં જોયો હતો એવો જ હતો. કશો ફરક નહોતો. કેટલીયે વાર જોયાં હતાં ફૂલો, પૂજાપો, નાળિયેર, ફોટાઓ, મૂર્તિઓ, ચોપડીઓ અને દોરેલાં અંકનો. "એ તાઉ, નવો છોકરો આયો છે, તમે કહ્યું હતું ને, કોઈ હોય તો કહેજે, તો લઈ આવ્યો છું." બાલુ એક હાટડીમાં બેઠેલા માણસ સાથે વાત કરવા ઊભો રહી ગયો હતો. "અરે હા, પૈસાની ઝીકઝીક નહીં જોઈએ. પ્રસાદ મળી જશે. ચાલશે?" દુકાનદારે ફૂલોની માળાઓ બાલુને આપી, એની સાથે ઊભેલા છોકરાને ધારીને માપવા લાગ્યો. ક્યાંકથી આવી ચઢ્યો લાગે છે, શીખી જશે થોડા દિવસમાં અહીંનાં રીતિ-રિવાજો. દુકાનદારે તેને માપી લીધો... "હો.. દોડશે." બાલુએ માળાઓ દુકાનદાર પાસેથી લઈ એના હાથમાં પરોવી દીધી. "ચલ શુરૂ હોજા.'' અને એ ખરેખર થોડા દિવસોમાં તો દોડવા માંડ્યો હતો. લોકોની લાગેલી ભીડમાં ફરતો રહેતો હતો, આખી તાઉની દુકાન લઈને. શું વેચતો હતો તે? હાથમાં લટકાવી રાખેલા ફૂલોના હાર, પ્રસાદની થાળી, વધેરવાનું નારિયેળ. એની સાથે સામસામેની એક જ સરખી પ્રાર્થના કે દુઆ. બંને બાજુ ભૂખ સરખી હતી. આંખોમાં નમી આવી જતી. હાથ જોડાઈ જતા, ઘડીક વારની એ સમાનતાનો અનુભવ સાથે ઘણું લઈને આવતો. પાછો ફરતો ત્યારે આખા દિવસની બંધાયેલી ગઠરીની ગાંઠ ધીમેથી તે છોડતો હોય તેમ સાથે લાવેલી ફ્રેમ નીચે બેસી જતો.

સાંજ પડે, ખાવાનો જોગ તો પડી જતો. સોમવાર, મંગળવાર, બુધવાર અઠવાડિયાના વાર પ્રમાણે સ્થાન બદલાતું, નવી શ્રદ્ધા અને નવા લોકો, શુક્રવારે વળી જાણીતું, તોય સાવ અજાણ્યું લાગતું સ્થાન. એજ ભીડ અને એજ દુકાનો અને સામાન વળગાડી ફરતો તે. વેચતો ત્યારે સામાનને જરાક હાથ લગાડી લેતો.

કોઈ હદ નહોતી અહીં, ત્યાં કે પણે. પેટની આગ કોઈની સાડાબારી રાખતી નહોતી. જ્યાંથી જે મળે તે, આગને ઠારવા વ્યાજબી બની જતું હતું. સહેલું હતું, ખાલી ઉપરછલ્લો વેશ જ બદલવાનો રહેતો. આ ઉપરછલ્લું જે હતું તે એને ધીમે ધીમે રીઢો કરતું જતું હતું. પેટ ભરાયા પછી જન્મથી જે કંઈ જોયું હતું એની માફી માગી લેવામાં પણ શરૂઆતની શરમ હવે સંતાકૂકડીની રમતની જેમ એને ખો આપી છુપાઈ જતી હતી. બીજા દિવસે ફરી પાછી બીજી લાઈનમાં, છતી થતી જરાક શરમને ખંખેરી નાખી એ જ રમતમાં પાછો જોડાઈ જતો. ઘંટ વાગે ત્યાં તાળી પાડી લેવાની. લાઉડ સ્પીકર સંભળાય ત્યાં ઊંધા પગ વાળી લેવાના, અને છેક ઉપર ઇમારત પર લાલ લાઈટનું ચિહ્ન દેખાય ત્યાં ચોકડી પાડી દેવાની. ડૂબી ગયો હતો, મસમોટા શહેરની ભીડનાં સતત વહેતાં રહેતાં મોજાંઓમાં. કંઈક પામવાની ભૂખ એની અને ભીડની સરખી જ હતી. એટલે તો ગમી ગયું હતું અહીંયાં. સાંજ પડે દિવસની કમાણી બાલુ સાથે દરિયાના કિનારાના પથ્થર પર બેસી પલાળી જતાં મોજાંઓને જોતાં જોતાં ઉડાડી દેવાની મઝામાં પેલું ઉપરનું આવરણ જાડું થતું જતું હતું, તેની કદાચ તેને પણ જાણ નહોતી રહેતી.

આજનો દિવસ ખાસ ઊગ્યો હતો. તેણે કાલે જ ધોઈને ગડી કરી, પલંગના ગાદલા નીચે દાબેલું ખમીસ કાઢ્યું. ધોવાણની થોડી ઘણી રહી ગયેલી કરચલીઓને તેણે હાથેથી કાઢી નાખવાનો પ્રયાસ કર્યો. એ પછી દર્પણ પાસે ઊભા રહી, ખમીસ પહેર્યું, તેના કોલર સુધીનાં બટન બંધ કર્યાં. વિખરાયેલા વાળમાં કાંસકો ફેરવ્યો, ભીના વાળ એકદમ સીધા થઈને માથા સાથે ચપ્પટ ચોંટી ગયા. તેણે કાંસકો જરાક છંકોર્યો. પાણીનાં ટીપાં તેના ગાલ પર ઊડ્યાં. તેણે કાનમાં આંગળી નાખી પાણી કાઢી નાખવાનો પ્રયાસ કર્યો. ફરી તેણે કાંસકાને માથા પર ફેરવી વાળ સરખા ઓળવા પ્રયત્ન કર્યો. માથું બન્ને બાજુ ફેરવી તેણે તેના ચહેરાને નીરખ્યો. ચહેરો સાવ સપાટ હતો. એમાં તો તે કોણ છે એની કશી ઓળખાણ પડતી નહોતી. તેણે દર્પણમાં જડેલા લાકડાના ખાનામાંથી, કાલે બાલુએ આપેલી લાલ કોરા કંકુની ડબ્બી કાઢી. કંકુને હથેળીમાં દાબી

જરાક પાણીનાં છાંટણાં નાખ્યાં અને છેલ્લી આંગળી કંકુવાળી કરી કપાળ પર લીટો તાણ્યો. ફરી તેણે દર્પણમાં જોયું. દર્પણની બરાબર વચ્ચે પડી ગયેલી તિરાડમાંથી તે બબ્બે દેખાતો હતો. બે માથાં, બે કપાળ બે ચાંલ્લા. જરૂરી હતા, જો તેણે આજના ઉત્સવમાં ભાગ લેવો હોય તો. એ કોણ છે એની જાણ ભેગી થયેલી ભીડને આ ચાંલ્લાથી થવાની હતી, અને આ ચાંલ્લો એ કંઈ અજાણ્યો થોડો જ હતો. જોડી આપતો હતો એને એ જ્યાંથી આવ્યો હતો એની સાથે. અને ચિત્રમાં એક નવું દૃશ્ય ઊપસી આવ્યું.

દર્પણ પાસેથી ખસી તે ચિત્રની બાજુમાં મૂકેલી ફ્રેમ તરફ વળ્યો. તેમાં કોતરેલા અક્ષરોનો અર્થ તે સમજતો નહોતો તોય તે જ્યારે ત્યાં ઊભો રહેતો કે તરત જ તેના બંને હાથ ખોબો કરી દેતા. અત્યારે પણ એમ જ થયું, "રહેમ કરજે," તેના હોઠ ફફડ્યા. ફ્રેમનો લીલો રંગ ક્યારનો ફિક્કો પડી ગયો હતો, તોય જ્યારે હાથ ભેગા કરતો ત્યારે પહોંચી જતો એજ ખેતરોમાં, જમીનમાં વાવેલાં ચોખાનાં ધરુ ઢીંચણ સુધીના પાણીમાં ડૂબેલાં રહેતાં. તેમાં સવારથી લઈ સાંજ સુધી કામ કરતાં, અડધા પગ ફુગાઈને જાડા થઈ જતા. ખેતરના પાકની લણણી થતી ત્યારે તો ગામ આખું ઉત્સાહમાં આવી જતું. તહેવાર જ જાણે જોઈ લો. સુગંધીદાર ભાતની માઈલો સુધી સોડમ ફેલાતી. બાપુ મોકલતા એને ગામની ઉત્તર દિશામાં આવેલા મહોલ્લામાં. એનું ઘર મહોલ્લાની વસ્તીથી જરાક જુદું અને બેઠેલા ઘાટનું. છુટ્ટું ચોગાન અને મટોડીથી ભરેલું. ઘરની આગળ નાની જગ્યામાં વેલ વાવી હતી. પાણીના પાઈપના આધારે આધારે છેક ઉપર ચઢી હતી. નવા ભાતનો કોથળો પીઠ પર નાખી તે પહોંચી જતો એના ઘરે. આખા રસ્તે ચોખા ભરેલા કોથળામાંથી સતત ખુશ્બો રેલાતી રહેતી. ગમતી એને આ ખુશ્બો અને એને ત્યાં જવાનું. ધોળી સૂતી ઢાકાઈ સાડીની કિનારે ઝીણી ભરેલી બોર્ડરનો પાલવ બેફિકરાઈથી ખભા પર નાખેલો રહેતો, કપાળ પર મોટો લાલ ચાંલ્લો અને મોંઢા પર આછો મલકાટ. પણ એને જો ગમતો હોય તો એ લાલ ચાંલ્લો. બહુ ગમતો. આંગણામાં વાવેલી વેલ તો એક જગ્યાએ લહેરાતી, આ તો આખા ઘરમાં ને આંગણામાં સતત લહેરાતી, કંકુને વેરતી રહેતી. પીઠ પર કોથળો નાખી એને આવતાં જોતી કે તેનું મોંઢુ હાસ્યથી ભરાઈ જતું. "અમાર છેલા, અમાર છેલા'' કહેતી ભાત છેક અંદરના ભંડકિયામાં ઉતારવા મદદ કરવાનો પ્રયાસ કરતી, પણ તે તરત જ એને રોકી લેતો. ભાત મૂક્યા પછી એમ કંઈ જલદી એને પાછો જવા દેતી નહીં. લઈ જતી ઘરમાં સજાવેલા મંદિર પાસે.


ફૂલોની માળાથી શોભતી મૂર્તિના છેડા સુધી આવીને અટકી ગયેલો સિંદૂરનો રેલો, અગરબત્તીની સુગંધ, ખોડેલા ત્રિશૂળમાં ભરાવેલ લાલ ચૂંદડીનો કટકો અને પાસે હંમેશાં જલતો રહેતો દીવો. હાટડીમાં સજાવેલ પૂજાપાની નવાઈ એટલે તો એને લાગી નહોતી. મંદિરમાં ધરાવેલો ભોગ પડિયામાં લઈને એને ખાવા માટે આપતી. એ ના, ના, કરતો રહેતો તો જબરજસ્તી એના હાથમાં મૂકી આંખો પહોળી કરી ખોટો ગુસ્સો દેખાડી બેસાડી દેતી હતી. બેસવું જ પડતું. એ હસતી હસતી ખુરશીમાં ઝૂલ્યા કરતી. અરે, કેટલા સવાલો હતા એના પાલવની ફાંટમાં!" કેટલો ભાત ભરાયો? મા શું કરે, બાપુ શું કરે? એ પછી આખા ગામના રહેવાસીઓ વિષે પૂછ્યા કરતી અને અકરાંતિયાની જેમ સાંભળી રહેતી. ઘરે જવાનું મોડું થતું તોય એને ક્યાંય સુધી જવા દેતી નહીં. છેવટે દીદી માટે પ્રસાદ અને ભાતના પૈસા હાથમાં આપી તેને ક્યાંય સુધી જતો જોઈ રહેતી. પીઠ પર તેની ચોંટેલી એ નજરનો ભાર ભાતના કોથળા કરતાંય વધારે લાગતો. એક વાર બાપુને પૂછ્યું હતું, "આ મોટા ચાંલ્લાવાળી આવું કેમ કરે છે?" બાપુએ આડું જોઈ કહ્યું હતું, "કુલટા, ભાગીને આવી છે અહીંયાં. ગામમાં કોઈ બોલાવતું નથી પણ આપણે શું, ભાતના પૈસા આપે છે એટલું પૂરતું છે આપણા માટે." એ પછી એણે એકે સવાલ પૂછ્યો નહોતો કારણકે એ, બાપુએ કહેલું માની શકતો નહોતો, પેલો કપાળ પરનો નિર્દોષ ચાંલ્લો એની સામે આવીને ઊભો રહી જતો.

એ વર્ષે તો માંડ ડાંગર ખેતરોમાં વેરાઈ હતી કે નદી ગાંડીતૂર થઈ હતી. એનાં પાણીનો ધોધ એવો તો ફરી વળ્યો કે ગામ આખું પાણીમાં ગરકાવ. દસ દિવસ મા, બાપુ દીદી બધાંયે ઊંચા ડુંગરે જઈને બેસવું પડ્યું હતું. એ પછી નીચે આવ્યાં ત્યારે તો દુકાળ પડ્યો હતો. અને ઘર? ઘર તો ફુગાઈને બેવડું થઈ ગયું હતું. બારી, બારણાં કહ્યામાં નહોતાં રહ્યાં. જાણે તેની જરૂર જ ના હોય તેમ ઘર આખું ખુલ્લું ફટાક. પૂરનાં પાણી તેના ઘરમાં ફરી વળ્યાં હતાં એની સાબિતી રૂપે જમીનમાં વેરાયેલા દાણામાંથી વનસ્પતિ ઊગી નીકળી હતી. તેણે તો ઘરની દીવાલો, ફર્શ કે છત પણ છોડ્યાં નહોતાં. સૂર્યનો સીધો તડકો ઘરના ટુકડાઓ પર પડ્યા કરતો હતો. અને દુકાળ તો એવો કે ના ભાત, ના શાક, ના ઢોર. શું ખાય અને શું પીએ? પૂરનાં પાણીથી કૂવા, તળાવો છલકાતાં હતાં. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. કચરાળું અને તેમાં ઊંડે ઊંડે ભળી ગયેલ ઝેરી ધાતુનો સ્વાદ. પીઓ તો થૂ. થૂ. થૂ. અને ધાન? તો જમીન કહે લે ડીંગો. લીલું લીલું નકરું જંગલી ઘાસ, શીશાવાળું પાણી પીને ઊગવા

માંડ્યું હતું. ત્રણ, ચાર દિવસમાં તો માથોડાં ઊંચું. જ્યાં જુઓ ત્યાં ઘાસ, ઘાસ, સોટા જેવું. તેણેય જાણે પાણીની જ નકલ કરી હોય તેમ એક જગ્યાએ આંગળી દબાવો તો બીજી જગ્યાએથી ફૂટી નીકળે. જમીન વાંઝણી ને વામણી થઈને રહી ગઈ હતી. બાપુ કાંપમાં માછલાં શોધવા નીકળતા અને ડીલે કોહવાટ લઈને પાછા ફરતા. હતાશા આંખોમાં આવીને બેસી જતી અને બાપુ હાથમાં લાકડી લેતા, ઝૂડવા માંડતા ઘાસને. મૂળ ઘાલીને વધી ગયેલાં ઘાસને સીંદરીથી બાંધી દેતા. થોડા દિવસે એનેય કોહવાટ લાગતો ત્યારે ઉખાડીને ફેંકી દેતા.

પણ વ્યર્થ. બેસી ગયેલો ભેજ ઘાસ સિવાય બીજું કશું ઉગાડી શકતો નહોતો. બસ એક તાડ અડીખમ ઊભાં રહ્યાં હતાં. ઘરના રસ્તે આગળ જાઓ તો ડાળી વિનાનાં તોતિંગ તાડનાં ઝૂંડ. ના પાણીની અસર ના ભેજની. ખાવા ધાન નહોતું કે પીવા પાણી નહીં. પરંતુ માટલીઓ તાડીથી છલકાવા માંડી હતી. એ દિવસોમાં ગામ આખું ઘેનમાં ગરકાવ થઈ ગયું હતું. એક ઘરેથી બીજા ઘરે નશો ચઢતો રહ્યો હતો. સ્ત્રીઓ અને બાળકો સૂધબૂધ ખોઈ બેઠાં હતાં. સવારમાં તો ભરેલી માટલી માટે ખેંચાખેંચ શરૂ થઈ જતી અને ઘણી વાર તો યુદ્ધ ફાટી નીકળતું. કોઈ કોઈનું સગું નહીં. ત્યારે ક્યાં ખબર હતી આ તો શરૂઆત હતી. ઘેન ચઢેલા ગામને શું થઈ રહ્યું છે અને શા માટે એની જાણ તો મોટી મોટી તોપોનાં નાળચાં ઘર આંગણે આવીને ઊભાં રહ્યાં ત્યારે થઈ. ઘરના માણસો બંદૂકના ગોદા ખાઈ ખાઈને ભાનમાં આવવા લાગ્યા. ત્યારે ખબર પડી કે ખરેખરું યુદ્ધ ફાટી નીકળ્યું છે. દુશ્મનો ઘરઆંગણે આવી ચઢ્યા છે પરંતુ હવે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ઘરોનાં ઘરો ખંડેર થતાં જતાં હતાં. એનુંય ઘર આખું ધૂળધૂળ અને કપડાં, વાસણ, સામાન ક્યાંય ઊડીને કચડાઈ ગયાં. એના જ ઘરની ધૂળથી એની આંખો ભરાઈ ગઈ. એક જોરદાર ધડાકો અને એના ઘર જેવું કશું ના રહ્યું. એ દોડ્યો હતો દિશાઓ જ્યાં લઈ જતી હતી ત્યાં. ધૂળની ડમરી એની પાછળ કેટલીયે ચીસો લઈને ભાગતી હતી. માની, બાપુની, દીદીની અને ગામ આખાની. દોડતાં દોડતાં પગ અટવાઈ ગયા હતા, પેલી લહેરાતી વેલમાં. ચીમળાઈ ગયેલી, ઉખાડીને રસ્તા પર ફેંકી દીધી હતી. ના હસતી હતી કે ના કશું બોલતી હતી અને એનો ચાંલ્લો રેલાયો હતો મોં પર જાણે એનાથી મોઢું ઢાંકવા પ્રયત્ન ના કરતી હોય! જમીનને કોતરીને સત્તાએ ભાગ પાડી દીધા હતા, "આ અમારુંની" ધાક ચીસોમાં સંભળાતી રહેતી હતી. એ આવીને ઊભો રહી ગયો હતો.

[અનુસંધાન પૃ. 130]



૧૮-૧૦-૧૯૨૫ / ૪-૮-૨૦૨૦

ઈબ્રાહીમ અલ્કાઝી : અંગત સંભારણાં

☐ ગુલામ મોહમ્મદ શેખ

1955થી 1961માં હું વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સમાં ભણતો તે દરમિયાન મુંબઈનાં કલા-સંસ્થાનોના ફેરા થતા. વોર્ડન રોડ પર ભુલાભાઈ મેમોરિયલ ઇન્સ્ટિટ્યૂટ જવાનું અચૂક કારણ કે ત્યાં મોટા ગજાના કળાકારો હુસેન, ગાયતોંડે અને તૈયબ મહેતાના સ્ટુડિયોમાં જવાનું મળે. એ કળાકારોના ભાઈબંધ અને ફિલ્મોના વિતરક (જે પછી ચિત્રકાર પણ થયા) બાલ છાબડાએ ત્યાં 'ગેલેરી '59' નામની ગેલેરી ખોલેલી. એ ગેલેરી ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ થતાં બરાબર સામે, એની જમણે, એક નાનકડી ઓફિસ જેવું, એમાં એક હસ્તી બેઠેલી દેખાય. વિખ્યાત નાટ્યકર્મી (અને કળાકાર) ઈબ્રાહીમ અલ્કાઝી, કળાના ઇતિહાસના અભ્યાસુ અને પારખુ. એમની પાસે વિશ્વકળાની, વિશેષ તો આધુનિક પશ્ચિમી કળાની, રંગીન સ્લાઈડ્ઝનો વિપુલ સંગ્રહ- એમાંથી ચૂંટીને એમના કેરુસેલ પ્રોજેક્ટર દ્વારા

મોટા પડદે દેખાડીને એ વ્યાખ્યાનો દેતા એ સાંભળવા કળારસિકો ભેગા પેલા મોટા ગજાના કળાકારોય ઊમટતા. વડોદરામાં એ ટાણે સ્લાઈડ્ઝનો એવો સંગ્રહ અને કેરુસેલ પણ નહીં એટલે અમને મુંબઈના કળારસિયાની અદેખાઈ આવતી.

હુસેનને હું ઓળખું. હું બીજા કે ત્રીજા વર્ષમાં હતો ત્યારે મારા ચિત્ર-ગુરુ બેન્દ્રે સાહેબે એમને વડોદરા નોતરેલા અને એમણે બધાની હાજરીમાં એક ચિત્ર ચીતરી દેખાડેલું. ત્યારબાદ એ કોલેજના વિદ્યાર્થીઓનું કામ જોવા નીકળેલા ત્યારે મારુંય જોયેલું. 1961માં મુંબઈના ફેરે હું, મિત્રો ભૂપેન ખખ્ખર, સુનીલ કોઠારી અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ સાથે એમને મળવા ગયેલો. એ અનુભવ અવિસ્મરણીય હતો એટલે એના પર મેં 'એસ્પ્રેસો કોફી' નામનો લેખ લખેલો જે એજ વરસના જુલાઈના 'ક્ષિતિજ'માં છપાયો હતો. ઓક્ટોબર મહિને મારું પહેલું પ્રદર્શન જહાંગીર આર્ટ ગેલેરીમાં ભરાવાનું નક્કી થયું ત્યારે મેં એમને ઉદ્‌ઘાટન કરવા વિનંતી કરી. એ આવ્યા અને ઉદ્‌ઘાટન પોતાની કવિતા વાંચીને કર્યું ત્યારે ગેલેરીમાં ઘણા લોકો હતા. અલ્કાઝી ત્યાં જ મળ્યા કે પછી, તે યાદ રહ્યું નથી પણ પ્રદર્શન જોઈને જાતે જ મળવા આવ્યા. એમને ચિત્રો ગમ્યાં હતાં અને શીર્ષકોમાં 'ડેથ ઈન ધ આફ્ટરનૂન' જેવો સાહિત્યિક સંદર્ભ જોઈ ખુશ થયેલા ને મને જમવા નોતર્યો. નેપિયનસી રોડની એક બહુમાળી ઇમારતને છઠ્ઠે માળે, લિફ્ટ નહોતી એટલે ચડીને પહોંચવાનું. છત પર વિસ્મયનું વાતાવરણ કારણ કે ત્યાં જ ઓપન એર થિયેટર અને ચોમેર હુસેનનાં મસમોટાં, રેખાંકનો જેવાં, કાળા-ધોળા રંગનાં, કેન્વાસ પર કરેલાં ચિત્રો. ખબર પડી કે એ તો અલ્કાઝી-દિગ્દર્શિત 'મીડીઆ' ('Medea')નો સન્નિવેશ. નાટકમાં કળાનો આવો સુભગ સંગમ જોઈને હું ખૂબ પ્રભાવિત થયો હતો. મને યાદ છે ત્યાં લગી 'મીડીઆ'નો પાઠ ભજવનાર અભિનેત્રી કુસુમ બેહલ પણ ત્યાં હાજર હતાં (એ પછી વિદેશ સચિવ સલમાન હૈદરને પરણી કુસુમ હૈદર થયાં).

એ વરસોમાં મુંબઈમાં અંગ્રેજીમાં થતાં નાટકોની બોલબાલા, એમાં અલ્કાઝીનું નામ મોટું. એ 'થિયેટર યુનિટ'માં રહેલા પણ ઘરઆંગણે રંગભૂમિ ઊભી કરેલી. પછી સાંભળ્યું હતું કે એ બધું આટોપી એમણે દિલ્હી પ્રયાણ કર્યું હતુંઃ 1962માં સરકારી નિમંત્રણે નવી સ્થપાયેલ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાનું, અધ્યક્ષપદે સુકાન સંભાળ્યું. મુંબઈમાં નાટકો અંગ્રેજીમાં અને પશ્ચિમી નાટ્યકારોનાં જ. અહીં બધું હિન્દીમાં. એક જ વર્ષમાં એમણે ધર્મવીર ભારતીનું મહાભારતના છેલ્લા સર્ગ પર આધારિત 'અંધા યુગ' ફિરોઝશાહ કોટલાના ખંડેરોના ભવ્ય પરિવેશમાં ભજવી નાટ્યકલાના ક્ષેત્રે નવો ઇતિહાસ સર્જી દીધો. મેં એ જોયું કે નહીં તે યાદ નથી કારણ કે તેજ વરસે મારું બીજું પ્રદર્શન દિલ્હીમાં થયું ત્યારે ભૂલતો ન



ભૂપેન ખખ્ખરનું ચિત્ર-પ્રદર્શન, કુનિકા-કેમોલ્ડ આર્ટ ગેલેરી, નવી દિલ્હી, ૧૯૭૦ ડાબેથી ઊભેલા: સુનીલ કોઠારી, શ્રી મિત્રા; બેઠેલાં: ગીતા કપૂર, નસરીન મોહમદી, જેરામ પટેલ, હરિદાસ પટેલ, ગુલામમોહમ્મદ શેખ, બાબુ છાડવા, રોશન અલ્કાઝી, ફ્રેની ભાવનગરી; ભૂમિ પર: વિનોદરાય પટેલ, નાગજી પટેલ, ભૂપેન ખખ્ખર અને નવરોઝ કોન્ટ્રાક્ટર

હોઉં તો હું 'અંધા યુગ'ના સંગીતકાર વનરાજ ભાટિયાને ત્યાં જ રહ્યો હતો.'

એજ (1963માં) વર્ષે હું ઇંગ્લેન્ડ ભણવા ગયો. દુનિયામાં ઇંગ્લેન્ડ નાટ્યકળાનું આંતરરાષ્ટ્રીય થાણું એટલે સ્ટ્રાટફર્ડ જઈને શેક્સપિયરનાં નાટકો જોયાં, લોરેન્સ ઓલિવિયેરની અદાકારીવાળા 'ઓથેલો'ની ટિકિટ કલાકો કતારમાં ઊભા રહેવા છતાં મળી નહીં એટલે એમને 'હોબ્સન્સ ચોઈસ'માં જોઈ મન મનાવ્યું. બીજા વર્ષે લંડનના નેશનલ થિયેટરમાં આંતોનીન આર્તો પ્રેરિત 'થિયેટર ઓફ ક્રુઅલ્ટી'ની શ્રેણીમાં પીટર બ્રુક્સનું થથરાવી મૂકે એવું 'મારા/સાદ' (Marat/ Sade) તો જોયું પણ રશિયન થિયેટરનું દોસ્તોયેવ્સકીની નવલકથાનું નાટ્યરૂપાંતર 'ઇડિયટ' જોઈને દંગ રહી ગયો. એમાં મુખ્ય પાત્ર ભજવનાર અદાકાર ઇનોકેન્તી સ્મોક્તુનોવ્સ્કી વિશે કહેવાતું કે એણે રશિયન 'હેમ્લેટ'માં ઓલિવિયેરને ટક્કર મારે એવું પાત્ર ભજવ્યું હતું. ત્યારબાદ એની ફિલ્મ પણ બની હતી.

હું 1966માં પાછો ફર્યો ત્યારબાદ અનેકવાર દિલ્હી જવાનું થતું. અલ્કાઝી, નાટ્યક્ષેત્રે ગાજતા પણ કળા જગતમાંય એમનો ડેરો. એમનાં પત્ની રોશન

અલ્કાઝી આમ તો ઈબ્રાહીમ અલ્કાઝીનાં નાટકોના સન્નિવેશ સંભાળતાં અને મોડેથી એમણે ભારતીય વેશભૂષા પર ઊંડું સંશોધન કરીને બે ગ્રંથો લખ્યા પણ 1968થી 1971માં એ દિલ્હીના કોટેજ ઇન્ડસ્ટ્રીઝ એમ્પોરિયમમાં આવેલ 'કુનિકા-કેમોલ્ડ ગેલેરીનું સંચાલન કરતાં. અલ્કાઝી ત્યાં વારંવાર દેખાય. તે ગાળાનો એક પ્રસંગ યાદ આવે છે. 1970માં ત્યાં ભૂપેન ખખ્ખરનું પ્રદર્શન યોજાયું હતું અને વડોદરા અને મુંબઈથી મિત્રો આવેલા. અમે બધાં યાદગીરીરૂપે 'ગ્રુપ ફોટા' પડાવવાની વાત કરતા હતા તે અલ્કાઝી સાંભળી ગયા. એમને ભૂપેનના નાટકીવેશે ફોટો પડાવવાની જાણ. બધાને ભેગા કરીને કહે સાંજના બધાય અલગ લૂગડાં પહેરી આવો, તો હું ફોટો ગોઠવી દઉં. પુરુષોએ કોટ-જેકેટ ચઢાવ્યાં, કળાવિવેચક ગીતા કપૂર પારસી સાડીમાં સજ્જ થઈને આવી અને સાદા લિબાસમાં રહેતી નસરીન મોહમદી રેશમી સાડી ને મોતીની માળા પહેરીને આવી. અલ્કાઝીએ પંદર જણાની બેસવા-ઊભવાની જગા ગોઠવી 'તાબ્લો' (tableau) જેવું કર્યું. અમારી વિનંતિઓ અવગણીને એ દિગ્દર્શકની જેમ અમારી સાથે બેઠા નહીં. એ ગ્રુપ ફોટો એવો 'ક્લાસિક' થઈ ગયો છે કે ભૂપેન પરનાં પુસ્તકો ઉપરાંત બીજેય છપાય છે.

1973માં એમનું 'અંધા યુગ' પુરાના કિલ્લાના પરિવેશમાં ભજવાયું તે વખતે હું અને નીલિમા દિલ્હીમાં હતાં. બે-અઢી વરસની સમીરા મારાં સાસુને ભળાવી અમે એ ભવ્ય નાટક જોયું-અનુભવ્યું. મને એ વિશ્વકળાનાં નાટકોની બરોબરીનું લાગ્યું હતું. ત્યારબાદ એમનું 'તુઘલક' પણ પુરાના કિલ્લાનાં ખંડેરો વચ્ચે ભજવાયેલું જોયાનું યાદ છે. વરસ યાદ નથી રહ્યું પણ એજ ગાળે અલ્કાઝી તરફથી નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં વ્યાખ્યાનો માટેનું નિમંત્રણ આવ્યું. પહોંચતાં જ એ મને સ્કૂલ દેખાડવા લઈ ગયા. મેં સાંભળ્યું'તું કે એ જોડાયા ત્યારે સ્કૂલના પરિસરમાં બધા વાપરતા તે ગંધારું જાજરૂ એમની નજરે ચડ્યું. એમણે તો સાવરણી અને સફાઈનાં સાધનો મગાવી ત્યાં ને ત્યાં જ એ સાફ કરવા માંડ્યું. આ જોઈને વિદ્યાર્થીઓ અને શિક્ષકો શરમાયા હશે. સ્કૂલમાં ફરતા સુથારીકામનો ઓરડો જોઈ મને નવાઈ લાગી તો એ બોલ્યા કે નાટ્યના વિદ્યાર્થીએ તો બધું શીખવું પડે. સેટ્સ બનાવતા સુથારો પર નભવાને બદલે જાતે સુથારી કરવી પડે તો એની તૈયારી હોવી જોઈએ.

પછી કહે કે નાટ્યકળાના ભણતરમાં એ જરાય ઊણો ન ઊતરે, પણ એણે બીજી કળાઓનોય પાસ કેળવવો ઘટે. મેં સાંભળ્યું'તું કે ત્યાં નૃત્યકારો આવતા અને વિદ્યાર્થીઓને તાલીમ દેતા. સ્કૂલના સમૃદ્ધ ગ્રંથાલયમાં નાટ્યકલા ઉપરાંત સાહિત્ય અને અન્ય કળાઓનાં પુસ્તકો જોયાં પણ સૌથી ગમ્યો તે આધુનિક ભારતીય નાટકોની હસ્તપ્રતોનો સંગ્રહ. આશય



દિલ્હીના પુરાના કિલ્લામાં 'અંધા યુગ'ની ભજવણી 1973

એવો કે વિદ્યાર્થીઓ એ વાંચી પોતપોતાની ભાષામાં અનુવાદ કરીને ભજવે. એમની કલ્પનાનો વિદ્યાર્થી તે સર્વગ્રાહી, નાટ્યકળાનાં ઉત્તમ તત્ત્વોને આત્મસાત્ કરી સાહિત્ય અને કળાને સામાજિક, રાજકીય અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મૂકી, તોલવી શકે તેવો. બીજા અર્થમાં એ અલગારી કે રખડુ નહીં પણ શિક્ષિત નાગરિક સમો કળાકાર. મારા માટે આ નવું નહીં. લગભગ સ્વતંત્રતાની સવારે, 1950માં સ્થપાયેલી મારી વડોદરાની કળાશાળાના દૂરંદેશી પ્રણેતાઓએ એવાં જ મૂલ્યોની પ્રતિષ્ઠા કરી હતી.

સ્કૂલમાં આપવાના મારા એક વ્યાખ્યાનમાં હું આધુનિક ભારતીય કળાકારોનાં ચિત્રોની સ્લાઈડ્સ દેખાડતો હતો ત્યાં અલ્કાઝી (અચાનક, પણ રજા લઈને) આવી ચડ્યા ને મારી સાથે ચિત્રોની છણાવટ શરૂ કરી. પહેલાં તો મને એ ખૂંચ્યું પણ પછી થયું કે એ આ કળાકારોના સમોવડિયા, કદાચ હું દેખાડતો'તો તે ચિત્રો થતાં જોયાં પણ હોય - એટલે જ એ અંગત નુક્તેચીની કરવાનું રોકી નહીં શક્યા હોય. પછી તો હું ને એ બેય બોલ્યા એટલે થોડી જુગલ-બંદી થઈ. મેં જોયું કે એ ચિત્રોના ગુણોનું પૃથક્કરણ કરતાં કરતાં વિદ્યાર્થીઓને એમાંથી સન્નિવેશનાં મૂલ્યો તારવવાની શીખેય દેતા હતા. વિદ્યાર્થીઓને તો બોનસ જેવું થયું. વ્યાખ્યાન પૂરાં કરી પાછો નીકળતો હતો ત્યારે એન.એસ.ડી.નાં નાટકો વડોદરામાં થાય તો કેવું, એવી વાત કરી, પણ નાણાંની

મર્યાદાનોય અછડતો ઉલ્લેખ કર્યો. એમણે કહ્યું કે રિપર્ટરી (કાયમી નાટક મંડળી) મુંબઈ જવા નીકળે ત્યારે વડોદરા ઊતરીને નાટકો કરે તો ખર્ચો ઓછો થાય. મેં વડોદરા પહોંચીને મણિસાહેબ (કે. જી. સુબ્રહ્મણ્યન્)ને વાત કરી. એ ડીન હતા, અને ખૂબ રાજી થયા. અમે બન્નેએ વિચાર્યું કે શિયાળે આવે તો યુનિવર્સિટીના પદવીદાન સમારંભના મેદાનમાં ઓપન એર થિયેટર જેવું કરી ત્યાં ભજવાય એવી વ્યવસ્થા કરીએ, પણ એમને થયું કે યુનિવર્સિટીના નાટ્યવિભાગનો સાથ મળે તો નાની મોટી બાબતોમાં એમની સલાહ કામ લાગે. હું નાટ્યવિભાગના અધ્યક્ષને એ વાત કરવા ગયો તો એ ધૂંધવાઈ ઊઠ્યા ને કંઈક આવું બોલ્યા કે 'અમે નથી કે તમારે બહારથી નાટકવાળાને બોલાવવા પડે?' નાટ્યવિભાગને નારાજ કરીને વિવાદ નોતરીએ તો બધું અવળું પડે, એટલે એ વાત પડતી મુકાઈ. આમ વડોદરા શહેરને એન.એસ.ડી.ની રિપર્ટરીનાં નાટકો માણવાનો લહાવો ગયો.


1977માં અલ્કાઝીએ એન.એસ.ડી. છોડ્યું અને એ જ વર્ષમાં 'આર્ટ હેરિટેજ' નામની આર્ટ ગેલેરી શરૂ કરીને કળાપ્રવૃત્તિઓમાં મન પરોવ્યું. રોશન અલ્કાઝીએ 'કુનિકા-કેમોલ્ડ' છોડીને કટોકટીકાળે (1975-77)માં હરિયાણા ટુરિઝમની 'બ્લેક પાર્ટ્રિજ' ગેલેરીનું સુકાન સંભાળ્યું હતું તે દરમિયાન 'આર્ટ ટુ ડે' નામક ત્રણ પ્રદર્શનો કર્યાં હતાં. કટોકટી વિરુદ્ધનું કે. જી. સુબ્રહ્મણ્યન્નું રાષ્ટ્રીય પક્ષી મોરનું લંગડું રૂપ એમણે કાથી-સૂતળીમાં વણી બનાવ્યું હતું તે અને મારું 'સ્પીચલેસ સીટી' ('મૂક શહેર') એમાં રજૂ થયાં હતાં. રોશન પણ 'આર્ટ હેરિટેજ'માં જોડાયાં ને એ ગેલેરીના નેજા હેઠળ અનેક મહત્ત્વનાં પ્રદર્શનો થયાં. ત્યારબાદ સાંભળ્યું હતું કે અલ્કાઝીને પિતાનો વારસો મળ્યો હતો અને ગેલેરીએ કરેલા વિપુલ કલાસંગ્રહનું ઊંચા વ્યાવસાયિક ધોરણે દસ્તાવેજીકરણ કરવાનું શરૂ કર્યું હતું. એ 'આર્કાઈવ'નાં અભિયાનમાં બીજું છોગું ઉમેરાયું છબીઓના સંગ્રહ વાટે. વસાહતી કાળની ઐતિહાસિક છબીઓ અને છબીકારોની અમૂલ્ય કૃતિઓ સંગ્રહાઈ, પ્રદર્શિત થઈ અને અધિકૃત નિષ્ણાતોના લેખો સાથે ઉત્તમ પ્રકાશનો થયાં, અને છબીકલાને વરેલી Sepia નામની ગેલેરી ન્યુ યોર્કમાં શરૂ થઈ. આજે એમના પૌત્ર રહાબ અમેરિકા ભણી આવ્યા પછી એ 'આર્કાઈવ'નું સંચાલન કરે છે. અમાલ પોતે વિખ્યાત દિગ્દર્શક છે અને એન.એસ.ડી.નું અધ્યક્ષ-પદ પણ સંભાળ્યું હતું પણ હવે પિતાને પગલે બીજા દીકરા તારીક સાથે 'આર્ટ હેરિટેજ' ગેલેરી ચલાવે છે. દીકરી ઝુલેખા પ્રકાશ-યોજનાની નિષ્ણાત છે અને કળાકૃતિઓ સર્જે છે. અમાલના ભાઈ ફૈસલને પોતાનું નાટ્યજૂથ છે, અને પતિ નિસાર, દાક્તરીનો વ્યવસાય છોડી રંગભૂષા અને સન્નિવેશ સંભાળે છે. એણે જૂનાં નાટકોના ચીતરેલા પડદાઓ પર


સંશોધન કર્યું છે, પડદાનો સંગ્રહ કર્યો છે અને એ વિશે પ્રકાશન પણ કર્યું છે.

પહેલા મુંબઈમાં અને પછી દિલ્હીમાં અલ્કાઝી-દિગ્દર્શિત પચાસેક નાટકો થયાં અને 'મેઘદૂત' જેવા ઓપન એર થિયેટરની દિલ્હીને નવાજેશ થઈ. એમને 'પદ્મવિભૂષણ' અને 'કાલીદાસ સમ્માન' જેવાં અનેક માન-અકરામ મળ્યાં પણ એમના વિદ્યાર્થી ભરત દવે કહે છે તેમ એમના જીવનની સર્વોચ્ચ સિદ્ધિ એ 'ધીખતી પ્રોફેશનલ કેરિયર છોડીને ડ્રામા સ્કૂલમાં ભણાવવા આવ્યા' તેમાં સમાયેલી છે. દવે આગળ લખે છે કે એ 'ટોચના વ્યવસાયિક એક્ટર્સ સાથે નાટકો કરીને આંતરરાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ' મેળવી શક્યા હોત, પણ 'એવી રીતે ધનકીર્તિ કમાઈ લેવાને બદલે અલ્કાઝીએ સ્કૂલમાં શિક્ષણકાર્ય કરતા રહીને, નાટ્યકલાના સેંકડો-હજારો વિદ્યાર્થીઓને તૈયાર' કર્યા. એમની સૌથી મોટી દેન એ વિદ્યાર્થીઓ નાટ્યકલાને કેટલે ઊંચે દરજ્જે લઈ ગયા તેમાં મોજૂદ છે. એ વિદ્યાર્થીઓ દેશના ખૂણે ખૂણે પહોંચ્યા છે- એમાંના કેટલાક વિશ્વવિખ્યાત છે. મણિપુરના રતન થિયમે એમની 'કોરસ' નામની નાટ્યમંડળી દ્વારા અભૂતપૂર્વ રંગભૂષા અને અદ્ભુતને આંટે એવાં નાટ્યરૂપો સર્જીને વિશ્વમાં નામ કાઢ્યું છે. નીલમ માનસિંહે ચંડિગઢની કર્મભૂમિમાં ડેરો નાખીને નારીજીવનની યાતના અને ચેતનાને બળકટ નાટ્યરૂપ દીધું છે. સાંભળ્યું છે કે એનું લોર્કાનું નાટક 'યેર્મા' લોર્કાને દેશ સ્પેઈનમાં ભજવાઈ ગયું છે. નસીરુદ્દીન શાહ મુંબઈમાં 'મોટ્લી' ('Motley') નામના નાટ્યમંડળમાં પ્રાણ પૂરીને ઊંચી કક્ષાનાં નાટકો કરે છે. કાશ્મીરી બંસી કૌલ અને એમ. કે. રૈનાએ દિલ્હીમાં વિચારોત્તેજક નાટકોની પરંપરા જાળવી છે અને ભાનુ ભારતીએ રાજસ્થાનમાં નવતર પ્રયોગો કરીને નવો ચીલો પાડ્યો છે. કર્ણાટકના પ્રસન્નાનાં નાટકોમાં રાજકીય અને સામાજિક સમસ્યાઓ વણાઈને અનેરું રૂપ ધરે છે. ત્યાંના જ ધુરંધર બી. વી. કારંથે આધુનિક અને પારંપરિક ચેતનાનો સમન્વય સાધી નાટ્યરૂપને ઊંચેરાં સ્થાને પહોંચાડ્યું છે. કેટલાંક નાટકોમાં એમણે કથાને સંગીતના તાંતણે તાંતણામાં સીવી હૃદયંગમ સૂર છેડ્યા છે. ગુજરાતમાં ભરત દવે, રાજુ બારોટ અને બીજા નાટ્યકર્મીઓ એન.એસ.ડી.ના ઊંચાં ધોરણો જાળવવા કાર્યરત છે. આ સિવાય એમાં વિજયા મહેતા, મનોહરસિંહ, ઉત્તરા બાવકર, સુરેખા સિક્રી, રામ ગોપાલ બજાજ જેવાં અનેક ઊંચા ગજાના દિગ્દર્શકો અને અદાકારોનાં નામ લઈ શકાય. એ બધાએ ગુરુ પાસેથી મળેલી દીક્ષા શહેરી સમાજ અને તળના લોકમાં વહેંચી નાટકની કળાને ન્યાલ કરી છે. હાડોહાડ નાટ્યકર્મી અને આજીવન શિક્ષક જેવા ઈબ્રાહીમ અલ્કાઝીને આથી મોટી કઈ અંજલિ હોય?

❑❑❑

ભારતીય નાટ્ય જગતના ભીષ્મપિતા સમા ઈબ્રાહીમ અલ્કાઝીનું ૪થી ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ ૯૫ વર્ષની જૈફ વયે નિધન થયું. તખ્તાના આ યુગપુરુષને આદરાંજલિ અર્પવા ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્ર અને આઈડિયા અનલિમિટેડે મુંબઈ થિયેટર ગાઈડના સહયોગથી ઝૂમ ઉપર ૧૮ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ એક અવિસ્મરણીય વેબીનાર 'ઇંડિયન થિયેટર બિફોર એન્ડ આફ્ટર અલ્કાઝી'નું આયોજન કર્યું. કલા તેમજ નાટ્યજગતના માંધાતાઓએ એમાં અલ્કાઝીને મનભર અંજલિ આપી. એમાં એમ. એસ. સથ્યુ, રામ ગોપાલ બજાજ, ગુલામમોહમ્મદ શેખ, નાદિરા બબ્બર, ભરત દવેએ અલ્કાઝી સાહેબની ખૂબીઓને ખોલી આપી. બકુલ ટેલરે સંચાલન કર્યું અને મનોજ શાહ વ્યવસ્થાપક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ફેસબુક ઉપર આ કાર્યક્રમ http://www.facebook.com/61128266646/post/10157630153686647 /?sfnsn=wiwspmo&extid=2AssPOnKRAXb9egK ઉપર જોઈ શકાશે.





(૧૯૩૩-૨૦૨૦)

સુરેશ પરીખ – એક અનોખું વ્યક્તિત્વ

☐ મુનિ દવે

કોઈક સાંજે ફોન આવે. મને પૂછે, 'તું આજે ઘરે છે? હું તારે ત્યાં આવું?' હું સામાન્ય રીતે હા પાડી દઉં. પણ મને ના પાડવાની છૂટ હોય, અને તે માટે કારણ દર્શાવવું જરૂરી ના હોય. બીજો પ્રશ્ન આવે: 'નીચેથી સમોસાં કે ભજિયાં લેતો આવું?' સાતેક વાગ્યે એક વ્યક્તિ ઘરની બેલ મારે. બારણું ખોલું

એટલે ખાદીનાં પેન્ટ-શર્ટ પહેરેલી એક આધેડ ઉંમરની વ્યક્તિ દાખલ થાય. 'જેસી કૃષ્ણ' કહીને સૌ પહેલાં હથેળી ખુલ્લી કરી ચોકલેટો કે પીપરમિન્ટ ધરે. તેમના હાથમાં બે થેલા હોય. એ તેમની ઘરવખરી અને ઓફિસ. ઘરવખરીના થેલામાં એક જોડી કપડાં, પાણીની બોટલ, બિસ્કિટ અને ચવાણુંનાં પેકેટ હોય. ઓફિસના થેલામાં પુસ્તકો અને 'વિચારવલોણું'ના કેટલાક અંકો હોય. એ થેલો ખાસ્સો વજનદાર હોય.

આવો, તમને ઓળખાણ કરાવું. આ છે પ્રાધ્યાપક સુરેશ પરીખ. એક વખતના વલ્લભ વિદ્યાનગરની એન્જિનિયરિંગ કોલેજના સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ વિષયના પ્રોફેસર. હવે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી છે. ૨૦૦૯માં તેમનાં પત્નીના અવસાન બાદ તેમણે ભાડાનું ઘર ખાલી કરી નાખ્યું. બધી ઘરવખરીનો નિકાલ કરી નાખ્યો. હવે અનિકેત છે. મોટે ભાગે પ્રવાસમાં હોય છે. રાત્રે કોઈ ઘરે સૂવા જાય. તેમને રેલવે સ્ટેશન કે બસ સ્ટેન્ડના બાંકડે સૂવામાં પણ કોઈ તકલીફ નથી થતી. પણ તે માણસોના ભૂખ્યા છે, એટલે તેમને લોકોને મળવું, તેમની સાથે વાતો કરવી, તેમને પ્રેમ કરવો ગમે છે.

હું ૧૯૬૮માં વિદ્યાનગરમાં એન્જિનિયરિંગનું ભણવા ગયો ત્યારથી તેમના પરિચયમાં છું. એમ કહેવાય કે મારા માનસ-ચારિત્ર્ય ઘડતરમાં તેમનો બહુ મોટો ફાળો છે. મારા ઘર જેવાં તેમને ગુજરાતભરમાં હજારેક ઘરો છે જ્યાં તે રાત રહી શકે, જમી શકે. અમુક કલાકોથી વધારે એક જગ્યાએ રહેવું તેમના સ્વભાવમાં નથી.

શરૂઆતનાં વર્ષોમાં, જ્યારે તે કોલેજમાં પ્રોફેસર હતા ત્યારે, તેમણે સેંકડો વિદ્યાર્થીઓ સાથે બહુ કામ કર્યું. હોસ્ટેલોમાં જઈને વિદ્યાર્થીઓ સાથે પ્રાર્થના કરે. તેમને ગાંધી, વિનોબાની વાતો કરે. તેમની વાતો સાંભળે. તેમને દરેક વિષયમાં ઊંડા ઊતરતાં શીખવે. તેમને રસ અનુસાર પુસ્તકો વાંચવા આપે. પ્રવચનોના વિવિધ કાર્યક્રમો યોજે. વિવિધ શિબિરોનું આયોજન કરે. હોસ્ટેલની મેસમાં સરખું જમવાનું બને તેનું ધ્યાન રાખે. આમ તેમની શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ ઘણી. રવિવારે અચૂક વિદ્યાનગરની બહાર હોય. ગુજરાતમાં જ્યાં ક્યાંય સારાં પ્રવચન કે સેમિનાર હોય ત્યાં પહોંચે. ગુજરાતના દરેક પ્રબુદ્ધ લોકો સાથે તેમનો કાયમી સંપર્ક.

તેમણે જીવનના કેટલાક નિયમો બનાવેલા. ઘણા માણસોને એ થોડા વિચિત્ર લાગી શકે. પણ તેઓ પૂરી નિષ્ઠા સાથે તે વિચારોને વરેલા હતા. આપણી આસપાસ બહુ ઓછા લોકો એવા જોવા મળશે જે પોતે માને છે તે રીતે જ જીવતા હોય. અને તે રીતે ન જીવવાના તેમની પાસે પોતે નક્કી

કરેલાં 'વાજબી' કારણો પણ હોય. સુરેશભાઈ પોતાના વિચારો મુજબ જ જીવ્યા, કોઈને ગમે કે ના ગમે. તેમાં અપવાદ એક જ વ્યક્તિનો હતો, તેમનાં પત્ની સુશીલાબહેન. તેઓ જીવ્યાં ત્યાં સુધી તેમની ઇચ્છાને માન આપી જીવ્યાં.

૧૯૭૨માં તે વખતની રાજકારણની અને સમાજની પરિસ્થિતિ અને ખાસ તો ભણેલા લોકોની વિચારશૂન્યતાથી અકળાઈને તેમણે એક માસિક 'વિચારવલોણું' નામે શરૂ કર્યું. થોડાં વર્ષો એકલા હાથે ચલાવ્યું, પછી થોડા યુવાન મિત્રોની મદદ મળતી ગઈ. ત્યારે તેમણે સાથી યુવાન મિત્રોને પોતાના વિચારો સમજાવવાના ભાગરૂપે કેટલીક વાતો કહી. જે તેમના જીવનના નિયમો હતા.

મારા જીવનનો એક જ ઉદ્દેશ છે – 'લોકોને પ્રેમ કરવાનો.' પુસ્તકો પ્રેમ વ્યક્ત કરવાનું માધ્યમ છે. વ્યક્તિ સમષ્ટિના સમગ્ર સ્વસ્થ વિકાસમાં લેખો, કવિતાઓ, પુસ્તિકાઓ તો કેવળ ઇન્સ્ટ્રુમેન્ટ્સ છે – એજન્ટ નથી. એજન્ટ તો વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો સંબંધ જ હોઈ શકે. સંબંધ દ્વારા જ પ્રકાશક-ગ્રાહક-વાચકને 'માનવ'ની ગરિમા પ્રાપ્ત થાય છે. વિચારવલોણું માટે પરિવાર (વિ.વ.ના ગ્રાહકો) માંથી કોઈ લેખ આવે ત્યારે સીધો જ લઈ લેવાનો. તેને સારો કે ખરાબ નક્કી કરનાર આપણે કોણ? વિચારવલોણું આપીને તમે લવાજમ માગો છો ત્યારે એની ઉપર ઉપકાર



કરો છો. તમે તેને આખું વર્ષ ઉત્તમ વિચારો આપો છો. એ તમને પૈસા આપીને ઉપકાર નથી કરતો એટલું મનમાં સમજી લો. એટલે લવાજમ માગવામાં સંકોચ ન કરો. લખાણ કે પ્રવચન વખતે વ્યક્તિને ધ્યાનમાં નહિ લેવાની. તે શું કહે છે કે લખે છે તેના પર ધ્યાન આપવાનું. તું માટલું લેવા જાય છે ત્યારે માટલા પર ટકોરો મારે છે કે કુંભાર પર? પ્રૂફ-રીડિંગની, જોડણી સુધારની બહુ ચિંતા ન કરો. જેટલું થાય તેટલું સારું. તમારા લખાણનું સત્ત્વ મજબૂત હશે તો જોડણી આડી નહિ આવે. કોઈ વિચાર કે ધર્મ કે વ્યક્તિની કંઠી ન બાંધો અને જે કોઈએ બાંધી હોય તેની છોડાવવી નથી. આપણો રસ છે લોકો વિચારતા થાય. સમાજના પ્રશ્નોના ઊંડાણમાં જઈને સમજે અને તે મુજબ જીવન જીવવાની રીતો ગોઠવે.

તેમણે ૨૦૦૦ની સાલ સુધી 'વિચારવલોણું' ચલાવ્યું. એક મહિને ચાર પાનાંનો અંક આવે અને બીજે મહિને ૫૦ થી ૭૦ પાનાંની પુસ્તિકા આવે, જે કોઈ ઉત્તમ અંગ્રેજી પુસ્તકનો ગુજરાતી સંક્ષિપ્ત અનુવાદ હોય, કોઈનું પ્રવચન કે નિબંધો હોય. કાળક્રમે અંકનું સ્વરૂપ બદલાઈને ૪૦ પાનાંનું થયું. ૨૦૦૦ની સાલમાં તેમના છ યુવાન સાથીદારોને સોંપી પોતે તેમાંથી બહાર આવી ગયા. કોઈ જાહેરાત લીધા કે દીધા વગર, લેખકોને, મુખપૃષ્ઠ પરનાં ચિત્રો કે ફોટો માટે કોઈ પુરસ્કાર આપ્યા વગર સંપાદકોની માનદ સેવાઓ દ્વારા આ માસિક હજુ ચાલુ છે. ૨૦૨૨માં આ 'વિચારવલોણું' ૫૦ વર્ષ પૂરાં કરશે.

જ્યારે ઘરે આવે ત્યારે પૂછું કે ક્યાંથી આવ્યા. તો કહે: 'સુરતથી આણંદ આવવા નીકળેલો, પણ વડોદરાથી એક ભાઈનો ફોન આવ્યો એટલે વડોદરે ઊતરી ગયો. અરધો કલાક તેને મળીને આણંદ આવ્યો, પછી સાંજે નડિયાદ ગયેલો. કાલે મહેસાણા જવું છે, ત્યાંથી રાતની બસમાં કચ્છ જતો રહીશ.' આ તેમની સ્વાભાવિક મુસાફરીઓ. સુરેશભાઈને ટાઢ, તડકો, વરસાદ કશુંયે ના નડે. બધી ઋતુઓમાં તે એમ જ ફર્યા કરે. ગમે ત્યાં રહી શકે, ગમે તે ખાઈ શકે, તેમને કશું નડે નહિ. ક્યારેક ક્યાંક રાત્રે ત્રણ વાગ્યે પહોંચે તો રેલવે સ્ટેશન એસટી બસ સ્ટેન્ડના બાંકડે પણ સૂઈ રહે. અર્ધી રાત્રે કોઈને ઉઠાડે નહિ. તેમની પાસે સુરતથી અમદાવાદનો માસિક રેલ્વે પાસ હોય. ગુજરાતની મોટાભાગની ટ્રેઈનોના સમય, કેટલા વાગ્યે કઈ ગાડી ક્યાં પહોંચે તે અને ક્યાંથી કઈ એસટી ક્યારે ઊપડે તે તેમને મોઢે હોય.

જે ગામમાં જાય ત્યાંના ગ્રાહકોનાં સરનામાંનું લિસ્ટ સાથે રાખે. તેમને ઘરે જઈને મળે. તેમના કુટુંબ સાથે વાતો કરે. તેમના રસ અનુસાર યોગ્ય પુસ્તકો આપતા આવે. જે કોઈનું નવું લવાજમ આવે તે ગમે તે શહેર કે ગામડામાં રહેતો હોય, ત્યાં એક મહિનામાં જઈને તેને મળે, વાતો કરે અને પુસ્તકો આપતા આવે. તેમના પગારનો, અને પછીથી પેન્શનનો ઉપયોગ આમાં જ થાય.

અમને મૂંઝવણ થાય કે આપણું કામ તો ક્યાંય ઊગતું દેખાતું નથી. અને આપણા ગ્રાહકો માંડ ૬૦૦-૭૦૦ છે. તો સમજાવે: 'સિંહનાં ટોળાં ન હોય. લીટર દૂધમાં દહીં બનાવવા એક ચમચી જ મેળવણ જોઈએ. તમારી એવું મેળવણ બનવાની તૈયારી જોઈએ. બીજું કે ઘણાં જીવજંતુ એવાં હોય છે કે જે જન્મે છે અને એક-બે દિવસમાં મરી જાય છે. તે એવી માન્યતા સાથે મરે છે કે આ દુનિયામાં કોઈ પરિવર્તન થતું નથી. તો પાંચસો-હજાર વર્ષે પૂરી થાય એવી કામગીરી આપણે ઉપાડી હોય ત્યારે ૩૦-૪૦ વર્ષના સંનિષ્ઠ



પ્રયાસોનું પરિણામ કદાચ આપણા જીવનકાળ દરમિયાન ન પણ દેખાય. તો તે કારણે આપણા પ્રયત્નો નિષ્ફળ છે એવી હતાશાને કોઈ કારણ નથી. વલોણું ફરે ત્યારે કંઈ બધી છાશ માખણ ન બની જાય. ખોબા માખણ માટે માટલું છાશ તો વલોવવી જ પડે.'

અમે વ્યવસ્થા માટે લાંબી ચર્ચા કરીએ તો કહેશે કે: 'તમે એ નક્કી કરી લો કે આપણે શા માટે આ પ્રવૃત્તિ કરીએ છીએ? જો WHY ની સ્પષ્ટતા હશે તો HOW આપોઆપ મળશે.'

અમે બધા યુવાનો સારી નોકરી કરનારા અને સારું કમાનારા. તેમનો આગ્રહ એ હોય કે સારું કમાઓ ત્યારે સમાજ માટે વાપરવાની પણ ટેવ પાડો. તમારી જરૂરિયાતોને ત્રણ ભાગોમાં વહેંચી દો. BASIC NEED, COMFORT અને LUXURY. BASIC NEED ગમે તે રીતે પૂરી કરવી જ રહી. પરંતુ જે સમાજમાં પચાસ ટકા લોકોને પૂરતું ભોજન પણ ન મળતું હોય ત્યાં જીવનમાં LUXURYની ખેવના કરવી એનાથી વધારે નોન-સેન્સ વાત કઈ હોઈ શકે? COMFORT ZONE નક્કી કરી લો. સગવડમુક્ત જીવન હોય, ખેંચાઈને જીવવું પડે, એવી સ્થિતિ ન હોય એ પૂરતું છે.

એકવાર એક વિદ્યાર્થી એક કાર્યક્રમ સ્થળે પહોંચવા ટૂંકે રસ્તે આવવા વાડમાંથી ગરકીને આવ્યો અને સુરેશભાઈએ એ જોયું. એટલે સમજાવ્યું

કે: ''પ્રાણીઓ ગમે ત્યાંથી આવી જઈ શકે પરતું નાગરિકો માટેનો રસ્તો એક જ છે. દરેક પ્રસંગે કામ કરતી વખતે માલૂમ પડવું જોઈએ કે સામાજિક-સરકારી નિયમોની વાડ છે ખરી, પણ ન દેખાય તેવી અથવા તૂટેલી. આસપાસના લોકો આવી વાડ સામે ભલે આંખ-મીંચામણાં કરતા દેખાય, પણ સારો નાગરિક એવું ના કરે.''

એકવાર મદ્રાસથી પાછા આવવાની ટિકિટ એક ઓળખીતા પાસે મગાવી. પેલાએ સુરેશભાઈને સિનિયર સિટિઝન માની લીધા અને ડિસ્કાઉન્ટ સાથેની ટિકિટ લઈ લીધી. સુરેશભાઈએ ટ્રેનમાં ચડતાંવેંત ટીટીને બોલાવી ચોખવટ કરી કે મારા મિત્રે ભૂલથી મારી ડિસ્કાઉંટ સાથેની ટિકિટ લીધી છે અને મને હજુ ૬૦ વર્ષ થયાં નથી. એટલે તારે જે દંડ થતો હોય તે લઈને યોગ્ય કરી આપ. ટીટી કશું કર્યા વગર હસીને ચાલ્યો ગયો. બે કલાક સુધી પાછો દેખાયો નહિ. જ્યારે દેખાયો ત્યારે ફરી પકડ્યો કે 'મારો દંડ કેમ નથી લેતો?' પેલાએ હાથ જોડીને કહ્યું કે 'પરીખ સાહેબ, તમે હજુ એવા જ છો? હું તમારી પાસે કોલેજમાં ભણી ગયો છું. તમે શાંતિથી બેસી રહો. મારે કશું નથી કરવું.' પણ સુરેશભાઈ એમ છોડે? દંડ ભર્યે છૂટકો કર્યો.

નિયમોની વાડ ન ઓળંગવી તે તેમનો નિયમ.

સુરેશભાઈનાં પત્ની સુશીલાબહેન તેમનાથી એકદમ અલગ. સુશીલાબહેન આર્ટ સ્કૂલનાં સ્નાતક. બહુ સારાં ચિત્રકાર. પોટ્રેઇટ પર તેમની માસ્ટરી. તેમને બધું સાફસૂથરું જોઈએ. તેમની પાસે ભારે સાડીઓ હોય. તે બરાબર તૈયાર થઈને નીકળે. તેમને અમુક સુખસગવડ હોવી અનિવાર્ય. પોતાના ઘર સિવાય બીજે કશે ન રોકાય. સુરેશભાઈને ગમે તેવું ચાલે. તેમની પાસે ખાદીનાં બે-ત્રણ જોડી કપડાં હોય. તે ગમે ત્યાં રાત રહી શકે. સુશીલાબહેન ઘરને એકદમ વ્યવસ્થિત રાખે, તેમની સજાવટમાં કલાસૂઝ દેખાય. દીવાનખાનામાં એક મોટો પેટીપલંગ હોય, તે સુવાંગ સુરેશભાઈનો. તેના પર હાથ છપાઈનો એક સરસ ઓછાડ માત્ર હોય. તેના ઉપર પુસ્તકો, મેગેઝિનો, 'વિચારવલોણું'ના અંકોના ઢગલા પડ્યા હોય. ઘરમાં એટલી છૂટ સુરેશભાઈને મળેલી. બેઝિક નીડ્સ બન્નેની એકદમ જુદી. સુરેશભાઈ સુશીલાબહેન સાથે હોય ત્યારે તેમની બધી સગવડો સાચવે. ત્યારે એસટીને બદલે ટેક્સી કે ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરે. સુશીલાબહેનની કડક સૂચના કે ગમે ત્યાં ફરો, પણ રાત્રે ઘરે પહોંચી જવાનું. એટલે સુરેશભાઈ ઘણીવાર અમદાવાદ કે વડોદરા કે સુરતમાં કોઈને મળવા ગયા હોય અને જો એકાદને મળવાનું બાકી રહી ગયું હોય તો રાત્રે બે વાગે પણ વિદ્યાનગર

પહોંચે અને સવારે સાત વાગ્યે ફરી સુરત જવા નીકળી જાય. એવું કેમ? તો કહે કે સુશીલાએ કહ્યું છે કે રાત્રે ઘરે રહેવાનું.

સુરેશભાઈને રાગદ્વેષ, માન-અપમાન, ઈર્ષા, લોભ, કંટાળો, કશું સ્પર્શે નહિ. ક્યારેય કોઈ વાતે દુ:ખી ન થાય કે બહુ ખુશ ન થાય. તેમના સંગમાં આવેલા બધાને એ બાબતનો અનુભવ છે કે સુરેશભાઈ સતત ફરતા રહે અને સતત બોલતા રહે. તે ભાગ્યે જ શાંત બેઠા રહે. ઘણી વાર તો એક વાત અનેક વખત કહે. તમને જુદી રીતે વિચારવાની છૂટ આપે પણ પછીથી તેમાં ક્યાં ચૂક થાય છે તે પણ સમજાવે.

વિનોબાજીએ કહ્યું છે કે: ''આપણી પાસે નિરંતર અખંડ વહેતા ઝરણાની જેમ સતત ફરવાવાળા અને લોકોની પાસે સતત વિચાર પહોંચાડવાવાળા કાર્યકરો હોવા જોઈએ. લોકો એકવાર કહેવાથી નથી સાંભળતા, તો બીજીવાર કહેવાનો મોકો મળ્યો એમ માનીને રાજી થવું જોઈએ.''

સુરેશભાઈ મૂળે સર્વોદય કાર્યકર હતા. તે કોઈ એક સંસ્થામાં લાંબો વખત ન રહી શકતા. સંસ્થાની શિસ્ત તેમને અકળાવે. પણ વિનોબાની ઘણી વાત તેમણે બરાબર ગાંઠે બાંધી લીધેલી. તેમાંની ઉપરની એક વાત.

જેમ સુરેશભાઈએ ભૂદાનમાં થોડાં વર્ષો કામ કર્યું તેમ થોડાક મહિના લોકભારતીમાં પણ રહેલા હોવાથી નાનાભાઈ ભટ્ટની અસરો પણ દેખાતી. નાનાભાઈ ઉત્તમ શિક્ષણકાર હોવા કરતાં વધારે તો મૂર્ધન્ય કેળવણીકાર હતા. તેમણે જે વાતો લખેલી તેને જાણે સુરેશભાઈએ આત્મસાત કરેલી. જેવી કે:

''કેળવણી એટલે ચારિત્ર્યના નિર્માણ માટેની દૃષ્ટિ તથા નિષ્ઠાના - બુદ્ધિ અને હૃદયના - સમતોલ સંયોજનપૂર્વકની જીવનઘડતરની પ્રક્રિયા. આપણાં શાસ્ત્રોએ મનુષ્યોના જે છ દુશ્મનો ગણાવ્યા છે તે: કામ, ક્રોધ, લોભ, મોહ (મમત્વ), મદ (અભિમાન), અને મત્સર (ઈર્ષા). જેનામાં આ નથી તે ચારિત્ર્યવાન. વિદ્યાર્થીના વ્યક્તિત્વનો આદર થવો જોઈએ. કેળવણીનું શાસ્ત્ર એટલે સમગ્ર જીવનનું શાસ્ત્ર - વિદ્યાર્થીને કયે માર્ગે, કેવી રીતે, ક્યાં દોરી જવાય તે વિષેનું શાસ્ત્ર.''

સુરેશભાઈએ જીવન દરમિયાન આ બાબતોને ધ્યાનમાં રાખીને પોતાની રીતે વિદ્યાર્થીઓ અને પછીથી સ્નેહીઓ સાથે કામ કર્યું.

છેલ્લાં બે વર્ષથી અલ્ઝાઈમરથી પીડાતા હતા. તેને કારણે તેમને નજરબંધ કરવા પડેલા. ધીમે ધીમે તેમનું ફોન પર બોલવાનું ઘટતું ગયું. છેલ્લા કેટલાક મહિનાઓમાં તેમણે પોતાની જાતને સંકોરી લીધેલી. જાણે કે ટર્મિનસના આવવાનું એંધાણ મળી ગયું હોય. ૨૮ જુલાઈના રોજ સુરત ખાતે તેમનું અવસાન થયું.

❑❑❑



સાવિત્રીનો સંસાર

☐ જયંત રાઠોડ

"**ત**ને આમાં શું ખબર પડે?"

દીકરાના ઓરડામાંથી આવતા શબ્દો સાંભળી, બાજુના ઓરડામાં બેઠેલી સાવિત્રી પહેલાં તો પોરસાઈ. દીકરાના હાલમાં જ થયેલાં લગ્નની ધમાલ એને યાદ આવી. એમાં એક ચચરાટ પણ ભળ્યો. દીકરાનાં લગ્ન મોટી ઉંમરે થયાં. એક તો ઓછું

ભણેલો. બીજું માથાના પાછળના ભાગે વાળ ઓછા થઈ જવાથી ટાલ જેવું લાગતું. ઉપરાંત આગળના બે દાંત બહાર આવી જવાથી ખુલ્લા રહેતા જાડા હોઠ. સાવિત્રીને થયું એટલું સારું છે કે પોતાની ખામી દીકરામાં ઊતરી નહિ. એના મનમાં હતું કે એક વાર ઈંટ ચુનાનું નવું મકાન બની જાય પછી નવા ઘરમાં વહુનાં પગલાં કરાવું. પણ કન્યાપક્ષ તરફથી હા આવતા એણે ઘડિયાં લગ્ન કરાવી નાખ્યાં. માંડ માંડ દીકરાનું ગોઠવાયું હતું. બહુ તૈયારી વિના એણે પ્રસંગ ઉકેલી નાખવામાં ડહાપણ જોયું. ઘર ચણાવવાનું બાકી રહી ગયું. વહુ જોઈને પોરસાતી રહેતી સાવિત્રીને આજે દીકરો ઠીક ઠીક મોટો થઈ ગયેલો લાગ્યો, ઘર-ગૃહસ્થી સંભાળી લે એવડો મોટો. આમ એ વિચારતી હતી ત્યાં ફરીથી દીકરાનો સ્વર સંભળાયો.

''ઘર બનાવવું સે'લું છે? ભાડાના ઘરમાં મોટી થઈ ને, સલાહ તો એવી દે છે જાણે બિલ્ડરની દીકરી હોય. ચૂપ બેસ...ચૂપ!''

સાવિત્રીએ કાન સરવા કર્યા. ઓરડામાં પ્રસરી ગયેલા સન્નાટા વચ્ચેથી એક દબાયેલું ડૂસકું સંભળાયું. એણે એક વિલાઈ ગયેલા મોઢાની કલ્પના કરવા માંડી. આવી કલ્પના કરતાં એની અંદર ઊંડે ઊંડે જાણે વિસ્ફોટ થયો. છંછેડાયેલી ઊર્જા એક પછી એક પળ ચીરતી ઉપર તરફ ધસી ન રહી હોય એવું લાગતાં એનાથી આંખો મીંચાઈ ગઈ. એ સાથે જ આ મકાનની પડું પડું થતી દીવાલો ઉપર જૂનાં દૃશ્યો ચિતરાવાં લાગ્યાં. એને થયું, અંદરના ખવાણની જાહેરાત કરતાં ધબ્બા જાણે દીવાલો ઉપર ઊપસી આવ્યા છે. ઘરનો પાયો હચમચી રહ્યો છે. માથા ઉપરથી છત ખસી રહી છે. જાતને ભૂંસીને ટેકો આપેલું ઘર આ આંચકો ખમી શકશે કે કેમ? એને પાડીને નવેસરથી ચણવું જ રહ્યું. પુત્રવધૂનું ડૂસકું આ જર્જરિત ઘરમાં દબાઈ જાય એ વિચારે એને અકળામણ થઈ. સાવિત્રીને થયું ઘાંટા પાડીને કશું કહી નાખે. પણ એ ચૂપ રહી. પેલા દિવસે નિશાળના પટ્ટાવાળાએ પૂછ્યું ત્યારે રહી ગઈ હતી એમ.

''એકાઉન્ટનો મતલબ ખબર છે?''

પટ્ટાવાળાના આ શબ્દોની ધાર સાવિત્રી માટે નવી નહોતી. એના પતિના મૃત્યુ પછી નિશાળમાં રહેમરાહે નોકરી મળી હતી. લગ્ન પછી ઘરકામ કરવું અને પતિની મરજી સાચવવી એટલામાં જ એનો સંસાર સમાઈ જતો. પિંજરામાંથી મુક્ત થયેલા પ્રાણી જેવી સ્થિતિમાં મુકાવાથી એ પ્રથમ તો ડઘાઈ ગયેલી. હજી કળ વળે એ પહેલાં એને હિસાબનું કામ સોંપવામાં આવ્યું. ત્યારે જૂનો પટ્ટાવાળો ઘવાયો હતો. સાવિત્રી માટે આ અનુભવો સાવ નવા હતા.

કોઈની ઈર્ષ્યાનું એ કારણ બની શકે. હેડ માસ્તર એનામાં વિશ્વાસ મૂકી શકે. મહત્ત્વના કામની જવાબદારી સોંપી શકે. એ તો ભૂલી ગયેલી કે એ મેટ્રિક પાસ હતી. ભૂલી જવું એનો સ્વભાવ બની ગયો હતો. પટ્ટાવાળાની ઉદ્ધતાઈ, સ્ટાફનો અસહકાર, ફળિયાની સ્ત્રીઓની ઈર્ષ્યા, બધું ભૂલીને એ ઘર અને નિશાળ વચ્ચે ખૂંપી ગઈ હતી. એના સંસારની એકમાત્ર નીપજ જેવા દીકરાના ઉછેરમાં દિવસ ટૂંકો પડી જતો. નિશાળના ચોકીદારના નમસ્કારમાં, હેડમાસ્તરની ઓફિસમાં મળતા આવકારમાં, પોતાનો ખોવાઈ ગયેલો ચહેરો સાવિત્રીને દેખાઈ જતો.

ચૂપ રહેવાની પડેલી આદતથી એના સ્વભાવમાં એક ઠરેલપણું ઊતર્યું. ઉતાવળે પ્રત્યાઘાત ન આપી એ સામેની વ્યક્તિને અકળાવી શકતી. સ્વસ્થતા ખોયા વિના એ પોતાની જગ્યા મેળવી લેતાં શીખી ગઈ. આટલે દૂર સુધીની મજલ કાપી આવ્યા પછી હવે પાછળ જોવાનો અર્થ નહોતો. વરસો પહેલાંની એક રાત્રે ખોવાઈ ગયેલા ચહેરાને હવે ફરીથી ખોવા એ તૈયાર નહોતી. એ એક એવી રાત હતી જેનું સ્વપ્નું સમજણી થઈ ત્યારથી આંખમાં અંજાયું હતું. ફળિયાની એક પછી એક છોકરીઓની વિદાય એની કોરી આંખમાં કેદ થઈ જતી. એ દૃશ્ય કસ્તરની જેમ ખટકતું. આખરે મોડે મોડે એની આંખ પણ છલકાઈ. અંધ બાપના એકના એક પુત્રે, સાવિત્રીને પત્ની તરીકે સ્વીકારી.

કોઈ પુરુષનું મોઢું સાવિત્રીએ લગ્નની પહેલી રાતે જ ઠીકથી જોયું. એની આટલી નજીક કોઈ પુરુષ ફરક્યો જ નહોતો. ત્રાંસી નજરે એના તરફ જોતી રહી. જોકે સાવિત્રીની એક આંખ જરા ત્રાંસી જ હતી. પુરુષના આગલા બે દાંત બહાર નીકળી આવેલા લાગતા હતા. એને કારણે અળગા રહેતા હોઠ હોય એનાથી વધુ જાડા લાગ્યા. એના ગરમ ઉચ્છ્વાસમાં બીડીની ગંધ ભળેલી હતી. પહેરણનાં ઉપલાં બે બટન ખુલ્લાં રાખીને એ લગ્નમંડપમાં પણ આમ જ બેઠો હતો. એની છાતીમાંથી ડોકાતા વાળને પસારવાનું એકાએક એને મન થયું. ફાનસના ઝાંખા અજવાળામાં એનો પતિ ગમવા લાગ્યો. માગશરની આવી કેટલીય રાત જેને ઠારી નહોતી શકી એવા અંગારામાં ધરબાયેલી આગ ભડકી. એણે જાતને એમાં હોમી દીધી. અગ્નિમાં હોમાતા તલ જેવો તતડાટ એણે કાયામાં અનુભવ્યો. સાવિત્રીને થયું હોઠ કુંવારા જ રહી જશે શું! લજ્જા ફગાવી એ પહેલ કરવા ગઈ. ત્યાંજ એનો પતિ અળગો થતાં બોલ્યો – આઘી રે...! તારા હોઠ તો જો કેવી રુંવાટી ફૂટી છે!

સાવિત્રીને તમ્મર આવી ગયા. સ્વમાનનો વીંટો વાળતી હોય એમ એ

કોકડું વળી ગઈ. કળ વળતાં થોડી વાર થઈ. ઠૂંઠવાઈને પડી રહેલી પોતાની જાતને જોઈ એને તિરસ્કાર જાગ્યો. બાજુમાં ઘોરતા પતિની સફાચટ મૂછ તરફ ધ્યાન ગયું. ચિબુક નીચેના ભાગમાં છોલેલી દાઢીના લીલા ટશિયા દેખાયા. બાકીના ભાગની ચામડી વાળ નહિ ઊગવાથી મુલાયમ લાગી. બહુ પાછળથી સમજાયું કે શરીરની કોઈ ગ્રંથિ, પોતાના કરતાં એના પતિમાં ઓછી સક્રિય હતી.

* * *

''મા! હવે મગનું નામ મરી પાડીશ?''

દીકરાના અવાજે એ વર્તમાનમાં પટકાઈ. એ કહી રહ્યો હતો -

''આ પણ હાથથી જશે તો આટલામાં બીજું કોઈ મકાન ભાડે નહીં મલે.''

બાપનો તીણો અવાજ એને વારસામાં મળ્યો હતો. એક સમયે એ અવાજની સાવિત્રીને ફડક પેસી ગયેલી. ઊંઘમાં પણ એ અવાજ સંભળાઈ જતો. એ સફાળી જાગી જતી. એનાથી દીવાલ ઉપર ટીંગાતી છબી સામે જોવાઈ ગયું. દીકરામાં આનું જ લોહી દોડે છે, ચહેરો મહોરો અને અવાજ પણ એનોજ ઊતર્યો છે. એણે ધ્યાનથી જોયું છબી ઉપરનો હાર માખીઓ બેસવાથી ગંદો પડી ગયો હતો. મેલા કાચ પાછળથી ડોકાતા ચહેરા ઉપર ફોટો પડાવવાની સભાનતાને બદલે હંમેશ દેખાતી કરડાકી કેદ થઈ ગઈ હતી. જરા બહાર આવી ગયેલા ડોળા તતડાવી રહ્યા હોય એમ કહી રહ્યા હતા - 'ચૂપ બેસ ચૂપ, તને આમાં શું ખબર પડે!'

જતાં જતાં એ કહેતો ગયો - ''અઠવાડિયામાં તો આ ખંડેર પાડી નાખવું છે, પછી કે'તી નહીં.''

બાપની છબીમાં દીકરાની છાયા ઊપસતી જોઈ એના મનમાં પેસી ગયેલી જૂની ફડક ઉપરથી, જાણે પ્લાસ્ટર ઊખડ્યું. દીકરાના શબ્દોથી જાણે છતમાંથી પોપડા ખર્યા. ઘરના ખૂણે ખૂણા જાણે હચમચી ઊઠ્યા. ખંડેર હમણાં ધસી પડશે એવું લાગતાં એ ઝડપથી ઊઠીને નિશાળે જવા નીકળી ગઈ. આજે નિશાળમાં એનો છેલ્લો દિવસ હતો. એની વિદાય માટે સ્ટાફે નાનકડો કાર્યક્રમ રાખ્યો હતો. નિવૃત્ત થઈ ગયેલા હેડમાસ્તરને ખાસ આવેલા જોઈ સાવિત્રીનો સંકોચ વધી જતો હતો. એમના હાથે શાલ ઓઢાડવામાં આવી ત્યારે એને બહુમાન શબ્દનો અર્થ સમજાયો. સાવિત્રીને બોલવાનો આગ્રહ થતાં એ ઊભી થઈ. ઘણું કહેવું હતું. આ નિશાળે એને પોતાના ચહેરા સાથે ફરી મેળાપ કરાવ્યો હતો. પણ કંઠ ભરાઈ ગયો, બોલી શકાયું નહિ. બધા સામે એનાથી હાથ જોડાઈ ગયા. એ એની આદત મુજબ ચૂપ રહી.

પાછા ફરતાં એને ફરીથી ઘર ઊભું કરવાના વિચારો આવતા રહ્યા.

સાવિત્રી ઘરે પહોંચી, ચૂપચાપ પોતાના ઓરડામાં ઘૂસી ગઈ. કબાટના અરીસામાં એની છાયા દેખાઈ રહી હતી. શરીર હજી પણ સમપ્રમાણ રહી શક્યું હતું. ચહેરાની ચમક ઝાંખી પડી હતી. હોઠ ઉપરની ઝીણી રૂંવાટી અથવા ત્રાંસી આંખ જોઈ, આજે જરા પણ ક્ષોભ ન થયો. નિવૃત્ત હેડમાસ્તરના શબ્દો સંભળાયા - ''ઇરાદો પાક્કો હોય તો અડચણો મારગ રૂંધી શકતી નથી. સાવિત્રીબેન પ્યુનથી હેડક્લાર્કના પદે પહોંચ્યાં. ઘર અને શાળાનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરતાં રહી, એમણે પોતાનો ધર્મ બજાવ્યો છે.''

આ શબ્દો હજુ પણ કાનમાં ગૂંજી રહ્યા હતા. સાવિત્રી ધર્મના વિચારે ચડી ગઈ. લગ્નમંડપમાં ચાર ફેરામાં પતિ સાથે હતો. પછી શું થયું? જાણે એ એકલી એકલી ધર્મનો એકમાત્ર ફેરો ફરતી રહી. તને આમાં શું સમજ પડે? એમ કહી અર્થ અને સમાજ-કારણના પ્રશ્નોમાં એને પૂછવામાં આવ્યું જ નહિ. પહેલી રાતે જ એને સમજાઈ ગયું, પતિનો આવેગ સંતોષવો એજ એના માટે કામનો પુરુષાર્થ. હવે...? મોક્ષની રાહ જોવાની છે, એ પણ એકલા. પોતાને એકલી મૂકીને પતિ સિધાવી ગયો. એના અંતિમ દિવસો આંખ સામે આવી ગયા.

* * *

''દાકતરનું શું કે'વાનું થાય છે?''

સાવિત્રીની માને જાણ થઈ કે જમાઈને ગળાનું કેન્સર થયું છે ત્યારથી એકની એક વાત પૂછ્યા કરતી. પડોશમાં ફોન આવતો. માંદગી વિષે ફોનમાં વાત કરવી સાવિત્રીને ફાવતી નહિ. મુસાફરી કરી શકે એવી તબિયત રહેતી ન હોવા છતાં એક દિવસ એની મા રૂબરૂ આવી ગઈ. એને જોઈને સાવિત્રીનો પતિ બોલી ઊઠ્યો.

''લે....તારી મા તો મારો ખરખરો કરવા દોડી આવી!''

સાવિત્રીને થયું માંદગીએ એના પતિનો સ્વભાવ ચીડિયો કરી નાખ્યો હતો. એ ગમે તેમ બોલી જતો. એ વધુ ઉઘાડો પડી જાય એવું સાવિત્રી ઇચ્છતી નહોતી. એટલે એની માને પાછી ફરી જવા સમજાવી લીધી. સાથે પોતાના પાંચ વરસના બાળકને પણ મોકલી આપ્યો. નાનું બાળક બાપના કેન્સરવાળા શરીર સાથે રમે, એના રૂમમાં રાત વિતાવે, એનાથી સાવિત્રીને ગભરામણ થતી. રાત્રે બાળક અંગે એના પતિએ પૂછ્યું. એનાથી સાચું કહેવાઈ ગયું. એના ગાલ પર તમાચો પડ્યો. કાન સાથે એનું મગજ સુન્ન પડી ગયું. પહેલી વખત એણે હાથ ઉપાડી લીધો. એ સમસમીને બેસી રહી. બીજા દિવસે પરોઢે એ નીકળી ગઈ. બપોર ચડતાં પહેલાં બાળકને

પાછું લાવી એના પતિના ઓરડામાં ધકેલતા બોલી,

''લ્યો ચાટો આને! તમારો એકનો એક વારસ છે, એ યાદ રાખજો!''

બેઉને પાછાં આવેલાં જોઈ એના પતિના ચહેરા ઉપરની ખેંચાયેલી રેખા ઢીલી પડી. સાવિત્રીની આંખમાં ઊભરાતાં ઝળઝળિયાં ખરી પડ્યાં.

અમદાવાદ સિવિલના ધક્કા વધી ગયા હતા. એ દિવસે કીમોથેરેપી માટે એના પતિને લઈ ગઈ ત્યારે કટોકટી ઊભી થઈ. ડોક્ટરોએ તાત્કાલિક ઓપરેશન કરવાનું નક્કી કર્યું. એ કંઈ સમજે એ પહેલાં એની સહીઓ લઈ લેવામાં આવી. ડોક્ટરે ઓપરેશન કરી એના પતિની સ્વરપેટી કાઢી નાખી. જોકે ઓપરેશન પછી તબિયત સુધરતી ચાલી, પણ વાચા બંધ થઈ ગઈ. એણે કામ પર જવાનું શરૂ કર્યું. ઓપરેશન પછી એનો ગુસ્સો ગમે ત્યારે ફાટી જતો. મારકૂટ સામાન્ય બની ગઈ.

થોડા જ સમયમાં સાવિત્રીના પતિએ કામ પર જવાનું બંધ કર્યું. થાકની ફરિયાદ કરતો એ પથારીમાં જ પડ્યો રહેતો. હોસ્પિટલ જવા માટે ઘણા સમજાવી ગયા. એણે કોઈની વાત કાને ન ધરી. ઘરે મળવા આવતા સગાં સબંધીઓને એ કંઈક કહેવા જતો, પછી ધૂંધવાતો બેસી રહેતો. એક દિવસ નિશાળના હેડમાસ્તર સ્ટાફ સાથે આવ્યા. સ્વરપેટીના ઓપરેશનની વાત નીકળી ત્યારે એ ઇશારાથી કહેવા ખૂબ મથ્યો. હેડમાસ્તર તેમજ સ્ટાફના માણસો મૂંઝાયા. એટલે સાવિત્રી એની વહારે આવી -

''જીભ કાઢી નાખવાનું દાક્તરને મેં કીધું'તું એમજ ને?''

એના હોઠ વંકાયા, હકારમાં એણે માથું નમાવ્યું. સ્ટાફ ડઘાઈને જોઈ રહ્યો. હેડમાસ્તર સાહેબના અવાજમાં સત્તા કરતા કંઈક બીજું સંભળાયું.

''દુઃખમાં માણસ વિવેક ખોઈ બેસે તે આનું નામ.''

એ ભલા માણસે મદદની ઓફર કરી. ચૂપ બેસી ગયેલી સાવિત્રીના માથે હાથ ફેરવી અંતે ચાલ્યા ગયા. રોગના જીવાણું એના પતિના શરીરને જ નહિ એની બચતને પણ ખાઈ ગયા હતા. લેણું થઈ ગયું. સાવિત્રીએ સિલાઈનું આવડે એવું કામ શરૂ કર્યું. એના પતિનું શરીર દિવસે દિવસે કાળું અને કૃશ પડતું ગયું. હવે તો એને બધુંજ પથારીમાં કરાવવું પડતું. એની સેવા-ચાકરી વધી ગઈ. રાત્રે એ થાકીને ઢગલો થઈ જતી. ઊંઘમાં ક્યારેક, જેની ફડક પેસી ગયેલી, એ અવાજ સંભાળતો. એ સફાળી જાગી જતી. પીડા સહન ન થવાથી, ખાટલામાં વળ ખાતું દૂબળું શરીર જોઈ એ ઊઠીને પાંગતે બેસતી. એના પતિનો આરોપ સાચો લાગતો. પીડા આમ ગળામાંજ અટવાઈ જાય. વાચા હોય તો કમ સે

કમ ગાળો તો ભાંડી શકે માણસ!

પાંગતે બેસીને છાતી પસવારતી સાવિત્રી તરફ ક્યારેક એ એકધારું જોઈ રહેતો. પોતાની પીડા જાણે સાવ ભૂલી ગયો હોય. ત્યારે એની આંખમાં એક સાથે કેટલાય ભાવ ઊમટતા. એનો અશક્ત હાથ, સાવિત્રીના મુરઝાઈ ગયેલા ચહેરા ઉપર ફરીને પડી જતો. ફરી એનું શરીર અમળાવા લાગતું. એ જોઈ સાવિત્રી મૂંઝાતી, નક્કી કરી શકતી નહિ - પીડા વધી છે કે કંઈ કહેવા માગે છે. સ્વરપેટી નીકળી જવાનો વસવસો ત્યારે એની આંખમાંથી વહી નીકળતો.

એના અબુધ બાળકને જોઈ ટકાવી રાખેલી સાવિત્રીની હિંમત, બાળકના જ ભવિષ્યના વિચારે તૂટી જતી. છતાં એ નિષ્ઠાથી સેવા ચાલુ રાખતી. વટસાવિત્રી વ્રતની કથા યાદ કરી લેવાથી, એનું મન થોડું શાંત થતું. સગાં સબંધીઓની અવર-જવર વધી ગઈ. અડધી રાત્રે એની આંખ મળી જતી.

એક રાત્રે એણે સ્વપ્ન જોયું. એનો પતિ ચક્કર આવી જવાથી ખાટલા ઉપરથી પડી ગયો. એ ઝડપથી એની પાસે ગઈ. એનું માથું ખોળામાં લઈ રડવા લાગી. એનું શરીર ઠંડું પડવા લાગ્યું. ત્યાં એણે પાસે આવી ગયેલા ઓળા જોયા. મૃત્યુપાશ ફેંકાયો. ખોળામાં સૂતેલા એના પતિનું શરીર એક આંચકો ખાઈ સ્થિર થઈ ગયું. પ્રાણ હરી ને યમદૂતો પાછા જવા લાગ્યા. એમને જતા જોઈ સાવિત્રી પણ એમની પાછળ થઈ. પાછળ આવતી જોઈ યમદૂતોએ એને અટકાવી. સાવિત્રી કંઈ કહેવા ગઈ પણ શબ્દો ગળામાં જ અટવાઈ ગયા, જાણે એની પોતાની સ્વરપેટી નીકળી ગઈ હોય. યમદૂતોએ કહ્યું અમારે હુકમ પાળવો જ રહ્યો, અને તેઓ એના પતિને લઈને પાડા જેવા રંગના અંધકારમાં ભળી ગયા.

* * *

''મા ! અંધારામાં કેમ બેઠાં છો?''

એની વહુના આ શબ્દોથી, આંખ સામે આવી ગયેલા પાછલા દિવસો ફરીથી આથમી ગયા. ઘરમાં ભરાઈ ગયેલું અંધારું જોઈ સાવિત્રી જાગૃત થઈ. ઓરડાના ઉંબરે ઊભેલી વહુ તરફ એનું ધ્યાન ગયું, એની ઉપરની છત પડું પડું થતી લાગતાં, એકાએક ઊઠીને એણે લાઈટ કરી. અરીસામાં પોતાની સાફ થયેલી આકૃતિ જોતાં એને હેડમાસ્તરના શબ્દો યાદ આવ્યા. આગળ વધી એણે પુત્રવધૂનો હાથ એવી રીતે પકડ્યો, જાણે એને ગૃહપ્રવેશ કરાવતી હોય.

❑❑❑

''વિશ્વને બદલવા સૌ કોઈ આતુર છે પણ, પોતાને બદલવાનું કોઈ વિચારતું નથી.''

- લિયો ટોલ્સ્ટોય



૨૮-૧-૧૯૩૦ / ૧૭-૮-૨૦૨૦

સંગીત માર્તંડ પદ્મવિભૂષણ પંડિત જસરાજજી

☐ પરેશ નાયક

તેમનો જન્મ હિસાર (હરિયાણા), તા. 28.1.1930ને શુભ દિવસે થયો હતો. તેમના પિતાજી, પંડિત મોતીરામજી મેવાતી ઘરાણાના પ્રખર ગાયક હતા. પંડિત મોતીરામજી તેમના અંતિમ સમયે હૈદરાબાદના દરબારી ગાયક હતા. તેમની સ્મૃતિમાં, છેલ્લાં ઘણાં વર્ષોથી હૈદરાબાદ ખાતે સંગીતોત્સવ ઉજવાય છે. પંડિત જસરાજજી પોતે, તેમની ઉંમરનાં ચૌદ વર્ષ સુધી ઉત્તમ તબલાંવાદક હતા. તે સમયે કોઈ કલાકારે તેમને ટોણો માર્યો અને કહ્યું કે, "तुम मरे हुवे चमड़ा पीटनेवाले, तुमको गानेकी क्या समझ?" તત્ક્ષણ પંડિત જસરાજજીએ પોતે ગાયક બનશે તેવો નિર્ણય કર્યો. તત્પશ્ચાત્, તેમણે તેમના મોટાભાઈ, પંડિત મણિરામજી પાસે ગાયન શીખવાનું શરૂ કર્યું. આગળનાં 7-8 વર્ષ ગાયનની તાલીમ લઈને તેમણે સંઘર્ષપૂર્વક ગાયનની કારકિર્દી ચાલુ કરી તેની શરૂઆતનાં વર્ષો તેમણે તેમના મોટાભાઈ પંડિત મણિરામજીની સંસ્થા "સંગીત શ્યામ"માં સંગીતશિક્ષણ કોલકાત્તા ખાતે આપવાનું શરૂ કર્યું. ત્યારબાદ થોડાં વર્ષો પછી તેઓ મુંબઈ આવ્યા અને 32મે વર્ષે લગ્ન કર્યાં. પ્રસિદ્ધ ફિલ્મકાર વી. શાંતારામજીનાં સુપુત્રી મધુરાજી સાથે જોડાયા.

તેઓ વારંવાર આણંદ (ગુજરાત)

પણ જતા અને ત્યાંના ઠાકોરસાહેબ જયવંતસિંહજી વાઘેલા પાસેથી માર્ગદર્શન મેળવતા તથા તેમની સમક્ષ પોતાનું ગાયન રજૂ કરતા. આ પરંપરા તેમણે આજીવન જાળવી રાખી.

તેઓ જેમને સંગીતશિક્ષણ આપતા તેમની પાસેથી નિયમિત ફી ન લેતા, ગુરુકુળ પરંપરાથી જ શિક્ષણ આપતા. તેમના શિષ્યો અનેક છે. અને સમગ્ર દુનિયામાં છવાયેલા છે. છતાં થોડાં નામ લઈએ તો શ્રી હસમુખ ચાવડા, કલા રામનાથન્, શ્રી ચંદ્રશેખર સ્વામી, પરેશ નાયક, ગિરીશ વઝલવાર, રતનમોહન શર્મા, સાધના ઘાણેકર (સરગમ), રાધારમણ કીર્તને, અરવિંદ થત્તે, સંજીવ અભ્યંકર, પ્રીતમ ભટ્ટાચારજી, ઇત્યાદિ...

તેમણે પોતાના જીવન દરમિયાન એક સ્વતંત્ર ગાયનશૈલીનું નિર્માણ કર્યું. (મેવાતી ઘરાણાની પરંપરા જાળવીને) આ અત્યંત કઠિન કાર્ય કહી શકાય. અનેક કલાકારો અને ગાયકો શિષ્ય ન હોવા છતાં તેમને ગુરુ માનતા.

તેમણે જીવન દરમિયાન પંડિત રવિશંકરની માફક સંગીતને અત્યંત પ્રોફેશનલ ટચ આપીને ગાયનશૈલીનો વિકાસ કર્યો, અને દેશ-વિદેશમાં અનેક સેન્ટર્સની સ્થાપના કરી.

તેઓને પોતાના જીવન દરમિયાન અનેકાનેક એવોર્ડ્સ પ્રાપ્ત થયા. જેમાં મુખ્યત્વે, પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ, સંગીત નાટક અકાદમી તરફથી એવોર્ડ, ભીમસેન જોષી ક્લાસિકલ મ્યુઝિક લાઈફ એચિવમેન્ટ એવોર્ડ, માસ્ટર દિનાનાથ મંગેશકર એવોર્ડ, કલારત્ન ઇત્યાદિનો સમાવેશ થાય છે.

ઈશ્વરકૃપાથી હું તેમની સાથે 1969ની સાલથી સંગીતશિક્ષણ પ્રાપ્ત કરવા માટે જોડાયો. શરૂઆતનાં દસથી પંદર વર્ષ તેમની પાસે સતત કેળવણી પ્રાપ્ત કરી. અને તે દરમિયાન અનેક રાગો શીખ્યો. એમણે મને એમની અમેરિકા સ્થિત શિક્ષણસંસ્થામાં શિક્ષણ આપવા માટે અનેકવાર મોકલ્યો.

એમના શિષ્યો પ્રત્યેના પુત્રવત્ પ્રેમની વાત કરીએ તો, જરૂરથી એક પ્રસંગ ટાંકી શકાય. એક સમયે જ્યારે તેઓ મને રાગ મેઘ શીખવાડી રહ્યા હતા, ત્યારે મારા ગાયનમાં આવેલા શુદ્ધ રિષભ માટે ખૂબ પ્રસન્નતાપૂર્વક મને ખૂબ વહાલથી ગળે લગાડીને મારું કપાળ ચૂમી લીધું હતું. આમાં તેમનો સાચા સંગીત અને શિષ્ય પ્રત્યેનો પ્રેમ છલકાય છે.

તેઓ 1995ની સાલમાં મંગલેશ્વર ખાતે સ્થિત મારી સંસ્થા ૐ શ્રી નંદિની મા વિદ્યાપીઠમાં પધાર્યા હતા. અને આર્શીવચન આપતા કહ્યું કે ''મેરા સપના પરેશને પૂરા કીયા'' નર્મદા નદીને તીરે આવેલ મારી સંસ્થાને જોઈ ખૂબ પ્રસન્ન થયા. ને આશીર્વાદ આપ્યા.

❑❑❑



ગોવિંદ દામોદર માધવેતિ...

☐ ભાગ્યેશ જહા

વીસમી ઓગસ્ટે જાણે પંડિત જસરાજના દેહમાંથી ઊઠતી એ ધૂમ્રસેરો હવામાં જે બંકિમ આકારો રચતી હતી એ વાંચો તો આકાશમાં આ જ શબ્દો વંચાય, 'ગોવિંદ દામોદર માધવેતિ...' પંડિત જસરાજ આગળ પદ્મશ્રી, પદ્મભૂષણ કે પદ્મવિભૂષણ લગાવવાની જરૂર નહોતી. એક નામ જ જે ભારતીય સંગીતનો જાણે કે પર્યાય બની ચૂક્યું હતું. એક ચુંબકીય વ્યક્તિત્વ, જેવો અવાજ એવો જ સ્વભાવ. જેવી ગાયકી એવી જ પ્રેમભરી લાગણીની ધારા. મને પહેલા તો ઔપચારિક પરિચય થયેલો. સપ્તકમાં મળીએ. મંજુબેન મહેતાએ વિશેષ પરિચય કરાવેલો અને પછી સાંસ્કૃતિક સચિવ તરીકે ચારપાંચ વખત મળવાનું થયેલું. પણ એમના વ્યક્તિત્વે મને સંમોહિત કરી દીધો. મિત્રતા વધતી ગઈ. એમની પુત્રી દુર્ગા સાથે પરિચય થયો. એમના પ્રિય શિષ્યો ભાઈશ્રી નીરજ અને વિકાસ પરીખની સાથે દોસ્તી તો હતી પણ પંડિતજીને કારણે ગાઢ બની.

મને યાદ છે, માર્ચ (2020)ના અંતમાં એક દિવસ વહેલી સવારે ફોન આવ્યો, 'ભાગ્યેશભાઈ, જય હો.. મૈં .. ' એ એમની ઓળખાણ આપે એ મને ના પોસાય એટલે મેં જ કહ્યું, 'યે નયા નંબર હૈ?..' એમણે કહ્યું, 'હું ન્યુ જર્સીમાં છું, મુઝે બીટિયાકા નંબર દો.' કોરાનાનાં પરિણામોની ચિંતા કર્યા કરે. એમની વાતો હંમેશાં ક્લાસિકલ રહેતી. શરૂઆતમાં ખબરઅંતર પૂછી લે પછી ક્યારેક કૃષ્ણભક્તિ, ક્યારેક ધર્મ અને જાહેરજીવનનું ધોવાણ, ક્યારેક શાસ્ત્રીય સંગીતને પ્રોત્સાહિત કરવામાં

સરકાર કે સમાજની ઉદાસીનતાની વાતો કરે.

ગુજરાત સરકારે પંડિત ઓમકારનાથ સંગીત સન્માન આપવાનું નક્કી કર્યું ત્યારે તે વખતના મુખ્યમંત્રીશ્રી મોદીસાહેબે ખાસ કાર્યક્રમ યોજવાનું કહ્યું. એક શાસ્ત્રીય કાર્યક્રમ કર્યો. પહેલી જ વાર સ્વર્ણિમ સંકુલના બીજા માળે એક નાનો હૉલ છે એને અમે શાસ્ત્રીય રીતે સજાવ્યો. પંડિતજી હૉલમાં પ્રવેશતાં જ બોલ્યા, 'આપ લોગ શાસ્ત્રીય આયોજન કરતે હો ઇસલિયે શાસ્ત્રીય સંગીત આપકો પસંદ હૈ.' જો કે એમની સ્થિતપ્રજ્ઞતાની મુદ્રા અદ્‌ભુત હતી. એ સન્માનથી રોમાંચિત હતા, પણ કશાથીય અભિભૂત ના થતા. ફોન પર કે રૂબરૂમાં તમે એમની પ્રશંસા કરો તો ચૂપ થઈ જતા. સામેની વ્યક્તિનાં વખાણ કરવાનાં હોય ત્યારે એકદમ યોગ્ય શબ્દોનું ચયન કરતા. પણ સમ્યક ભાષામાં જ બોલે, કશું વધારે નહીં, કશું ઓછું નહીં. શ્રેયસ ફાઉન્ડેશનમાં એમનો બહુ મોટો કાર્યક્રમ હતો, હું દસેક મિનિટ વહેલો પહોંચી એમને ગ્રીનરૂમમાં મળવા ગયો. એકદમ સ્વસ્થતાથી બેઠેલા, ખાસ્સી ઠંડી હતી. મેં કહ્યું, 'ગુરુજી, બસ આપકે દર્શનકે લિયે આયે હૈં, બાદમેં મિલના સંભવ નહીં હોગા, ઇસલિયે..!' તરત જ ભાવથી લથબથ આંખોથી બોલ્યા, 'અરે યા'ર. બૈઠો, કૉફી પી જાયે.' એમના જીવન વિશે વાત કરવાની હતી, કાર્યક્રમ એમની જીવનયાત્રાનો હતો પણ કાર્યક્રમ સફળ થયા પછી કલાકાર 'રિલેક્સ' હોય તેવી સહજતા, સરળતા અને વિજયશ્રીના મિશ્રણ સાથે કાર્યક્રમની પાંચ મિનિટ પહેલાં પણ વાત કરી શકતા.

પંડિતજી એમના પિતા પંડિત મોતીરામજી, મોટાભાઈ પંડિત મણિરામજી કે સાણંદના મહારાજા સાહેબની વાત કરતા ત્યારે એમની આંખોમાં અનોખી ચમક આવતી. એ ભાવવિભોર થઈને વાત કરતા. એ એક છલોછલ ભરાયેલા વ્યક્તિ હતા, એટલા માટે ભક્તિરસની આવી રસલ્હાણ કરાવી શકતા. એમના સ્વભાવની સરળતા જ્યારે ગાયનમાં વહેતી થતી ત્યારે શાસ્ત્રીય સંગીત જાણે એમના ભાવકોને ભીંજવી દેતું. કદાચ આ એવું મહાન વ્યક્તિત્વ હતું જેણે ભારતીય શાસ્ત્રીય સંગીત માટે ભારતની પ્રજાના કાન કેળવ્યા હતા. 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' કે 'ગોવિંદ દામોદર માધવેતિ' એ ઘરે ઘરે સંભળાતું સ્તોત્રગાન જાણે કે ગોવિંદ જેટલું જ રસાળ અને પ્રેમાળ બની રહ્યું છે. નાસાએ કોઈ એક ઉપગ્રહને પંડિતજીના નામ સાથે જોડ્યો છે, પણ આપણે માટે તો એ સદૈવ આપણા 'આકાશને ભરી દેતા' એક શાશ્વત સ્વરના માલિક હતા. એમના દેવીસ્તોત્રમાં 'મા'નો સાક્ષાત્કાર હતો તો એમની ધૂનમાં, કીર્તનમાં ધર્મનો એક સાર્થક અર્થ નિહિત હતો... અલવિદા પંડિતજી, વી વીલ મિસ યુ...

❑❑❑



ઈમ્યુન સિસ્ટમ

એક ડોક્ટરની ડાયરી

☐ નીલેશ રાણા

શરીર રાજ્યના રક્ષણ માટે તત્પર સેનાને Immune system (રોગ પ્રતિકારક તંત્ર) કહેવામાં આવે છે. આજે આપણાં જીવનનાં તમામ પાસાંઓ પર કોરોનાનો પ્રભાવ જાહેર છે. ભય, હતાશા અને લાચારી મનુષ્યજાતને ગ્રસી રહ્યાં છે. આશાની પાતળી દોર આપણા હાથમાં છે. પણ ધૈર્ય રાખવાથી જીત આપણી જ થશે એ ધારણા અસ્થાને નથી.

આપણું શરીર પોતાને રોગોથી બચાવવાની ક્ષમતા અવશ્ય ધરાવે છે. શરીર પર સતત આક્રમણ કરી અંદર પ્રવેશવા માગતા અસંખ્ય સૂક્ષ્મ જીવાણુઓને (બેક્ટેરિયા, વાઈરસ, ફન્ગસ્) અંદર પ્રવેશ કરતાં કે અંદર દાખલ થયાં બાદ રોગચાળાનો ફેલાવો અટકાવવા માટે વ્યવસ્થા છે. આ લડાઈમાં મોટાભાગે શરીર વિજય મેળવે છે અને જ્યારે નિષ્ફળ બને છે તો આપણે માંદગીનો ભોગ બનીએ છીએ.

રોગપ્રતિકારક તંત્રને બે વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે. (1) Innate Immunity એટલે કે જન્મજાત પ્રતિકારક શક્તિ (2) Adaptive

(અનુકૂલનશીલ) અથવા Adaptive (હસ્તગત કે કેળવેલી) Immunity.

Innate Immunityના ત્રણ પ્રકાર છે. (A) Physical - ભૌતિક - Barrier જેમાં ત્વચા, ત્વચા પરના વાળ, પાંપણ, શ્વસન અને પાચનતંત્રનું અસ્તર (Lining)-નો સમાવેશ થાય છે. (B) Defensive Mechanism (સંરક્ષણ રચના) જેમાં પરસેવો, આંસુ, લાળ, જઠરમાં પેદા થતું એસિડને ગણવામાં આવે છે. (C) General Immune Response (સામાન્ય રોગપ્રતિકારક પ્રતિભાવ જેમાં લોહીમાં ભ્રમણ કરતાં સફેદ કણો, નેચરલ કિલર સેલ્સ, મેક્રોફેજ (Macrophage) માસ્ટ સેલ્સ (Mast cells) ભાગ લે છે. A અને Bની પ્રાથમિક હરોળને પાર કરી સૂક્ષ્મ જીવાણુઓ શરીરમાં પ્રવેશતા લોહીમાં ભ્રમણ કરતાં કોષો મદદ માટે દોડી આવે છે અને ચેપી જીવાણુઓને નાશ કરવા અપાતો પ્રતિભાવ અવિશિષ્ટ (Nonspecitic) હોય છે જે શરીર પર થતાં દરેક હુમલામાં ભાગ લે છે. આ તબક્કો લગભગ 96 કલાક સુધી ચાલે છે. જો આ પ્રતિભાવ સૂક્ષ્મ જીવાણુઓનો પ્રતિકાર કરવામાં અસફળ થાય તો બીજો તબક્કો શરૂ થાય છે.

બીજો તબક્કો અગત્યનો ભાગ ભજવે છે. આ તબક્કો લાંબા સમય સુધી ચાલે છે જેમાં B અને T Cells મહત્ત્વના હોય છે. આનાય બે પ્રકાર હોય છે પ્રથમ Cell-mediated Immune Response જે T cell પર આધારિત છે અને બીજું, Humoral Immune response જે B cell અને એન્ટિબોડિઝ પર અવલંબિત છે. આ બંને કોષો Lymphocytesના ગ્રુપમાં છે.

B સેલ્સ એન્ટિબોડિઝનું ઉત્પાદન કરે છે. જેથી ભવિષ્યમાં થનાર હુમલા દરમિયાન એન્ટિબોડિઝ સૂક્ષ્મ જીવાણુઓનો નાશ કરી શકે.

T સેલ્સ સૂક્ષ્મ જીવાણુ ગ્રસ્ત કોષો પર હુમલો કરી એમનો નાશ કરતાં અંદર રહેલા જીવાણુઓ પણ મૃત્યુ પામે છે. Memory T cell થયેલા હુમલાની યાદશક્તિ જાળવી રાખે છે અને ભવિષ્યમાં થનાર આક્રમણ ઓળખી ઝડપથી પ્રતિભાવ આપી શકે છે.

આપણા શરીરમાં ત્રીજા પ્રકારનો પ્રતિભાવ જે ત્રીસ પ્રકારનાં પ્રોટિન્સથી બને છે એને Complement system તરીકે ઓળખવામાં આવે છે પણ અનેક રોગો સામે આપણું રક્ષણ કરે છે.

T અને B સેલ્સનું ઉત્પાદન હાડકાંના માવામાં થાય છે. B cells ત્યાં જ રહેતાં પરિપક્વ (Mature) થાય છે ત્યારે T cells ત્યાંથી સ્થળાંતર થઈ થાયમસ ગ્રંથિમાં પરિપક્વતા પામે છે.

નેચરલ એડેપ્ટિવ ઇમ્યુનિટી બે પ્રકારની હોય છે. એક Passive ગૌણ જે બાળકને ગર્ભમાં માતા પાસેથી મળે છે અને Active જે જીવન દરમિયાન થનાર ઇન્ફેક્શનને કારણે પેદા થાય છે.

એમ જ કૃત્રિમ (Artificial) એડેપ્ટિવ ઇમ્યુનિટી પણ Passive જે રોગીના શરીરમાંથી એન્ટિબોડી યુક્ત પ્લાસ્મા મેળવી બીજી વ્યક્તિને આપવામાં આવતા હોય છે અને બીજી એક્ટિવ જેમાં વેક્સિન લીધાં બાદ આપણું શરીર ખુદ એન્ટિબોડી પેદા કરે છે.

આપણાં ટોન્સિલ્સ, બરોળ, એપેન્ડિક્સ અને લસિકાગ્રંથિ (Lymphnodes) પણ આ તંત્રના હિસ્સા છે.

હવે કોરોનાની માંદગી દરમિયાન શરીરમાં ઉત્પન્ન થતી એન્ટિબોડિઝ વિશે થોડું જાણી લઈએ. શરીરના કોષો જ્યારે વાઈરસના સંપર્કમાં આવતા લોહીમાંના, B cells એન્ટિબોડિઝનું ઉત્પાદન શરૂ કરે છે જેમાં હેલ્પર T cells સહાયતા આપે છે. શરીરમાં લોહીમાં એન્ટિબોડિઝની હાજરી જાણવા માટે આસાન ટેસ્ટ ઉપલબ્ધ છે. તેથી એનો વધુ ઉપયોગ કરવામાં આવે છે. જેથી વ્યક્તિને ઇમ્યુનિટી પ્રાપ્ત થઈ કે નહીં એની જાણકારી મળે. પણ ઇમ્યુનિટી પ્રદાન કરવામાં બે જાતના T-Cells મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ એની માત્રા માપવા માટે કોઈ આસાન-સરળ ટેસ્ટ હજુ ઉપલબ્ધ નથી.

સ્ટાર્સબર્ગ યુનિવર્સિટી હોસ્પિટલ ફ્રાન્સમાં થયેલા રિસર્ચ પ્રમાણે જે પેશન્ટોમાં એન્ટિબોડિઝ ટેસ્ટ નેગેટિવ હતી. તેઓમાં T cellનો રિસ્પોન્સ પ્રતિભાવ મળી આવતા તેઓ સુરક્ષિત છે જણાયું હતું. તેથી વ્યક્તિ કોરોના વાઈરસના સંપર્કમાં આવી છે કે નહીં એ જાણવા માટે T cell responseને એન્ટિબોડિઝની ટેસ્ટ કરતાં વધુ સંવેદનશીલ (Sensitive) ગણવામાં આવી છે.

કોરોનાની માંદગીના ગંભીર તબક્કામાંથી પસાર થયેલી વ્યક્તિઓમાં એન્ટિબોડિઝનું પ્રમાણ હળવી માંદગી ભોગવી ચૂકેલા દર્દીઓ કરતાં વધુ પ્રમાણમાં જોવા મળ્યું છે.

અત્યારે મળતી માહિતી મુજબ એન્ટિબોડિઝ થોડાં અઠવાડિયાં કે મહિનાઓ માટે જ ટકે છે. અને એ કેટલાં અંશે રક્ષણ આપશે એ પણ નક્કી કરાયું નથી. જો એન્ટિબોડિઝ શરીરમાં લાંબો સમય નહીં ટકે અને વિલીન થતી જશે તો વેક્સિન વર્ષમાં એકવાર લેવાને બદલે વધુ વાર લેવી પડશે. આની પણ પૂરી જાણકારી નથી. ડો. ડોન ગોલ્ડનબર્ગ, પ્રોફેસર ઓફ મેડિસિન (ટફ્ટ યુનિવર્સિટી, માસાચ્યુસેટના કહેવા મુજબ ટૂંકો એન્ટિબોડિઝ રિસ્પોન્સ જોતાં એમ લાગે છે આપણે એન્ટિ કોરોના વેક્સિન કદાચ એક વર્ષમાં જૂજ સંખ્યામાં (few times) લેવી પડશે.

એક વાર આ માંદગી થયા પછી, ફરીથી થાય કે નહીં એ મુદ્દા પર હજુ ચર્ચા ચાલુ છે અને કોઈ ઠોસ નિર્ણય લેવાયો નથી. 2020માં આવેલી આ નવા રોગ વિશે, વાઈરસ વિશે, આપણા શરીરના પ્રતિભાવ વિશે બહુ જ થોડી જાણકારી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. દિવસે દિવસે આ વિષયની સમજણ વધતી જાય

છે. એ લાભદાયક છે. પણ હજુ ઘણું સંશોધન બાકી છે.

બે આશાસ્પદ ટ્રીટમેન્ટનો ઉપયોગ થઈ રહ્યો છે જેમાં ડેક્સામેથાઝોન દવા રેમ્ડેસિવિર કરતાં વધુ અસરકારક સાબિત થઈ અને કિંમત પણ ઘણી સસ્તી છે.

વેક્સિન માટે આશાસ્પદ કિરણો નજરે જરૂર પડ્યાં છે. Phase IIIની ટ્રાયલ શરૂ થઈ ચૂકી છે. રશિયા એ પહેલો દેશ છે જ્યાં કોવિડ-19ની વેક્સિનને ઓગસ્ટ 10-12 વચ્ચે ઓફિશ્યિલી અપ્રુવ કરી ઉપયોગ સપ્ટેમ્બર મહિનામાં પબ્લિક માટે કરાશે. પણ એના રિસર્ચ વિશેના ડેટા (Data)ની માહિતી જાહેર કરવામાં આવી નથી. તેથી બીજા દેશોના વૈજ્ઞાનિકો અને સંશોધકોના મનમાં એની અસરકારકતા વિશે શંકા પ્રર્વતે છે.

નિરાશ થવાની જરૂર નથી. સાતથી આઠ ફેમસ ડ્રગ્સ કંપની દ્વારા થતી વેક્સિન ટ્રાયલ આશાસ્પદ છે. છતાંય એની સફળતા પર મદાર બાંધવો જલ્દબાજી કહેવાશે. આપણે ધીરજ રાખવી પડશે અને સાવચેતી રાખવામાં ઢીલ કરીશું તો ભોગવવું પડશે.

તો આ બીમારીથી બચવા માટે અત્યાર સુધી જે સલાહસૂચનો મેડિકલ એક્સપર્ટો દ્વારા, સરકાર દ્વારા આપવામાં આવે છે એનું ચુસ્ત પાલન કરો.

જો તમને ડાયાબિટિસ, કિડનીના રોગ કે ફેફસાંની બીમારી હોય તો સાવચેત રહેજો કારણ કે કોરોનાની માંદગી વધુ ગંભીરતા પકડતાં, કોમ્પ્લિકેશનના ચાન્સીસ વધશે, પ્રેગ્નન્સીમાં આમ થઈ શકે છે. મેદસ્વીપણું અને વધતી જતી ઉંમર પણ રિસ્ક ફેક્ટર છે.

કોરોના વાઈરસ માત્ર ફેફસાઓને જ નહીં, કિડની, મગજ, હૃદય રક્તવાહિનીઓ, પાચનતંત્રને પણ નુકસાન પહોંચાડવામાં સક્ષમ છે. એટલે શંકા હોય તો તરત ડોક્ટરની સલાહ લો.

ત્રણ પાયાના નિયમો ભૂલશો નહીં. બહાર નીકળતાં હંમેશાં માસ્ક પહેરો જેથી તમે બીજાને માંદા પડવાની તક ન આપો, સોશિયલ ડિસ્ટન્ટ જાળવો, છ ફૂટની દૂરી તમને છ ફૂટની કબરથી દૂર રાખશે, અને હાથને ધોતાં સ્વચ્છ રાખો. સાથે સાથે ચહેરા કે નાકને અડવાનું ટાળો, ઘરમાં સફાઈ જાળવો. ગ્રુપમાં ભેગા થવાનું ટાળો. મન પ્રફુલ્લિત અને તનને તંદુરસ્ત રાખો. એક્સરસાઈઝ કરો, પૂરતી ઊંઘ લો, પૌષ્ટિક ખોરાક આરોગો.


ઘરમાં છો તો પત્નીને મદદ કરો, બાળકોનો સંગાથ માણો. બાલ્કની કે બારીમાંથી બહાર દેખાતી કુદરત જોડે ફરી ઓળખાણ કરો. સારું વાંચન, સુગમ સંગીત મનને આનંદ આપશે. મિત્રો જોડેનો વાર્તાલાપ તમને વધુ નજદીક લાવશે. સ્વની સાચી પરખ પામશો. ઘરનાં બારણાં ભલે બંધ થયાં પણ મનનાં બારણાં ખુલ્લાં રાખજો.

❑❑❑



રોમન ચિંતક માર્કસ ઓરેલિયસનો મહામારીમાં જીવન-સંદેશ

❑ બટુકદાસ નિમાવત



માર્કસ ઓરેલિયસ રોમન બાદશાહ તથા તત્ત્વચિંતક હતા, ગ્રીક ચિંતક પ્લેટોએ કહેલું છે રાજા તત્ત્વચિંતક તથા પ્રજ્ઞાવાન હોવો જોઈએ. ફિલોસોફર કિંગનો આ વિચાર હંમેશાં યથાર્થ રહ્યો છે. રાજા પાસે વ્યવહારુ કુશળતા તો હોવી જ જોઈએ પરંતુ તેનામાં પ્રજ્ઞા (wisdom) તથા આધ્યાત્મિકતા તરફનું સકારાત્મક વલણ તથા પ્રેમ હોવો જોઈએ.

માર્કસ ઓરેલિયસ એન્ટોનિયસ ઈ. સ. 121થી 180માં માનવજીવન જીવેલા અને 161 થી 180 સુધી રોમના બાદશાહ (રાજા) તરીકે રોમ પર શાસન કરેલું. રોમમાં તેમણે શાંતિ, સંવાદિતા તથા સ્થિરતા સ્થાપી

હતી. 165-66માં એન્ટોનાઈન પ્લેગ ફાટી નીકળેલો અને (પાંચ મિલિયન) પચાસ લાખ લોકોનાં મરણ થયેલાં. આજના સમયે જ્યારે સમગ્ર વિશ્વ કોરોના ઝઝૂમી રહ્યું છે ત્યારે આ મહાન રોમન બાદશાહ માર્કસ ઓરેલિયસના વિચારો અત્યંત ઉપયોગી તેમ જ પ્રસ્તુત (relevant) છે.

માર્કસ ઓરેલિયસ stoicism (સ્થિતપ્રજ્ઞવાદ)માં ઊંડી શ્રદ્ધા ધરાવતા હતા. તેઓ સારા વાચક અને અભ્યાસુ રાજવી હતા, તેઓએ સેક્સટસ નામના વિદ્વાન ગુરુ પાસેથી જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત કરેલાં. તેમણે કહેલું કે જ્ઞાનપ્રાપ્તિ માટેનો સમય ક્યારેય પૂરો નથી થતો. વૃદ્ધ માણસે પણ કંઈકને કંઈક શીખતું રહેવું જોઈએ. તેની પત્ની ફોસ્ટિનાએ તેર સંતાનોને જન્મ આપેલો. પરંતુ મોટા ભાગનાં નાની ઉંમરે મરણ પામેલાં. મૃત્યુ સંદર્ભે તેમણે હોમરના શબ્દો યાદ કરેલા કે પવન વૃક્ષોનાં પાંદડાંઓ જમીન પર ખેરવી નાખે છે. તેવી જ રીતે મૃત્યુ નાનાં બાળકોના જીવનને પણ હણી લે છે.

રોમ ચીન સાથે વેપારથી જોડાયેલું હતું અને તેથી રોમન લોકો પ્લેગથી ચેપગ્રસ્ત બન્યા. ચીનમાંથી રોમન વેપારીઓ રેશમ ખરીદતા. પ્લેગ અંગેની ખબર ન હોવાથી તેને શીતળા માનવામાં આવેલ. વાસ્તવમાં તે પ્લેગ હતો જે પવનના વેગની જેમ ફેલાયો અને લાખો રોમનો મરણ પામ્યા. ગાડામાં થપ્પાની જેમ મૃતદેહો ભરીને બહાર લઈ જવામાં આવતા હતા અને તેમનો અગ્નિદાહ કરવામાં આવતો હતો. 58 વર્ષની ઉંમરે માર્કસ ઓરેલિયસ પણ મૃત્યુ પામ્યા. એમ મનાય છે કે તેમનું મૃત્યુ પણ પ્લેગના રોગથી થયેલું.

ઈ. સ. 170થી 180 દરમિયાન માર્કસ ઓરેલિયસે Meditations (ચિંતન) નામનું પુસ્તક ગ્રીક ભાષામાં લખ્યું. તેમાં તેમની સ્થિતપ્રજ્ઞ ચિંતનધારાની સુંદર અભિવ્યક્તિ છે. તેમના વિચારોમાં તર્કબદ્ધતા અને આધ્યાત્મિકતાનું કલાત્મક મિશ્રણ છે. આ પુસ્તક વિશ્વના કેટલાય મહાન ચિંતકોમાં લોકપ્રિય બનેલું. ફ્રેડરીક ધી ગ્રેઈટ, ગેટે, સ્ટુઅર્ટ મીલ તથા મેથ્યુ આર્નોલ્ડ તેના પ્રશંસકો હતા.

માર્કસ ઓરેલિયસના મૃત્યુ બાદ આ પુસ્તક પ્રસિદ્ધ બન્યું અને તેના વિવિધ ભાષાઓમાં અનુવાદો પણ થયા. માર્કસ ઓરેલિયસ સ્થિતપ્રજ્ઞવાદી હતા અને એમ માનતા કે શુભ તેમ જ સદ્‌ગુણો આપણી અંદર જ હોય છે. તેજ આપણાં ચારિત્ર્ય તેમ જ કર્મો સુનિશ્ચિત કરે છે. બાહ્ય જગત આપણા અંકુશમાં નથી હોતું પણ આપણું આંતરિક જગત આપણા જ અંકુશમાં હોય છે. મને શું થશે, શું થાય છે કે શું થયું હતું તે મારા હાથમાં ક્યારેય ન હતું પરંતુ મારાં વિચારો અને કર્મો સ્વૈચ્છિક જ હોય છે.

માર્કસ ઓરેલિયસે કહેલું કે આ મહામારી પર મારો કાબૂ નથી પરંતુ તેની સાથે મારે કેમ વર્તવું એ હું નક્કી

કરી શકું છું. પૂર્ણપણે નહીં પણ મહ્દઅંશે આપણા વિચારો આપણા કાબૂમાં હોય છે. તેમણે કહેલું, 'બનાવો કે ઘટનાઓ આપણને ચિંતા કે ભયમાં મૂકે છે તેના કરતાં આપણા તેના અંગેના વિચારો આપણને વધારે ડરાવે છે.' આપણા અભિપ્રાયો જો ડરભર્યા કે મુશ્કેલીયુક્ત હોય તો તે આપણને વધારે પીડા આપે છે.

સ્થિતપ્રજ્ઞવાદના સિદ્ધાંતોના પાયાના મનોવૈજ્ઞાનિક તત્ત્વોમાં માનવવલણનું જ સૌથી વધારે મહત્ત્વ છે. આધુનિક Cognitive Behaviour Therapy (CBT) પ્રત્યક્ષ જ્ઞાનયુક્ત વર્તનની થેરાપી આ વિચાર પર જ આધારિત છે. CBTના પ્રણેતાઓ આલ્બર્ટ એલિસ તથા એરોન ટી.બેક બન્ને સ્થિતપ્રજ્ઞવાદને તેમના વિચારોનો પ્રેરણાસ્રોત માને છે.

મહામારી સંદર્ભે વિચારીએ તો વાઈરસનો જ આપણને એટલો ડર નથી લાગતો જેટલો તેના અંગેના અભિપ્રાયો કે વિચારોનો છે. સામાજિક અંતર (Social distancing) રાખવું જરૂરી જ છે. પરંતુ કોઈ તેનો અમલ ન કરે ત્યારે આપણો ગુસ્સો આપણને પરેશાન કરે છે. આપણે તો તેનો અમલ કરીએ જ પરંતુ અન્ય લોકો નથી કરતા તે અંગે આપણો ક્રોધભર્યો અભિગમ આપણને દુ:ખી કરે છે.

માર્કસ ઓરેલિયસના પુસ્તક 'મેડિટેશન્સ'માં શરૂઆતમાં જ માર્કસ એવા સદ્ગુણોનો ઉલ્લેખ કરે છે જે તેના મિત્રો, શિક્ષકો તેમ જ પરિવારના સભ્યો પાસેથી તે શીખ્યા હતા. સ્થિતપ્રજ્ઞ લોકોના ચારિત્ર્યમાં પ્રજ્ઞા, ધૈર્ય અને આત્મ-શિસ્ત હોય છે. આ ગુણો તેમને જીવનના પડકારોનો સામનો કરવા પ્રેરે છે. આપણા રોજિંદા જીવનમાં સમસ્યાઓ તો આવતી જ હોય છે. ઇતિહાસમાં નજર કરીએ તો યુદ્ધો, મહામારીઓ, કુદરતી આફતો પણ અવારનવાર આવતાં રહે છે.

અત્યારના સમયમાં કોરોના વાઈરસને કારણે સમગ્ર વિશ્વ પરેશાન છે. તેની કોઈ રસી કે સુનિશ્ચિત ઉપચાર નથી અને તેથી લોકોમાં તેનો ડર રહે છે. સંકુચિત થનારા આ ચેપથી બચવું તે તેનો ભૌતિક ઉપાય છે. માનસિક રીતે સ્વસ્થ લોકો આ Pandemicનો સામનો કેવી રીતે કરે છે તે સમજવા જેવું છે. સ્થિતપ્રજ્ઞવાદનો એક મહત્ત્વનો સંદેશ છે. 'ભય કરતાં વધારે જેનાથી ડરીએ છીએ તે વધારે નુકસાન કરે છે.' આ પ્રકારનો ભય આપણી નાદુરસ્ત લાગણીઓને લાગુ પડે છે. આપણી માનસિક સ્થિતિ જો નબળી હોય તો આપણો ભય વધે છે અને આ ભય મન તેમ જ શરીર બન્ને પર અસર કરે છે. આ મહામારીમાં વ્યક્તિ 99 ટકા સ્વસ્થ હોય તો પણ ડરને કારણે તે ભયભીત બની જાય છે અને ચિંતા તેને ભયભીત બનાવી હતાશ કરી દે છે. કેટલાક માનવો તો જીવનનો અંત આણવાનું વિચારવા લાગે છે. વાઈરસ તો શરીરને અસર કરે છે અને તે વધુમાં વધુ

તો આપણો જીવ લઈ શકે છે. આમ છતાં, ડર એ આપણા નૈતિક ગર્ભમાં, કેન્દ્રમાં રહીને આપણને ભયભીત કરતો રહે છે. આ ભય જ માનવજાતનો વિનાશ વેરે છે. સ્થિતપ્રજ્ઞ (stoic) તત્ત્વચિંતક માને છે કે આ પ્રકારની નિયતિ મૃત્યુ કરતાં વધારે ખતરનાક છે.

અત્યારના સંજોગોની વાત કરીએ તો આપણે મૃત્યુનો સામનો તો કરીએ જ છીએ પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે જે દિવસે આપણે જન્મ્યા ત્યારથી જ મૃત્યુ તરફની દિશા તરફ જ આપણે ગમન કરે છીએ. આ વાસ્તવિકતાને આપણે યાદ રાખતા જ નથી અને આપણે શાહમૃગની જેમ તેને અવગણીએ છીએ. જગતમાં લોકો કોઈ પણ સમજ કે સત્યથી દૂર રહેવાનો જ પ્રયત્ન કરતા રહે છે. આપણે એ હકીકતને અવગણીએ છીએ કે સૌએ ક્યારેક ને ક્યારેક મરવાનું તો છે જ.

સ્થિતપ્રજ્ઞવાદીઓ માને છે આપણી નાશવંતતાનો સ્વીકાર કરો તો તમારી જીવનદૃષ્ટિ જ બદલાઈ જશે. જીવન કંઈ કાયમી કે સનાતન નથી, મોત તો આવવાનું જ છે. માર્કસ જ્યારે મૃત્યુશૈયા પર હતા ત્યારે તેના મિત્રો, ચાહકો દુઃખી થઈને રડવા લાગ્યા. માર્કસે તેમને કહ્યું કે તમે સૌ જાણો જ છો કે માંદગી, મૃત્યુ કે અન્ય વ્યાધિઓનો સ્વીકાર કરવો અનિવાર્ય છે. મૃત્યુ તો નિવારી શકાય તેવી બાબત નથી. તે પ્રકૃતિનો એક હિસ્સો જ છે અને તે માનવજાતની, સર્વ પ્રાણીજગતની નિયતિ છે. તો પછી રડવાનો શો અર્થ?

'મેડિટેશન્સ'માં તેઓ કહે છે - 'જે આવે છે તે અવશ્ય જાય છે. જે જન્મે છે તે અવશ્ય મરણ પામે છે. વસંતમાં ગુલાબ ખીલે છે અને પાનખરમાં પાંદડાં ખરે છે પરંતુ ત્યારે તેમાં ફળો પણ આવે છે' માર્કસ ઓરેલિયસે સ્થિતપ્રજ્ઞવાદને તેના જીવનનો હિસ્સો બનાવી દીધો અને મૃત્યુનો સામનો કેમ કરવો જોઈએ તે શીખી લીધું.'

માર્કસ ઓરેલિયસ રોમન બાદશાહ હતા. જેમની ચિંતનધારા આજે પણ અત્યંત પ્રસ્તુત તેમ જ યથાર્થ છે. તેમના કેટલાક Quotes સાથે આ લેખનો અંત આણીએ.

'તમારા મન પર તમારો કાબૂ હોય છે, બાહ્ય ઘટનાઓ પર નહીં.'


'જ્યારે સવારે જાગો ત્યારે વિચારો કે તમને જીવવાનો, શ્વાસ લેવાનો, વિચારવાનો, આનંદ માણવાનો અને પ્રેમ કરવાનો મૂલ્યવાન અધિકાર મળ્યો છે.'

'જે પૃથ્વીમાંથી ઉદ્‌ભવે છે તે ફરીથી પૃથ્વીમાં જ ભળી જાય છે.'

'આપણે બીજાનું ભલું કરવું જોઈએ જેમ અશ્વ આપણા માટે દોડે છે, મધમાખીઓ મધ બનાવે છે, દ્રાક્ષની વેલ દ્રાક્ષ આપ્યા કરે છે, તે એવું ક્યારેય નથી વિચારતી કે હું લોકોને મધુર દ્રાક્ષ આપું છું.'

'સુખ તમારા વિચારોની ગુણવત્તા પર જ આધાર રાખે છે.' ❑❑❑

મનોજ શાહ : એક મુલાકાત



☐ આરાધના ભટ્ટ

સફળતા કોને કહેવાય? સફળતાની વ્યાખ્યા એ કદાચ બહુ ઘેરો, પેચીદો અને અંગત મામલો છે. એક નાટ્યકાર માટે સફળતા એટલે ક્યાં તો એનાં નાટકોના સેંકડો હાઉસફુલ શો અને દેશ-વિદેશમાં પરિભ્રમણ અથવા કોઈક નાટ્યકાર માટે સફળતા એટલે એવાં નાટકોનું સર્જન જે દર્શકોને સ્પર્શે. એમને કોઈક નવીન અને યાદગાર અનુભવ કરાવે, સાથે એના સર્જકને પણ નાવીન્ય, સાહસ અને સાર્થકતાની અનુભૂતિ કરાવે. આવાં નાટકોનું મંચન કદાચ સેંકડો વખત ન થાય પણ એનો દર્શકવર્ગ કલાકીય સૂઝ-સમજ ધરાવતો પ્રબુદ્ધ વર્ગ હોય. મુંબઈના 'આઈડિયાઝ અનલિમિટેડ' થિયેટરના સ્થાપક-સંચાલક, દિગ્દર્શક અને સાંગોપાંગ નાટ્યકાર મનોજ શાહે આ બીજા પ્રકારની સફળતા પસંદ કરી. જો કે એ કહે છે કે એમણે એ પસંદ નથી કરી, એ એમનું વ્યક્તિત્વ છે અને તેથી એ સહજ બન્યું છે. એમનાં નાટ્યસર્જનોને એ પ્રગતિશીલ કે પ્રયોગશીલનું લેબલ લગાડવા તૈયાર નથી, કારણ કે એમનાં સર્જનો ભલે

રંગભૂમિના મુખ્ય પ્રવાહથી થોડાં અળગાં ચાલ્યાં છે, પણ દર્શકોએ એને હોંશેહોંશે વધાવ્યાં છે. મહાત્મા ગાંધી મહાત્મા બન્યા તે પહેલાંના એમના જીવનના કથાનક આધારિત નાટક 'મોહનનો મસાલો' હોય કે પછી પ્રખ્યાત શાયર 'મરીઝ'ના જીવન આધારિત નાટક 'મરીઝ' હોય, કે પછી પીઢ સર્જક ધીરુબહેન પટેલ લિખિત નાટક, 'મમ્મી તું આવી કેવી' હોય, ભાંગવાડી શૈલીના 'માસ્ટર ફૂલમણિ' નાટકથી શરૂ થયેલી મનોજ શાહની નાટ્યયાત્રામાં એમણે ગુજરાતી સાહિત્યના માતબર લેખકોની કૃતિઓને નાટ્યસ્વરૂપે રજૂ કરી અને સાથે સાથે સાંપ્રત યુવાલેખકોની કૃતિઓના સફળ પ્રયોગો પણ કર્યા. એમની સાથેના સંવાદમાં વાચકોને રસ પડશે.

પ્રશ્ન: તમે રંગભૂમિ ઉપર જે રીતે કામ કરી રહ્યા છો, એ જોતાં તમારી પ્રયોગશીલતા, સર્જનાત્મકતા અને પ્રતિબદ્ધતાનાં મૂળ તપાસવાનું મન થાય. તમારાં બાળપણ-ઉછેરની અમને વાત કરશો?

કલાની જે સર્જનપ્રક્રિયા હોય, એનું જે ઉદ્‌ગમસ્થાન હોય, એ બધું મુખ્યત્વે આપણા બાળપણમાં જ સંગ્રહાયેલું હોય છે. ત્યાંથી એનો વિકાસ શરૂ થાય અને પછી આપણે એનાં અલગ અલગ પાસાંઓ પકડીને આગળ વધતા હોઈએ છીએ. બાળપણમાં મારાં માતા-પિતા મને ભાંગવાડી નાટક જોવા લઈ જતાં. ત્યાં મેં જે જોયેલું તે ચિત્ર હજુ પણ મારા મનમાં સ્પષ્ટ છે. મેં એક દેશી નાટક જોયેલું જેમાં બે માળની એક બસ રંગમંચ પર આવે. એ બસ ચાલતી હોય અને એક ડોસી રસ્તો ક્રોસ કરતી હોય ત્યારે એનો અકસ્માત થાય અને ત્યાં એક ગીત શરૂ થાય. સફેદ સૂટમાં ટાઈવાળો એક યુવક એ ગીત ગાય, એને પાંચ-દસ-પચાસ વન્સ-મોર મળે. એ આખું દૃશ્ય એટલું નાટ્યાત્મક હતું! હું 1955માં જન્મેલો અને હું સાત-આઠ વર્ષનો હોઈશ ત્યારની આ સ્મૃતિ છે. અમે ચાલીમાં રહેતા. ત્યારે મુંબઈમાં ચાલીઓ જ હતી. ત્યાં ગણેશોત્સવ મોટા પાયે થતો. એમાં અભંગો, ગીતો, લાવણી નૃત્યો અને નાટક થતાં. એમાં મેં એક નાટક જોયેલું જે મને આજ સુધી બરાબર યાદ છે. ત્યાર પછી મેં એક ફિલ્મ જોયેલી-નીલકમલ. એના સંવાદો મને બહુ યાદ રહી ગયેલા. એ સંવાદો મેં ગણેશોત્સવમાં મિમિક્રી રૂપે લોકો સમક્ષ રજૂ કરેલા અને મને બહુ તાળીઓ મળેલી. પછી સ્કૂલમાં પણ મેં વક્તૃત્વ સ્પર્ધાઓમાં ભાગ લીધેલો. આમ તો હું ભયંકર પછાત કહેવાઉં એવો વિદ્યાર્થી હતો. મને સ્કૂલની કોઈ વાતમાં રસ નહોતો, સ્કૂલનું શિક્ષણ મને


જરા પણ યાદ નથી. માત્ર સંગીત શિક્ષક અને બીજા ગમતા એવા બે-ત્રણ શિક્ષકો યાદ છે. એમણે શું શીખવેલું એ યાદ નથી, પણ તમારી સાથે વાત કરતાં અત્યારે મને સમજાય છે કે એ શિક્ષકો જે એક્ટિંગ કરતા એ જોવાની મને મજા પડતી. એટલે આમ તો હું નવ ચોપડી ભણ્યો છું અને ચૌદ સ્કૂલોમાં જઈ આવ્યો છું. પણ ક્યાંય હું ભણ્યો નહીં. ન ભણ્યો એનો એક અફસોસ રહી ગયો. પછી મેં વાંચવાનું શરૂ કર્યું, કારણકે મારા ઘરમાં વાંચન બહુ હતું. પછી અમુક મિત્રોની સોબતના લીધે હું ખૂબ સિનેમા જોતો થયો. એટલે છેલ્લાં તેત્રીસ વર્ષથી હું ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલો જોઉં છું. એ રીતે હું વિશ્વ-સાહિત્યના અને કલાઓના પરિચયમાં આવ્યો.

પ્રશ્ન: 'આઈડિયાઝ અનલિમિટેડ'ના પ્લેટફોર્મથી તમે નાટકો રજૂ કરો છો. એ નામ આમ તો ઘણું સૂચક છે. તમારી નાટ્યસંસ્થાની શરૂઆત કેવી રીતે થઈ અને એના દ્વારા શું સિદ્ધ કરવા ધારો છો?

મારું પહેલું નાટક 'માસ્ટર ફૂલમણી' બોસ્ટન નિવાસી ચંદ્રકાન્ત શાહે લખેલું. મૂળ મરાઠી નાટક 'બેગમ બર્વે'ને ચંદુએ એટલું પોતીકું બનાવ્યું કે મોહન અગાશે અને સતીશ આળેકર જ્યારે મારું નાટક જોવા આવ્યા ત્યારે એમને લાગ્યું કે એ નાટક એમનું છે જ નહીં. એટલે ત્યાંથી ‘આઈડિયાઝ અનલિમિટેડ'ના પગરણ ચાલુ થયાં. ભાંગવાડી નાટકની એક આખી પરંપરા હતી જે ધીમેધીમે નાશ પામી. આપણી સંસ્કૃતિમાં પહેલાં ક્યારેય બોક્સ-સેટ્સ નહોતા. પહેલાં ખાડાની રંગભૂમિ, પછી ભવાઈ, અને પછી ભાંગવાડી તરફ આપણે પહોંચેલા. પછી આપણે વિદેશની વાર્તાઓને આપણામાં ઢાળતા ગયા. એમાં



પ્રતીક ગાંધી, 'મોહનનો મસાલો'



આપણી ઓળખ વિસરાઈ રહી હતી. એટલે મારાં નાટકો એ આપણી પોતાની ઓળખાણની મથામણ છે. મારાં નાટકોમાં હું મારી જાતને શોધું છું. એટલે તમે મારાં નાટકોના વિષય જુઓ તો ફૂલમણિમાં જયશંકર સુંદરીની આત્મકથા, પછી મેં 'મરીઝ' કરેલું. એટલે એવા વિષયોને લઈને નાટકો કરવાં મને ગમે છે. અને ધીમેધીમે કરીને પ્રેક્ષકોનો એક આખો વર્ગ ઊભો થયો છે જે એને મૂલ્યવાન ગણે છે. મારે બીજું ખાસ એ કહેવું છે કે 'આઈડિયાઝ અનલિમિટેડ' એ પ્રયોગાત્મક કે ઑલ્ટરનેટિવ રંગભૂમિનું જ કાર્ય નથી કરતું. એવું નથી કે આ નાટકો ન સમજાય એવાં, અઘરાં હોય છે. નાટક ક્યાં તો સારું હોય અને ક્યાં તો ખરાબ હોય. આ બે જ પ્રકાર છે. મેં મારાં નાટકો વીસ હજાર-ચાળીસ હજારની મેદનીમાં કર્યાં છે, દેશપરદેશમાં નાટકો ભજવ્યાં છે, સાબરમતી જેલથી લઈને અનેક પ્રકારના નાટ્યમહોત્સવમાં ભજવ્યાં છે. ગુજરાતી નાટક હોય છતાં એ હિન્દીભાષી કે મરાઠીભાષીને સ્પર્શ્યાં છે. અને હું માનું છું કે નાટકનો પોતાની એક આગવી ભાષા છે.

પ્રશ્ન: તમે માતબર સાહિત્યિક કૃતિઓને લઈને નાટકો બનાવ્યાં છે અને નવા નાટ્યલેખકોની કૃતિઓ પર પણ કામ કર્યું છે. આ બંને પોતપોતાની રીતે પડકાર આપે એવું છે.

મારાં બધાં નાટકો સાહિત્યિક અથવા સંસ્કૃતિના વિષયોને લઈને બનેલાં હોય છે. અથવા ઐતિહાસિક વિષય આધારિત હોય છે. દાખલા તરીકે હમણાં જે મેં કર્યું 'આનંદીબાઈ-લાઈક, કોમેન્ટ એન્ડ શેર' એ ભારતની પહેલી મહિલા ડોક્ટર આનંદીબાઈના જીવન આધારિત છે. મને આવું કામ કરવામાં મજા આવે છે કે આખો એક કાળ તાદૃશ્ય થાય છે. એનાથી હું દોઢસો વર્ષ પૂર્વેના સમયમાં પ્રવાસ કરું છું. આજના સંદર્ભમાં મને એ સમયનું પુનર્નિર્માણ કરવા મળે છે. એક એવું મારું નાટક 'જલ જલ મરે પતંગ', જે મણિલાલ નભુભાઈ દ્વિવેદીની આત્મકથા હતી. આ બધું કરવાની મને બહુ મજા આવે છે કે એ રીતે હું એ કાળની અને એ આત્માની નજીક જઈ શકું છે અને એમણે સિદ્ધ કરેલાં કાર્યો મને પ્રત્યક્ષ થવા માંડે છે. એ રીતે મેં એક નાટક કર્યું 'મોહનનો

મસાલો'. મારી સાથે કામ કરતો એક એક્ટર ઈશાન દોશી, એ નવ વર્ષનો હતો ત્યારથી મારી સાથે કામ કરતો હતો. પછી એ અઢાર વર્ષનો થયો ત્યારે મેં એને નાટક લખવા કહ્યું એ નાટકને લઈને હું સાબરમતી જેલથી લઈને આપણી સરહદ પાર આપણા જવાનોના કેમ્પમાં પણ જઈ આવ્યો છું. એટલે હું ભણી ન શક્યો તો આ બધું મારું ભણતર છે.

પ્રશ્ન: એકપાત્રી નાટકો ઘણાં થયાં, એનું કારણ શું? બજેટ જેવી વ્યવહારિકતા કે પછી બીજું કંઈ?

બહુ સાદી વાત છે કે એ રીતે હું બહુ સરળતાથી કરી શકું છું. બીજું એ કે એ બહુ પડકારજનક નાટ્યપ્રકાર છે. પોણાબે કલાક સુધી એક જ અભિનેતા રંગમંચ ઉપર હોય અને તમને લાગે પણ નહીં કે સ્ટેજ પર બીજું કોઈ નથી.

પ્રશ્ન: દર્શકો આ પ્રકારનાં નાટકો ઝીલે છે ખરા?

જે દર્શકો આવે છે તે તો જોઈને મુગ્ધ થઈ જાય છે. પણ અમે અભિનેતા સાથે બહુ મહેનત કરીએ છીએ. ૭-૭ મહિના રિહર્સલ કરીએ પછી એ અભિનેતા તૈયાર થાય અને સ્ટેજ પર આવે.

પ્રશ્ન: ભૂપેન ખખ્ખર, અતુલ ડોડિયા, ગુલામ મોહમ્મદ શેખ જેવા ચિત્રકારો સાથેનો સહયોગ તમને ફળ્યો. એ તમારી કારકિર્દીનું એક મહત્ત્વનું ચેપ્ટર છે. આ સહયોગ વિશે કંઈક વાત કરશો?

એમાં એવું છે કે અમારું એક ગ્રુપ




છે. અમે બધા સાહિત્ય માટે ભેગા થતા હોઈએ છીએ. દાખલા તરીકે હમણાં મેં જે નાટક કર્યું આનંદીબાઈ, એ લખાઈને તૈયાર હતું. નાટક લખાયા પછી હું એવું કરું કે મારા સાહિત્યવર્તુળમાં મારા મિત્રો સમક્ષ એનું પઠન કરીને એનું ફીડબેક લઉં. તો આનંદીબાઈનું પઠન મેં 'સાહચર્ય'માં કર્યું. 'સાહચર્ય' એટલે બધા લેખકોનો ચાર-પાંચ દિવસનો કેમ્પ હોય, એમાં બધાએ જે લખાણ કર્યું હોય એના વિશે, ભાષા વિશે ચર્ચાઓ થાય. પહેલું નાટક ફૂલમણિ આવા એક ગ્રુપમાં મેં વાંચ્યું પછી મેં ભૂપેનભાઈને વિનંતી કરી કે તમે મને બેકડ્રોપ બનાવી આપો? પહેલાના જમાનામાં ભાંગવાડી નાટકોમાં તો ઇટાલિયન ચિત્રકારો બેકડ્રોપ બનાવતા. ભૂપેનભાઈએ ખૂબ ઉત્સાહથી હા પાડી, પછી તો એ નાટકની આખી પ્રોડક્શન પ્રક્રિયા સાથે ગાઢપણે સંકળાયા.

એ રિહર્સલ જોવા આવે, વાર્તા સમજે. એ જ રીતે જ્યારે મારી ટીમે મરીઝ ઉપર કામ શરૂ કર્યું ત્યારે મેં શેખ સાહેબને કહ્યું. શેખ સાહેબની અને ભૂપેન સાહેબની કામની પદ્ધતિ બહુ અલગ. એ બંનેનાં ચિત્રોનો પ્રકાર પણ બહુ અલગ છે. શેખ સાહેબ બહુ ચીવટપૂર્વક બધું જુવે, એ મારી સ્ક્રીપ્ટમાંથી વ્યાકરણની ભૂલો પણ કાઢે. એમણે મને કહ્યું કે મરીઝ સાહેબ જ્યાં જ્યાં જતા તે સ્થળોના ફોટા એમને જોઈએ. તેથી મારે એવા ફોટોગ્રાફરને શોધવો પડે જેને મરીઝમાં રસ હોય. પછી એક દત્તુ બેરડે (હાલમાં જ એમનું નિધન થયું) કરીને ફોટોગ્રાફર મળ્યો, જેણે મરીઝ સાથે બેસીને દારૂ પીધેલો. એટલે એણે બધા ફોટા પાડી આપ્યા- પાયધુનીનું એમનું ઘર, એમની ગલી. એ ફોટા પછી અમે શેખ સાહેબને મોકલી આપ્યા. એટલે આવું બધું ચાલે, પણ આવા કલાકારો સાથે કામ કરવાની બહુ મજા આવે. જેમ કે અતુલ છે. એ ખૂબ વ્યસ્ત હતો પણ 'જલ જલ મરે પતંગ' વખતે ચિત્રો દોરી આપ્યાં. એની પત્ની અંજુ પણ બહુ મોટી ચિત્રકાર છે, એ પણ એમાં જોડાઈ. ચિત્રો સિવાય પણ દૃશ્યો મારફત વાત દર્શક સુધી કેવી રીતે પહોંચાડવી તેની હું આવા કલાકારો સાથે ચર્ચા કરતો હોઉં છું. ચંદ્રકાન્ત બક્ષીમાં અમે આવી ચર્ચા કરતાં કરતાં પહેલાં ફુગ્ગાનો વિચાર કરેલો પછી સીડી વાપરવાનું નક્કી કર્યું.

પ્રશ્ન: થોડા વખત પર તમે 'રંગ ગુર્જરી' પ્રસ્તુત કર્યું, જેમાં ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ વણી લેવાયો છે. ગુજરાતી રંગભૂમિમાં કોઈ એક વ્યક્તિનું નામ લેવાનું કહું જેનું સૌથી મોટું પ્રદાન હોય, તો કોનું નામ લેશો?

આ બહુ અટપટું છે. આમ જોવા જાઓ



ઉત્કર્ષ મજમુદાર અને ચિરાગ વોરા, 'માસ્ટર ફૂલમણી'



દયાશંકર પાંડે અને ધર્મેન્દ્ર ગોહીલ, 'મરીઝ'

તો એમણે રંગભૂમિ પર બહુ કામ નથી કર્યું, પણ રંગભૂમિ માટે બહુ કામ કર્યું છે. અને લખ્યું છે ઘણું- એ છે ચં. ચી. મહેતા. એમનું પ્રદાન બહુ મોટું, પણ એ આપણા કોઈના ધ્યાનમાં જ નથી. પેરિસ કન્વેન્શનમાં એમણે વિશ્વ રંગભૂમિ શરૂ કરાવી. આખા વિશ્વમાં ફરીને એમણે ઘણું બધું ગ્રંથસ્થ કર્યું, એ મારા હિસાબે ગુજરાતી રંગભૂમિ માટે બહુ મોટું પ્રદાન છે.

પ્રશ્ન: 'મરીઝ', 'કાર્લ માર્ક્સ ઇન કાલબાદેવી', 'મોહનનો મસાલો' જેવાં તમારાં નાટકોએ ગુજરાતી રંગભૂમિને એક નવું પરિમાણ બક્ષ્યું છે. તમારી દૃષ્ટિએ તમારું સીમાચિહ્નરૂપ નિર્માણ કયું અને કેમ?

દર વખતે જે નવું પ્રોડક્શન હું કરતો હોઉં એ જ મારું લેન્ડમાર્ક પ્રોડક્શન હોય. દાખલા તરીકે જ્યારે મેં કાર્લ માર્ક્સ કર્યું ત્યારે મને એમ હતું કે આ જ મારું સૌથી સારું પ્રોડક્શન છે. પછી મેં મોહનનો મસાલો કર્યું તો મને થયું કે આ જ મારું સર્વશ્રેષ્ઠ કામ છે. પછી હું આનંદીબાઈ પર આવ્યો તો મને લાગે છે કે કદાચ આ જ સૌથી સારું અને પ્રભાવશાળી છે. હજુ બે-ત્રણ પ્રોડક્શન પાઈપલાઈનમાં છે એ કદાચ શ્રેષ્ઠ થશે. બહુ ઠાવકાઈથી જવાબ નથી આપતો, પણ બહુ સાચું કહું છું કે મને મારાં કરેલાં બધાં જ નાટક ગમતાં હોય છે. મારું પહેલું નાટક ફૂલમણી પણ મને બહુ પસંદ છે. આટલાં વર્ષો પછી મને એક વાત સમજાઈ ગઈ છે કે એક નાટ્યકાર તરીકે મારું કામ એક વડીલ જેવું છે. વડીલ એટલા માટે કે એણે કુટુંબની દેખરેખ રાખવાની છે. એણે કુટુંબને કહેવાનું છે કે આ આપણા સંસ્કાર હતા. એ સંસ્કારને પ્રગટ કરીને મારે મારા કુટુંબ સમક્ષ મૂકવાના છે. એટલે હું સતત પ્રેક્ષકનો વિચાર કરું છું

કે એને આ ગમશે કે નહીં. એનો અર્થ એમ નથી કે હું એને ગલગલિયાં કરાવું છું. હું કોઈપણ જાતની બાંધછોડ કર્યા વિના મારે જે કહેવું છે એ જ કહું છું. પણ હું એ જાણું છું કે મારા પ્રેક્ષકોની રુચિ મારે વધારવાની છે.

પ્રશ્ન: તમે બાંધછોડ ન કરવાની વાત કરી. તમે ભલે તમારાં નાટકોને પ્રયોગશીલ ન કહો, પણ તમારાં નાટકો મુખ્ય પ્રવાહથી થોડાં અળગાં ચાલે છે. આ રીતે કામ કરવું પડકારરૂપ લાગે છે?

હા, પડકારરૂપ છે, પણ એમાં તો શું છે કે એકવાર તમે નીકળી પડ્યા હો પછી તો કૂચ કર્યે જ છૂટકો. પછી તમને આદત પડી જાય. શરૂઆતમાં પડકાર જેવું લાગતું હતું, પછી તો પુષ્કળ પ્રમાણમાં મને પ્રેક્ષકોનો અને કલાકારોનો સાથ અને સહકાર મળ્યા. એ માટે હું એ સૌનો આભાર માનું છું. હું મુખ્ય પ્રવાહથી અળગો છું, પણ મનોરંજન તો આમાં પણ છે, માત્ર મનોરંજનનો એક જુદો પ્રકાર છે. આ પાંઉભાજી નથી, પણ બાએ ઘેર બનાવેલી સુખડી છે.

પ્રશ્ન: લગભગ દરેક નાટ્યકર્મીનું અંતિમ લક્ષ્ય સિનેમા હોય છે. તમે એ દિશામાં થોડુંક કામ કરેલું, પછી એ દિશામાં કેમ આગળ ન વધાયું?

હા, હું શરૂઆતમાં તો ફિલ્મોમાં જ હતો. પછી નાટકમાં આવ્યો. પછી મને સમજાયું કે ત્યાં હું મારી જાત સાથે રાજા નહીં બની શકું. કારણકે ટેક્નિકલી મારે એટલાં બધાં પરિબળો પર આધાર રાખવો પડે. અહીં તો મારે નાની વાર્તા કહેવી હોય તો હું ફટાક લઈને કહી દઉં છું. પણ હવે ટેક્નોલોજી બદલાઈ છે, એટલે ખબર નથી, કાલે ઊઠીને હું કંઈ કરું પણ ખરો.

પ્રશ્ન: હવે મનોરંજનનાં અનેક સાધનો સુલભ બન્યાં છે. આ પરિસ્થિતિમાં તમને રંગભૂમિની આવતીકાલ કેવી લાગે છે?

જેમજેમ નવી ટેક્નોલોજી આવી રહી છે, બધાના હાથમાં હવે મોબાઈલ કે કોમ્પ્યુટરની કાળી સ્ક્રીન છે. ત્યારે માત્ર નાટક જ એવું માધ્યમ છે જે તમારી સાથે સંવાદ રચી શકે એમ છે. એટલે હું એને પ્રાધાન્ય આપીને કહું છું કે નાટક એ એવું જબરદસ્ત માધ્યમ છે કે તમારે દાદીમાની વાર્તા સાંભળવી હશે તો નાટક પાસે જવું પડશે. હવે માણસ બીજા માણસ સાથે સંકળાયેલો નથી રહ્યો, એટલે નાટક એક બહુ મોટું માધ્યમ બનવાનું છે. માણસને માણસ સાથે જોડનાર એકમાત્ર માધ્યમ હવે નાટક રહેશે. રંગભૂમિ જાગૃત છે ત્યાં સુધી તમે માણસને સ્પર્શી શકો છો.

❑❑❑

મુલાકાત હવે 'સુરીલા સંવાદ-3'માં ઉપલબ્ધ.

પ્રકાશક : સાહિત્ય અકાદમી, ગાંધીનગર, www.academybook.inના સૌજન્યથી



રોગ

☐ અશ્વિની બાપટ

અકુને છેલ્લા ચાર દિવસથી એક ઝીણો પણ ખલેલ પહોંચાડે તેવો અવાજ સંભળાઈ રહ્યો હતો. બરાબર રાતના દસ વાગે અકુ સૂવા જાય ત્યારે એ અવાજ શરૂ થઈ જતો. એકસરખો આવતો એ અવાજ પહેલાં અકુના અંત:કર્ણમાં ફરી વળતો અને પછી અંત:કરણને આમળતો. એણે મોટાભાઈને કહ્યું.

મોટાએ કહ્યું, 'ક્યો અવાજ? બાજુવાળાના ટી.વી.નો?'

'ના, જરા ધ્યાનથી સાંભળો. એક ઝીણો અવાજ છે.'

'ના, મને તો કંઈ નથી સંભળાતું!'

'તમને નથી સંભળાતું? આવું હુઉંઉંઉંમ્ નથી સંભળાતું? જાણે કોઈ હાર્મોનિયમનો નીચલી પટ્ટીનો સૂર દબાઈ ગયો હોય તેવો અવાજ છે.' પછી એણે પંખો બંધ કર્યો. પંખાના અવાજને લીધે ભાઈને એ સંભળાતું ન હોય એવું હોઈ શકે. તોય ભાઈને તો કશું સંભળાયું નહીં. અકુ ભીંત આગળ કાન ધરીને ઊભો રહ્યો.

'અહીં આવો. આમ મારી જેમ કાન ભીંતે અડાડો. કેટલો સ્પષ્ટ અવાજ છે.'

ભાઈને તો પણ કશું સંભળાયું નહીં. ભાઈએ પંખો ચાલુ કરીને કહ્યું,

'જા સૂઈ જા હવે. કોઈ અવાજ નથી આવી રહ્યો.'

'પણ મને આ અવાજને લીધે ઊંઘ નથી આવતી.'

ભાઈને તો બગાસાં આવતાં હતાં. 'અવાજ સંભળાતો હોય તો એના પર ધ્યાન નહીં આપવાનું. ઊંઘ આવી જશે. પોતાના શ્વાસ પર ધ્યાન આપ.' એવું કહીને સૂવા જતો રહ્યો.

અકુને ખાતરી હતી કે આ અવાજ કશેક આજુબાજુમાંથી જ આવતો હતો. એને રાત્રે ઊંઘવા દેતો ન હતો. એણે લેપટૉપ ચાલુ કર્યું. ગૂગલ સર્ચ કરવાથી મોટા ભાગના પ્રશ્નોના જવાબ મળી જતા.

'બહુ જ ઝીણો, સતત અવાજ ક્યાંથી આવે છે તે કેવી રીતે શોધવું?'

અનેક જવાબ આવ્યા. અવાજનો સ્રોત કઈ રીતે શોધી શકાય તેના જવાબોની સાથે આવો અવાજ સંભળાય તો બીજાં કારણો પણ હોઈ શકે તેવી માહિતી પણ મળી. અંત:કર્ણની રચનામાં ખામી હોવાને કારણે અથવા સતત અવાજો વચ્ચે રહેવાના કારણે સાંઈઠ ટકા લોકોમાં આ જોવા મળે છે. આંતરિક અને બાહ્ય બન્ને પ્રકારનાં અનેક કારણો આપ્યાં હતાં. એમાંનાં એક જવાબને અકુ ધ્યાનપૂર્વક, વિગતો સહિત વાંચી ગયો. આ તો કોઈ વિભ્રમ હોઈ શકે. ખાસ કરીને જો બીજા કોઈને સંભળાતો ન હોય તેવો અવાજ હોય. નીરવતામાં એ અવાજ વધુ સંભળાય. એ વાંચી રહ્યો હતો ત્યારે તદ્દન શાંતિ હતી, એ સમયે હંમેશાં શાંતિ હોય છે. અકુનું પૂરું ધ્યાન હવે અવાજ પર સ્થિર થયું. હાર્મોનિયમનો મંદ્ર ષડજ દબાવી રાખ્યો હોય તેવો અવાજ એના કાન પર હવે શારડીની જેમ ફરી રહ્યો હતો. મસ્તકની એકેએક નસમાં ઘૂસીને ઉધમ મચાવી રહ્યો હતો. એના મનમાં એવું આસન જમાવી બેઠો હતો કે બીજા કોઈ વિચારને અવકાશ જ ન હતો. એ પથારીમાં લાંબો થયો. શ્વસન પર ધ્યાન આપ્યું . ઊંડા શ્વાસ લીધા. શ્વાસ- ઉચ્છ્‌વાસ પર એ પૂરું ધ્યાન આપી, અવાજને દૂર કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ઊંઘ તો ન જ આવી. રાતના ત્રણ વાગ્યા હતા.

અવાજની જ સત્તા હતી. બીજી એક વિગત પણ એના ધ્યાનમાં આવી કે એ અવાજ એના લાંબા- ટૂંકા શ્વાસની સાથે તાલ મેળવતો હતો.

બીજા દિવસે રાતના દસ વાગે એ ભાઈ-ભાભીના રૂમમાં ગયો.

'ભાભી, ચલોને આજે રમી રમીએ!'

ભાભીએ ડ્રોઅરમાંથી પત્તાં કાઢ્યાં. ત્રણે પલંગ પર બેઠાં હતાં. ભાઈ બગાસાં ખાતો હતો. ભાભી પત્તાં પીસી રહી હતી. ભાભીએ એક એક પત્તું કરીને સાત-સાત પત્તાં દરેકને વહેંચ્યાં. અકુ હાથમાં સાત પાનાં લઈ ગોઠવવા માંડ્યો. ગોઠવતાં ગોઠવતાં જ પેલો અવાજ સંભળાયો.

'જુઓ, તમારા રૂમમાંય આ અવાજ સંભળાય છે.'

'કેવો અવાજ?'

'ભાભી, તમને પણ નથી સંભળાતો?'

'ના.'

અકુને હવે પત્તાંમાં રસ ન હતો પણ ચાલુ કરેલી રમત પૂરી તો કરવાની હતી.

'મને તો નવાઈ લાગે છે કે તમને આ અવાજ સંભળાતો નથી.' કહીને અકુ પોતાની રૂમમાં ચાલી ગયો.

ઘરમાં કોઈ અકુની વાત માનતું ન હતું પણ અકુને અવાજના અસ્તિત્વ વિશે કોઈ શંકા ન હતી. ફરી આખી રાત પથારીમાં પડ્યાં પડ્યાં અકુએ એ અવાજને ધ્યાનથી સાંભળવામાં ગાળી. જો આંતરિક કારણ હોય અથવા તેનો ભ્રમ હોય તો આ અવાજ રાતે જ કેમ સંભળાય? શાંતિ હોય એટલે? પણ, બહારનો જ કોઈ અવાજ પણ દિવસમાં સતત રહેતો હોય પણ સંભળાતો ન હોય અને રાતની શાંતિમાં ઊઠી આવતો હોય એવુંય હોઈ શકે. પોતાને કોઈ માનસિક બિમારી હોઈ શકે એવા વિચારને એણે રદ્દ કરી નાખ્યો. એને એક બીજો વિચાર આવ્યો કે કદાચ આ એમની અગાશીમાં પાણીની ટાંકીની નવી મોટરનો અવાજ હોઈ શકે.

બીજા દિવસે અકુએ ભાઈને આ શક્યતાની વાત કરી.

ભાઈ છાપું વાંચતો હતો.

'સવાર સવારમાં માથું ન પકાવ.'

'આપણે સોસાયટીમાં ફરિયાદ તો કરીએ. મોટરનું સાઈલેન્સર તપાસવું જોઈએ. આવો અવાજ આપણને હાનિ કરે છે. પ્રદૂષણ છે.'

ભાઈ વધુ ખિજાયો.

'ક્યા અવાજની વાત કરે છે? અવાજ હોય તો હાનિ કરે.'

'આપણે કોઈ એક્સ્પર્ટ પાસે તપાસ કરાવીએ. પ્લમ્બિંગના પણ એક્સ્પર્ટ હોયને? તમે સેક્રેટરીને લખો. કાં તો ફોન કરો.'

ભાઈએ છેવટે સેક્રેટરીને ફોન કર્યો. સેક્રેટરીએ કહ્યું, 'આપકે ઘર આ કર દેખના પડેગા.'

'નહીં નહીં, અભી મત આઓ. વો આવાઝ રાત કો આતી હૈ.'

અકુએ સૂચવ્યું મોટર ચેક કરાવવાનું.

સેક્રેટરીએ કહ્યું, 'લેકિન હમકો તો વો આવાઝ નહીં આતી હૈ. સબકો પૂછ કે દેખો.' સેક્રેટરી તો કંઈ કરવાનો ન હતો એવું લાગ્યું. અકુએ બહુ કહ્યું એટલે ભાઈએ એક રવિવારની સાંજે પોતાના ખર્ચે તપાસ કરાવી. પ્લમ્બરે કહ્યું ટાંકીની મોટરનો કોઈ અવાજ નથી. સાઈલેન્સર બરાબર કામ કરે છે. બની શકે કે પાણીના દબાણમાં વધ-ઘટ થવાને લીધે અમુક સમયે આ અવાજ આવતો હોય.

અકુએ ભાઈને કહ્યું, 'જોયું? તમે માનતા ન હતા પણ અવાજ તો આવે જ છે.'

ભાઈએ કહ્યું, 'પ્લમ્બરે શક્યતાની જ વાત કરી છે. અને જો સાચે જ અવાજ આવતો હોય તો અમને કેમ સંભળાતો નથી?'

'પણ મને સંભળાય છે. મને આખી રાત ઊંઘ નથી આવતી.'

'તે તને તો ક્યાંથી ઊંઘ આવે? અમને તો પથારીમાં પડ્યાભેગાં ઊંઘ આવી જાય છે.'

અકુ ચૂપ થઈ ગયો. પોતે બેકાર હતો. કશે નોકરી મળતી ન હતી, એ વાત તરફ ઇશારો સમજી ગયો. ઘવાયો. એટલું ઓછું હોય તેમ ભાભીએ ઉમેર્યું, 'જ્યારે જુઓ ત્યારે અકુભાઈ પથારીમાં પડ્યા રહે છે. કમ્પ્યુટર કાં તો મોબાઈલ લઈને. હું ઘરમાં હોઉં ત્યારે કહેવાય એટલું કહું પણ હું એમને કેટલું કહી શકું. કંઈ નહીં તો પોતાનું કશુંક શરૂ કરે. જે આવડે તે. જુવાન છોકરો દેશની વસ્તીના ઉદ્યમી ઘટકનો ભાગ ગણાય. પણ આખો દિવસ સ્ક્રિન પરથી આંખો ઊઠે તોને!'

'કમ્પ્યુટર પર હું કંઈ ટાઈમપાસ નથી કરતો. કંઈક વાંચતો- લખતો હોઉં છું. નોકરી નથી જ મળી રહી તો શું કરું?'

'પણ શારીરિક વ્યાયામ જેવું કંઈક તો હોય કે નહીં?'

અકુ પોતાની રૂમમાં ચાલી ગયો.

ભાભીએ ભાઈને કહ્યું, 'જોયું, જવાબ ન હોય ત્યારે આવી રીતે ચર્ચા છોડીને જતા રહેવાનું. તમેય કંઈ કહેતા નથી. આમ ને આમ ક્યાં સુધી?'

ભાભી હજુય કંઈક બોલી રહી હતી, શબ્દો સમજાતા ન હતા. અકુએ રૂમનું બારણું બંધ કરી દીધું.

એ પછી ઘરમાં શાંતિ હતી. પેલો અવાજ તો આવી જ રહ્યો હતો. મંદ્ર સપ્તકનો ષડજ. એની સાથે ભાભીનો અવાજ પણ આવતો હતો. 'આમને આમ ક્યાં સુધી...' 'ક્યાં સુધી...' 'ક્યાં સુધી..' એક સરખું સંભળાઈ રહ્યું હતું. જાણે રેકોર્ડ વાગી રહી હોય તેમ. ભાભીનો એક સરખો અવાજ હવે પેલા હુંઉંઉંમ્ અવાજને દબાવી રહ્યો હતો. અકુ ભીંસાઈ રહ્યો હતો. એ રૂમમાં આંટા મારવા માંડ્યો. બેમાંથી એકે અવાજ બંધ થતો ન હતો. છેક રાતના ત્રણ વાગ્યા સુધી અકુએ લેપટૉપ ચાલુ કરીને

સરકારી નોકરી માટે સ્પર્ધા પરીક્ષાઓની તેણે તૈયાર કરેલી નોંધો વાંચવા પ્રયત્ન કરતો રહ્યો પણ મગજમાં કશું જ જતું ન હતું. ભાભીનો અવાજ બળવત્તર થઈ રહ્યો હતો. અકુ ટિપાઈ રહ્યો હતો. છેવટે ત્રણ વાગે ઘાયલ થઈને લેપટૉપ બાજુએ મૂકી પથારીમાં લાંબો થયો. પથારીમાં પડીને અકુએ એ અવાજ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એને સંભળાય છે એ તો હકીકત હતી. એવો પણ પજવે તેવો ન હતો. માત્ર એને જ સંભળાતો હતો. માત્ર એને જ એ અવાજ સાથે લેવાદેવા હતી. હવેથી એ અવાજને પોતાની નિજી સંપત્તિ ગણવાનો. છેલ્લા અઠવાડિયાથી બરાબર સૂતો ન હતો એટલે ઊંઘ આવી ગઈ. બેભાન થયા જેવી ઊંઘ આવી ગઈ.

સવારે ભાભીએ બારણું ઠોક્યું.

'અકુભાઈ, હું નીકળું છું. આજે મને મોડું થઈ ગયું છે. બારણું બંધ કરી દો.'

અકુ ભાભીની પાછળ દરવાજા સુધી આવ્યો. ભાભીએ દરવાજા પર અટકીને કહ્યું,

'આજે તમારા ભાઈને પૂના જવાનું હતું એટલે બહુ વહેલા નીકળી ગયા. એ તો મોડી રાતે આવશે. એટલે સાંજે છૂટ્યા પછી હું પણ મમ્મીના ઘરે જઈશ, જમીને આવીશ. તમે તમારું જોઈ લેજો.'

ભાભી ગઈ. અકુએ રસોડામાં પોતાની ચા મૂકીને બાથરૂમમાં ગયો. બ્રશ કરતાં કરતાં ચા ઊભરાવાનો અવાજ આવ્યો અને રસોડામાં દોડ્યો. વખતસર ગૅસ બંધ કરી દીધો, ચા બચી ગઈ. 'હાશ!' કરીને એ બાથરૂમમાં ગયો.

ચા ઊભરાવાનો અવાજ ફરીથી આવ્યો. ઝઝઝઝ...

પહેલાં તો ગણકાર્યું નહીં. એ ટૉવેલથી મોં લૂછતાં લૂછતાં રસોડામાં આવ્યો. ગૅસ તો બંધ કરેલો જ હતો, તોય નીચે નમીને બર્નર જોયું. ચા ગાળીને બહાર ડાઈનિંગ ટેબલ પર કપ મૂક્યો, છાપું લીધું. છાપું વાંચતાં ભાભીનો અવાજ : 'તમે તમારું જોઈ લેજો..' 'જોઈ લેજો...' ' જોઈ લેજો...' વારંવાર આ શબ્દો સંભળાઈ રહ્યા હતા. ચામાં ખાંડ નાખવાની રહી ગઈ હતી. પાછો રસોડામાં ખાંડ લેવા આવ્યો. ખાંડનો ડબ્બો મળતો ન હતો. 'જોઈ લેજો' 'જોઈ લેજો' શબ્દો ગૂંજી રહ્યા હતા. એ બહાર આવી ગયો. મોળી ચા પી લીધી. હજી એ શબ્દો અને ચા ઊભરાવાનો અવાજ એને હેરાન કરી રહ્યા હતા. એને થયું, ઘરમાંથી બહાર જ નીકળી જવું. ક્યાં?

અકુ લગભગ એક મહિનાથી બહાર નીકળ્યો ન હતો. બે- ત્રણ મિત્રો માંડ બચ્યા હતા અને તે પણ નોકરીએ લાગી ગયા હતા. જવું તો ક્યાં જવું? આટલા મોટા શહેરમાં અનેક જગ્યાઓ હતી. દરિયાકિનારો, કલાદાલન, બાગ, થિયેટર, મોટી બજાર.... દરેક ઠેકાણાં પર એ ચોકડી મૂકતો હતો. ક્યાંય જ જવા જેવું લાગ્યું નહીં. ઘર નજીક એક મૉલ છે ત્યાં? જ્યારે ક્યાં જવું તે ન

સમજાય ત્યારે મૉલ ઉત્તમ. શું જોઈએ છે તે ખબર ન હોય તો પણ જવાય, કોઈ પૂછે પણ નહીં.

અકુને કંટાળો તો બહુ આવતો હતો પણ નાહી, કપડાં બદલી ઘર બહાર નીકળી આવ્યો, જરા બડબડ્યો: મારો પીછો ના કરશો. બરાબર તાળું મારતી વખતે. તે જ વખતે સોસાયટીના સેક્રેટરી પૅસેજમાં થઈ ઉપલા માળે જઈ પોતાના ઘરે જઈ રહ્યા હતા.

'આપને કુછ બોલા?'

'ના.'

'નહીં. આપને પીછા નહીં કરનેકો બોલા. મૈં ક્યા આપકા પીછા કર રહા હૂં?'

'અરે મેનનસા'બ, મૈંને આપકો કુછ નહીં કહા હૈ.'

'આપકો ગુસ્સા આયા હૈ યે માલૂમ હૈ મેરેકો. સબ પીછેસે બાત કરતે હો. સારા સોસાયટીકા કામ મૈં કરતા હૂં. રિટાયર્ડ કરકે ઔર ઉપરસે લોગોંકા બાત સુનો. વાહ રે વાહ કૈસે લોગ હૈ!'

અકુ જવાબ આપ્યા વિના દાદરો ઊતરી ગયો. ઊતરતાં ઊતરતાં 'કૈસે લોગ હૈ' સંભળાવા માંડ્યું. રસ્તા પર આવી એણે રિક્ષા લીધી. સતત કાનમાં વાગતું રહ્યું: કૈસે લોગ હૈ.

અકુ મૉલમાં ગયો. ખાસ ગર્દી ન હતી. ચાલુ દિવસ હતો. ફૂડ કોર્ટમાં કૉફી શોપ પર જઈ એક કૉફી લીધી. ત્યાં ચાર-પાંચ કૉલેજિયન છોકરાઓ પણ ઊભા હતા. કૉફી પીતાં પીતાં અકુને સંભળાયું કૈસે લોગ હૈ, એટલે એ બબડ્યો: કૈસે લોગ હૈ...કૈસે લોગ હૈ...

છોકરાઓએ કહ્યું, 'ઓ અંકલ, અમે શું કર્યું?'


અકુને તો એમનું બોલવું પણ સંભળાયું નહીં એટલે એનું 'કૈસે લોગ હૈ' ચાલુ રહ્યું. છોકરાઓ ટિંગલ કરવા માંડ્યા. અકુને એમનું હસવું સંભળાયું પણ એને એમનું હસવાનું સમજાયું નહીં. અજાણ્યા છોકરાઓને કશું કહેવાનું ઠીક ન લાગ્યું. અકુએ કૉફીનો કપ કાઉન્ટર પર મૂકી દીધો. ત્યાંથી નીકળ્યો કે તરત એને 'અંકલ મેદાન છોડી ક્યાં ચાલ્યા?'ની સાથે જોરજોરથી હસવાનો અવાજ આવ્યો. મૉલની બહાર નીકળ્યા પછી પણ પેલો હસવાનો અવાજ આવી રહ્યો હતો. જોરજોરથી હસવાનો અવાજ એની જ ઠઠ્ઠા માટે હતો એવી એને ખાતરી હતી.

એ દિવસ પછી આ હસવાનો અવાજ એને સતત આવતો હતો. હવે માત્ર પેલા છોકરાઓ જ નહીં પણ બધા જ લોકો હસતા હતા, એવી અકુને ખાતરી હતી. બધા જ એના પર હસી રહ્યા હતા. પોતાને આવું કેમ સંભળાઈ રહ્યું હતું તે શોધવા ગૂગલ સર્ચ કરવાનું પણ સૂઝતું ન હતું. એવી સૂધ રહી ન હતી. હવે એ છૂટથી ઘર બહાર નીકળવા માંડ્યો હતો. અકુને કોઈ કંઈ પણ પૂછે તો અકુ હસવા માંડતો. એને થતું હસવાનો જવાબ હસવામાં જ હોય કે નહીં!

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



□ પ્રવીણસિંહ ચાવડા

૧૯. શરણાઈ, સાંબેલું તથા અન્ય વાદ્યો

હિંસક પશુને (આગળના પ્રકરણમાં પ્રયોજાયેલું ગાયનું રૂપક આથી રદ કરવામાં આવે છે) જે પ્રદેશમાં મોકલવામાં આવ્યું ત્યાં માત્ર ઘાસ જ હતું, કહો કે વિદુરજીની ભાજીઃ પચવામાં હલકી, નિર્દોષ અને છતાં ગુણકારી. જિલ્લાની સ્કૂલો પોતાના કર્મચારીઓના પગારનું બિલ તૈયાર કરીને અમારી ઓફિસે મોકલે. તેની ચકાસણી થાય અને અધિકારીના પ્રતિહસ્તાક્ષર (counter-signature) સાથે બિલ સરકારી ટ્રેઝરીમાં મોકલવામાં આવે. ટ્રેઝરી દ્વારા મહિનાની પહેલી-બીજી તારીખે પગારની રકમ જે તે કર્મચારીના બેન્કના ખાતામાં સીધી જમા કરવામાં આવે.

ટૂંકમાં, અમારી ઓફિસનું કામ લગભગ ટપાલી જેવું. ગેરરીતિ માટે અવકાશ જ નહીં એમ માની લેવામાં આવ્યું હતું.

પરંતુ આ તો સામાન્ય માનવીની સમજ હતી.

કલાકારની વાત જુદી છે.

કલાકાર કોને કહો? મૌલિકતા તે એનું મૂળભૂત લક્ષણ. કલ્પનાશીલતા તે એનું ચાલક ઈંધણ, સીધી લીટીમાં વિચારે, અગાઉથી ચાલ્યું આવતું હોય એમ હાંક્યે રાખે, તો તે કલાકાર શાનો?

ચીલેચીલે ન ચાલનારો (આ કિસ્સામાં) તે કપૂત છે.

દલપતરામનું સ્મરણ કરીએ.

શરણાઈ તો ઘણા વગાડે. પોલું છે

અને વગાડ્યું એમાં શી નવાઈ કરી?

આપણો કલાકાર તો સાંબેલું પણ વગાડી જાણે. પોલું નથી, પણ એવી જાદુઈ ફૂંક મારે કે સાંબેલામાં સોંસરું પોલાણ પેદા થાય અને ભીતરથી અભૂતપૂર્વ સૂરાવલિ નીકળે.

હવે, આપણા કલાકારનાં વાણીવર્તનવ્યવહારને સહેજ ઝીણવટથી તપાસીએ.

બદલીના હુકમથી ઓફિસમાં હાહાકાર વ્યાપી ગયો અને એનાં આંદોલનો છેક ગાંધીનગર સુધી પહોંચ્યાં, પરંતુ એ નિર્લેપ રહ્યો. કાકાએ મને ફોન કર્યો હોય તો તે કાકા જાણે, ભત્રીજાએ બદલી બંધ રાખવા મારી સમક્ષ કોઈ રજૂઆત કરી નહીં. ઓફિસમાં પણ એ વિશે કોઈની આગળ બબડાટ કર્યો નહીં. બીજા દિવસે ચાર્જ છોડી દીધો અને હંસલાએ નવાં કલેવર ધર્યાં.

વિનમ્ર તો હતો જ, વધારે વિનમ્ર બન્યો. ચહેરા પર શીતળતાનો ઘટ્ટ લેપ થયો. ચાલ વધારે ધીમી પડી. હોઠ પર હળવું સ્મિત સતત ફરકવા લાગ્યું.

જાતને ઓગાળી નાખી. ‘સ્વ’નું દર બનાવી એમાં પેસી ગયો.

એણે કેવી કલા બતાવી, કયા રસાયણની મદદથી ભાજીનું રૂપાંતર સામિષ ભોજનમાં કર્યું તેની વિગતો રસપ્રદ છે, પરંતુ તે અન્યોને પ્રેરણા આપે એવી હોઈ આપણે કરંડિયાનું ઢાંકણું ખોલતા નથી.

માત્ર ઘટનાક્રમ જોઈએ.

ભાવનગરથી મારી બદલી થઈ તેનાં લગભગ બે-ત્રણ વર્ષ પછી, પગારશાખામાં થયેલી લાખો રૂપિયાની ઉચાપતનું પ્રકરણ બહાર આવ્યું. તે કર્મચારીની સામે ફોજદારી કેસ થયો અને તેને નોકરી પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો. ઉચાપત એક સાથે મોટી રકમની નહોતી કરવામાં આવી. એની શૈલી મધુમક્ષિકાની હતીઃ ટીપું અહીંથી લેવું, ટીપું તહીંથી. શાસ્ત્રીય સંગીતનો લયઃ એના ચહેરાની શીતળતા અને મંદ સ્મિત સાથે સુસંગત.

ત્રણેક અધિકારીઓના સમય દરમિયાન આ પ્રવૃત્તિ ચાલી હતી. એકાદ-બે બિલો મારા સમયનાં પણ હતાં.

કોર્ટમાં કેસ એની ગતિએ ચાલ્યો અને આઠદસ વર્ષ પછી, છેક 1991-93 દરમિયાન, સરકાર તરફથી સાક્ષી આપવા માટે મારો વારો આવ્યો. આ કામ હતું થોડી મિનિટોનું - બિલની ચકાસણી કરવાની પ્રક્રિયા સમજાવવી, બિલમાંની સહીઓ ઓળખી બતાવવી- પરંતુ તે તો સાક્ષીના કઠેડા સુધી પહોંચાય ત્યારે.

દરેક વખતે મુદત પડે.

ચાલો પાછા અમદાવાદ.

*

કથાનો આટલો ભાગ સરકારી.

હવે થોડું માનવીય તત્ત્વ (The Human Factor) પ્રવેશ કરે તો તેથી રસભંગ નહીં થાય એમ હું માનું છું.

ગુનો તે ગુનો છે, તેનો બચાવ કરી શકાય એમ નથી. સાથે સાથે, જીવતોજાગતો માણસ – જેવો હોય તેવો – એ પણ કંઈ નાનુંસૂનું સત્ય નથી.

દરેક મુદતે, કોર્ટ કમ્પાઉન્ડમાં પગ મૂકતી વખતે કંઈક ક્ષોભનો અનુભવ થાય, કારણ કે વકીલો તથા અસીલોની ભીડ વચ્ચે પણ એક માણસ દેખાયા વગર રહે નહીં. દૂર ક્યાંક ખૂણામાં, એકાદ વૃક્ષની ઓથે ઊભેલો દૂબળો માણસ. ચિત્રને જરાક ધ્યાનથી જુઓ! વૃક્ષની ઓથે પુરુષ એકલો નથી, એની પાછળ સ્ત્રી ઊભી છે. સ્ત્રીની થોડી રેખાઓ જ દેખાય છે, પરંતુ થોડી રેખાઓમાં તો સંપૂર્ણ ચિત્ર કરતાં પણ અર્થોની સઘનતા વધારે હોય છે તે કોણ નથી જાણતું?

એક સમયનો મારો સહકાર્યકરઃ આજે એ આરોપી હતો અને હું એની વિરુદ્ધનો સાક્ષી. કોર્ટના કેસ પૂરતા સામસામે, પરંતુ તેથી અમે આપોઆપ શત્રુ નહોતા બની જતા. એને જોયો-ન જોયો કરી, અથવા તિરસ્કારભરી દ્રષ્ટિ એ આતતાયી પર નાખી ધમધમ કોર્ટનો દાદર ચડી જવું તે મારે માટે શક્ય નહોતું.

એમાં વળી, કોઈ પણ પ્રસંગને ભીનાશ આપે, વિકૃત રેખાઓને સહેજ નરમ બનાવે એવું પેલું તત્ત્વ-સ્ત્રીની હાજરી.

જાણે કહેતી હોયઃ તમારો ધર્મ જે કહેતો હોય તેનું પાલન અવશ્ય કરજો, પરંતુ એટલું યાદ રાખજો કે અમે જુદાં નથી; તેથી બંનેને ભેગાં ગણીને હિસાબ કરજો.

પહેલ મારે કરવી પડે.

હું એમની પાસે જાઉં.

'નમસ્તે, સર!'

સ્ત્રીના હોઠ પણ હાલે – નમસ્તે.

હું સામે પ્રણામ કરું.

પછી?

બોલવાનું કંઈ હોય નહીં, મુલાકાત પૂરી.

એ વ્યક્તિને ગૌરવ આપતો ભાગ તે આઃ અમારે દરેક મુદતે મળવાનું થતું પણ કેસને લગતો એક શબ્દ પણ એ ક્યારેય બોલ્યો નહીં. મારી સમક્ષ સાચોખોટો બચાવ કરવાનો પ્રયત્ન કર્યો નહીં. આવા કિસ્સાઓમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી દલીલ – મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે! – કરી નહીં.

આજીજી ન કરી. કૃપાની માગણી ન કરી.

જોકે, કોઈ કહી શકે કે, અમુક સંજોગોમાં સહાનુભૂતિ જીતવા માટે શબ્દો કરતાં વધારે અસરકારક સાધન છે મૌન.

[ક્રમશઃ]



સુરેશ દલાલ અને અનિલ જોશી

કેમ સખી ચીંધવો પવનને-૪૨

☐ અનિલ રમાનાથ જોશી

એક સાંજે નિદા ફાઝલી મારે ઘેર આવ્યો. અમે ખૂબ સાથે બેઠા. ફાકા મસ્તીના દિવસો યાદ કર્યા. નિદાનું એવું હતું કે તે બહુ મોટો ગઝલકાર હતો પરંતુ તે વિદેશની કવિતાઓ બહુ વાંચતો હતો. ખાસ કરીને વિદેશની કવિતાનો ઊંડો અભ્યાસી હતો. એ સાંજે નિદાએ મને પેલેસ્ટાઈનના કવિ મહેમૂદ દરવેશની એક કવિતા સંભળાવી. અમારી વાતો દોસ્તી વિષે થતી હતી. બ્લેક લેબલ સ્કોચનો ઘૂંટ ભરતાં નિદા કહે : 'ચલો, દરવેશ કો સૂને.'

"મારો શબ્દ જ્યારે માટી હતો ત્યારે
મારી દોસ્તી ઘઉં સાથે હતી
મારો શબ્દ ક્રોધ હતો ત્યારે
મારી દોસ્તી જંજીરો સાથે હતી
મારો શબ્દ પથ્થર હતો ત્યારે
મારી દોસ્તી નદીઓ સાથે હતી
મારો શબ્દ કડવું સફરજન હતો ત્યારે
મારી દોસ્તી આશાવાદીઓ સાથે હતી

પણ મારો શબ્દ મધ બની ગયો ત્યારે
મારા હોઠને મધમાખીઓએ ઘેરી લીધા"

મહેમૂદ દરવેશની આ કવિતા સાંભળીને હું ઘણા દિવસ ટ્રોમામાં રહ્યો. નિદાના વ્યક્તિત્વમાં એક ખૂબસુરત લાપરવાહી હતી. અમરેલી છોડ્યા પછી મને એક દહેશત હતી કે મુંબઈમાં મને રમેશ અને મનોજ જેવા દોસ્ત મળશે કે નહીં? પરંતુ એની ખોટ ઓલમાઈટીએ તરત પૂરી દીધી. મુંબઈએ મને સિતાંશુ, ઘનશ્યામ દેસાઈ, હરીન્દ્ર દવે અને સુરેશ દલાલ, નિદા ફાઝલી જેવા અનેક દોસ્તો આપ્યા, જેને લીધે હું મુંબઈમાં ટકી શક્યો. નિદા અને હું મોડી રાતે છૂટા પડ્યા. જતાં જતાં નિદાને એના પિતાજી યાદ આવ્યા એટલે થોડીવાર અટકીને મને કહે : "હું ભૂકંપ જેવી અનેક વિનાશકારી ઘટનાઓ ભૂલી ગયો છું, પણ મને બરાબર યાદ છે અલમારી પર રાખેલી મારા પિતાજીની તમાકુ.'' એ વાત જાણીતી છે કે નિદાનાં માતા-પિતા પાકિસ્તાન શિફ્ટ થઈ ગયાં હતાં; પણ નિદા જીદપૂર્વક પરિવાર સાથે પાકિસ્તાન ગયો નહીં. નિદાના પિતાજી મૃત્યુ પામ્યા એ વખતે નિદા દફનવિધિમાં જઈ શક્યો નહીં એટલે તો નિદાએ પેલી યાદગાર કવિતા લખી :

"मैं तुम्हारी कब्र पर फ़ातेहा पढने नही आया,
क्योंकी मैं कब्रमें बंध हूं और तुम मुजमें
जिन्दा हो"

નિદા ફાઝલી સાથે ગાળેલી એ રાત હું ભૂલી શકતો નથી.

મહાપાલિકામાં મારા દિવસો પસાર થતા હતા. મારી નોકરી કોન્ટ્રાક્ટ પર હતી. મહિને ૧૨૦૦ રૂપિયા મળતા હતા. એ સિવાય બીજા કોઈ લાભો મને મળતા નહોતા. સંતાનો મોટાં થતાં હતાં. એ દિવસોમાં ઘરના બે છેડા ભેગા કરવા માટે મારે જાહેરખબરો લખવી પડતી હતી. એટલે મોડી રાતે ઘેર પહોંચું ત્યારે સંકેત-રચના સૂઈ ગયાં હોય. એમાં વળી ડિસેમ્બર મહિનો આવે ત્યારે મારો કોન્ટ્રાક્ટ રિન્યુ થશે કે નહીં એનું સખત ટેન્શન રહેતું હતું. એ દિવસોમાં હું સુરેશ દલાલને ક્યારેય ભૂલી શકતો નથી. અહીં દૃશ્ય બદલાય છે.

શનિવારની બપોરનો સમય છે. સુરેશ દલાલની ચેમ્બરમાં હું બેઠો છું. અલકમલકની કવિતાઓની વાતો થઈ રહી છે. એવામાં ફોરસ્ક્વેર સિગારેટના ધુમાડા કાઢતાં સુરેશભાઈએ મને કહ્યું: "અનિલ, તું માટુંગાની એસ.એન.ડી.ટી. કોલેજમાં પાર્ટ ટાઈમ લેક્ચરર થઈ જાને! મોર્નિંગ કોલેજ છે. વહેલી સવારે તારે બી.એ.ના પીરિયડ લેવાના છે. તને હજાર રૂપિયા મળશે." મેં હસીને વાત ઉડાડી દીધી. મેં કીધું:

''સુરેશભાઈ, હું માત્ર બી.એ. પાસ છું. લેક્ચરર થવાની મારી પાસે કોઈ લાયકાત નથી. ઇન્ટરવ્યુ માટે હું લાયક નથી." એટલામાં સુરેશ દલાલે સિગારેટનો લાંબો કસ ભરતાં કહ્યું : ''ઇન્ટરવ્યુ

લેનાર હું જ હોઈશ, તું એપ્લિકેશન લખીને માટુંગા કોલેજમાં જઈને આપી આવ.'' આટલું કહીને સુરેશભાઈએ તરત માટુંગા કોલેજના પ્રિન્સિપાલને ફોન કર્યો. ઇન્ટરવ્યુની તારીખ પણ નક્કી થઈ ગઈ. મને આ બધું ચમત્કાર જેવું લાગ્યું પરંતુ કોઈ ચમત્કાર નહોતો. સુરેશ દલાલ અવારનવાર ગોંડલ પૂ.ભાઈ પાસે જતા. ભાઈ માટે એમને અખૂટ શ્રદ્ધા હતી. તે કાયમ કહેતા: ''ડલ થઈ જાઓ તો ગોંડલ જાઓ." મને તરત સમજાઈ ગયું, મારી ચિંતા જગદંબા કરે છે. એ પછી ભાઈ વિષે અનેક વાતો થઈ. સુરેશ દલાલે પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું : "અનિલ, એકવાર પેરિસના એરપોર્ટ ઉપર મારું પાઉચ ખોવાઈ ગયું. ઉત્પલ ટેન્શનમાં આવી ગયો. હવે શું કરશું? મારી ટિકિટ, પાસપોર્ટ તેમ જ અગત્યના કાગળો એ પાઉચમાં જ હતાં. ખૂબ તપાસ કરી પણ ક્યાંય મળ્યું નહિ. સહુ અસહાય બેસી રહ્યા. એ વખતે ઉત્પલને મેં કહ્યું: "ઉત્પલ, મારા એ પાઉચમાં ભાઈનો એક ફોટો છે એટલે તું ચિંતા કર મા, પાઉચ મળી જશે." આ કહ્યા પછી લગભગ એકાદ-બે કલાક પછી એરપોર્ટ અધિકારી મારું પાઉચ લઈને આવ્યો અને મને સોંપી દીધું. આ ચમત્કાર નહોતો, પણ મા જગદંબાની કૃપા હતી." આ સાંભળીને મને ફિલ થયું કે મા જગદંબા લોજિકથી નથી સમજાતી પણ કૃપાનો અનુભવ થાય છે. હવે હું કોલેજમાં લેક્ચરર થઈશ એ ઘટના પાછળ માની કૃપા જ હતી. કૃપા તો સતત વરસતી જ હોય છે પણ આપણે ઊંધી તપેલી રાખીને ઝીલવા જઈએ તો કૃપાનો અનુભવ થાય નહીં. અહીં દૃશ્ય બદલાય છે.

માટુંગા કોલેજમાં ઇન્ટરવ્યુ આપવા જવાનો દિવસ આવી પહોંચ્યો. મારે સવારે અગિયાર વાગ્યે માટુંગા પહોંચવાનું હતું. મેં બધી તૈયારી કરી લીધી હતી એટલામાં જોરદાર વરસાદ શરૂ થઈ ગયો. હું છત્રી લઈને હાર્બર લાઈનની ટ્રેન પકડીને માટુંગા કોલેજમાં પહોંચ્યો. અડધો ભીંજાઈ ગયો હતો. છત્રી બંધ કરીને હું પ્રિન્સિપાલ ધૈર્યબાળા વોરાની ચેમ્બરમાં ગયો. પ્રિન્સિપાલ આવી ગયાં હતાં. હવે ફક્ત સુરેશ દલાલની જ રાહ જોવાતી હતી. બહાર જોરદાર વરસાદ પડી રહ્યો હતો. ઠેર ઠેર પાણી ભરાયાં હતાં. અમને જરા ચિંતા થઈ કે સુરેશભાઈ છેક ચર્ચગેટ રહે છે. આટલા વરસાદમાં કેવી રીતે આવશે? ઘડિયાળમાં સાડા દસ થવા આવ્યા હતા. એટલામાં સુરેશભાઈ સાવ ભીંજાયેલી હાલતમાં માટુંગા કોલેજમાં પહોંચી ગયા. થોડા ફ્રેશ થઈને પ્રિન્સિપાલની ચેમ્બરમાં બેઠા. મારો ઇન્ટરવ્યુ મને એક પણ સવાલ પૂછ્યા વિના સુરેશ દલાલે કહ્યું : ''તને હું શું પૂછું? આતો ફોર્માલિટી કરવી પડે." મને નિમણૂકપત્ર મળી ગયો. હું પાર્ટટાઈમ લેકચરર બની ગયો. સાલા મેં તો સાબ બન ગયા. ૧૦૦૦ રૂપિયાની



અનિલ જોશી અને નિદા ફાઝલી


આવક વધી એનાથી થોડી રાહત થઈ. કવિ અને કવિતા માટેની આટલી બધી ખેવના સુરેશ દલાલ સિવાય બીજે ક્યાંય જોવા મળે નહીં. એ દિવસે મારી આંખના ખૂણા ભરાઈ ગયા હતા પણ વરસાદમાં દેખાયા નહીં. આવી ઘટના ફક્ત મુંબઈમાં જ જોવા મળે, ગુજરાતમાં કોઈ કવિ માટે કે કવિતા માટે આટલી નિસ્બત તમને જોવા નહીં મળે.

મારી બેટરહાફ ભારતી પિયર ગઈ હતી. એવામાં એકાએક અમરેલીથી રમેશ પારેખ આવી ચડ્યો. મુંબઈમાં આખો દિવસ રખડ્યા પછી સાંજે ભૂખ લાગે એટલે સીધા રસોડામાં જઈએ. ડબલા-ડૂબલી વીંખી નાખીએ. કંઈ ના મળે એટલે લમણે હાથ દઈને બેસીએ, શું કરીશું? રમેશ કહે: "મને ભાખરી બનાવતા આવડે છે ચાલો રાંધીએ." રમેશના હાથે સરસ મજાની ગોળ ભાખરી વણાતી હતી અને મેં ભાખરી વણવાની ચેષ્ટા કરી કરી તો મારી ભાખરી શ્રીલંકાના નકશા જેવી થઈ ગઈ. એ દિવસોમાં અમે રસોડામાં બેસીને જે કાવ્યશાસ્ત્ર વિનોદ કર્યો હતો એની સ્મૃતિ તાજી થઈ જાય છે. સાચું પૂછો તો રસોડા જેવી ક્રિયેટિવ પ્લેસ બીજી એકેય નથી. એક વિખ્યાત અમેરિકન કવયિત્રીએ તો સાફ લખ્યું છે : "મારી મોટાભાગની કવિતાઓ મેં રસોડામાં રસોઈ કરતાં કરતાં મનોમન લખી છે. આપણને થાય કે હરીન્દ્રના ભાણામાં રોટલી પીરસાઈ હોય તો હરીન્દ્ર બીતાં બીતાં રોટલી પાસે અનુમતિ માગે કે "તને ખાઉં?'' મુંબઈમાં રસિક શાહના

રસોડાની મિજબાની અનેક કલાવંતોએ માણી છે. વેણીભાઈ પુરોહિત તો છડેચોક કહેતા કે ક્રિયેટિવિટીનો બધો આધાર અન્નપૂર્ણા ઉપર. સુરેશ ખારમાં રહેતા હતા એ દિવસોમાં હું એમના રસોડામાં ગયો હતો. સુરેશ રજવાડી માણસ હતો એટલે રસોડામાં જાય નહિ પણ 'ભરેલાં રીંગણ'નું શાક જોઈને એની આંખમાં ઝળઝળિયાં આવી જાય. બે હાથે ખાય. કોઈ ઢીલાપોચા માણસને સુરેશ કાયમ ‘લચકો દાળ’ જેવો માણસ કહે.

સુરેશ દલાલ સાથે ફોરસ્ક્વેર સિગારેટો ખૂબ પીધી. હરીન્દ્ર દવેએ સિગારેટ છોડાવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા, નિષ્ફળ ગયા. સુરેશ દલાલે એક શરતે સિગારેટ છોડવાનું વચન આપ્યું કે "હરીન્દ્ર, તું પાંચ સરસ કવિતાઓ લખીને આપે તો અમે બન્ને સિગારેટ છોડી દઈએ." હરીન્દ્ર ખુશ થયા. એ પછી ચારેક દિવસમાં હરીન્દ્રએ પાંચ કવિતા સુરેશને મોકલી આપી. હરીન્દ્રને અમે કહ્યું કે અમે સિગારેટ છોડી દીધી છે. એ પછી મહિના બાદ હું અને સુરેશ દલાલ પાટકર હોલના ગ્રીન રૂમમાં સિગારેટના કશ ખેંચતા બેઠા હતા, એટલામાં હરીન્દ્રની એન્ટ્રી થઈ. અમે રંગે હાથ પકડાઈ ગયા. એ સમયની આ તસવીર છે. પણ સુરેશે તરત કહ્યું : "હરીન્દ્ર, તારી પાસેથી સારી કવિતા કઢાવવા માટે ખોટા પ્રોમિસ દેવી પડે એ અમને મંજૂર છે. તું છાપાનો તંત્રી છે. કવિતા લખવાનું ભૂલી ગયો હતો એટલે તને ખોટું વચન આપ્યું હતું. સિગારેટ છોડવાના અમે દીધેલા વચનને તું ચૂંટણી ઢંઢેરામાં અપાતું વચન સમજી લે.'' સહુ ખડખડાટ હસી પડ્યા. આજે હું મુંબઈમાં છું એટલે આવી અનેક સ્મૃતિઓનાં પતંગિયાં ઊડ્યાં કરે છે. આજે હરીન્દ્ર અને સુરેશ દલાલ ધુમાડો થઈને ઊડી ગયા છે. એની સ્મૃતિમાં આજે એક ફોરસ્ક્વેર સિગારેટ મેં પીધી છે. એનો જાહેર એકરાર કરતાં મને સંકોચ નથી. આ બધા દોસ્તીના પ્રસંગોએ મને મુંબઈમાં ટકાવ્યો છે એની પાછળ કોઈ એવી શક્તિ કામ કરતી હશે જે દશ્યમાન નથી. ખારમાં રહેતો હતો એ દિવસોમાં મને ભયંકર રોડ અકસ્માત થયો હતો. મધરાતે કોઈ ટ્રકે રસ્તા ઉપર મને પાડી દીધો હતો. મૃત્યુનો ચહેરો બહુ નજીકથી જોયો હતો. હું બચી ગયો. હોસ્પિટલમાંથી ઘેર આવ્યા પછી ફરી પાછો તબિયતે ઊથલો માર્યો. મને તાબડતોબ નાણાવટી હોસ્પિટલમાં લઈ ગયા. સ્પેશિયલ વોર્ડમાં હું બેભાન પડ્યો હતો. એક સવારે હું થોડો ભાનમાં આવીને જાગ્યો ત્યારે મારા બિછાનાના તકિયા નીચે કોઈ ‘અમૃતમ્’ પુસ્તક મૂકી ગયું હતું. એ ‘અમૃતમ્’ પુસ્તક મૂકનાર ડો. કિસન કોટિચા હતા, જેની સારવાર નીચે હું હતો. ડો. કોટિચાને પૂ. ભાઈ ઉપર ભરપૂર શ્રદ્ધા હતી. મારી અશક્ત અવસ્થામાં પથારીમાં બેઠો થઈને ‘અમૃતમ્’ ને બીમાર નજરથી જોઈ રહ્યો.

[ક્રમશઃ]



એક અમીર ફકીર : અબ્દુલ સત્તાર

☐ યજ્ઞેશ દવે


આજે વાત કરવી છે એક પાક-પવિત્ર પાકિસ્તાનીની. નામ એનું અબ્દુલ સત્તાર ઈધિ. ખરા અર્થમાં પરાઈ પીડાને જાણનારો સેવાનો ભેખધારી એક ઓલિયો ફકીર. ગુજરાતી તરીકે આપણને ગૌરવ થાય કે ગુજરાત-કાઠિયાવાડે પાકિસ્તાનને બે મહાનુભાવ આપ્યા. એક મૂળ મોટી પાનેલીના ખોજા વિખ્યાત બેરિસ્ટર આઝાદીના લડવૈયા પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણા અને બીજા જૂનાગઢ જિલ્લાના બાંટવામાં જન્મેલા અભણ ઓલિયા ફકીર મુફલિસની અમીરી ભોગવતાં ગુજરાતી મેમણ અબ્દુલ સત્તાર ઈધિ. પાકિસ્તાનના ઇતિહાસમાં સરમુખત્યાર રાષ્ટ્રપતિ ઝિયા-ઉલ-હકના 1988માં થયેલા આકસ્મિક અવસાનના લગભગ અઠ્ઠ્યાવીસ વરસ પછી રાષ્ટ્રીય સન્માન સાથે કોઈની અંતિમવિધિ થઈ હોય તો તે કોઈ હોદ્દો કે પદ ન ધરાવતા મુફલિસ મૂક સેવક અબ્દુલ સત્તાર ઈધિની. પાકિસ્તાનના સહુથી અમીર ગરીબ તરીકે ઓળખાતા આ ફકીરની અંતિમક્રિયામાં પાકિસ્તાનના તત્કાલીન રાષ્ટ્રપતિ મામનુન હુસૈન અને સૈન્યના વડાઓ સમેત લાખો કરાચીવાસીઓ જોડાયેલા.

1928ની અઠ્ઠ્યાવીસ ફેબ્રુઆરી. જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે એક સાધારણ મેમણ વેપારીને ઘરે તેમનો

જન્મ. બાળપણ તો બીજા છોકરાઓની જેમ જ વીત્યું હશે. પણ એ સમયે ઊંડા સંસ્કાર પડેલા તે માના. મા નાના અબ્દુલને રોજ બે પૈસા વાપરવા આપે અને કહે ''એક પૈસો તારો - તારે જે લેવું ખાવું હોય તેના માટે અને બીજો પૈસો કોઈ જરૂરિયાતમંદ માટે.'' માની એ શીખ ગણીને ગાંઠે બાંધી. ભારત પાકિસ્તાનના ભાગલા પછી કરાચી-પાકિસ્તાન ગયા. ઘરબાર છોડીને આવેલા સિંધીઓ નિરાશ્રિત તરીકે ભારત આવ્યા અને ઘણી તકલીફો ભોગવી જિંદગી નવેસરથી શરૂ કરી તે જ રીતે ભારતથી પાકિસ્તાન ગયેલા નિરાશ્રિતોએ એકડે એકથી જિંદગી શરૂ કરી.

કરાચીના કેટલાક મેમણોનો સાથ મળ્યો અને નાનો એવો ધંધો શરૂ કર્યો. ટેક્સીડ્રાઈવર તરીકે પણ કામ કર્યું. પોતે ગરીબ પણ બીજા ગરીબ ગુરબાં કે દર્દીને જુવે ત્યારે પોતાનો વિચાર કર્યા વગર મદદે દોડે. પોતાની કાર એ જ એમની એમ્બ્યુલન્સ. 1957માં એ સમયે ફેલાયેલી એશિયન ફ્લુની મહામારી સમયે તેમણે સ્થાનિક મેડિકલ સ્ટુડન્ટની મદદથી નાનું એવું દવાખાનું ખોલ્યું એમના કામને બિરદાવી કોઈ સજ્જને પહેલી એમ્બ્યુલન્સ ભેટ આપી. નાના પાયે સેવાપ્રવૃત્તિ તો શરૂ કરી પણ પૈસા ક્યાં? ઝોળી ફેલાવવામાં ક્યાં શરમ છે. એ તો ચાર રસ્તે જઈ ઊભા રહે. કોઈ પાંચ રૂપિયા આપે, કોઈ દસ રૂપિયા તો કોઈ કારનો ડ્રાઈવર બારીનો કાચ ખોલી પચાસની નોટ આપે પણ પાછળ બેઠેલા શેઠ છાપામાંથી માથુંય ઊંચું ન કરે. કોઈ વાંધો નંઈ. એમને ક્યાં પોતાના માટે માગવું હતું! સમાજ પાસેથી લઈ સમાજને જ દેવું હતું. ધીમે ધીમે તેમનું કામ જોઈ દાનની સરવાણી વહેવા લાગી - પહેલાં દેશમાંથી અને પછી પરદેશમાંથી. છતાં સરકાર પાસે હાથ લાંબો નથી કર્યો. તેમની નામના થયા પછી પાકિસ્તાન સરકારે માતબર રકમની ઓફર કરી ત્યારેય નમ્રતાપૂર્વક એ ઓફર પાછી ઠેલી. દાન આવવાનું શરૂ થયું તેની સાથે સાથે કામ પણ વિસ્તર્યું. પહેલાં ઈધિ ટ્રસ્ટ સ્થાપ્યું માત્ર રૂપિયા પાંચ હજારની મૂડી સાથે. પ્રવૃત્તિ વધતાં પત્નીના નામથી 'બિલ્કિસ ઈધિ ટ્રસ્ટ અને ઈધિ ફાઉન્ડેન્શન.

અબ્દુલ સત્તારના સ્વાસ્થ્યસેવાના કામમાં જોડાયેલાં નર્સ બિલ્કિસ બાનુ સાથે તેમણે લગ્ન કર્યાં અને પત્ની પણ પૂરી ધગશથી એ સેવામાં જોડાયાં. ધીમે ધીમે કરતાં અત્યારે પૂરા પાકિસ્તાનમાં તેમનાં ત્રણસો ત્રીસ જેટલાં વેલફેર સેન્ટર ચાલે છે અને રોડ પર ફરતી ચોવીસ કલાક સેવા આપતી એમ્બ્યુલન્સોની સંખ્યા તો પંદર હજારે પહોંચી. સેવાના આ ભેખધારીએ તો સેવાપ્રવૃત્તિઓને ઓર વિકસાવી - અલગ અલગ ક્ષેત્રોમાં. અનાથ બાળકોની પાકિસ્તાનમાં પણ મોટી સમસ્યા ધીમે ધીમે એમના ઉછેર અને વ્યવસ્થાપનની જવાબદારી લીધી



- અનાથ આશ્રમ ખોલ્યો. રઝળતાં તરછોડાયેલાં નોધારાં બાળકો તો મળે જ પણ તેમણે તો સંસ્થા બહાર એક પારણું મૂક્યું. વખાની મારી કોઈ મા કે આબરૂ જવાની બીકે કોઈ કુંવારી માના બાળકને રાતનું અંધારું ઓઢી પારણામાં મૂકી જાય. તે પછી બાળકનાં ઉછેર વિકાસ શિક્ષણની જવાબદારી સંસ્થા સંભાળે - ધીમે ધીમે એવા અનાથ બાળકોની સંખ્યા 20,000 સુધી પહોંચી. આજે આ 20,000 બાળકોનાં માતાપિતા છે બિલ્કિસ બાનુ અને અબ્દુલ સત્તાર.

'બજરંગી ભાઈજાન' ફિલ્મ બનેલી તે સત્યઘટના હતી. ભૂલથી પાકિસ્તાન પહોંચી ગયેલી બહેરીમૂગી બાળકી ગીતાની. તે ગીતાએ પાકિસ્તાનમાં છેલ્લાં વરસો આ ઈધિ પરિવાર સાથે ગાળેલાં. આજથી વીસેક વરસ પહેલાં એક બહેરીમૂગી આઠેક વરસની બાળકી ભૂલથી સમજૌતા એક્સપ્રેસમાં બેસી લાહોર પહોંચી ગયેલી. મૂગી હોવાને કારણે કોઈ માહિતી ન મળતાં તેને લાહોરના અનાથાલયમાં રાખવામાં આવી ત્યાંથી તેને ખસેડી ઇસ્લામાબાદના યતીમખાનામાં મૂકવામાં આવી અને નસીબજોગે ત્યાંથી કરાચી-ઈધિ ફાઉન્ડેશન સંસ્થામાં આવી. ઈધિ પરિવારે જોયું કે ઇબાદત વખતે તે હિંદુઓની જેમ હાથ જોડે છે અને કોઈ વડીલ મળે તો તેને નમી ચરણસ્પર્શ કરે છે અને બહાર કોઈ મંદિર આવે તો અનાયાસ જ તે તરફ ખેંચાય છે. કિશોરીની આવી વર્તણૂક પરથી તે હિંદુ જ છે તેવી ખાતરી થઈ અને તેના માટે નાનકડું મંદિર પણ બનાવવામાં આવ્યું અને તેને ગીતા નામ આપી એક હિંદુ છોકરી પ્રમાણે રાખવામાં આવી. આ વાતની ખબર પડ્યા પછી તત્કાલીન વિદેશમંત્રી શ્રીમતિ સુષ્મા સ્વરાજે અંગત

રસ લઈ રાજદ્વારી વાટાઘાટો ચલાવી જેમાં પાકિસ્તાનની તત્કાલીન સરકારે સાથ આપ્યો અને 2015ના ઓક્ટોબર મહિનામાં પંદર વરસ પછી દિલ્હી-ભારતની ધરતી પર આવી. ગીતાને વળાવવા અબ્દુલ સત્તાર ઈધિનાં પત્ની બિલ્કિસ બાનુ અને તેમનાં કુટુંબીજનો દિલ્હી આવેલાં. તેમના માનવતાવાદી કાર્યની કદરરૂપે ભારતસરકારે એક કરોડ રૂપિયા દાનની ઓફર કરી તો અબ્દુલ સત્તારે આભાર માની નમ્રતાપૂર્વક એ ઓફર નકારી. ભૂતકાળમાં પાકિસ્તાનની સરકારે પણ માતબર રકમની ઓફરનો પણ નમ્રતાપૂર્વક અસ્વીકાર કરેલો.

માનવસેવાના કામમાં ઈધિ પરિવાર પોતાની પ્રવૃત્તિઓ વિકસાવતો રહ્યો. સમાજમાં તિરસ્કૃત સ્થાન ભોગવતી વિધવાઓ અને ત્યક્તાઓના તારણહાર બની તેમને પાંખમાં લીધાં અને તેમના આશ્રય અને પગભર થવા વ્યાવસાયિક તાલીમ મળી રહે તેવી સંસ્થાઓ ખોલી. એ પ્રવૃત્તિ વિકસાવી વૃદ્ધાશ્રમો - Old Age Home ખોલ્યાં. તેમની કરુણા, સેવા માણસો પૂરતી મર્યાદિત ન રહી. તેમણે તરછોડાયેલાં અસહાય વૃદ્ધ અશક્ત થઈ ગયેલાં ખોડાં ઢોર માટે પણ એનિમલ કેર સેન્ટર ખોલ્યું. આ સાથે બિનવારસી મૃતદેહને માનભેર અવ્વલ મંઝિલે પહોંચાડવાનું વિધિપૂર્વક દફનાવવાનું કામ તો ચાલુ જ રાખ્યું. તેમની માનવતાવાદી દૃષ્ટિમાં ધર્મના કે બીજા કોઈ ભેદભાવને સ્થાન ન હતું. તેમની એમ્બ્યુલન્સ સેવાનો હિંદુઓ અને ખ્રિસ્તીઓને પણ લાભ મળતો. કટ્ટર ધર્માંધ લોકોએ જ્યારે વિરોધ કર્યો ત્યારે તેમનો જવાબ હતો ''મારી એમ્બ્યુલન્સ તમારા કરતાં વધારે મુસલમાન છે.'' પાકિસ્તાનના કટ્ટર લોકોને તેઓ આંખના કણાંની જેમ ખૂંચતા રહ્યા.

આવા ઉમદા કામમાં પણ તેમની ઉપર ઓછું નથી વીત્યું. બિલ્કિસ બાનુની પ્રસૂતિ જેમણે કરાવી એ દાયણ બહેન જીવતાં હોવા છતાં ઈધિ દંપતીનાં બાળકો તેમનાં નથી એવી અફવાઓ પણ ફેલાવવામાં આવી. એકવાર તો ત્યાં સેન્ટરમાં કામ કરતી ત્રણ બહેનોએ ઈધિનો દોહિત્ર બિલાલ પર એસિડ છાંટ્યો. છોકરો નેવું ટકા દાઝ્યો અને અંતે અવસાન પામ્યો. ઈધિ પરિવાર પર એ મોટો આઘાત હતો. લોકોએ ફરિયાદ કરવા કહ્યું તો તેમનો જવાબ હતો 'જેલ જાયેગી તો ઓર શાતિર ગુનહગાર હો કે નિકલેગી. બદલા લેના ઇન્સાન કા કામ નહીં હૈં.' તેમણે ફરિયાદ ન જ કરી. એમના ઘરમાંથી ચાર લાખ રૂપિયાની ચોરી થઈ તેની પણ કોઈ ફરિયાદ ન લખાવી. કોઈ દાતાએ એ રકમ દાનરૂપે ભરપાઈ કરી આપી. ઇથોપિયા દુકાળ સમયે અને કેટેરિના વાવાઝોડા સમયે પણ તેમણે જરૂરિયાતમંદોને મદદ પહોંચાડી.

આવી નિસ્વાર્થ માનવતાવાદી સેવાની કદર થઈ. પાકિસ્તાને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માન 'નિશાન-એ-ઇમ્તિયાઝ'



એવોર્ડથી નવાજ્યા તો ભારતે 'ગાંધીશાંતિ' પુરસ્કારથી. 1986માં બિલ્કિસ બાનુ અને અબ્દુલ સત્તાર દંપતીને એશિયાનો નોબેલ ગણાતો 'રામન મેગ્સેસે' એવોર્ડથી નવાજ્યા તો 1988માં રશિયાએ તેમના લેનિન પુરસ્કારથી, યુનાઈટેડ નેશન્સનો પુરસ્કાર પણ તેમને મળ્યો. તેમની હયાતી દરમિયાન બીજા અનેક રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય એવોર્ડ, બે યુનિર્વસિટીની માનદ્ ડોક્ટરેટની પદવી ઉપરાંત 2011 અને 2016માં નોબેલ શાંતિ પુરસ્કાર માટે પણ નોમિનેટ કરવામાં આવ્યા. સેંકડોની સંખ્યામાં પુરસ્કારો મળ્યા એ તેમનાં કામને લીધે. અને એ કામ તેમના છેલ્લા શ્વાસ સુ ધી ચાલુ રાખ્યું. 85-86 વર્ષની જૈફ ઉંમરે તેમનાં સપનાંઓનો પાર નહોતો. બ્લુચિસ્તાનના અંતરિયાળ ડુંગરાળ વિસ્તારમાંથી કોઈ દર્દીને હોસ્પિટલ પહોંચાડવામાં સમય લાગે અને કોઈ સારવાર વગર રસ્તામાં દર્દીનું મોત પણ નીપજે. આવા દર્દીઓ માટે તેમનું સપનું હતું કે સેંકડો એમ્બ્યુલન્સની જેમ જ એક હેલિકોપ્ટર વસાવવું. તેમનાં પત્ની બિલ્કિસ બાનુ હસતાં હસતાં કહે 'જેબ મેં હાથ ડાલો તો સિર્ફ ધાગા નીકલતા હૈ ઔર ઈધિસાબ તો હેલિકોપ્ટર કા ખ્વાબ દેખ રહે હૈ.' વારે વારે એક શબ્દ તેમના મોઢે આવે તે 'ઇન્સાનિયત.' તેઓ કહેતા 'લોગ પઢે લિખે, આબાદ હુએ, તરક્કી કી, પર ઇન્સાન નહીં બન પાયે.' તેમના સેવાકાર્યમાં ધર્મ, સંપ્રદાય, જાતિ, નાતજાતના કોઈ ભેદભાવ ન હતા. કોઈ પણ જરૂરિયાતમંદ માટે સેવા કરવા તત્પર. પાકિસ્તાનના ધર્માંધોને અબ્દુલ સત્તાર આંખના કણાંની જેમ ખૂંચતા. કોઈ કોઈ તો બદદુવા આપતા 'અલ્લાહ ઉન કો જન્નત નહીં બક્ષેંગે.' ઈધિસાહેબનો જવાબ રહેતો 'મુજે કહાં જન્નત મેં જાના હૈ? મૈં તો જહન્નુમ મેં હી જાઉંગા ઔર વહાં લોગોં કી ખિદમત કરુંગા.'

ઈધિસાહેબે લગભગ છ દસકા સુધી લોકોની સેવા કરી. પણ તેઓ પોતે કહે છે તેમ જો તેમનાં પત્ની બિલ્કિસ બાનુનો સાથ ન હોત તો આ કામ ન થઈ શકત. પહેલાં ઈધિસાહેબની ડિસ્પેન્સરીમાં નર્સ તરીકે સેવા આપતાં પછીથી તેમનાં શરીક-એ-હયાત-તેમનાં પત્ની બન્યાં. ઉંમરમાં તેમનાથી ઘણાં નાનાં પણ જોડું બરાબર ચાલ્યું. ઈધિસાહેબ તો 'કાજી સારે ગાંવ કી ફિકર' જેવા ફકીર મસ્ત મલંગ - ઘર તરફ પૂરતું ધ્યાન ક્યાંથી આપ્યું હોય? બિલ્કિસ બાનુએ ઘર પાંચ સંતાનો, ઈધિસાહેબ અને સંસ્થા બધું સંભાળ્યું. મુશ્કેલીઓ તો ખૂબ પડી પણ બિલ્કિસ બાનુ ગાલિબને ટાંકીને કહે 'મુશ્કિલેં મુજ પર પડી ઈતની કે આસાં હો ગઈ.' શરૂઆતમાં તો એ પણ અકળાયાં હશે પણ તેમણે માએ કહેલી વાત જિંદગીમાં ઉતારી. 'મેરી માને કહા થા યા તો કિસી કે બન જાઓ યા તો કિસી કો અપનાલો.' યે બંદા તો કિસીકા બનનેવાલા થા નહીં તો હમ હી ઉન કે બન ગયે. માને કહા થા 'નેક કામ કરતા હૈ તો ઉન કો સાથ દિયા કર તેરે બચ્ચેં કો મૈં સંભાલૂંગી.' ઔર મેરી માને મુર્ગી પેરોં મેં અપને બચ્ચોં કો પાલતી હૈ વૈસા પાલા.' બિલ્કિસ બાનુ પ્રેમાળ એવાં જ ટીખળી અને હાજરજવાબી, લાગે કે એવી ટીખળ તો પ્રેમી સાથે જ થઈ શકે. હસતાં હસતાં કહે મારું જ કાંઈ હતું તે મેં એમના પર લૂંટાવી દીધું. વિખ્યાત શાયર અમજદ ઇસ્લામ-અમજદની એક ગઝલનો શેર એમની રીતે કહ્યો ''વો મેરે નસીબ કી બારિસેં સત્તાર ઈધિ કી છત પર બરસ ગઈ.''

જીવનના છેલ્લાં વરસોમાં વૃદ્ધાવસ્થાને કારણે શરીર કથળી ગયેલું પણ ગાલિબના શેરમાં થોડો ફેર કરીને કહીએ તો 'ગો હાથ કો જુમ્બીશ નહીં પાંવો મેં તો દમ હૈ' જેમ પથારીમાંથી ઊઠી નીકળી પડે. બિલ્કિસ બાનુ એક પ્રસંગને ટાંકતાં કહે 'બિસ્તર મેં સે ઉઠને ચલને કે લિયે ભી દો લોગોં કા સહારા લેના પડતા હૈ ફિર ભી અભી ઘાયલ મોર કા મામલા આયા તો જવાન કી તરહ ઉઠ ખડે હુએ. મૈંને કહા હમારી ટીમ, ડોક્ટર સબ ગયે હુએ હૈં, ફિર ભી વો ગયે કહા કિ મિશન ઠીક ચલ રહા હૈ કિ નહીં વો દેખને ગયા થા. આ કે ફિર કહતે હૈં કિ મૈં થક ગયા. ઢળતી ઉંમરે પણ એક મોરની જિંદગી બચી જાય એ એમનું મિશન હતું. તેઓ કહેતા 'મૈં તો મુફલિસ હૂં પઢા લિખા કુછ નહીં એક હી જબાન મુજે આતી હૈ - ગુજરાતી ઔર સિગ્નેચર કર લેતા હૂં.' પાકિસ્તાનના સહુથી અમીર ગરીબ - Pakistan's Richest Poor man' 2016ની આઠમી જુલાઈએ અવસાન થયું. પાકિસ્તાનના લોકોએ અને સરકારે તેમને એક કર્મશીલને છાજે તેવી વિદાય આપી. આજે તેમણે સ્થાપેલી અનેક સેવાકીય સંસ્થાઓ તેમનાં પત્ની બિલ્કિસ બાનુ, પુત્ર ફૈઝલ અને કુટુંબીઓ સંભાળી રહ્યાં છે. આપણને પણ ગર્વ થાય આવા ગરવા ગુજરાતી પર. ❑❑❑



ચારુલતા ફિલ્મમાં માધવી મુખરજી સૌ. વિકિપીડિયા કૉમન્સ

સત્યજિત રાય, કલા નિર્દેશન અને બંસી ચન્દ્રગુપ્ત

જન્મ-મૃત્યૂર રહસ્ય કેઉ જાને ના!

☐ અમૃત ગંગર


ફરી પાછી પેલા ભેદી સફેદ ઘુવડ (ન.સ., જુલાઈ ૨૦૨૦)ની જેમ મારા આ લેખના મથાળામાં પણ જીવન-મૃત્યુના રહસ્યની વાત પેસી ગઈ. એ કોઈ કારણ વિના તો નહીં જ હોય તેની ખાતરી આપ સૌ સુજ્ઞોને આરંભમાં જ આપી દઉં. કિંતુ હાલ એ રહસ્યને બંધ મુઠ્ઠીમાં રાખીને પ્રથમ મુદ્દાની વાત પર આવીએ. બેશક વાત છે સત્યજિત રાયની અને સાથેસાથે તેમની ફિલ્મસર્જનની પ્રવૃત્તિમાં અવિભાજ્ય અંગ જેવા રહેલા કાશ્મીરી કલાકાર બંસી ચન્દ્રગુપ્તની.


સત્યજિત રાયની ફિલ્મકૃતિઓના કલાનિર્દેશક બંસી ચન્દ્રગુપ્ત વિશે અંગ્રેજી તેમ જ અન્ય ભારતીય ભાષાઓમાં

ખાસ કાંઈ લખાયું નથી. ગુજરાતી ભાષામાં તો દૂરબીન લઈને શોધવું પડે, સાથે દીવો પણ રાખવો પડે! હા, ગુજરાત સાહિત્ય અકાદેમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત મારા પુસ્તક *સિનેમા વિમર્શ*માં મેં તેમની સૅટ્સ ડિઝાઇનની આગવી કલા વિશે છણાવટ કરી છે, વળી *ફ્રેમ્સ ઑવ માઇન્ડ* નામના અંગ્રેજી ભાષાના એક પુસ્તકમાં છપાયેલા મારા એક લેખમાં પણ. *(ટૅક્નિશિયન્સ, અમૃત ગંગર, ફ્રેમ્સ ઑવ માઇન્ડ: રીફ્લૅક્શન્સ ઑન ઇન્ડિયન સિનેમા,* સં. અરુણા વાસુદેવ, ૧૯૯૫: ઇન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રીલેશન્સ, નવી દિલ્હી).

અલબત્ત, સત્યજિત રાયની જન્મશતાબ્દિ (૨ મે ૨૦૨૦ - ૨ મે ૨૦૨૧)ના આ વર્ષની ઉજવણી નિમિત્તે તેમની ફિલ્મસર્જનની સફરમાં શરૂઆતથી સાથે રહેલા બંસી ચન્દ્રગુપ્ત વિશે વાતો કરવી એટલા માટે જરૂરી થાય છે કે તેના દ્વારા સત્યજિત રાયના વ્યક્તિત્વનું એક વધારે અગત્યનું પાસું આપણી સમક્ષ પ્રગટ થાય. મારી જાણ મુજબ. આ લેખમાં ઉલ્લેખેલી મોટા ભાગની વાતોથી સિનેમારસિયું ગુજરાત સાવ અજાણ છે, મહદઅંશે

ચારુલતા ફિલ્મમાં ચારુ (માધવી મુખરજી) અને ભૂપતિ (શૈલેન મુખરજી), આ દશ્યમાં સત્યજિત રાય અને બંસી ચન્દ્રગુપ્તની સૅટ્સસર્જનની આગવી સૂઝનો અણસાર મળે છે. સૌ. વિકિપીડિયા કૉમન્સ






બંસી ચન્દ્રગુપ્ત (૧૯૨૪-૧૯૮૧), સૌ. વિકિપીડિયા

ભારત પણ. ખાસ કરીને આપણી યુવા પેઢી આવી જરૂરી વાતોથી વાકેફ થાય એવા આશયથી પ્રસ્તુત લેખ કિંમતી થશે કારણ કે બંસી ચન્દ્રગુપ્ત વિશે ગૂગલેશ્વર પણ બહુ વાચાળ નથી. અપુત્રયી (*પથેર પાંચાલી, અપરાજિત, અપુર સંસાર*) સિવાય *જલસાઘર* (૧૯૫૮), *દેવી* (૧૯૬૦), *તીન કન્યા* (૧૯૬૧), *કાંચનજંઘા* (૧૯૬૨), *અભિજાન* (૧૯૬૨), *મહાનગર* (૧૯૬૩), *ચારુલતા* (૧૯૬૪), *કાપુરુષ ઓ-મહાપુરુષ* (૧૯૬૫), *ચિડિયાખાના* (૧૯૬૭), *ગૂપી ગાયેં બાઘા બાયેં* (૧૯૬૮), *અરણ્યેર દિનરાત્રી* (૧૯૬૯), *પ્રતિદ્વન્દી* (૧૯૭૦), *શતરંજ કે ખિલાડી* (૧૯૭૭) જેવી સત્યજિત રાયની ફિલ્મકૃતિઓમાં બંસી ચન્દ્રગુપ્તના કલાનિર્દેશન વિશે અનેક વાતો થઈ શકે પણ આ સંદર્ભે મારા આ લેખમાં ખાસ કરીને મારી પ્રિય ફિલ્મકૃતિ (જે આપ સૌની પણ હોવી જ જોઈએ) *ચારુલતા* વિશે કેટલીક વાતો કરવી છે જે સામાન્ય રીતે પ્રચલિત નથી. *શતરંજ કે ખિલાડી* (૧૯૭૭) ના કલાનિર્દેશનમાં બંસી ચન્દ્રગુપ્તના સહાયક હતા અશોક બોઝ, જેમણે સત્યજિત રાયની અન્ય ફિલ્મકૃતિઓના કલાનિર્દેશનની સ્વતંત્ર રીતે જવાબદારી નિભાવી હતી.

આમ તો *શતરંજ* વખતે બંસી ચન્દ્રગુપ્ત મુંબઈ આવી ગયેલા કારણ



તીન કન્યા (૧૯૬૧)ના મ્યુઝિક રેકોર્ડિંગ વખતે સત્યજિત રાય,
તેમની જમણે બેઠેલા બંસી ચન્દ્રગુપ્ત છે, અને તેમની જમણે આંશિક દેખાતા
સૌમિત્ર ચેટરજી છે. સૌ. મોઇફાઇટક્લબ આર્કાઇવ


કે સત્યજિત રાયની સાથે રહેતાં કામ કરવાનો આનંદ અને સંતોષ મળતો પણ ફિલ્મો ઓછા બજેટવાળી હોવાથી પૈસાનો હંમેશાં અભાવ રહેતો. આપ જાણીને નવાઈ પામશો કે સત્યજિત રાયની કમાણી પણ ફિલ્મો દ્વારા સાવ નજીવી હતી. તેમની મૂળ આવક તો પુસ્તકો (લેખન, ડિઝાઇનિંગ વ.) દ્વારા થતી. છેવટ સુધી ભાડાનાં ઘરોમાં જ રહ્યા. પત્ની બિજોયાનું બગીચાવાળા ઘરમાં રહેવાનું સપનું કદી પૂરું થયું નહીં. સત્યજિત બિજોયાને હંમેશાં કહેતા કે વધારે પૈસાની શું જરૂર છે? ફિલ્મ નિર્માણમાં પણ નિર્માતાના પૈસા બચાવવાનું પહેલા વિચારે. બંસી ચંદ્રગુપ્તના સંદર્ભે જ એક દાખલો આપું. સાંભળો –

આજથી છ દાયકા અગાઉ *દેવી* ફિલ્મના શૂટિંગ વખતની ચન્દ્રગુપ્તે કહેલી આ વાત છે. *દેવી* ફિલ્મ માટે નટ મંદિરનો સૅટ બાંધવાનો ખર્ચ તેમને વધારે લાગતો હતો એટલે ચન્દ્રગુપ્તે લોકેશન પર શૂટ કરવાનું સૂચન કર્યું. તરત જ સત્યજિતે પ્રૉડક્શન મૅનેજર અનિલ ચૌધરીને લોકેશન પર દસ દિવસ શૂટ કરવાના ખર્ચનો અડસટ્ટો આપવાનું કહ્યું. એ દસ દિવસમાં અદાકારો, ટેકનિશિયનો ને તેમના

સહાયકોની રહેવાની વ્યવસ્થા, શૂટિંગ માટે આવશ્યક કૅમેરા, સાઉન્ડ રેકોર્ડિંગ ઇ. સાધનોનું ભાડું, ભોજન વગેરેનો કુલ ખર્ચ સામેલ હોય. અનિલબાબુએ ગણતરી કરીને રૂ. ૧૬, ૦૦૦નો અંદાજ આપ્યો. સત્યજિત રાયે રૂ. ૧૪, ૦૦૦માં સૅટ બાંધવાનું સૂચન કરીને નિર્માતાના બે હજાર રૂપિયા બચાવ્યા. મદ્યપાન પ્રત્યે તો તેમને ખૂબ સૂગ, શરૂઆતમાં ધૂમ્રપાન કરતા, એ પણ ત્યજી દીધેલું. સાદું સરળ જીવન. આજે ફિલ્મનિર્માણના ક્ષેત્રે કરોડો રૂપિયાના બજેટની વાતો થતી હોય છે ત્યારે આ બે હજાર રૂપિયાનો નજીવો આંકડો સાંભળીને મારા યુવા વાચક મિત્રોને કદાચ હસવું આવશે પણ સવાલ વૃત્તિ અને નિષ્ઠાનો છે. અલબત્ત એ વખતે બે હજાર રૂપિયા પણ મોટી રકમ હતી! પરંતુ ૧૯૫૫માં પણ દુનિયાની અમર ગણાતી ફિલ્મકૃતિ *પથેર પાંચાલી*ના માંડ સવા-દોઢ લાખ રૂપિયાના બજેટની રકમ સાવ નજીવી જ હતી. આજે તો એટલો પૈસો મિનરલ વૉટરમાં ડૂબી જાય!

સૌથી અગત્યની વાત એ છે કે કરકસર કરતી વખતે સત્યજિત રાય તેમના કામની ગુણવત્તામાં કોઈ પણ પ્રકારનું સમાધાન નહોતા કરતા. અને આ પાસાંની પ્રતીતિ તો તેમની ફિલ્મકૃતિઓ જોતાં તરત જ થાય. *ચારુલતા*ને ખુદ બંસી ચન્દ્રગુપ્ત

સત્યજિત રાયની સાથે સિનેમૅટોગ્રાફર સુબ્રોતો મિત્ર અને બંસી ચન્દ્રગુપ્ત. સૌ. વિકિપીડિયા



કલાનિર્દેશનની રીતે પોતાની ઉત્કૃષ્ટ ફિલ્મકૃતિ માને છે. એક મુલાકાતમાં તેમણે કહ્યું હતું, "ઈન સ્ટાઇલ ઍન્ડ ઍલિગન્સ ઇટ ઇઝ અ ફિલ્મ ધૅટ આઇ કન્સિડર ઍન અચિવમૅન્ટ. આઇ થિન્ક *ચારુલતા* ઇઝ રેર મોસ્ટ પર્ફેક્ટ ફિલ્મ." (આનન્દમ ફિલ્મ સોસાયટીનો સત્યજિત રાય વિશેનો *મોન્ટાઝ* મૅગેઝિનનો ખાસ અંક, ૧૯૬૬) *મોન્ટાઝ*ના આ અંકના સંપાદક હતાં ઉમા કૃપાનિધિ, એટલે હાલના ફિલ્મ જગતનાં જાણીતાં ઉમા દ'કુન્હા.


બંસી ચન્દ્રગુપ્ત સૌ પ્રથમ સત્યજિત રાયના સંપર્કમાં ૧૯૪૪ના વર્ષમાં આવ્યા. ૧૯૨૪ના વર્ષની છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે એ વખતના સંયુક્ત ભારતના પંજાબ પ્રાંતના સિયાલકોટ શહેરમાં જન્મેલા બંસીનું કુટુંબ પાછળથી કાશ્મીર સ્થાયી થઈ ગયેલું. ભાગલા પછી પાકિસ્તાનમાં ગયેલું સિયાલકોટ કાશ્મીરની રાજધાની શ્રીનગરથી સોએક માઈલ દૂર. તેઓ પોતાને પંજાબી નહીં પણ કાશ્મીરી જ ગણતા. ચિત્રકળાનું શિક્ષણ મેળવવા માટે કાશ્મીરથી ૧૯૪૪ના વર્ષમાં આર્ટ ડિરેક્ટર શુભો ટાગોરની પ્રેરણાથી કલકત્તા આવ્યા અને શરૂઆતમાં એક બંગાળી ફિલ્મમાં કલાનિર્દેશક તરીકે કામ કર્યું. એટલું જ નહીં, અદાકારી પણ કરી. એ વખતે જે પ્રકારની ફિલ્મો બનતી હતી તેનાથી અને ઇર્દગિર્દના વાતાવરણથી તેમને અસંતોષ રહેતો. વાંચનનો શોખ. કલકત્તા-સ્થિત યુસીસ (યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફોર્મેશન સર્વિસ) ની અમેરિકન લાઈબ્રેરીમાં અવારનવાર જાય. સત્યજિત રાય પણ તેમની ડી.જે. કેમર ઍટવર્ટાઇઝિંગ કંપની (હમણાંની ઑગિલ્વી)ની ઓફિસના લંચ સમયના ગાળામાં ઘણી વાર ત્યાં જતા. બેઉની ઓળખાણપિછાણ થઈ ને બાતોંબાતોંમેં બંધાયો મૈત્રીનો સંબંધ. પણ એ વખતે સત્યજિત બંસીના અભિનયની પ્રશંસા કરે એટલું જ.

યુરોપ-અમેરિકાની ઉત્તમ ફિલ્મકૃતિઓ જોવા માટે સત્યજિત રાય અને તેમના સ્થાનિક મિત્રો હરિસધન દાસગુપ્તા, ચિદાનન્દ દાસગુપ્તા વગેરેએ કલકત્તા ફિલ્મ સોસાયટીની સ્થાપના કરી. વર્ષ ૧૯૪૭. બંસી ચન્દ્રગુપ્ત પણ તેમની સાથે જોડાયા. *પથેર પાંચાલી*થી પૂર્વે એક અગત્યની ઘટના બની હતી. રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા આધારિત *ઘરે બાહિરે* ફિલ્મકૃતિ ૧૯૮૪માં રિલિઝ થઈ તેનું નિર્માણ તો સત્યજિત રાય પહેલાં જ કરવાના હતા. ચન્દ્રગુપ્તના કહેવા મુજબ ૧૯૪૯ના વર્ષના ગાળામાં સત્યજિત રાય તેમને રજાના દિવસે કે રવિવારે *ઘરે બાહિરે* માટે લોકેશન્સ જોવા માટે સાથે લઈ જતા. એ વખતે તેઓ *ઘરે બાહિરે*ની પટકથા લખી રહ્યા હતા. એ દરમિયાન જ બંસી ચન્દ્રગુપ્તને સત્યજિત રાય

સાથે નજીકનો પરિચય થયો હતો. ખેર, *ઘરે બાહિરે* ફિલ્મકૃતિને અવતરવા માટે છે ૧૯૮૪ના વર્ષ સુધી રાહ જોવી પડી હતી. ૧૯૫૦ના વર્ષમાં સત્યજિત રાયે બંસી ચન્દ્રગુપ્તને પૂછ્યું હતું કે તેઓ *પથેર પાંચાલી* ફિલ્મકૃતિના સૅટ ડિઝાઇનર તરીકે કામ કરવાનું પસંદ કરશે? સિનેમૅટોગ્રાફર સુવ્રત (સુબ્રોતો) સાથે ત્રણેની જોડી જામી ગઈ. *પથેર પાંચાલી* ફિલ્મકૃતિની પૂર્વતૈયારીઓ વિશે તો કેટલીક અવનવી વાતો તો મેં કરી જ છે. (જુઓ ન.સ. જૂન અને જુલાઈ, ૨૦૨૦)

ફ્રેમ્સ ઑવ માઇન્ડ પુસ્તક માટે લેખ લખતી વખતે મેં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કાર્યરત એવા નીતિન દેસાઈ, સૌરેન સેન, સમીર ચંદ્રા, ગુરુજી બ્રધર્સ જેવા અગ્રણી આર્ટ ડિરેક્ટરોની મુલાકાતો લીધી હતી. કમનસીબે ત્યારે બંસી ચંદ્રગુપ્ત હયાત નહોતા. પણ સૌ કોઈ તેમની સ્મૃતિમાં સન્માનથી સલામી ભરતા હતા. સત્યજિત રાય અને બંસી ચન્દ્રગુપ્તે સાથે મળીને ભારતીય ફિલ્મોમાં ચાલતું આવેલું આર્ટ ડિરેક્શનનું રૂઢિગત સ્વરૂપ જ બદલી નાખ્યું. બન્નેએ સૅટ્સ ડિઝાઇનિંગમાં યથાર્થવાદી (રીયાલિસ્ટિક) અને સાદગીસભર ક્રાફ્ટ અને ટૅક્નિકની તરકીબો દાખલ કરી, તેના પર પ્રભુત્વ મેળવ્યું. ચન્દ્રગુપ્તના માનવા મુજબ સેટનું અસ્તિત્વ પટકથાના સંબંધમાંથી જ સ્ફુરે. ફિલ્મસૅટ કૅમેરા માટે સર્જાય છે, કૅમેરાના ઍન્ગલ્સને ધ્યાનમાં રાખીને જ. પ્રતિકૃતિઓ તૈયાર કરવાથી કામ ચાલે નહીં. (*ટૅક્નિશિયન્સ, અમૃત ગંગર, ફ્રેમ્સ ઑવ માઇન્ડ*). સત્યજિત રાયની આંખમાં જ જાણે કૅમેરા જડેલો હતો, દશ્યોની બારીકીઓ ઝડપી લે અને એ બારીકીઓને ચન્દ્રગુપ્ત કુશળતાથી પાર્થિવ સ્વરૂપમાં પલટાવી દે.

ફિલ્મોમાં આર્ટ ડિરેક્શનના કસબને સૅટ્સ કે પ્રૉડક્શન ડિઝાઇનિંગ પણ કહે. ૧૯૩૦-૪૦ના દાયકાની બૉમ્બે ટૉકિઝની ઘણી ફિલ્મોમાં આર્ટ ડિરેક્ટરને ફિલ્મ આર્કિટેક્ટ તરીકેની પણ ક્રેડિટ અપાતી. કૅમેરા મૂવમેન્ટ્સને લક્ષ્યમાં લેવા ઉપરાંત, ચણતરમાં વપરાતી સામગ્રી (દા.ત. પ્લાસ્ટર ઑવ પૅરિસ, કાષ્ઠ, કાપડ, વગેરે) અને તેમાંથી ઊભરાતાં પોત (ટૅક્સ્ચર્સ), રંગો ઇત્યાદિ પાસાઓનું કલાનિર્દેશકને સંપૂર્ણ ભાન હોવું જોઈએ. કામ દેખાય છે તેવું માત્ર સુથારી-લુહારી કે કડિયાનું નથી, વધારે અટપટું છે. ચારુલતા ફિલ્મકૃતિના સૅટ્સ ડિઝાઇનિંગના સંદર્ભે સત્યજિત રાયે બંસી ચન્દ્રગુપ્તને મોકલેલ એક પત્ર હું આપની સમક્ષ રજૂ કરું છું, જે આપણાં વિષયના અટપટાપણાંને સમજવા માટે ઉપયોગી થાય અને સાથે રૅનેસાં મૅન સત્યજિત રાયની કાર્યપદ્ધતિથી પણ આપણે થોડા વાકેફ થઈ શકીએ. ઑબેરૉય પામ બીચ હોટેલમાંથી લખેલો આ પત્ર છે (તારીખ નથી આપી).


Oberoi Palm Beach

REGISTERED OFFICE: PALM BEACH HOTEL PRIVATE LTD. 17, CHOWRINGHEE ROAD, CALCUTTA-13

Bansi

1) It would be very convenient if the Main Bedroom (Charu's) could be built along with the verandah. There are all sorts of crucial entrances & exits from between the Bedroom and the Verandah, and there's too long a gap in shooting, it might give rise to serious continuity problems. The other two bedrooms (Amal's & Mandakini's) need only be in sufficient — although you would need the space for them. The drawing room and the study need not be built at all — so what you need for the big set is this —

Letter from Satyajit to Bansi Chandragupta with designs for *Charulata*

I

2) ⊗ This must be the first floor main landing, so that the top of the staircase would be seen from the verandah. This is what a camera set-up would look like —

THIS IS VERY IMPORTANT FROM THE POINT OF VIEW OF THE ACTION AS I'VE PLANNED IT

3) This is the set up for the last shot of the film —

THIS IS A VITALLY IMPORTANT SETUP AND CAN'T BE CHANGED

As you can see, we are looking at Charu's Bedroom from a point diagonally across, from the drawing room-side of the verandah.

This is a normal eye-level view point.

THE PROBLEM IS — HOW CAN WE AVOID THE STUDIO FLOOR UNLESS THE WHOLE SET IS BUILT ON A HIGH (6/7 FT) PLATFORM? IS IT POSSIBLE TO DO SO? TO ME THERE SEEMS TO BE NO OTHER WAY.

We'll talk about it on Monday. My work is progressing quite smoothly.

Best, Manik

ચારુલતા ફિલ્મના સૅટ્સ વિશે સત્યજિત રાયે બંસી ચન્દ્રગુપ્તને લખેલો પત્ર, સૌ. પૉટ્રેઇટ ઑવ અ ડિરેક્ટર: સત્યજિત રાય, મૅરી સીટન, ૧૯૭૧

બંસી,

૧. જો (ચારુનો) મુખ્ય શયનખંડ વરંડા સાથે બાંધશો તો ઘણું સગવડભર્યું થશે. વરંડા અને શયનખંડના આવવા જવાના દરેક પ્રકારના નિર્ણાયક માર્ગો છે અને શૂટિંગ વચ્ચેનો ગાળો પણ દીર્ઘ છે, જેનાથી સાતત્ય (કન્ટિન્યુટી)ના ગંભીર પ્રશ્નો ઊભા થઈ શકે.

(અમલ અને મંદાકિનીના શયનખંડો અને દીવાનખાનાની રચનાની વાત કરતાં રાયે મોટા કદના સૅટની બાંધણી માટે ચન્દ્રગુપ્તને નીચે પ્રમાણેની સૂચનાઓ આપી હતી.)

૨. આ મુખ્ય મકાન પહેલા માળે હોવું જોઈએ જેથી સીડીનો ઉપરનો ભાગ વરંડામાંથી જોઈ શકાય. સૅટઅપ આ પ્રકારનું દેખાશે. મેં જે ઍક્શન પ્લાન કર્યો છે તેના માટે આ બધું અગત્યનું છે.

૩. ફિલ્મના અંતિમ શૉટ માટેનો આ સૅટઅપ અતિ આવશ્યક છે, તેને બદલવો નહીં.

સમસ્યાઓ: ઊંચા પ્લૅટફૉર્મ પર આખો સૅટ બાંધીએ તો સ્ટુડિયો ફ્લોરને આપણે કઈ રીતે જતો કરી શકીએ? આમ કરવું શક્ય છે? મારા માનવા મુજબ આના સિવાય કોઈ ઉપાય નથી.

(મૂળ અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ આ લેખના લેખકનો)

ચારુલતાના સૅટ્સ, અભિનેતાઓ (માધવી મુખરજી, સૌમિત્ર ચૅટરજી, શૈલેન મુખરજી)ના અભિનય જેટલાં જ પ્રત્યાયનક્ષમ છે. અને સૌથી નોંધપાત્ર વાત એ છે કે એક પણ અંતરંગ કે ઇન્ટીરિયર દૃશ્ય નૅચરલ લોકેશન પર ઝડપાયું નથી.

સુજ્ઞ વાચકોને વિનંતી: પત્રમાં આપેલાં સૂચનો સત્યજિત રાયે દોરેલાં અને અહીં પ્રસ્તુત કરેલાં રેખાચિત્રો જોતાંજોતાં વાંચવાનાં અને ચારુલતા ફિલ્મ જોઈ હોય તો એ દૃશ્યોની સ્મૃતિઓને પણ મનના પડદા પર જીવંત કરી શકાય. અને એમ કરવાથી કદાચ ત્રિકોણીય રોમાંચક અનુભવ ઉદ્‌ભવે.

ચારુલતા ફિલ્મના મુખ્ય સિનેમૅટોગ્રાફર હતા સુવ્રત મિત્ર, તેમના સહાયક સિનેમૅટોગ્રાફર સૌમેન્દુ રૉય અને ચારુલતાનું પાત્ર ભજવતી માધવી મુખર્જી - જોગાનુજોગે એ ત્રણેની રૂબરૂ મુલાકાતો મેં કલકત્તા અને મુંબઈમાં લીધી છે જે *નવનીત સમર્પણ*ના અંકોમાં છપાઈ છે. (સત્યજિત રાયના કૅમેરામૅન સૌમેન્દુ રૉય સાથે મુલાકાત, અમૃત ગંગર, *નવનીત સમર્પણ*, ઑગસ્ટ ૧૯૯૪; *ઉત્તમ સિનેમૅટોગ્રાફર સુવ્રત મિત્ર સાથે વાર્તાલાપ*, અમૃત ગંગર, *ન.સ.*, જુલાઈ ૧૯૯૯; *સત્યજિત રાયની 'ચારુલતા' માધવી મુખરજી સાથે વાર્તાલાપ*, અમૃત ગંગર, *ન.સ.* ફેબ્રુઆરી ૨૦૧૨) ત્રણે વાર્તાલાપોમાં *ચારુલતા* ફિલ્મકૃતિ વારંવાર સંદર્ભાય છે પણ બંસી ચન્દ્રગુપ્તે બાંધેલા *ચારુલતા*ના સૅટ્સ વિશે સુવ્રત મિત્રએ ખૂબ રસપ્રદ વાત કરી હતી. સંભળાવું. “મારી મા, કલકત્તાના અમારા ઇલાકાના લગભગ બધાં મોટાં ઘરો કે હવેલીઓથી વાકેફ, પણ *ચારુલતા* ફિલ્મ જોતી વખતે એણે મને પૂછ્યું કે અમે ફિલ્મનું શૂટિંગ કર્યું હતું એ ઘર કોનું હતું? મેં કહ્યું કે એ તો સૅટ વડે બાંધેલું કૃત્રિમ ઘર હતું. માનવામાં ન આવે એવી વાત હતી એના માટે!” (*ઉત્તમ સિનેમૅટોગ્રાફર સુવ્રત મિત્ર સાથે વાર્તાલાપ*, અમૃત ગંગર, ન.સ., જુલાઈ, ૧૯૯૯)

કમનસીબે સિનેમાકલા આપણને ઘ્રાણેન્દ્રિય અનુભૂતિ નથી કરાવી શકતી પણ તેની ચક્ષુગમ્યતા સ્પર્શનીય બની શકે. આ બધી અનુભૂતિઓની સિમ્ફનીમાંથી કદાચ આપણે મનોરંજનની અવસ્થામાંથી ચિત્તરંજનની અવસ્થામાં પ્રવેશી શકીએ. *ચારુલતા* ફિલ્મકૃતિની સત્યજિત રાયે એક સાંગીતિક રચના તરીકે કલ્પના કરી હતી. પણ હવે સમય થઈ ગયો છે રહસ્ય સ્ફોટનો. જન્મ-મૃત્યૂર રહસ્ય કેઉ જાને ના! (બંગાળીમાં બોલીએ: જોન્મો-મૃત્યૂર રોહોસ્યો કેઉ જાને ના). ક્યાં જન્મ લેવો અને ક્યાં અને કેવી રીતે મૃત્યુ પામવું એ પસંદગીઓ આપણી

નથી હોતી. બસ એવું જ થયું બંસી ચન્દ્રગુપ્તના મૃત્યુ સાથે. પહેલવહેલા જ વિદેશ ગયા હતા. મોતનું તેડું હશે?

કોઈ ઉત્તર અમેરિકન સંસ્થાએ સત્યજિત રાયની ફિલ્મોનો રેટ્રોસ્પૅક્ટિવ કાર્યક્રમ ગોઠવ્યો હતો. નોતરામાં સત્યજિત અને બિજોયા ઉપરાંત તેમના યુનિટના એક સભ્યને સાથે લાવવાની છૂટ આપી હતી. યજમાનના ખર્ચે. સત્યજિતે તરત જ બંસીને સાથે લેવાનું વિચાર્યું કારણ કે તેઓ કદી અગાઉ વિદેશ ગયા નહોતા. બંસી ચન્દ્રગુપ્તે તરત જ હરખથી સંમતિ આપી હતી. સત્યજિતને ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રવચન આપવાનું હતું તેથી બિજોયા સાથે તેઓ ઑક્સફર્ડ થઈને ન્યુ યૉર્ક પહોંચવાના હતા. બંસી સાથે ચિદાનન્દ દાસગુપ્તા જોડાયા હતા અને તેઓ બધાં ન્યુ યૉર્કમાં ભેગાં થવાનાં હતાં. બધું બરોબર ગોઠવાઈ ગયું હતું. અમેરિકાની ધરતી પર દિવસો આનંદોલ્લાસથી પસાર થઈ રહ્યા હતા. અમેરિકન યજમાનોએ આમંત્રિત મહેમાનોની બધી સગવડો સાચવી લીધેલી.

ત્યારે અમેરિકામાં હોવાથી ગિરીશ કાર્નાડ પણ તેમની સાથે જોડાયા હતા. મંડળી ન્યુ યૉર્કથી વૉશિંગ્ટન જવાની હતી. પણ વિધિના વિધાન કાંઈક વેગળાં હતાં. વૉશિંગ્ટન જવાના એક દિવસ અગાઉ ન્યુ યૉર્કના કોઈ સબવેમાં ટ્રેઇન પકડવા માટે દોડતાં બંસી પ્લૅટફૉર્મ પર બેહોશ થઈ ગયા. સાથે ચિદાનંદ હતા અને એ બેઉ તેમના કોઈ મિત્રના ઘેર જઈ રહ્યા હતા. બંસીને ઍમ્બ્યુલન્સમાં ન્યુ યૉર્કની કોઈ હૉસ્પિટલમાં લઈ ગયા પણ ત્યાં સુધી તેમનું હૃદય ધબકતું બંધ પડી ગયું હતું... ઍમ્બ્યુલન્સમાં લઈ જતી વખતે એકાદ ક્ષણ માટે બંસી હોંશમાં આવ્યા હતા. તેમના છેલ્લા શબ્દો હતા: “આઇ ઍમ સૉરી!” જુઓ તો ખરા, મરતી વખતે પણ અન્યો માટે દિલગીરી વ્યક્ત કરવાનું ભૂલ્યા નહીં. વ્હૉટ અ જૅન્ટલ સોલ!

તેજસ્વી બંસી ચન્દ્રગુપ્તની અંતિમ વિધિ મૅટ્રોપૉલિટન ઍરિયાના બ્રૂકહેવન શહેરમાં કરવામાં આવી. વર્ષ ૧૯૮૧. તારીખ ૨૭, જૂન. વય સત્તાવન.

❑❑❑

''સમાજ જેટલો સત્યથી દૂર સરતો જાય છે એટલો વધુ ધિક્કાર એ ઉચ્ચારનાર તરફ વરસાવતો થાય છે.'' **- જ્યોર્જ ઓરવેલ**

* * *

''જે વ્યક્તિ આખો વખત વિચાર્યા કરે છે એની પાસે વિચારો સિવાય વિચારવા જેવું કશું હોતું નથી, એ રીતે વાસ્તવ સાથેનો એનો નાતો તૂટી જાય છે અને આભાસી વિશ્વમાં વિહરે છે.'' **- એલન વોટ્સ**



ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

એક અજાણી સ્ત્રીનો પત્ર: સ્ટેફાન ત્સ્વાઈક

સ્ટેફાન ત્સ્વાઈકની અતિપ્રસિદ્ધ, અતિશય લોકપ્રિય લાંબી વાર્તા 'A letter from an unknown woman' 1922માં પ્રકાશિત થઈ હતી પહેલીવાર. 1948માં અને પછી 2004માં એના પરથી ફિલ્મ પણ બની ચૂકી છે. આ વાર્તાના પુરુષપાત્રમાં ઘણા વિવેચકોએ ત્સ્વાઈકને જોયા છે. માની ન શકાય એવા ઉત્કટ

એકતરફી પ્રેમને વ્યક્ત કરતી આ વાર્તા સામે કોઈ પણ વ્યક્તિ પહેલો પ્રશ્ન એ જ ઉઠાવે કે કોઈ પણ સ્ત્રીનું આવું નિઃસ્વાર્થ સમર્પણ, આવો પ્રેમ શક્ય છે ખરો? મારા જેવાને આ વાર્તા સંદર્ભે પહેલો પ્રશ્ન એ થાય કે લેખકે વાર્તા કહેવા માટે પત્રની પ્રયુક્તિ શા માટે પસંદ કરી? અહીં રજૂ થયેલ કલ્પનાતીત પ્રેમને, ઘેલછાની સીમા વટાવી ચૂકેલા સ્ત્રીના સમર્પણને પેલો પુરુષ સ્વીકારે, સાથે સાથે વાંચનાર પણ સ્વીકારે એ માટે પ્રથમ પુરુષ કથનરીતિ અનિવાર્ય બને. એકના એક દીકરાના શબ પાસે બેસીને પત્ર લખી રહેલી આ સ્ત્રી મૃત્યુની ઘડીઓ ગણી રહી છે. એણે લખ્યું છે, 'જો હું જીવતી રહીશ તો આ કાગળ ફાડી નાખીશ અને જે રીતે હંમેશાં રહેતી આવી છું એમ જ મૂંગી રહીશ. પણ જો આ કાગળ તમારા હાથમાં આવે તો માનજો કે એક મૃત સ્ત્રી પોતાની જીવનકથા કહી રહી છે.' પણ વાર્તાના આરંભે જાણીતા નવલકથાકાર આર. આ નામ-સરનામા કે સહી વગરના પત્રને જાણીતા નવલકથાકાર આર. આ નામ-સરનામા કે સહી વગરના પત્રને વાંચી રહ્યા છે એનો અર્થ કે લખનાર સ્ત્રી મૃત્યુ પામી છે. મર્યા પછી તો સ્ત્રી પોતાની વાત કઈ રીતે કહી શકે? એટલે પત્રની પ્રયુક્તિ અનિવાર્ય છે. અહીં વાતની સચ્ચાઈ વાંચનાર પુરુષની સાથે ભાવકો પણ માને છે કારણ કે મરણપથારી પરથી સ્ત્રી ખોટું ન જ બોલે. મરણપથારીએ પડેલી સ્ત્રી એના જીવનની પળેપળ વિશે રજેરજ કહેવા માગતી હોય અને સામેનું પાત્ર નવલકથાકાર આર. જેવું હોય ત્યારે એનો લખ્યા સિવાય છૂટકો જ નથી. આમ પણ જે તીવ્ર, ઉત્કટ ભાવાવેગ એ વ્યક્ત કરવા માગે છે એ પત્ર સિવાય શક્ય જ નથી. આટલી શરમાળ, બધો દોષ પોતાના માથે ઓઢી લઈ એકપક્ષે પ્રેમ કર્યે જતી સ્ત્રી ધારો કે કહેવા બેસે તો કદાચ કંઈ જ ન કહી શકે. એને પૂરેપૂરા વ્યક્ત થવું હોય, ઠલવાઈ જવું હોય તો એણે લખવું જ રહ્યું. અને એટલે જ પત્ર આ વાર્તાની અનિવાર્ય પ્રયુક્તિ છે.

પત્રનો આરંભ જ કેવો છે? 'જેણે ખરેખર કદી મને ઓળખી જ નથી એવા તમને.' મિ. આર. ને નવાઈ લાગે છે આવા સંબોધનથી એટલે એ કુતૂહલના માર્યા આગળ વાંચવાનું શરૂ કરે છે. પત્રમાં લખ્યું છેઃ 'મારું બાળક ગઈ કાલે મરી ગયું. ત્રણ દિવસ અને ત્રણ રાત હું નાનકડા, નાજુક જીવ પર તોળાઈ રહેલા મોત સામે લડતી રહી. જ્યારે તાવ એના દુર્બળ શરીરને પાંદડાંની જેમ ધ્રુજાવતો હતો ત્યારે ચાલીસ કલાક સુધી હું એની પથારી સામે અડીખમ બેઠી હતી. રાતદિવસ હું એના બળબળતા કપાળ પર ઠંડા પાણીનાં પોતાં મૂકતી રહી અને એના તાવથી તરફડતા હાથોને પકડીને બેસી રહી. ત્રીજા દિવસની સાંજે હું લગભગ ભાંગી પડવાની અણી પર હતી. હું એ પથરા જેવી ખુરશી પર લગભગ ત્રણ કે ચાર કલાક સૂતી હોઈશ... એ સમયગાળામાં

મોત મારા બાળકને ભરખી ગયું. હું જાણું છું, મને ખબર છે કે મારો દીકરો ગઈ કાલે જ મરી ગયો છે અને હવે આ અફાટ દુનિયામાં તમારા સિવાય મારું કોઈ નથી. અને તમે તો મારા વિશે કશું જાણતા નથી. માત્ર તમે-જેણે કદી મને ન ઓળખી અને જેમને હંમેશ હંમેશ હું ચાહતી રહી એવા તમે જ તો છો મારો એક માત્ર આધાર.' સ્વાભાવિક છે આટલું વાંચનાર આગળ વાંચવા પ્રેરાય જ. પાત્ર આગળ ચાલે છેઃ 'કોઈક પાસે હૈયું ઠાલવ્યા વગર હું મારા મૃત બાળક સાથે એકલી નહીં રહી શકું. અને આવા ભયાનક સમયે તમારા સિવાય બીજા કોની પાસે હું મારું હૈયું ઠાલવું? તમે જ મારા સર્વસ્વ હતા અને હજી પણ છો જ. તમારા સિવાય હું બીજા કોને કહું? ...જેમણે કદી મને ઓળખી જ નથી, એવા મારા પ્રિયતમ, મારે તમને બધું જ કહેવું છે. હું જિંદગી આખી હંમેશાં તમારી જ બની રહી અને તમને એ વિશે કંઈ ખબર જ નથી. જો હું જીવતી રહીશ તો આ કાગળ ફાડી નાખીશ ને જે રીતે હંમેશાં રહેતી આવી છું એ રીતે મૂંગી રહીશ. પણ જો આ કાગળ તમારા હાથમાં આવે તો તમને ખબર પડી જશે કે એક મૃત સ્ત્રી પોતાની જીવનકથા કહી રહી છે. જીવતેજીવ જેના જીવનની એક-એક પળ તમારા નામે હતી એવી સ્ત્રી આ કહી રહી છે. હું તમારી પાસે માત્ર એક જ માગણી કરું છું. હું જે કંઈ કહું, એના પર તમે વિશ્વાસ કરો. મારા એક એક શબ્દ પર તમે વિશ્વાસ કરો. એકના એક સંતાનની મરણપથારી પાસે બેસીને કોઈ જૂઠું ન જ બોલે એનો વિશ્વાસ કરજો.'

ને હવે આ સ્ત્રીના માની ન શકાય એવા એકતરફી પ્રેમની કથા મંડાય છે. તેર વર્ષની હતી ત્યારથી એણે આ એકમાત્ર પુરુષને પ્રેમ કર્યો હતો. પત્રમાં એક જગ્યાએ એ ઘટસ્ફોટ કરે છેઃ 'મારું બાળક ગઈકાલે મરી ગયું. એ બાળક તમારું પણ હતું. પ્રિય એ તમારું પણ હતું. હું સોગંદ ખાઈને કહું છું કે એ આપણું બાળક હતું.' વાંચનારના મગજની નસો તંગ થઈ જાય એવી ઉત્કટ લાગણીની આ કથા ધારાપ્રવાહે આગળ વધે છે. પાત્ર પોતે જ પોતાના અનુભવો, લાગણીભર્યા પ્રસંગો કહેતું હોય ત્યારે એના હૃદયમાંથી આવતી આ વાત વધુ તીવ્ર, વધુ પોતીકી લાગે છે. આ નિકટતા દ્વારા જ વાર્તા સંવાદિતા પ્રાપ્ત કરે છે. એકના એક દીકરાના શબ પાસે બેસીને સ્ત્રી પોતાના પ્રેમની કથા કહેવા બેઠી છે. અહીં પ્રેમની તીવ્રતા સાથે એની વેદનાને પણ વાચક સઘન રીતે પામી શકે છે. આમ તો પાત્ર પોતે જ પોતાની વાત કહેવા બેસે ત્યારે વાર્તા લાગણીવેડામાં સરી જવાની શક્યતા વધારે છે. પરંતુ ક્યારેક વાર્તાની સચ્ચાઈ, એની કલાત્મકતા માટે વધુ પડતી લાગણીશીલતાનું આલેખન જરૂરી હોય છે. દા.ત. આ વાર્તામાં જ પ્રેમીએ એને કદી ઓળખી જ નથી, તેનાથી થયેલા

દીકરાના સહારે જીવતી સ્ત્રી, એ જ દીકરાની લાશ પાસે બેસી ભૂતકાળના પેલા પ્રેમી પાસે પોતાના એકપક્ષી પ્રેમનો પત્ર દ્વારા એકરાર કરતી હોય, આજ સુધી અંદર ડુમાતું બધું જ ઠાલવતી હોય ત્યારે એ ભાવુક ન બને તો જ નવાઈ. આ વાર્તામાં લાગણીનું પ્રાચુર્ય, ભાવુકતા વાર્તાની જરૂરિયાત છે એટલે વાર્તાની કલાત્મકતા જોખમાતી નથી.

અહીં વાર્તા વાંચતાં ભાવકના મનમાં જેટલા પ્રશ્નો થાય છે એના જવાબ એને તરત જ મળી રહે છે. દા.ત. આ સ્ત્રી નાનપણની વિગતોને આટલી ઝીણવટથી કઈ રીતે યાદ રાખી શકી? તરત જ એના જ શબ્દોમાં એનો ખુલાસો મળે છે. રોજેરોજ નાનામાં નાની વિગતને વાગોળવા સિવાય, ચિત્રપટની જેમ જોયા કરવા સિવાય જિંદગીમાં એણે બીજું કંઈ કર્યું જ નથી. જે બિંદુએ વાચક કંટાળે કે એને લાગણીવેડા લાગે ત્યાં તરત જ પાત્ર તરફથી એ માટેનો યોગ્ય ખુલાસો મળી રહેશે. ક્યારેક એવી શંકા પડે કે પાત્રમાનસને આબાદ ઉકેલતા ત્સ્વાઈક વાચકના માનસમાં ઊઠનારા પ્રશ્નોને પણ આગોતરા જાણી લેતા કે શું?

અહીં સ્ત્રી એક કરતાં વધુ વાર 'તમે મને લલચાવી કે ફોસલાવી નો'તી. મેં જ તમને જાત સમર્પિત કરી હતી' એવું કહે છે. એની જેમ આપણે પણ પેલા પુરુષનો ઝાઝો દોષ નહીં કાઢી શકીએ. એક તો એ અસંખ્ય સ્ત્રીઓને મળવા, મળ્યા પછી ખંખેરી નાખવા ટેવાયેલો છે. આ લખનાર નાનપણમાં ભાગ્યે જ એની સામે જતી. સામે મળતી તો નીચું ઘાલી નાસી જતી. એટલે પેલાને એનો ચહેરો યાદ હોય એવી કોઈ શક્યતા નથી. આ સંજોગોમાં આટલો વ્યસ્ત, વિખ્યાત અને વિલાસી માણસ એને યાદ ન રાખી શકે તો આઘાત ન લાગવો જોઈએ. સ્ત્રીનો પ્રેમ એકપક્ષી છે એનું સમર્પણ ઘેલછાની સીમા વટાવી ચૂકેલું છે એ સ્વીકાર્યા પછીય એની ઉત્કટતાથી આપણે હલી જઈએ છીએ. માની ન શકાય એવા એના પ્રેમને સામેનું પાત્ર તો ઠીક, ખુદ વાચક પણ માને છે તે આ વાર્તાની કથનપ્રયુક્તિને આભારી છે. જોકે આખો પત્ર વાંચી લીધા પછી પણ કશુંય સ્પષ્ટપણે યાદ નહીં કરી શકતા પુરુષ પાત્રને કારણે વાચકની વેદના કદાચ બેવડાઈ જાય.

આ વાર્તાને વિવેચકોએ સાહિત્યિક ઘરેણું કહી છે. વાર્તા પૂરી થાય ત્યારે વાચક વિમાસીને બોલી ઊઠવાનો કે આ સ્ત્રીને કોઈ કઈ રીતે અજાણી કહી શકે? પુરુષનું સ્વકેન્દ્રી, સ્વાર્થી વલણ અને સ્ત્રીનો સર્વસ્વ ન્યોચ્છાવર કરતો એકનિષ્ઠ, અનન્ય પ્રેમ એવો છે કે વાંચનાર સ્ત્રીના સમર્પણથી અંજાઈ ન જાય તો જ નવાઈ.

❑❑❑

સત્કાર્ય માટે આવનાર દ્વાર ઉપર ટકોરો મારે છે પણ પ્રેમી માટે દ્વાર હંમેશ ખુલ્લાં જ હોય છે.

- રવીન્દ્રનાથ ટાગોર



કસ્તુરબાઃ An Unsung Shero*

☐ ડો. રંજના હરીશ

૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪ની નમતી સાંજ હતી. આકાશમાં જ્યારે સૂર્યદેવનો રથ પશ્ચિમ ભણી ગતિ કરી રહ્યો હતો ત્યારે દિલ્હીના આગાખાન પેલેસમાં કસ્તુરબાનો અંતિમસંસ્કાર થઈ રહ્યો હતો. પુત્ર દેવદાસે મુખાગ્નિ આપ્યા બાદ સર્વે આપ્તજનો બાના નશ્વર દેહને અંતિમ પ્રણામ કરી રહ્યા હતા. પતિ મોહનદાસ કરમચંદ ગાંધી પોતાની 62 વર્ષ જેવા સુદીર્ઘ સમયની જીવનસંગિની

કસ્તુરબાને મનોમન વિદાય આપી રહ્યા હતા. તેમનું મન ક્ષુબ્ધ હતું. આ પળ હતી જીવનભરના સરવૈયાની. તો સ્વગત બોલી રહ્યા હતા- 'હું તારા વિના આજે નોધારો થઈ ગયો. પોતાનાં બાળકોની ઇચ્છાપૂર્તિની જવાબદારી મા-બાપની હોય છે, પણ હું તે ન કરી શક્યો. હું તો સંન્યાસીની જેમ સર્વ કલ્યાણમાં મંડેલ રહ્યો અને હરિદાસ અને બાળકોને અવગણ્યાં. હું સતત જાણતો હતો કે તું મારાથી દુઃખી હતી. મેં તને દૂભવી. હરિદાસે સાચું જ કહેલું, ''તમને બાએ મહાન બનાવ્યા છે.'' મારા ખાતર તેં હરિને ત્યજી દીધો હતો એ કંઈ નાનીસૂની વાત ન હતી. મેં હરિલાલને ના બોલાવ્યો અને તે પોતે ક્યારેય આવ્યો જ નહીં. બસ એટલું જ...' ગાંધી સદ્‌ગત પત્નીને કહી રહ્યા હતા, 'તું મારા કરતાં સાચ્ચે જ મુઠેરી ઊંચી હતી.' (પૃ. 279) પતિ, પુત્રો, પરિવાર તેમ જ સઘળા રાષ્ટ્ર કાજે કસ્તુરબાએ આજીવન કરેલ તપ, ત્યાગ, સેવા અને સમર્પણનો આ સરપાવ હતો.

પતિની આવી શ્રદ્ધાંજલિ પામનાર કસ્તુરબા એક અસાધારણ સ્ત્રી હતાં. જેમણે પોરબંદર ગામના ગભરુ, અતિ સાધારણ એવા મોનિયાને રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી બનવામાં સતત મૌન ફાળો આપ્યો હતો.

કસ્તુરબાના જીવન પર આધારિત હિન્દી નવલકથાકાર પદ્મશ્રી ગિરિરાજ કિશોરે લખેલ 'બા' (2016) નવલકથાનો પ્રારંભ પોરબંદર ખાતે કસ્તુરબાના ઘરની સામે એક વૃદ્ધ સાથે થયેલ સંવાદથી કરે છે. લેખક ગાંધીજીના જીવન પર આધારિત નવલકથા 'પહેલા ગિરમીટયા' માટે સંશોધનાર્થે પોરબંદર ગયેલા અને ત્યાં તેમને સાંભળવા મળ્યું કે કસ્તુરબાના પિયરનું મકાન પણ એ જ નગરમાં છે. ગાંધીજીનું જન્મસ્થળ જોયા બાદ તેઓ શોધતાં શોધતાં કસ્તુરબાના મકાને પહોંચ્યા. મકાનની બહાર એક વૃદ્ધ મળી ગયો. તેમણે પૂછ્યું, 'આ કસ્તુરબાનું મકાન છેને?' વૃદ્ધે જવાબ આપ્યો, 'વાહ તમે કસ્તુરબાને જાણો છો?' તેમણે કહ્યું, 'બા વિશે વાંચેલું છે.' પેલા વૃદ્ધ બોલી ઊઠ્યા, 'કસ્તુરની કોઈનેય પડી નથી. બધા ગાંધીને જાણે છે, પૂજે છે. ભૂલ્યુંભટક્યું કોઈ અહીં આવી ચડે તો અમારું ભાગ્ય.' એ વૃદ્ધની આંખમાં વેદના અને ફરિયાદ હતી.

સાચે જ બાની કોઈને નથી પડી એ વાત 'હમારી બા' લખનાર વનમાલા પરીખ અને સુશીલા નૈયર પણ નોંધે છે. તો વળી ગાંધીજીના પૌત્ર અરુણ ગાંધી તથા સુનંદા ગાંધીએ બાના જીવન પર લખેલ પુસ્તકને તેમણે 'ફરગોટન વુમન' નામ આપવું ઉચિત માનેલું. વળી તેમનું આ પુસ્તક છાપવા માટે ભારતીય પ્રકાશકોએ ઘસીને ના પાડેલી. કહેલું, 'ગાંધી પર પુસ્તક હોત તો ચોક્કસ છાપત.' છેવટે કોઈ અમેરિકન પ્રકાશકે

કસ્તુરબા પરનું આ પુસ્તક પ્રકાશિત કરેલું. અરુણ ગાંધી તથા સુનંદા નોંધે છે 'અમારી દાદીની જીવનકથા ફક્ત એટલી જ કે જ્યારે મોહનદાસ સત્યના પ્રયોગો કરતા હતા ત્યારે બા તે પ્રયોગોનો તાપ જીરવતાં હતાં, તે પતિના પ્રયોગોને જીવતાં હતાં. કસ્તુરબાનું સઘળું જીવન ગાંધીજીની સત્યની શોધની સૂક્ષ્મતમ પ્રક્રિયાના પ્રત્યક્ષ અનુભવમાં વીત્યું.' ગાંધીજી તથા કસ્તુરબાના સહજીવન તથા પારસ્પરિક વિકાસની ભાગીદારીની વાત અગણિત પુસ્તકોમાં ચર્ચાઈ ચૂકી છે. અહીં તો એટલું જ નોંધવાનું કે, બાપુના પારસ સ્પર્શે કસ્તુરબા કંચન બન્યાં તે વાત સાચી તો ખરી, પરંતુ તે ફક્ત સ્પર્શમાત્રનો કમાલ નહોતો. બા દરેક પગલે બાપુના વિચારો તથા આગ્રહોના તાર્કિક સ્વીકાર સાથે બધું અપનાવતાં ગયાં. તેમણે ક્યારેય પણ ફક્ત પતિના આગ્રહને વશ થઈને કોઈ સિદ્ધાંત સ્વીકાર્યો નહોતો. ચાર પુત્રોનાં માતા-પિતા બન્યા બાદ વર્ષ 1906માં જ્યારે બાપુએ બ્રહ્મચર્યનું વ્રત લીધું ત્યારે તે વ્રતનો સ્વીકાર કસ્તુરબાએ પતિની ઇચ્છાને વશ થઈને કર્યો નહોતો. તેઓ પોતે બ્રહ્મચર્યમાં માનતાં થયાં હતાં. અને તેમની સંપૂર્ણ સંમતિ સાથે બાપુ આ વ્રત લઈ શક્યા હતા. આ સઘળી વાતો એક જ સત્ય તરફ આંગળી ચીંધે છે કે ગાંધીના પડછાયાની જેમ પળેપળ તેમની સાથે રહેનાર કસ્તુરબાને સુયોગ્ય યશ કે માન નથી મળ્યાં. તેઓ એક 'અનસંગ શીરો' છે. બા-બાપુના દોઢસોમા જન્મ શતાબ્દી વર્ષે આ પ્રશસ્તિવંચિત કસ્તુરબાનું સ્મરણ યથોચિત છે.

ગિરિરાજ કિશોરે લખેલ બાયોફિક્શન 'બા'ના ચુનંદા પ્રસંગોના અનુવાદ થકી તેમને શ્રદ્ધાસુમન અર્પણ છે. કિશોર મોનિયો કિશોરી પત્ની કસ્તુર પર પતિ હોવાનો રોફ ચલાવતો. તેણે ક્યાં જવું, કોની સાથે બોલવું તે બધું મોનિયાને પૂછીને જ થવું જોઈએ. એક દિવસ સાસુજી પૂતળીબાએ કસ્તુરને કહ્યું, 'હું મંદિર જઉં છું, તું ચાલ મારી સાથે.' કસ્તુર કોઈને પૂછ્યાકર્યા વગર સડસડાટ પૂતળીબા સાથે મંદિર જતી રહી. મોનિયો ઘરે જ હતો. પણ કસ્તુરે તેની પરવા જ ના કરી. બીજે દિવસે, ત્રીજે દિવસે, ચોથે દિવસે આ જ ક્રમ ચાલ્યો. મોનિયાને કસ્તુરનું આવું વર્તન જરાય ન ગમ્યું. છેવટે ધીરજ ત્યજીને તેણે કસ્તુરને સંભળાવી દીધું, 'હું તારો પતિ થાઉં, મારી પરવાનગી વગર ક્યારેય તારે ક્યાંય જવાનું નથી તે તું જાણે છે અને તોય મને પૂછ્યા વગર બા સાથે જતી રહે છે તે યોગ્ય નથી.' કસ્તુર કેટલાય વખતથી કિશોર પતિ મોનિયાની જોહુકમીથી કંટાળેલી હતી. પણ તેણે પતિના ગુસ્સાનો જવાબ ધીમા સ્વરે આપ્યો. કહ્યું, 'તમે ઇચ્છો છો કે હું બાને બદલે તમારું કહ્યું માનું?' પતિદેવ

બિચારા શું બોલે. મોનિયો સમસમી ગયો અને બરાબર સમજી ગયો કે આ છોકરીની સંમતિ વગર તેની પાસે કશુંય કરાવી શકાય તેમ નહોતું. (પૃ. 39)

* * *

મોનિયો વિલાયતમાં બેરિસ્ટરી ભણીને બાબુ બનીને પાછો ફર્યો. એક પુત્રની માતા તેવી તેની પત્ની કસ્તુર બારણાની ઓટમાં રહીને આ વિલાયતી માણસને જોઈ રહી હતી. તેને મોનિયાની વિદાયનું દૃશ્ય યાદ આવી ગયું. તે વખતે પણ કસ્તુરે મોનિયાને બારણાની પાછળથી જ વિદાય આપેલી. પણ આ નવો મોનિયો તો તદ્દન બદલાઈ ગયો હતો! ક્ષણાર્ધ માટે કસ્તુરને પોતાની જાત પર દયા આવી ગઈ... ગઈ કાલનો મોનિયો આજે વિલાયતી સાહેબ બનીને પાછો ફર્યો છે. અને પોતે જેવી હતી, જ્યાં હતી, ત્યાંની ત્યાં જ ઊભી છે! તદ્દન અજાણ દેખાતો મોનિયો જીવનની દોડમાં તેનાથી ઘણો આગળ નીકળી ગયો છે... તે વિચારી રહી, સ્ત્રી સાથે આવું કેમ થતું હશે? કૂદકે ને ભૂસકે આગળ વધતા પુરુષના પ્રમાણમાં તેની પત્ની કેમ જ્યાં હતી ત્યાંની ત્યાં રહી જતી હશે? (પૃ. 64)

* * *

પતિ તથા ત્રણ પુત્રો સાથે દરિયાઈ માર્ગે ડર્બન પહોંચેલ કસ્તુર માટે અહીંના બધા જ અનુભવો તદ્દન નવા હતા. તેણે જોયું કે વહાણ ન લાંગરવા દેવા માટે પ્રયત્નશીલ તેવા ગોરાઓ પોતાના પતિને દુશ્મન માનતા હતા. એટલું જ નહીં ગાંધીને ફાંસી આપવાના નારા બોલાવી રહ્યા હતા. આ વાત લંડન પહોંચતાં ત્યાંથી આદેશ આવેલો કે ગાંધી વિરુદ્ધ વર્તન કરનારને પોલીસ પકડી જશે. ગોરી પોલીસે ગાંધી પાસે નામો માગ્યાં તો ગાંધીએ નામો આપવાની ના પાડી દીધી અને કહ્યું, 'મારા આવા નકારાત્મક સ્વાગત માટે હું તે બધાઓને માફ કરી ચૂક્યો છું.' ગાંધીની આવી ક્ષમાવૃત્તિએ ત્યાંના ગોરાઓનું મન જીતી લીધું. કસ્તુર પોતાના પતિ મોનિયાને સમ્માનિત જનનાયક બનતો જોઈ રહી. તે સાક્ષીભાવે વિચારી રહી, જેમ પ્રેમથી પ્રેમનો રસ્તો ખૂલે છે તેમ ક્ષમાથી સમ્માનનો રસ્તો મોકળો થતો હોય છે. મનોમન તે પોતાના પતિને બિરદાવી રહી. (પૃ. 94)

* * *

ડર્બનના પ્રારંભિક દિવસોમાં કસ્તુર અને બાળકોએ એક પારસી સજ્જન રુસ્તમજીના પરિવાર સાથે રહેવું પડેલું. એ પરિવારે કસ્તુર અને તેનાં બાળકોને પ્રેમથી અપનાવેલાં પરંતુ કસ્તુરને કેમેય કર્યું ગોઠતું નહોતું. આ તે કેવો દેશ? આખો દિવસ બધાએ બૂટ પહેરીને રહેવાનું! બૂટ પહેરીને રસોડામાં જઈને રાંધવાનું અને તે પણ વળી ઊભાં ઊભાં! વળી આ લોકો માછલી ખાતા હતા. અને ચુસ્ત વૈષ્ણવ સંસ્કાર ધરાવતી કસ્તુરને

આ જરાય ગમે તેમ નહોતું. માછલીની ગંધ જાણે આખા ઘરમાં વ્યાપેલી રહેતી. એ ગંધથી કસ્તુરને ઊબકા આવતા. આવી પરિસ્થિતિમાં પહેલી વાર કસ્તુરને સમજાયું કે જીવનમાં ખોરાકનું શું મૂલ્ય હોય છે.... આ રહેવાસ દરમિયાન કસ્તુરનાં બાળકોનું બા સંબોધન સાંભળીને રુસ્તમજી પરિવારે તેને કસ્તુરબા કહેવાનું શરૂ કર્યું. કોને ખબર હતી કે પ્રેમાળ રુસ્તમજી પરિવારે કરેલ આ સંબોધન કસ્તુર માટે જીવનપર્યંતનું સંબોધન બની રહેશે? હવે કસ્તુર કસ્તુર ન રહી, તે કસ્તુરબા હતી. (પૃ. ૯૫)

* * *

સફળ પતિ અને પરિવાર સાથે ડર્બનથી સ્વદેશ પાછા ફરવાનો કસ્તુરબાનો અનુભવ અનેરો હતો. મુંબઈ બંદરે પહોંચતાંની સાથે પતિ મોહનદાસ કોઈ કામે કલકત્તા જવા નીકળી ગયા. કસ્તુરે જોયું કે ભારતીયોએ તેમના સત્કાર માટે મોટો સમારંભ યોજેલો હતો. આયોજકોને ખબર હતી કે ગાંધી આ સમારોહમાં રોકાઈ શકશે નહીં. અને તોય સમારંભ યથાવત્ રાખ્યો હતો. તેના કેન્દ્રસ્થાને કસ્તુરબા હતાં. તેમને પોતાને આશ્ચર્ય થયું! ગાંધીની હાજરીમાં સમારંભ થાય તે તો સમજાય પરંતુ તેમને માટે આવું આયોજન! કસ્તુરબાને આ પળે થોડાં વર્ષો પહેલાં નાતીલાઓએ મોહનલાલના વિદેશગમનને કારણે સમગ્ર પરિવારને નાત બહાર મૂકેલો તે ઘટના સ્મરી આવી. તે જોઈ રહ્યાં હતાં કે આજે દૃશ્ય તદ્દન વિપરીત હતું. અપમાનિત કરી નાત બહાર મૂકનારાઓ જ આજે તેમને માન સાથે પોંખી રહ્યા હતા. કસ્તુરબા વિચારી રહ્યાં, આ સઘળું મારા પતિ મોહનલાલની તપસ્યાનું ફળ છે. (પૃ. ૧૧૦)

* * *

બાપુના બગડતા જતા સ્વાસ્થ્યની બધાને ચિંતા હતી. ડો. દલાલે બાપુને દર બે કલાકે દૂધનું સેવન કરવા જણાવ્યું. પરંતુ બાપુએ ના પાડી દીધી. તેમણે કહ્યું કે તેઓએ દુધાળાં પશુ પર મનુષ્ય દ્વારા થતા અત્યાચારોને કારણે દૂધ ન પીવાની પ્રતિજ્ઞા કરેલ છે. બધા જાણતા હતા કે ગાંધીની પ્રતિજ્ઞાને કોઈ જ ન તોડાવી શકે. ત્યાં તો તેમની પથારીની પાસે બેઠેલ કસ્તુરબાએ શાંત ભાવે કહ્યું, 'બરાબર છે. તો પછી તમને બકરીનું દૂધ પીવામાં વાંધો ન હોવો જોઈએ.' બાની વાત સાંભળીને બાપુ વિચારમાં પડી ગયા. સરળ, પ્રેમાળ અને બુદ્ધિશાળી જીવનસંગિનીએ તેમને અનાયાસે પરાસ્ત કરી દીધા હતા. પ્રતિજ્ઞા લેતી વેળાએ દુધાળાં પશુઓમાં તેમણે બકરીને ગણી નહોતી. એટલે પ્રતિજ્ઞા તોડ્યા વગર બકરીનું દૂધ લઈ શકાય તેમ હતું. તેઓ કશું કહ્યા વગર ચૂપચાપ બેસી રહ્યા. બા સમજી ગયાં. થોડી વારમાં બકરીના દૂધથી ભરેલ


ગ્લાસ તેમણે બાપુના હાથમાં મૂકી દીધો. ત્યારબાદ આવનાર સમય માટે બકરીનું દૂધ બાપુ હંમેશાં લેતા. (પૃ. 213)

* * *

હરિજન આશ્રમથી આરંભાતી દાંડીકૂચ વેળાએ બાએ ગોરાઓની સામે પડનાર પતિનો હિંમતથી સાથ આપેલો. ગોરાઓનો ગુસ્સો અને આતંક વહોરવા જઈ રહેલ પતિને તેમણે તિલક કરીને વિદાય કરેલા. એક વીરાંગનાને શોભે તે રીતે... (પૃ. ૨૩૩) પોતાનાં પૌત્ર-પૌત્રીઓને જોઈને બા હંમેશ કહેતાં, 'અમારી જેલયાત્રાઓ રૂપી જીવનધનનું વ્યાજ છે આ બાળકો'.... જીવનના અંતિમ દિવસ સુધી બા આગાખાન પેલેસના પ્રાંગણમાં ચિર નિદ્રામાં પોઢેલ પોતાના સૌથી મોટા પુત્ર સમા મહાદેવભાઈ દેસાઈની સમાધિ પર સવાર-સાંજ દીવો કરતાં. કોક વાર પોતે ન કરી શકે તો અંતેવાસી સુશીલા નૈયરને કહેતાં, 'બેટા મારા શંકર-મહાદેવને દીવો કરજે.' અંતિમ સાંજે પણ તેઓ એ ટકોર કરવાનું નહોતાં ભૂલ્યાં. (પૃ. 278)

મહાન પુરુષ-નાયક હીરો તરીકે નવાજાતા હોય છે. તે સંદર્ભે સ્ત્રી-નાયક માટેની નવી અંગ્રેજી સંજ્ઞા છે 'શીરો'. કસ્તુરબા સાચે જ એક મહાન શીરો હતાં, જેમને ઇતિહાસે અને સમાજે યથોચિત યશ ન આપ્યો. તેઓ એક પ્રશસ્તિવિહીન 'શીરો'નું જીવન જીવી ગયાં.

❑❑❑



વામની...

☐ અરવિંદ બારોટ

ખંભાતના પાદરમાં આજ માનવ-મહેરામણ ઊમટ્યો છે. નગરદ્વારની બહાર રથ, ઘોડા, સિગરામ, પાલખી અને બળદગાડાંની હેડ્ય લાગી ગઈ છે. રંગબેરંગી વસ્ત્રોમાં શોભતાં નર-નારીઓનાં મુખ પર પ્રસન્નતા છલકે છે. ઝાંઝ-પખવાજ ને મંજીરાની ઠોર બોલે છે. એકસામટાં કંઠમાંથી ગવાતાં ધોળ-કીર્તનથી સમો બંધાઈ ગયો છે.

કોલાહલ સાંભળીને ખૂણા પરની મેડીના ઝરૂખેથી એક સુંદર સ્ત્રી ડોકાય છે.

'ગાયન-વાદન સાથે આ બધાં ક્યાં જતાં હશે? કોઈ રાજા-મહરાજા કે સંતનું સામૈયું હશે?'

રૂપાળાં- નમણાં મુખ પર વિમાસણ

છે. કાજળકાળી આંખોમાં વિસ્મય છે. મેડીનો દાદર ઊતરીને ડેલીના ઊંબરે આવીને ઊભી રહી. માણસોનાં ટોળેટોળાં આમથી તેમ ઘૂમે છે.

'કોને પૂછું?'

એક વયોવૃદ્ધ સાધુને આવતાં જોયા. હાથ જોડીને સામે ગઈ.

"જય શ્રી કૃષ્ણ, બાપજી!"

"જય શ્રી કૃષ્ણ, પુત્રી...! કંઈ કહેવું છે?"

"આ બધાં ક્યાં જાય છે?"

"દીકરી! આ જાત્રાનો સંઘ છે, દ્વારકા જાય છે."

"સંઘ?"

"હા, ધનપાળ શેઠ આખો સંઘ લઈને દ્વારકાની જાત્રાએ જાય છે."

"તો એમાં કોને લઈ જાય?"

"જેને જવું હોય એને... શેઠ તો ધર્માત્મા છે. બધાંને આમંત્રણ આપ્યું છે. બધી જ સગવડ શેઠ તરફથી છે. આઠેક હજાર માણસોનો સંઘ છે."

"મારે જાવું હોય તો? મને લઈ જાય?"

"હા હા, કેમ નહીં? જા, શેઠને વાત કર!"

"શેઠ ક્યાં મળે? મને મળવા દેશે?"

"એમ કર, ચાલ મારી સાથે. હું તને લઈ જાઉં.."

* * *

માનવમેદનીને વીંધીને એક નાની રાવટી પાસે પહોંચીને સાધુએ કહ્યું:

"આ રાવટીમાં શેઠ બેઠા છે. તું અંદર જા, વાત કર.."

શેઠને મળવાની રજા માગી:

આડશનો પટ ખસેડીને એણે રાવટીમાં પ્રવેશ કર્યો. સામે જ એક પાટ ઉપર તકિયાને અઢેલીને શેઠ બિરાજમાન છે.

ધનપાળ શેઠ એટલે ખંભાતના નગરશેઠ. ખંભાતની એ વખતે જાહોજલાલી. દરિયાઈ વેપારનું મોટું મથક. ચોરાસી બંદરના વાવટા ફરકે છે. ધનપાળ શેઠનાં બારબાર વહાણ જાવા, સુમાત્રા, લંકા, ચીન અને ઝાંઝીબાર જેવા દૂરદૂરના દેશ-દેશાવરની ખેપ કરે છે. ગોમેદ, અકીક, તેજાના અને સોનાનાં ઘડતરની નિકાસ કરે છે. ખૂબ બહોળો વેપાર છે. મહેતા, મુસદ્દી અને વાણોતરનો પાર નથી. આવા ધનપાળ શેઠ દયા અને પ્રેમની મૂર્તિ છે. અહર્નિશ પ્રભુસ્મરણમાં રત રહેતા. શ્વેત વસ્ત્રો, પાઘડી, ખેસ અને ડોકમાં તુલસીની માળા- આવો સાદો પોષાક. અંગ પર સોનું તો નામેય નહીં, વાલની વીંટીય નહીં. આવા સાદા અને સરળ નગરશેઠની સામે વામની હાથ જોડીને ઊભી રહી.

"જય શ્રી કૃષ્ણ, શેઠ બાપા!"

"જય શ્રી કૃષ્ણ, બેન...! કોણ છો તમે?"

"હું ગણિકા છું. મારું નામ વામની. મારે દ્વારકા આવવું છે."

શેઠ એકાદ પળ ખંચકાયા.

''ભલે, બેન...! જરૂર આવો. ભગવાન તો સૌના છે..પણ,

સંઘના લોકો થોડા કચવાશે.''

''હું કોઈને નડતરરૂપ નહીં થાઉં. ગાઈને-નાચીને આજ સુધી જગતને ખૂબ રાજી કર્યું છે. હવે જગતના નાથને રીઝવવાના મનોરથ જાગ્યા છે. મુરલીધરનાં ગીત તો ઘણાં ગાયાં, પણ હવે આ ખોળિયાને રણછોડરાયના ઉંબરા સુધી જાવું છે."

"ભલે, બેન! ઠાકોરજી તમારી મનોકામના પૂર્ણ કરે...!"

* * *

થોડાં લૂગડાં-લત્તાં અને ભાતું લઈને વામનીએ વેલડું જોડ્યું. શુભ ચોઘડિયે સંઘ ઊપડ્યો. સંઘના ભક્તજનોને જાણ તો થઈ જ ગયેલી કે આપણી ભેગી એક ગણિકા પણ છે.

"એ, બાઈ! તું અમારાથી છેટી જ રહેજે હો! તારો તો પડછાયો પડે ને, તોય અમારે અપવાસ પડે...!"

"ભલે, બાપા! હું છેટી જ રહીશ. તમને ક્યાંય આડી નહીં આવું."

સંઘના જાત્રાળુઓનાં મહેણાં-ટોણાં અને તિરસ્કારને વામની મનમાં નથી લેતી. બંધ આંખે ભીતરના ભવનમાં માધવની મુરલી સાંભળવામાં મગ્ન રહેતી. વામનીને કોઈનાં વેણ-કવેણ વિચલિત નથી કરી શકતાં. ચિત્તમાં કૃષ્ણ સિવાય અન્ય કોઈ વિચાર જ નથી રહ્યો:

'કૃષ્ણ... કૃષ્ણ... દ્વારકાનો રાજા કૃષ્ણ...! દ્વારકાના કણકણમાં હસતો-રમતો, હાલતો-ચાલતો, નાચતો-ગાતો મારો નાથ...! એક વાર નિહાળી લઉં.., પછી ભલે આ કાયા રહે ન રહે...! કોઈ અબળખા નથી...!'

પંથ કપાય છે. વામની પોતાના વેલડાને સૌથી પાછળ રાખે છે, જેથી કોઈને અણગમો ન થાય.

જ્યાં જ્યાં સાંજ પડે, ત્યાં સંઘ પડાવ નાખે છે. ભોજન પછી ભજન-સત્સંગ થાય છે. વામની સૌથી છેલ્લે બેસીને ધ્યાનથી સાંભળે છે. એક સાધુ મહાત્મા ભગવાનની ગુણકથા કરે છે:

"ઈશ્વર તો ભાવનો ભૂખ્યો છે. પ્રેમથી છલોછલ હૈયું જ પ્રભુનું હેત પામી શકે છે. શામળિયો તો અંતર્યામી છે. હૃદયના ઊંડાણથી આર્તનાદ કરીએ તો પરમાત્મા દોડતો આવે છે. પ્રેમનું પ્રથમ સોપાન છે, શ્રદ્ધા...

પ્રહ્લાદ માટે લોહસ્તંભમાંથી ભગવાન પ્રકટ થયા. ધ્રુવનું કલ્યાણ કર્યું. ગજને ઉગાર્યો. શબરીનાં બોર ખાધાં, કુબજાનો ઉદ્ધાર કર્યો, પાંચાલીનાં ચીર પૂર્યાં...''

વાણીના પ્રવાહમાં તણાતી વામનીને ભાવસમાધિ લાગી જાય છે. આંખોમાંથી આંસુની ધારા વહે છે.

* * *

આઠમા દિવસના રોંઢા ટાણે દ્વારકાધીશની ધજા દેખાણી.

સંઘના જાત્રાળુઓએ રણછોડરાયનો જયજયકાર કર્યો.

વામની તો ગાંડી-ઘેલી થઈ ગઈ. એકીટસે ધજાને નીરખી રહી, મટકું માર્યા વગર... આંખો વરસી પડી...

* * *

ઉતારા દેવાણા. વામનીને કોઈ પોતાની સાથે રાખવા રાજી નથી.

હવે ક્યાં જવું?

ખંભાતમાં મળેલા એ જ સાધુએ સામેથી આવતાં જ પૂછ્યું:

"શું મૂંઝવણ છે, પુત્રી?"

"બાપજી, મારે ક્યાં ઊતરવું એ પ્રશ્ન છે...."

"સમજી ગયો. ચિંતા ન કર."

સાધુ મહાત્માએ ધર્મશાળાના ખૂણાની એક નાનકડી ઓરડીની ગોઠવણ કરાવી આપી.

* * *

જગતનો જાકારો પામેલી ને તરછોડાયેલી હું, અનીતિના મારગે ચાલનારી હું, એક ગણિકા...! એક પતિતા! મેં કદી ધરમધ્યાન કર્યું નથી, જમણા હાથે કદી પુણ્ય કર્યું નથી. મારાં એવાં તે કેવાં કરમ ફળ્યાં હશે કે આ અધમ જીવ ભગવાન કૃષ્ણની નગરી સુધી પહોંચ્યો?

ભાવ અને આનંદના ભરપૂર પ્રવાહમાં તરતી તરતી વામની નિદ્રાધીન થઈ.

* * *

સવારે ઊઠીને જોયું તો સંઘના બધા જ માણસો દ્વારકાધીશના મંદિરે જવા નીકળી ગયેલા. વામનીને તો સાદ કરીને કોણ બોલાવે?

વામની સજ્જ થવા માંડી. ઘટ પ્રમાણે અરીસો માંડ્યો છે. વાળે વાળે મોતી પરોવ્યાં છે. અંગે સુગંધી લેપ કર્યો છે. અષાઢનાં વાદળ જેવા ઘટાટોપ વાળમાં સેંધાનો ધૂપ દીધો છે. પગની પાનીએ અળતો લગાવ્યો છે. મૃગલી જેવી આંખોમાં આંજણ આંજ્યાં છે. અજવાળી આઠમના ચાંદા જેવા કપાળમાં લાલચટ્ટક ચાંદલો કર્યો છે.

આ કમખો પહેરું કે તે? આ સાડી પહેરું કે તે? મારા નાથને, મારા વાલમજીને મળવા જાવું છે...શણગારમાં જરાય ખામી શું કામ રાખું?

મેઘ જેવા રંગનો કમખો ને મોરપીંછ રંગની સાડી પહેરી. સજીધજીને વામનીએ દ્વારકાની શેરીઓમાં પગલાં માંડ્યાં. સોનાની નગરીમાં તે દી રૂપનાં સરોવર છલકાયાં.

* * *

પ્રિયતમને મળવા બાવરી થયેલી આ ભોળુડી વામની તો હરિના હાલતા-ચાલતા અને વાતો કરતા સ્વરૂપને ચિત્તમાં ધારી રહી છે. ખંભાતમાં પોતાની ડેલી પાસે સાધુ મહાત્માના મુખે દ્વારકાધીશની વાત સાંભળી એ ક્ષણે જ એની જનમોજનમની પ્રીત જાગી ઊઠેલી. એ પહેલાં એણે કૃષ્ણ-દર્શનનો આવો ધલવલાટ કદી નહોતો અનુભવ્યો.

'માધવ', 'મુરલીધર', 'મોહન'- જે નામ જીભે ચડે એ રટતી રટતી દ્વારકાની શેરીઓમાં પૂછતી પૂછતી દ્વારકાધીશના દેવળે પહોંચી ત્યારે સૂરજ માથા પર આવેલો.

પગથિયાં ચડીને દ્વારે પહોંચી તો દ્વારપાળે અટકાવી.

"એ બાઈ, કોણ છો? ક્યાં જાવું છે?"

"ખંભાતની ગણિકા છું. પ્રભુનાં દર્શન કરવા છે...!"

"ગણિકા? અરે, આઘી ખસ, પાપણી! મંદિરમાં તારાં પગલાં પડે તો ભગવાનને અપવાસ પડે!"

"ભાઈ! હું છેટેથી દર્શન કરી લઈશ!"

"તું સમજતી કેમ નથી? મંદિરનાં દ્વાર બંધ છે. જા... નીચે ઊતર...!"

વામની નિરાશ થઈ ગઈ. ભાંગી પડી.

'શું કરું? ક્યાં જાઉં?'

નીચે ઊતરી. પહેલા પગથિયે બેસી ગઈ. હોંશથી ધારણ કરેલાં મોંઘાં ચીર ધૂળમાં રગદોળાય છે. શણગાર ઝાંખો થઈ ગયો છે.

દેવળનાં દ્વાર સામે મીટ માંડીને બેસી રહી છે. સાંજ પડી. ઝાલર વાગી. દેવળમાં ડંકા વાગ્યા. નોબત-નગારે ડાંડી પડી. વામની થોડી ભાનમાં આવી. વિચાર આવ્યો-

'આ દ્વારપાળ ગમે તેમ તોય રાજાનો સેવક, એને ભેટ આપું તો એ રીઝે ખરો..'

પાછી ધર્મશાળામાં ગઈ. પોતાની ઓરડી ખોલી. ૫૦૦-૫૦૦ સોનામહોરની ચાર થેલી લઈને મંદિરે આવી.

જુએ છે તો દ્વારપાળ ત્યાં નથી.

'હવે?'

* * *

શયનઆરતી કરી, ભગવાનને પોઢાડીને પૂજારી બહાર આવ્યો. વામનીએ એને જોયો.

"મહારાજ! તમે કોણ છો?"

ઝંખનાને તાંતણે લટકતી વામનીએ ધીમેથી પૂછ્યું.

"મને નથી ઓળખતી? હું દ્વારકાધીશનો ભેટિયો છું. ભગવાનની સેવા-પૂજા કરું છું."

"પ્રભુ અત્યારે શું કરે છે?"

"સૂતા છે."

"ક્યારે જાગશે?"

"સવારે. મંગળા આરતી ટાણે. પણ, તું કોણ છે? અહીં કેમ બેઠી છે?"

"હું ગણિકા છું. મારું નામ વામની. ખંભાતથી આવી છું. મારે રણછોડરાયનાં દર્શન કરવાં છે. બપોરની બેઠી છું."

"પાછી જા, બાઈ! તને મંદિરમાં પ્રવેશ નહીં મળે...! તારા જેવીનું મોઢું જુએ તો ભગવાનને ઉપવાસ પડે...!"

"ભલે, મહારાજ! હું મોઢું નહીં દેખાડું. પણ, મારું એક કામ કરશો? મારો એક સંદેશો ભગવાનને પહોંચાડશો? હું આપને દક્ષિણા આપું, લ્યો, આ ૫૦૦

સોનામહોર છે!"

પાંચસો સોનામહોરની થેલી હાથમાં આવતાં તો ભેટિયાનો રંગ ફરી ગયો.

"હા હા, બેન! બોલો, તમારો સંદેશો આપો. સવારે જ ભગવાનને પહોંચાડી દઈશ.!"

"ભેટિયાજી! પ્રભુને કહેજો:

''અધમ ઓધારણ નામ તિહારો...

હે નાથ! તમારું તો નામ જ અધમ ઓધારણ છે. તો મારો ઉદ્ધાર નહીં કરો? મને છેટેથી પણ દર્શન નહીં આપો?"

ભેટિયો ઘેર ગયો. ૫૦૦ સોનામહોર પટારામાં મૂકીને સૂતો. પણ, ભેટિયાને જંપ નથી:

'અહીં તો લાખો જાત્રાળુઓ આવે છે. સાત પેઢીમાંય કોઈએ ૫૦૦ સોનામહોર આપી નથી! નક્કી, આ બાઈનું ફટકી ગયું છે. જે હોય તે, પણ સવારે કદાચ હું સંદેશો દેવાનું ભૂલી જઈશ તો ભગવાનનો દોષિત ઠરીશ. હાલ્ય, અટાણે જ સંદેશો પોગાડી દઉં...!'

ભેટિયો ઊપડ્યો.

* * *

ભેટિયો મંદિરે આવ્યો. તાળું ઉઘાડ્યું. રણછોડરાયની મૂર્તિ પલંગમાં પોઢેલ છે. પાંભરી ખસેડીને બોલ્યો:

"પ્રભુ! ખંભાતથી એક વામની નામની ગણિકા આવી છે. એણે આપને એક સંદેશો પાઠવ્યો છે:

'અધમ ઓધારણ નામ તિહારો..'

હે નાથ! તમારું તો નામ જ અધમ ઓધારણ છે. તો મારો ઉદ્ધાર નહીં કરો? મને છેટેથી પણ દર્શન નહીં આપો?"

આટલું કહી, મંદિરને તાળું મારીને ભેટિયો વામની પાસે આવ્યો:

"બેન...!"

"ભેટિયાજી! તમે મંદિરમાં ગયા'તા? પ્રભુ જાગે છે? કાંઈ બોલ્યા?"

"ના, મેં તમારો સંદેશો આપ્યો. પ્રભુ કંઈ બોલ્યા નહીં.."

"ભલે, જેવી હરિની ઇચ્છા...! લ્યો આ બીજી ૫૦૦ સોનામહોર! આ વખતે કહેજો:

'અધમ ઓધારણ નામ તિહારો, કંઈક તાર્યાં જદુરાય!'

હે દીનાનાથ! તમે તો કંઈકને તાર્યા છે. મારો તિરસ્કાર ન કરો...!'

ભેટિયો તો નાણાંની થેલી દબાવીને ઊપડ્યો. તાળું ઉઘાડ્યું. અંદર જાય છે. પણ, આ શું?

પલંગે પોઢાડેલી મૂર્તિ તો સિંહાસન પર બિરાજમાન છે! આમ કેમ બન્યું! ભેટિયાનું ચિત્ત ચગડોળે ચડ્યું.

'કદાચ, હું જ ભગવાનને પલંગે પોઢાડવાનું ભૂલી ગયો હોઈશ!'

ભેટિયાને મન તો આ માત્ર મૂર્તિ છે. પણ, વામનીને મન તો પ્રભુનું ચેતનવંતું પ્રકટ સ્વરૂપ છે.

"પ્રભુ! વામનીએ સંદેશો પાઠવ્યો છે:

'અધમ ઓધારણ નામ તિહારો,

કંઈક તાર્યાં જદુરાય!'

હે દીનાનાથ! તમે તો કંઈકને તાર્યા છે. મારો તિરસ્કાર ન કરો...!"

આટલું કહી, મંદિર બંધ કરી દ્વાર ભણી ચાલ્યો.

* * *

જળ વિના માછલી તરફડતી હોય એવી સ્થિતિ વામનીની થઈ છે. દેહભાન ભૂલી ગઈ છે. હૈયું મૂંગું રુદન કરે છે.

"મને ના તરછોડો નાથ! મારા સઘળા દોષને અવગણીને મને ક્ષમા કરો...!"

"બેન...!"

"આવ્યા, ભેટિયાજી!"

"બેન! તમારો સંદેશો મેં આપ્યો. પણ, ભગવાન કંઈ બોલ્યા નહીં."

"ભલે. આ લ્યો, ત્રીજી ૫૦૦ સોનામહોર. પ્રભુને કહેજો:

અધમ ઓધારણ નામ તિહારો, કંઈક તાર્યાં જદુરાય;

શાને રૂઠો શામળા?

હે મુરલીધર! તમે તો કંઈકનો સ્વીકાર કર્યો છે. તો મારાથી જ કેમ રિસાઈને બેઠા છો?''

ભેટિયાની તો વિચારશક્તિ જ ક્ષીણ થઈ ગઈ છે. કાં તો આ બાઈ ગાંડી છે અને કાં તો આજે કોઈ મોટું કૌતુક થવાનું!

મંદિર ઉઘાડ્યું.

"પ્રભુ! વામનીનો સંદેશો છે:

અધમ ઓધારણ નામ તિહારો, કંઈક તાર્યાં જદુરાય;

શાને રૂઠો શામળા?

હે મુરલીધર! તમે તો કંઈકનો સ્વીકાર કર્યો છે. તો મારાથી જ કેમ રિસાઈને બેઠા છો?''

સંદેશો સાંભળીને દ્વારકાધીશની પાષાણની મૂર્તિએ માથું હલાવ્યું.

ભેટિયાની બુદ્ધિ ચકરાવે ચડી.

'આ શું કહેવાય? મારો ભ્રમ તો નહીં હોય? ના ના, આ ભ્રમ તો નથી જ..'

આકુળવ્યાકુળ ભેટિયો ગોથાં ખાતો દ્વાર બાજુ ચાલ્યો.

* * *

"બેન...! બેન...! વામનીબેન!"

"હા હા, બોલો, મહારાજ! પ્રભુ કંઈ બોલ્યા?"

"બોલ્યા તો નહીં... પણ, ભગવાને માથું હલાવ્યું."

"ભલે, ભેટિયાજી! મારે તો એટલુંય ઘણું. વાલાજીએ મારી વાત સાંભળી તો ખરી! મહારાજ! મારી બધી જ મૂડી વપરાઈ ગઈ છે. હવે, મારી પાસે આ છેલ્લી ૫૦૦ સોનામહોર છે. લ્યો, અને હવે... બસ, છેલ્લે આટલું કહેજો:

અધમ-ઓધારણ નામ તિહારો, કંઈક તાર્યા જદુરાય;

શાને રૂઠો શામળા? બિરદ તમારું જાય!

હે વાસુદેવ! તમે કંઈકને પાર ઉતાર્યા છે. હું અધમ છું, પતિત છું, એટલે તમે મારાથી અંતર રાખો છો? તમે પણ? આમાં તો તમારું અધમ- ઓધારણનું

બિરુદ ખોટું પડે છે, પ્રભુ!"

આટલું બોલતાં તો વામની ધ્રુસકે ધ્રુસકે રોઈ પડી. એની વિહ્વળતા, તલસાટ, ઝંખના અને જન્માંતરની પીડા - આ બધું જ ઓગળીને આંસુ બનીને વહેવા માંડ્યું. વામની સૂધ-બૂધ ખોઈ બેઠી...ધૂળમાં આળોટતી વામનીને શ્વાસે શ્વાસે રટણા લાગી છે: કૃષ્ણ.. કૃષ્ણ...! હે માધવ! હે ગોવિંદ...!

* * *

ચોથી વાર ભેટિયાએ મંદિર ઉઘાડ્યું.

ત્યાં તો એની આંખો ફાટી રહી.

જે પાષાણની મૂર્તિ પલંગ પરથી સિંહાસને આરૂઢ થઈ ગઈ હતી. જે મૂર્તિએ માથું હલાવ્યું હતું. એ જ મૂર્તિ અત્યારે સિંહાસન પર નથી!

સાક્ષાત્ ચતુર્ભુજ સ્વરૂપે પ્રભુ મંદિરમાં ટહેલી રહ્યા છે. શંખ, ચક્ર, ગદા, પદ્મધારી નારાયણ પ્રત્યક્ષ ઊભા છે!

ઈશ્વર તો નિરંજન-નિરાકાર છે. પણ, બરફ અને પાણી રૂપે જે તત્ત્વ સાકાર છે, એ જ તત્ત્વ વરાળ રૂપે નિરાકાર પણ છે. પ્રકૃતિની આ અકળ અને રહસ્યમય છટા છે. અને વાલોજી પ્રેમને વશ થાય છે એ ભાવજગત પણ એટલું જ અગમ અને રહસ્યમય છે. સમગ્ર અસ્તિત્વમાંથી જ્યારે આર્તનાદ ઊઠે છે ત્યારે સાકારની લીલા સર્જાય છે.

ભેટિયો અવાચક થઈ ગયો છે.

"બોલ, શું સંદેશો છે?"

"પ્રભુ! વામનીએ કહ્યું છે:

'અધમ-ઓધારણ નામ તિહારો,
કંઈક તાર્યા જદુરાય;
શાને રૂઠો શામળા? બિરદ તમારું જાય!

હે વાસુદેવ! તમે કંઈકને પાર ઉતાર્યા છે. હું અધમ છું, પતિત છું એટલે મારાથી અંતર રાખો છો? આમાં તો તમારું અધમ- ઓધારણનું બિરુદ ખોટું પડે છે, પ્રભુ!'

"મારું બિરુદ કદાપિ ખોટું ન પડે... જા, દોડ... વામનીને અહીં લઈ આવ...!"

* * *

"બેન... બેન...! વામની...! મારી બેન! ચાલ, તને પ્રભુ બોલાવે છે!"

"મારાથી ન અવાય, મહારાજ! મારું મોઢું જોવાથી પ્રભુને અપવાસ પડે...! હું અધમ, પાપનું પોટલું...!"

"અરે અધમ તો હું છું, તને ઓળખી ન શક્યો. ઊઠ, બેન...! વનમાળી તારી વાટ જુએ છે."

ભેટિયાએ ટેકો કર્યો. મંદિરના દ્વારે પહોંચી. શામળિયો સામા આવ્યા. વામનીનો હાથ ઝાલીને મંદિરમાં લઈ ગયા. એક તેજ-લિસોટો થયો. તેજમાં તેજ સમાઈ ગયું. એક તેજપુંજ ધીમેધીમે અદશ્ય થયો.

ભેટિયાનાં ચર્મચક્ષુ ઊઘડ્યાં. સિંહાસન પર રણછોડરાયની મૂર્તિ શોભે છે.

મંદિરના ઉંબરે વામનીના ઝાંઝરની એક ઘૂઘરી પડેલી છે.

❑❑❑



ઍંશીમા જન્મદિને

☐ નટવર ગાંધી

મને હવે ઍંશી થયાં. આ ઍંશીમાં વરસે પહેલો વિચાર તો એ આવે છે કે હું લાંબું જીવ્યો છું! છાપાંઓમાં રોજ આવતી મરણનોંધનાં પાનાંઓ ઉથલાવતાં જોઉં છું તો મોટા ભાગના લોકો 70-75ની આસપાસ ચાલ્યા જાય છે. કેન્સર જેવી જીવલેણ વ્યાધિમાં સપડાયેલા લોકો તો વહેલી ઉંમરે જાય. હવે દેશમાં જાઉં છું અને જોઉં છું તો મારી ઉંમરના કંઈક મિત્રો ક્યારનાય ચાલી ગયા છે. જે બાકી રહ્યા છે તે જાણે કે બધું પરવારીને મોતની રાહ જોતાં બેઠા હોય એમ લાગે. હવે મધરાતે દેશમાંથી કોઈ ટેલિફોન આવે તો ઉપાડતાં બીક લાગે છે: કોણ ગયું હશે? કેટલાં બધાં સગાં, મિત્રો, ઓળખીતાં ચાલી ગયાં છે!

મારાં આ ઍંશીમા વર્ષે પહેલો તો હું ઉપરવાળાનો એ પાડ માનું કે એણે મને હજી તેડી લીધો નથી.

બીજો ઉપકાર એ છે કે હજી સુધી મારું સ્વાસ્થ્ય સારું રહ્યું છે. આજે જ્યારે માંદગીમાં સપડાયેલાં મિત્રો અને ઓળખીતાંઓની ખબર કાઢવા હોસ્પિટલમાં કે નર્સિંગ હોમમાં જાઉં

છું ત્યારે ત્યાં પથારીવશ લોકોને જોઉં છું. તેમાં ઘણાને નાકમાં ઓક્સિજનની નળીઓ ઘુસાડી હોય, કેટલાક બિચારા અસહાય બેભાન પડ્યા હોય, આજુબાજુ કોઈ હોય નહીં. આ મરવા વાંકે જીવતા લોકોને જોતાં મને ''પહેલું સુખ તે જાતે નર્યા,'' એ કહેવતનું ડહાપણ અને મારા સારા સ્વાસ્થ્યની કિંમત સમજાય છે.

શારીરિક સ્વાસ્થ્ય સારું હોવું એ બહુ મોટી વાત છે. હરીફરી શકું છું. મનગમતું ખાઈ પી શકું છું. દેશ પરદેશના નાના મોટા પ્રવાસો કરી શકું છું. ખાસ તો એ કે કોઈ જીવલેણ માંદગીથી બચ્યો છું. મારી આજુબાજુ કંઈક લોકો ડાયાબીટિસ, હૃદયરોગ, બ્લડ પ્રેશર, કેન્સર વગેરે રોગોથી પીડાય છે. જ્યારે મારી શારીરિક પ્રવૃત્તિઓ, આવનજાવન, ઊઠબેસ વગેરે આજે પણ મોટા ભાગે જે દસ વીસ વરસ પહેલાં હતી તેવી છે. કેલેન્ડર ભલે કહેતું પણ મને લાગતું નથી કે હું એંશી વરસનો ડોસો છું!

ત્રીજો ઉપકાર તે મારું નાણાંકીય સ્વાસ્થ્ય. પ્રભુકૃપાએ હું પૈસેટકે બેપાંદડે છું. જે જીવનધોરણે જીવવા ટેવાયેલો હતો, તે આજે નિવૃત્ત થયા પછી પણ જાળવી શક્યો છું. સગાંવહાલાં અને મિત્રોને થાય તેટલી મદદ કરી શકું છું. આજે જો મારે નાણાંકીય ચિંતા કરવાની હોત તો નિવૃત્તિનાં આ વરસો કેવાં જાત? મારી ઉંમરના લોકોને હજી પણ ના છૂટકે કામ કરતા જોઉં છું અથવા તો સંતાનો કે સગાંઓની ઉદારતા ઉપર જીવતા જોઉં છું ત્યારે થાય કે કેવો હું ભાગ્યશાળી છું કે મારે આવી કોઈ ચિંતા નથી.

એંશીની ઉંમરે પહોંચ્યા પછી સહજ જ વિચાર આવે કે આ જિંદગીમાં હું ક્યાંથી નીકળ્યો અને ક્યાં પહોંચ્યો! મારી ગતિ - પ્રગતિ એવી અને એટલી તો અણધારી નીવડી છે કે મારા જન્મ સમયે કુંડળીમાં જે કાંઈ લખાયું હશે અથવા જોષીએ જે કાંઈ ભવિષ્ય ભાખ્યું હશે, તેમાંથી ભાગ્યે જ કંઈ સાચું પડ્યું હશે. ક્યાં અમારું ધૂળિયું ગામ, જેમાં મારા જન્મ વખતે હજી ઇલેક્ટ્રિસિટી પણ આવી નહોતી અને જ્યાં પીવાનું અને નાવાધોવાનું પાણી નદીએથી લાવવું પડતું, અને ક્યાં વિશ્વની મહાન સત્તા અમેરિકાની રાજધાની વોશિંગ્ટન જ્યાં હું છેલ્લા ચાર દાયકાઓથી રહું છું.

મુંબઈની હાડમારીના દિવસોનો વિચાર કરું છું તો થાય છે ક્યાં મુંબઈની મૂળજી જેઠા માર્કેટમાં કરેલી અદના ગુમાસ્તાની નોકરી અને ક્યાં વોશિંગ્ટનના પાવરફુલ ચીફ ફાઈનાન્સિયલ ઑફિસરની પોઝિશન જેમાં, મેં એક દાયકાથી પણ વધુ વરસ કામ કર્યું? ક્યાં મુંબઈમાં એક ઘોલકી શોધવા માટે અસહ્ય મુશ્કેલીઓ વચ્ચે કરેલો આંધળો રઝળપાટ અને ક્યાં અદ્યતન સુવિધાઓથી સજ્જ એકાદ

એકરનું હરિયાળું બેકયાર્ડ ધરાવતું અમારું વિશાળ ઘર? ક્યાં મારી મુંબઈની ગુલામગીરી અને ક્યાં અહીં 'વોશિંગ્ટોનિયન ઑફ ધી યિઅર' કે 'મોસ્ટ પાવરફુલ વોશિંગ્ટોનિયન્સ'માં મારી ગણતરી? ક્યાં નાતની વીશીઓમાં જેમતેમ લુસલુસ ઊભડક ખાવાનું અને ક્યાં વ્હાઈટ હાઉસનું સ્ટેટ ડિનર? આવી આત્યંતિક ભિન્ન પરિસ્થિતિઓ વચ્ચે થયેલી મારી આ અણધારી જીવનયાત્રાનું મને જ મોટું આશ્ચર્ય છે.

કોઈને પણ પૂછો તો કહેશે કે આ જીવનયાત્રા એક નીવડેલા અને સફળતા પામેલા માણસની છે. છતાં મને એમ કેમ થયા કરે છે કે મેં જિંદગી વેડફી છે? આજે જીવનસંધ્યાએ મને નિષ્ફળતાનો ડંખ કેમ સતત પજવે છે? દિવસ ને રાત આ જ વિચાર આવ્યા કરે છે કે મેં જિંદગીમાં શું ઉકાળ્યું? આ સમસ્યાના મૂળમાં છે બીજાઓ સાથે હંમેશાં સરખામણી કર્યા કરવાની મારી ખરાબ આદત. હું જ્યારે બીજા સિદ્ધહસ્ત લેખકો, વિચારકો, કવિઓ, ઉદ્યોગપતિઓ, નેતાઓ અને સંશોધકો વગેરેની વાતો વાંચું, સાંભળું છું ત્યારે ઈર્ષાથી સમસમી ઊઠું છું. થાય છે કે એ લોકોની સિદ્ધિઓની સરખામણી સામે મેં કાંઈ જ મેળવ્યું નથી. એક અત્યંત મહત્ત્વાકાંક્ષી માણસની તીવ્ર અસંતોષવૃત્તિથી હું સતત પીડાઉં છું. જે મળ્યું છે તેનો સંતોષ અને આનંદ સાવ નથી એવું નથી પણ એ ક્ષણિક જ હોય છે. તત્કાલ સંતોષની લાગણી અનુભવીને તરત મારું મન છટકીને જે નથી મળ્યું તે તરફ વળે છે અને નથી મળ્યાનું દુઃખ પેટ ચોળીને ઊભું કરે છે. અર્ધા ભરાયેલા પાણીના ગ્લાસને જોઉં છું તો મને ભરેલો ભાગ નથી દેખાતો, ખાલી ભાગ જ દેખાય છે! આ દ્વિધાનું મારે શું કરવું?

બધા લોકોને કોઈ અને કોઈ મહત્ત્વાકાંક્ષા હોય છે. એ મનુષ્ય સહજ છે. માણસ યથાશક્તિ પ્રયત્ન કરે અને ઈશ્વરકૃપા હોય તો એ ધારેલી ઇચ્છાઓ સફળ થવાની શક્યતા છે. પણ મારી મહત્ત્વાકાંક્ષા કોઈ જુદા જ પ્રકારની છે. જે લોકો આદર્શ તરીકે મારા કલ્પનાવિશ્વમાં ઘર કરીને બેઠા છે તેમનો વિચાર કરું છું ત્યારે મને એમ થાય છે કે એ લોકો સુધી મારાથી આ ભવમાં તો પહોંચાય જ નહિ. રાજકીયક્ષેત્રે નહેરુ, બન્ને રુઝવેલ્ટ, દ'ગૉલ કે ચર્ચિલ; સાહિત્યમાં એડમંડ વિલ્સન, ટી. એસ. એલીએટ, ચેખોવ, નેબોકોવ, નાયપોલ, ઉમાશંકર જોશી, સુરેશ જોષી. ચિંતકોમાં વિટ્ગનસ્ટાઈન કે વિલિયમ જેમ્સ જેવા જો મારા ખ્યાલમાં હોય તો હું એમને આ જિંદગીમાં ક્યારે પહોંચવાનો હતો? "નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન," આ કાવ્યપંક્તિ મને તો લાગુ ન પડે!

આજે એંશી વર્ષે એક વાત

સ્વીકારવાની છે કે હું કાંઈ નવી નવાઈનો નથી. મારી આજુબાજુના હજારો અને લાખો માણસોની જેમ હું પણ સામાન્ય અને સાધારણ છું એટલે મનમાં કોઈ ખાંડ ખાવાની જરૂર નથી. આ આકરું નિદાન સ્વીકાર્યા સિવાય હવે છૂટકો નથી. છતાં એટલું જરૂર કહીશ કે મારો જે કાંઈ થોડો ઘણો વિકાસ થયો છે અને મેં જે કાંઈ પ્રગતિ કરી છે તે આ ઊંચા ધ્યેયને કારણે જ. આ ઊંચા અને અપ્રાપ્ય આદર્શ સુધી પહોંચવા માટે બને તેટલી અને સૂઝે તેવી મથામણ મેં જરૂર કર્યા કરી છે. તેને પરિણામે જ હું જ્યાં છું ત્યાં છું અને જેવો છું તેવો છું. જીવનમાં કરેલ અસંખ્ય ભૂલો અને ખોટાં પગલાંઓ ભલે મને આજે દિવસરાત સતાવતાં હોય, પરંતુ જ્યારે એ ભૂલો કરેલી અને એ પગલાંઓ ભરેલાં ત્યારે એ બધું સમજપૂર્વક જ કરેલું. ત્યારે એ બધું બરાબર જ દેખાયેલું. અત્યારે જે કાંઈ કહું છું એ તો રાંડ્યા પછીનું ડહાપણ છે!

આખરે જીવનમાં આપણે કશુંક અગત્યનું કામ કરવું હોય, મહાન પ્રદાન કરવું હોય તો તેને માટે નિરંતર અસાધારણ પરિશ્રમ કરવો જોઈએ. માણસમાં ઈશ્વરદત્ત પ્રતિભા ભલે હોય પણ જો એ પ્રતિભાબીજની માવજત ન કરી હોય તો એ વિશિષ્ટતા અચૂક વેડફાઈ જવાની. મારામાં કોઈ ઈશ્વરદત્ત શક્તિ કે મેધાવી બુદ્ધિ તો નથી જ નથી, પરંતુ જે કાંઈ થોડીઘણી છે તેની પણ મેં માવજત નથી કરી. એ જાળવણી માટે અસાધારણ પરિશ્રમપરાયણતા હોવી જોઈએ એ મારામાં નથી. આ છે મારી વ્યક્તિગત નિષ્ફળતા.

જોકે આઠ દાયકાની આ જિંદગીની સફર પછી મારી સફળતા અને નિષ્ફળતાની વ્યાખ્યા પણ ધૂંધળી બની ગઈ છે. હવે મને ખબર નથી પડતી કે કોને મહાન કહેવા અને કોને પામર? હવે કોઈને એવાં લેબલ લગાડવાં એ પણ મને યોગ્ય નથી લાગતું. એક વસ્તુની સ્પષ્ટતા જરૂર થઈ છે. જે લોકો એમ કહે છે કે એમની અસાધારણ સિદ્ધિઓ અને સફળતાઓ આપકમાઈની છે; તો એ વાતમાં હું માત્ર એમની બડાશનાં બણગાં જોઉં છું. ઊલટાનું આવા સફળ માણસની પાછળ હું એના જન્મ, કુટુંબ, સમાજ, ઉછેર, ભણતર, મિત્રો, જીવનસાથી, નસીબ વગેરે જેવા સંજોગો જોઉં છું. એનો અર્થ એ નથી કે વ્યક્તિગત બુદ્ધિ, પ્રયત્ન, ધગશ, પરિશ્રમ વગેરે જરૂરી નથી. કહેવાનું માત્ર એટલું જ કે, જેને ઇંગ્લિશમાં આપણે 'self-made man' કહીએ છીએ તે વાત કપોળકલ્પિત છે!

આજે અમેરિકામાં તેમ જ આખી દુનિયામાં કોરોના વાઈરસની મહામારીને કારણે કોણ ક્યારે ઢબી જશે તે કહેવું મુશ્કેલ છે. અમેરિકામાં જ રોજના હજાર માણસો મરે છે. તમે જ્યારે આ

લેખ વાંચો છો ત્યારે હું જીવતો હોઈશ એની કોઈ ખાતરી નથી.

યુવાનીની નાદાન મનોદશામાં મગજમાં જે મહાન કામ કરવાનો તોર હતો તે હવે નીકળી ગયો છે. આજે એંશીમે વર્ષે એક વાત સ્પષ્ટ થાય છે કે અત્યાર સુધીમાં મને જે કાંઈ સફળતા મળી છે તેવી અને તેટલી જ મારાથી શક્ય હતી. બાકી બધી શેખચલ્લીની વાતો હતી. જે નથી થયું, જે નિષ્ફળતા મળી છે, જે વરસો વેડફ્યાં છે તેનો વસવસો હવે કરવાનો કોઈ અર્થ નથી. આકાશપાતાળ એક કરું તોય એ વીતેલાં વર્ષોનો એક દિવસ પણ પાછો આવવાનો નથી. અને ધારો કે એ સમય પાછો મને મળે તો એ ફરી વાર હું નહીં વેડફું એની ખાતરી શું? હવે તો જે કાંઈ બાકી રહ્યું છે તે સાચવી રહું તો ય ઘણું. આજે એટલું જરૂર સમજ્યો છું કે આપણી આજુબાજુ જે દુનિયા છે એ જ સાચી દુનિયા છે. આપણે ત્યાં જ રહેવાનું છે.

આજે જો મારા લાંબા જીવનનું સરવૈયું કાઢવા બેઠો છું તો એનું મોટામાં મોટું જમાપાસું છે પન્ના નાયક. મારી પત્ની નલિનીના દુઃખદ અવસાન પછી કવયિત્રી પન્ના નાયકના નિર્વ્યાજ પ્રેમ અને પ્રસન્ન સહવાસ મને મળ્યા એ મારા જીવનનું એક અત્યંત ઊજળું પ્રકરણ અને જીવનનો સૌથી મોટો ઉપકાર છે. જીવનની સંધ્યાનાં આ સુખદ વર્ષો ક્યાં સુધી ચાલશે એ તો કોણ જાણે, પરંતુ જે કાંઈ જૂજ જીવન બાકી રહ્યું છે તે પન્નાના સહવાસમાં જ જાય એવી ઉપરવાળા પાસે મારી પ્રાર્થના છે.

પન્નાને જ સંબોધીને લખાયેલા એક સોનેટની અંતિમ પંક્તિ ટાંકીને વિરમું છું:

અહીં આજુબાજુ જગત વસતું ત્યાં જ વસીએ,
હવે ઝાઝા છે ના દિવસ સખી, ઉલ્લાસ કરીએ.

❑❑❑



વૃક્ષ ઉછેર

☐ સમીર શાહ

મારવાડના રાજા અભયસિંહને મહેલ બનાવવા માટે ખીજડાનાં લાકડાંની જરૂરિયાત ઊભી થઈ. આ લાકડાં મેળવવા માટે ઘણાં બધાં વૃક્ષો કાપવાં પડે તેમ હતાં. રાજાના માણસો વૃક્ષો કાપવા માટે એ જગ્યાએ પહોંચ્યા જ્યાં, બિશ્નોઈ જાતિના લોકો રહેતા હતા. પર્યાવરણ પ્રત્યેના અપાર પ્રેમના કારણે ૩૬૩ સ્ત્રી અને પુરુષોએ તે વૃક્ષોને બચાવવા માટે વૃક્ષને વળગીને પોતાના પ્રાણનું બલિદાન આપી દીધું. આવો, આ શહીદોને પ્રણામ કરીને આપણે

શરૂઆત કરીએ.

વાત સાચી છે કે, ગગનમાં વાદળાં પૂરતાં નથી
પરંતુ દોસ્ત, તારા શહેરમાં, ઝાડવાંય પૂરતાં
નથી

આપણા પ્રાચીન ગ્રંથ મત્સ્ય પુરાણ (શ્લોક નં. ૫૧૨)માં વૃક્ષનું મહત્ત્વ સમજાવતાં નીચે મુજબનું વર્ણન કરવામાં આવ્યું છે. ૧૦ કૂવા બરાબર ૧ વાવ, ૧૦ વાવ બરાબર ૧ તળાવ, ૧૦ તળાવ બરાબર ૧ પુત્ર અને ૧૦ પુત્ર બરાબર ૧ વૃક્ષ.

'ભારતીય વિચાર ભવિષ્યોત્તર પુરાણ'માં વૃક્ષનું મહત્ત્વ વર્ણવતો પ્રસંગ પણ આપણે જાણવો જરૂરી છે.

યુધિષ્ઠિરજીએ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન કર્યો કે ધાર્મિક બાબતોમાં અજ્ઞાની એવા મનુષ્ય માટે સ્વર્ગપ્રાપ્તિનો સરળ રસ્તો કયો? ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે પીપળ, લીમડો, કોઠું, વડ, બીલીપત્ર, આંબળા એ દરેકનાં એક, આંબાનાં પાંચ અને આંબલીનાં દસ એમ કુલ મળીને એકવીસ વૃક્ષ પોતાના જીવન દરમ્યાન ઉછેરનાર વ્યક્તિ અજ્ઞાની હોવા છતાં પણ નરકમાં જતો નથી.

જૈનોના ૨૪ તીર્થંકરોને કેવળજ્ઞાન કોઈ ને કોઈ વૃક્ષ નીચે જ પ્રાપ્ત થયું હતું. ભગવાન બુદ્ધને જ્ઞાનપ્રાપ્તિ થઈ તે બોધીવૃક્ષ (પીપળો), આજે પણ તેટલા જ ભક્તિભાવથી પૂજાય છે.

આમ, આજથી હજારો વર્ષ પહેલાં જ્યારે ખૂબજ મોટા પ્રમાણમાં જંગલો અને વૃક્ષો અસ્તિત્વ ધરાવતાં હતાં ત્યારે પણ, આપણા ધર્મોમાં વૃક્ષનું મહત્ત્વ વર્ણવવામાં આવ્યું છે. મહાન વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝે તો ત્યાં સુધી લખ્યું છે કે વનસ્પતિમાં જીવ છે. એટલું જ નહિ, તેને લાગણી પણ છે. તેમની આ વાતને સમજવા માટે આપણે ફરીથી, આપણો અમૂલ્ય વારસો યાદ કરીએ.

'શાકુન્તલ'માં વૃક્ષ અને લતાને કવિએ શકુન્તલાનાં ભાઈબહેન સમાન ગણ્યાં છે. પિતા કણ્વ, શકુન્તલાને વિદાય આપતાં સૌની અનુજ્ઞા અને આશીર્વાદ ઇચ્છતાં વૃક્ષોને પણ વિનવે છે કે, "તમને પાણી પાયા વિના જે પાણી પીતી નહોતી, શણગારપ્રિય હોવા છતાં તમારા ઉપરના પ્રેમને લીધે તમારાં ફૂલપાંદડાં તોડતાં તેનો જીવ નહોતો ચાલતો અને તમને ફૂલ બેસે ત્યારે જે ઉત્સવ ઊજવતી હતી તે, તમારી શકુન્તલાને વિદાય આપો."

મહાકવિ કાલિદાસ માતા પાર્વતીના વૃક્ષ પ્રત્યેના અપ્રતિમ પ્રેમને વર્ણવતાં લખે છે કે, માતા પાર્વતીએ બે દેવદારનાં વૃક્ષ રોપ્યાં હતાં. કોઈ હાથીના બચ્ચાએ આ વૃક્ષ સાથે પોતાનું શરીર ઘસીને તેની છાલ ઉખેડી નાખી. એથી જાણે, કાર્તિકેય અને ગણેશને વાગ્યું હોય તેટલું દુ:ખ માતા પાર્વતીને થયું અને ત્યારથી તે વૃક્ષની રક્ષા કરવા માટે ભગવાન શંકરે સિંહને બેસાડ્યો. કવિ સૂર્યભાનુ ગુપ્ત લખે છે,

મેરા ખયાલ હૈ, જબ તક એક દરખ્ત ખડા રહેગા, આસમાન નહિ ગિરેગા.

કવિ આશાવાદી અને આર્ષદ્રષ્ટા એટલે કે દૂરનું જોનારો હોય છે. કવિને ભરોસો છે કે જ્યાં સુધી એક વૃક્ષ પણ રહેશે ત્યાં સુધી એ પોતાના પુણ્યપ્રતાપથી માનવજાતની રક્ષા કરતું રહેશે. આ તો થઈ ખૂબ મોટી વાતો પરંતુ, આપણા મગજમાં સરળતાથી ઊતરી જાય એવી રીતે વૃક્ષનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે તે સમજવું હોય તો, જે અભ્યાસ/સંશોધન થયાં છે તેનાં તારણો નીચે મુજબ છે :

૧. એક સામાન્ય વૃક્ષ એક વર્ષમાં ૨૦ કિલો ધૂળ શોષે છે.

૨. એક વૃક્ષ દ્વારા દર વર્ષે આશરે ૭૦૦ કિલો ઓક્સિજનનું ઉત્સર્જન થાય છે.

૩. એક વૃક્ષ દર વર્ષે આશરે ૨૨ કિલો કાર્બન ડાયોક્સાઈડ શોષે છે.

૪. ગરમીમાં એક ઘટાદાર વૃક્ષ નીચે સરેરાશ ૨ થી ૪ ડિગ્રી તાપમાન નીચું હોય છે.

૫. એક વૃક્ષ ૮૦ કિલો પારો, લિથિયમ, સીસું વગેરે ઝેરી ધાતુના મિશ્રણને શોષે છે.

૬. એક વૃક્ષ વર્ષે આશરે ૧ લાખ ચોરસ મીટર દૂષિત હવા શુદ્ધ કરે છે.

૭. ઘરની પાસેનું વૃક્ષ, ધ્વનિ પ્રદૂષણ રોકવામાં ખૂબ મદદ કરે છે.

૮. વૃક્ષો હિંસા, ડર, તનાવ, ડિપ્રેશન

જેવા માનસિક રોગોને કાબૂમાં રાખવામાં મદદ કરે છે.

૯. ઘરની પાસે જો ૧૦ વૃક્ષ હોય તો જીવન ૭ વર્ષ સુધી વધી શકે છે.

૧૦. ઘરની પાસે વૃક્ષ હોય તો સારી ઊંઘ આવે છે.

૧૧. એક વૃક્ષની મદદથી વાર્ષિક આશરે ૩૫૦૦ લીટર પાણી વરસી શકે છે અને, આશરે ૩૭૦૦ લીટર પાણી રોકીને જમીનમાં પહોંચાડે છે જેનાથી જમીનમાં પાણીનાં તળ ઊંચાં આવે છે.

૧૨. એક વૃક્ષ વાવવાથી પક્ષીઓની ૮૦ પ્રજાતિ બચાવી શકાય છે.

૧૩. વર્ષ ૧૯૭૯માં હાથ ધરાયેલા એક સંશોધન મુજબ, એક વૃક્ષ તેના જીવનકાળ દરમ્યાન આશરે બે લાખ ડોલર જેટલી કિંમતની, વિવિધ સેવા મનુષ્યજાતિને આપે છે.

૧૪. વર્ષ ૨૦૧૩ના એક સંશોધન મુજબ, એક સ્વસ્થ વૃક્ષ પોતાના જીવન દરમ્યાન જેટલો ઓક્સિજન આપે છે તે ખરીદવા માટે આશરે રૂપિયા ૩૦ લાખ ખર્ચવા પડે.

૧૫. વૃક્ષો પૂર અને વાવાઝોડાથી થતાં નુકસાનની અસર ઓછી કરવામાં મદદરૂપ હોય છે.

૧૬. વૃક્ષો વધારે પડતા પવનને ધીમા પાડીને ગરમી ઠંડીની અસર ઓછી કરે છે અને, તેના લીધે જમીન અને લીલોતરીને સૂકી થવાથી બચાવે છે.

૧૭. વૃક્ષો ચામડીના કેન્સર માટે જવાબદાર અલ્ટ્રાવાયોલેટ કિરણોથી રક્ષણ આપે છે.

૧૮. બીમાર વ્યક્તિને વૃક્ષોની નજીક રાખવામાં આવે તો ઝડપથી સાજો થાય છે.

૧૯. કુદરતી ચક્રના સમતોલપણામાં વૃક્ષ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

સ્વર્ગ અને નરકની તાત્ત્વિક ચર્ચામાં ઊતરવાને બદલે સામાન્ય બુદ્ધિથી વિચારીએ તો પણ સમજાશે કે આજે વાતાવરણ તદ્દન બદલાઈ ગયું છે. માનવવસ્તી અને એની જરૂરિયાતોમાં ખૂબ જ વધારો થતાં મોટા પ્રમાણમાં જંગલો અને વૃક્ષોનો નાશ થઈ રહ્યો છે. આપણે સૌ ગ્લોબલ વૉર્મિંગ જેવી વિનાશક આફતનો સામનો કરી રહ્યા છીએ. અનિશ્ચિત અને વિષમ વાતાવરણના વારંવાર અનુભવો થવા લાગ્યા છે ત્યારે આશાનું એકમાત્ર કિરણ એ ખૂબ મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ અને તેની નિયમિત જાળવણી છે. થોડા સમય પહેલાં થયેલા સંશોધન મુજબ, પર્યાવરણની સમતુલા માટે ભારત દેશમાં વસ્તીને ધ્યાનમાં રાખીને ૨૮૦૦ કરોડ વૃક્ષો વાવવાં પડે તેમ છે. નિઃસ્વાર્થ કરવામાં આવતી સેવાની દરેક પ્રવૃત્તિ શ્રેષ્ઠ છે પણ જો ક્રમ આપવામાં આવે તો વૃક્ષ ઉછેર સર્વશ્રેષ્ઠ છે.

(વિ-વિદ્યાનગર, જુલાઈ ૨૦૨૦માંથી ટૂંકાવીને સાભાર)

❑❑❑

[પૃ. 30થી ચાલુ]
કાંટાળી વાડ પાસે. પેલી બાજુ કે આ બાજુનો અહીં કશો મતલબ નહોતો રહ્યો. કોઈકે હાથ પકડી બોટમાં ચઢાવી દીધો હતો. છ દિવસ ટૂંટિયું વાળી એક જગ્યાએ અન્નના દાણા વિના પડ્યો રહ્યો હતો બોટમાંથી ઊતર્યો ત્યારે કશું કરવાની હામ રહી નહોતી. રોજ ઘસી ઘસીને નાહતો હતો, કાનને દિવસમાં કેટલીયે વાર સાફ કર્યા કરતો હતો. તોય કાનમાં પેસી ગયેલી ચીસો અને ધૂળના કણો કેમેય સાફ થતાં નહોતાં.

થોડી પળો, ખોલીમાં સોપો પડી ગયો. એ ઊભો હતો બંને હાથનો ખોબો કરીને. શું માગી રહ્યો હતો? એના અસ્તિત્વનો સ્વીકાર, અથવા કોણ હતો એ? ભૂખ કે ભીડની ભૂખને ભાંગનાર? એનો જવાબ. સમજ નહોતી પડતી. એ ફક્ત દુઆ કે પ્રાર્થના કરી શકતો હતો. ખોલીમાં કશી હલચલ જણાતી નહોતી. એ તકનો લાભ લઈ ક્યારની ફોટાની પાછળ ભરાઈ રહેલી ગરોળી અચકાતી ખાવાનું શોધવા બહાર નીકળી અને એક જ જગ્યાએ શિકારની શોધમાં સ્થિર થઈ ગઈ. જાણે કે પથ્થર. ઝીણા મોતી જેવી આંખો, ચીતરી ચઢે એવા શરીરમાંથી ઊપસી આવી હતી. સહેજ રતાશ પડતા પંજાને તેણે જડબેસલાક ભીંત પર ચીપકાવી રાખ્યા હતા. ગરોળીને કોઈ ઉતાવળ નહોય તેમ રાહ જોતી ક્યાંય સુધી આમ જ ભીંત પર ચોંટી રહી. એને ચીડ ચઢી. ગરોળી પર, ફોટા પર, ચિત્ર પર, કપાળ પર તાણેલા ચાંલ્લા પર. તેણે જોરથી ઝાપટ મારી. ગરોળી જીવ બચાવવા ભાગી. કોઈ સલામત જગ્યા પર જતા રહેવાની કોશિશમાં દરવાજાની પોલી લાકડાની સાખ પર સરસર ચઢી અધવચ્ચે એક બાજુ ઢળેલું માથું રાખી રોકાઈ ગઈ. દર બુધવારે ભરાતા મેળામાં તે માલિકનું લાકડાનું સ્ટેન્ડ ખભે ઊંચકી પાથરી દેતો લોકોના આવવા જવાના રસ્તે. એના પર વધસ્તંભ પર ચઢેલી લોહી નીંગળતી મૂર્તિઓ એક પછી એક ગોઠવતો અને સ્ટેન્ડની ધારે સફેદ મીણબત્તીઓની લાઈન કરી દેતો. ત્યારબાદ આંખોમાં આજીજી ભરી, આવતા જતા લોકોને જોયા કરતો. સાંજ પડે પાછો ખભા પર સ્ટેન્ડ ઊંચકી ચાલવા લાગતો. માલિક તેની મહેનતના બદલામાં પાંઉ અને થોડા પૈસા આપતો. તે પૈસાને મુઠ્ઠીમાં ભરી પહોંચી જતો દરિયાકિનારે. એક પથ્થર પર બેસી રાહ જોતો આથમતા સૂર્યના અસ્ત થવાની. દરિયા પરની હવાને શ્વાસમાં ભરી પાંઉનાં બચકાં ગળામાં ઉતારતાં યાદ આવી ગઈ હતી, ગામના કિનારે એકધારું વહી જતી કાયમની હૂંફાળી પદ્મા નદી અને એણે પકાવેલો પેલો સુગંધીદાર ભાત. ત્યારે, એ જોરથી થૂંક્યો હતો, "હટ...

દગાબાજ કહીંકી.''

ખોલીમાંથી નીકળી દરિયાકિનારે પહોંચ્યો ત્યારે તો ખાસ્સી ભીડ જમા થઈ ગઈ હતી. હવામાં ઢોલનો એક સરખો ઘોષ અને તરતો, ગુલાબી ગુલાલ. રેતી પર ફૂલો વેરવિખેર. તહેવાર વીતી ગયાનો આનંદ ઉલ્લાસ અને સમાપ્તિનો શોક, જોર જોરથી ભીડ રજૂ કરી રહી હતી. એમાં દરેકે દરેક જણ ખેંચાતા જતા હતા. આજે, સ્થાપેલા ભગવાનને વિદાય આપવાની હતી. વિશાળ દરિયામાં ઊતરવાનું હતું. એના જેવા તો કેટલાય છોકરાઓ મૂર્તિનું વિસર્જન કરવા તત્પર હતા. તેની નજર આવતા જતા લોકો પર હતી. ત્યાં જ એક આધેડ પતિ અને પત્ની આવી રહ્યાં હતાં. પતિ ઠેલણગાડીને ધકેલી રહ્યો હતો અને પત્ની એના ખોળામાં ભગવાનની મૂર્તિને સાચવીને બેઠી હતી. જરાકે ખાડો આવતાં, પત્ની પહેલા મૂર્તિને સાચવવાનો પ્રયત્ન કરતી હતી. એ, બીજું કોઈ પહોંચે એ પહેલાં એમની પાસે પહોંચી ગયો. ''લાવ માઈ, હું ભગવાનને વિસર્જન કરાવું છું." પતિએ ઠેલણગાડીને એકબાજુ ઊભી રાખી. પત્ની તેને ધારી ધારીને જોવા લાગી. એ જરાક ડરીને પાછળ હટ્યો. પકડાઈ તો નહીં જાયને, એણે કપાળ પર હાથ ફેરવ્યો. આંખોમાં આજીજી ભરી, ગામમાં પ્રસાદ લેવા જે રીતે હાથ લંબાવતો એ રીતે મૂર્તિ લેવા માટે હાથ ફેલાવ્યા. પત્નીના મોંઢા પર હાસ્ય ફરી વળ્યું. તેનો હાથ જરા ઉપર ઊઠ્યો, "સંભાળીને લઈ જઈશને?" જવાબમાં તે સામે હસ્યો. દરિયાકિનારે પતિ, પત્નીએ ભગવાનની છેલ્લી વિદાયની આરતી ગાઈ. તે પણ એમાં જોડાયો. પત્નીએ પહેલાં ભગવાનને અને પછી તેને કંકુનો લાલ ચાંલ્લો કર્યો. છેલ્લી વાર પતિ-પત્નીએ ભગવાનને હાથ જોડી નમન કર્યા. થોડી વેળા એમ જ વીતી ગઈ. કોણ જાણે પતિ અને પત્ની કશાની રાહ જોઈ રહ્યાં હોય તેમ વિદાયને ટાળી રહ્યાં હતાં. છેવટે તે મૂર્તિને માથા પર મૂકી, ભીની રેતીમાં ભરાયેલી આખીયે ભીડની આંખોનો ભેજ લઈને ચાલવા લાગ્યો. તેના પગને દરિયાનાં પાણી પખાળી રહ્યાં, તે પાણીમાં આગળને આગળ વધતો જતો હતો. દરિયાનું પાણી હવે તેની કમર સુધી આવી લાગ્યું, બિલકુલ ચોખાના ખેતરમાં કામ કરતાં તેની કમરને અડી જતાં એમ. તેણે આજુ-બાજુ જોયું. પાણી જ પાણી. તે ઊભો રહી ગયો. એક મોટું મોજું લહેરાતું એની પાસે ધસી આવ્યું. મૂર્તિને જરાય આંચ ના આવે તેમ તેણે પાણીમાં ડૂબકી લગાવી. પતિ-પત્ની બંને દૂરથી જોર જોરથી હાથ હલાવી રહ્યાં હતાં. હવે એ કોણ છે તે સમજવાની જરૂર રહી નહોતી. શ્રદ્ધા હતી એણે માથે

મૂકેલા ભગવાન પર અને એના પોતાના પર. તે એ શ્રદ્ધા સાથે એકાકાર થતો જતો હતો. પતિ, પત્નીની ભક્તિ અને ચોખાના ખેતરમાં ઊગી નીકળેલી ધરોને તે એક જગ્યાએથી લઈ બીજી જગ્યા પર વાવતો રહેતો હતો. મંદિર, મસ્જિદ કે દેવળમાં ભેગી થયેલી ભીડની બંધાયેલી શ્રદ્ધા વચ્ચે તે સહેલાઈથી ભળી જઈ શકતો હતો. તેણે મૂર્તિને માથેથી ઉતારી અને ઊંડાં પાણીમાં તરતી મૂકી દીધી. ગુલાલ, કંકુનું મિશ્રણ પાણીમાં ઘોળાઈને પાણીના રંગને લાલ કરી રહ્યું હતું. સુગંધીદાર ભાતની ખુશ્બો ફેલાઈ, ''અમાર છેલા, અમાર છેલા!'' મૂર્તિની સાથે તેણે એ ચાંલ્લાને પણ છેલ્લી વિદાય આપી દીધી હતી. તે બહાર નીકળ્યો ત્યારે તેની આંખોમાં ભેજ પેદા થયો હતો. મોડી રાત્રે હવે સૂમસામ થઈ ગયેલા દરિયાકિનારે તે એકલો બેઠો હતો. બાલુ તેની પાસે આવ્યો ત્યારે ભારે ઉત્સાહમાં હતો. સારી કમાણી થઈ હતી. ''દોસ્ત ઘણા સમય પછી આવી કમાણી થઈ છે, ચાલ ક્યાંક જઈને પેટ ભરીને જમીએ. ખાસ્સી ભૂખ લાગી છે.'' પણ ના. એના તરફથી કોઈ જવાબ નહોતો. એ દૂર પાણીનાં મોજાંઓને જોયા કરતો હતો. બાલુએ તેને ખાસ્સી વાર સુધી ઢંઢોળ્યા કર્યો, તોય તે એની જગ્યાએથી હાલ્યો નહતો. એની એક જ જગ્યાએ શાંતિથી બેસી રહેવાની સ્થિતિ અને તેની આંખોમાં આવેલી ચમકમાં ઘણો ફરક બાલુને લાગ્યો હતો. બાલુને એટલે તો નવાઈ નહોતી લાગી એણે જ્યારે કહ્યું, ''મારે હવે જવું છે.'' આજના આ દિવસે ભક્તિની છોળોમાં નાહ્યા પછી આવું જ થતું. શાંત વાતાવરણમાં તેની ભેજ વળી ગયેલી આંખોમાં ઊગેલાં પોલાણોને બાલુ જોઈ શકતો હતો. એ પોલાણોમાં ઘરે પહોંચવાની વિમાસણની જીવાત તેના પર ચઢી રહી હતી. એનું ઘર કંઈ એટલું દૂર નહીં હોય, પરંતુ ત્યાં પાછા જવાનો રસ્તો જે કેમેય ખૂટતો નહોતો, તેને હવે તેણે શોધી લીધો હતો. એના ગયા પછી બાલુ ઊઠ્યો અને તેની ખોલી તરફ ચાલવા માંડ્યો.

❑❑❑

પુસ્તકો સંસ્કૃતિનાં વાહક છે...
આપણાં સાથી છે,
શિક્ષક, જાદુગર, મસ્તિષ્કના ખજાનાના ખજાનચી છે,
પુસ્તકો સાક્ષાત્ માનવતાનું સાક્ષર મુદ્રણ છે.

- બાર્બરા ડબ્લ્યુ. ટચમાન

* * *

''અસંગતમાં તમારો વિશ્વાસ બેસાડનાર, તમારી પાસે અધમ કામ કરાવી શકે.''

- વોલ્ટેર



તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ'ના અંકો ઓનલાઈન સુવિધાને કારણે વંચાય છે. ઓગસ્ટ મહિનાનો અંક હમણાં તો ઉપરછલ્લો જોયો. શાંતિથી વાંચવાની શરૂઆત કરી દીધી છે. પણ અમૃતના આચમન જેવા આ સાહિત્યમાંથી નયના પટેલની નવી કલમ વાંચી.

'ચલો એક બાર ફિરસે' વાર્તા એકી શ્વાસે વાંચી ગઈ. આરંભથી અંત સુધી સતત જકડી રાખતી આ વાર્તામાં સંવેદનાઓનું બારીક નકશીકામ અને મનોકાશની ઉમદા ઉડાન અનુભવવા મળી.

અવિનાશ અને રત્નાના રોમાંચક પ્રેમથી શરૂ થતી વાત ક્રમિક રીતે આગળ વધે છે અને એ જ રીતે રહસ્ય જગાવે છે. સ્થળ, સંવાદ અને પ્રસંગોનો સુંદર સુમેળ સધાયો છે. ક્યાંય કોઈ વાત કે શબ્દ બિનજરૂરી નથી એટલું જ નહિ ખૂબ જ સહજ અને સરળતાથી વાર્તા-પ્રવાહ અર્થને અને એના ભાવને સુપેરે પ્રતીતિ કરાવતો જાય છે. શૈલીની રસાળતા નોંધપાત્ર છે.

વાર્તાનો મધ્યભાગ ઉત્સુકતા વધારતો રહે છે અને વાર્તાને અંતે છતું થયેલ રહસ્ય પણ ચમત્કારિક અને વાર્તાતત્ત્વને ચરમસીમાએ પહોંચાડતું બન્યું છે.

લેખિકાને અભિનંદન.

હ્યુસ્ટન, અમેરિકા — દેવિકા ધ્રુવ

* * *

'અને અંચળો ઉતાર્યો' કાવ્ય (કવિ: આશુતોષ આપટે, અનુવાદક: ઉષા શેઠ)ને 'ન. સ.', જુલાઈ ૨૦૨૦ અંકની શ્રેષ્ઠ કૃતિ લેખી શકાય. ધુરંધરોનાં દીર્ઘ વક્તવ્યો તથા ફિલોસોફીનાં ભારેખમ પુસ્તકો ન કરી શકે એવું કામ, આ કવિતા અત્યંત સહજતાથી કરી જાય છે. દિલ અને દિમાગને પોતાની ઔકાતનું ભાન થાય છે. કવિ તેમ જ અનુવાદકને ધન્યવાદ.

મુંબઈ — અશોક ન. શાહ

સુધારોઃ 'નવનીત સમર્પણ' ઓગસ્ટ 2020ના અંકમાં પૃ. 12 'મેઘવેળા' કાવ્યમાં 'હરખપદૂડી' શબ્દ સુધારીને 'હરખપદુઃખડી' રીતે વાંચવો.

નોંધઃ ઓગસ્ટ 2020, 'નવનીત સમર્પણ' અંકના 'સ્મરણપોથીમાંથી સત્યજિત રાય' લેખમાં સુધારો છે. વીરચંદ ધરમશીએ 'દેવી'ના રિવ્યુનો અનુવાદ મોકલ્યો નહોતો અને સત્યજિત રાય સાથેનો એમનો પત્રવ્યવહાર પણ ખૂબ ઓછો થયો છે. સરતચૂક બદલ દરગુજર કરશો. **- સુનીલ કોઠારી**

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.
હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com
અશરફ ડબાવાલા: dabawala@aol.com
પૂર્ણિમા રાજેશ ભટ્ટ: D/303, ગીત ગોવિંદ ફ્લેટ્સ, ભગવતી પાર્ક રો હાઉસની સામે, હની પાર્ક રોડ, ન્યૂ અડાજણ, સુરત-395009.
સંજુ વાળા: એ-77, આલાપ એવન્યુ, યુનિવર્સિટી રોડ, રાજકોટ
રવીન્દ્ર પારેખ: 1, યુનિયનધારા, મોદી બંગલો, અઠવાલાઈન, સુરત-395 007
પ્રતિષ્ઠા પંડ્યા: પાર્વતી, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-380 015.
ગૌરાંગ ઠાકર: એ/401, સેંકટમ હૉમ્સ, જે. કે. મૉટર્સ સામે, પાલ આર.ટી.ઓ. પાસે, પાલ, સુરત 395009
જગદીપ ઉપાધ્યાય: 'હરિગીત' 66, વૃંદાવન પાર્ક. વાંકાનેર જિ.મોરબી. - 363621. મો. - 94089 10328
વીરેન મહેતા: mehta@mpglobal.com
પૂર્વી મોદી મલકાણ: purvimalkan@yahoo.com
મેધા ત્રિવેદી: એ/302, આરાધના, ગુલમહોર ક્રોસ રોડ નં. 12, જે.વી.પી.ડી. એક્સ, મુંબઈ-400 049. મો. 9322955140
ગુલામમોહમ્મદ શેખ: નિહારિકા, યુનિ. હેલ્થ સેન્ટરની પાછળ, પ્રતાપગંજ, બરોડા-390 002
મુનિ દવે: samanvay@gmail.com
જયંત રાઠોડ: ''આનંદ'' પ્લોટ નં. ૭૩-એ, યમુના પાર્ક-૧, અંજાર (કચ્છ) - ૩૭૦૧૧૦
પરેશ નાયક: નંદિની મા વિદ્યાપીઠ, હરિજન ફળિયા સામે, જિ. ભરૂચ, પો. મંગલેશ્વર-392030.
ભાગ્યેશ જહા: bvjha@yahoo.co.in
નીલેશ રાણા: ncrana@hotmail.com
બટુકદાસ નિમાવત: પ્લોટ નં. 1, ફૂલવાડી, બુદ્ધેશ્વર મંદિર પાસે, હડિયાદ રોડ, વલ્લભીપુર-364310. મો. 9825335899
આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au
અશ્વિની બાપટ: asbapat62@yahoo.co.in
પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.
અનિલ જોશી: joshi.r.anil@gmail.com
યજ્ઞેશ દવે: એ/8, કિરણ સોસાયટી, રેસકોર્સ, રાજકોટ-360015.
અમૃત ગંગર: ઈ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, મુંબઇ ૪૦૦ ০৬৭.
શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.
ડૉ. રંજના હરીશ: અમર આશા, 404, સરસ્વતી નગર, આઝાદ સોસાયટી એરિયા, આંબાવાડી, અમદાવાદ-380 015.
અરવિંદ બારોટ: ૨/૨ જાહ્નવી બંગલોઝ, સરકારી બોરની સામે, બોપલ, અમદાવાદ-380 058, મો: 98250 17691
નટવર ગાંધી: natgandhi@yahoo.com
સમીર શાહ: મો. 9825355140

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

રીના : મારો જન્મદિવસ જૂનમાં આવે છે, બકા મારે બ્લેક બેરી કે એપલ જોઈએ ગિફ્ટમાં.

નવીન : બકા, આ કેરીની સિઝનમાં બીજાં ફળ શા માટે ખાવાનાં? બોલ, આફૂસ, લંગડો કે કેસર? શાનો ઓર્ડર આપું?

☺ ☺ ☺

પહેલાં ખિસ્સામાંથી માવો કાઢતા તો બે-ચાર તો હાથ લાંબા કરીને ઊભા જ હોય.

હવે સેનેટાઈઝર કાઢો તોયે સાલુ એવું જ થાય છે!

☺ ☺ ☺

કોરોનાકાળમાં સૌથી વધારે કોણ કમાયું? જેમની પાસે માવા, સોપારી અને બાટલીનો સ્ટોક ઘણો મોટો હતો ઈ જીવડા કમાઈ ગ્યા મહિનામાં.

☺ ☺ ☺

આ લોકડાઉનમાં કેટલીક કવિતાઓ વાંચીને નક્કી કર્યું કે જેવા રસ્તાઓ ખૂલે એટલે નીકળી પડું ને આ કવિઓની પ્રેમિકાઓને શોધીને એમને હવાલે કરી દઉં જેથી દુનિયાનું લોહી પીતા તો મટે...

☺ ☺ ☺

આપડે તો ગાતાં કે 'જિંદગી ઇમ્તિહાન લેતી હૈ' પણ ભાઈ આ 2020નું વર્ષ ખાલી પરીક્ષાથી માને એવું લાગતું નથી. પીએચ.ડી. કરાવ્યે પાર કરશે!

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત્

છોકરો: "તમારું નામ શું છે?"
છોકરી ચૂપચાપ ઊભી રહી.
છોકરો: "આ વળી કેવું નામ?"
છોકરી: "કેમ વળી, મારું નામ શાંતિ છે!"

☺ ☺ ☺

રામ: "મારો દીકરો ખૂબ ગુણિયલ છે."
શ્યામ: "દારૂ, સિગારેટ પીવે ખરો?"
રામ: "હોય કાંઈ, અડે સુધ્ધાં નહિ."
શ્યામ: "ઘરે મોડા આવવાનું બને?"
રામ: "ક્યારેય નહિ."
શ્યામ: "ત્યારે તો ખરેખર ડાહ્યો કહેવાય. કેટલાં વર્ષનો છે?"
રામ: "આવતા અઠવાડિયે છ મહિનાનો થશે."

☺ ☺ ☺

ડોક્ટર: "રમત ગમત શરીર માટે સારી."
યુવાન: "સાહેબ, શું વાત કરું, હું તો કલાકોના કલાકો એમાં ગાળું છું."
ડોક્ટર: "પણ તમારા શરીર પર એની અસર જણાતી નથી. હજી વધુ પ્રયત્ન કરો."
યુવાન: "સાહેબ, મને વાંધો નથી પણ મોબાઈલનો ચાર્જ ઊતરી જાય છે."

☺ ☺ ☺

હેડ માસ્તર: "રાજુ, તારા વિશે બધા ટીચરોની ફરિયાદ છે."
રાજુ: "પણ સર, હું કાંઈ નથી કરતો!"
હેડ માસ્તર: "બસ આ જ ફરિયાદ કરે છે."

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.